પૂર્વાચાર્ય-શ્રી જયતિલકસૂરિ વિરચિત

# સતી મલયસુંદરી ચરિત્ર

વિજય સદ્ગુણસૂરિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

024580

Serving JinShasan
029580
gyanmandir@kobatirth.org

સતી મલયસુંદરી ચરિત્ર...

પ્રથમાવૃત્તિ : સં. ૨૦૨૮
પુનઃમુદ્રણ : સં. ૨૦૩૮

કિંમત : સવાપાંચ રૂપિયા

રચયિતા :
શ્રી જયતિલકસૂરિજી મ. (પૂર્વાચાર્ય)

પ્રત : ૨૦૦૦

મુદ્રક :
બેલા ટાઈપ સેટિંગ વર્કસ.
ઘીકાંટા રોડ, અમદાવાદ.

અનુવાદક :
શાસન સમ્રાટ્ શ્રી વિજયનેમિસૂરિશ્વરજી મ.ના
પટ્ટાલંકાર શાસ્ત્રવિશારદ—પિયૂષપાણિ પૂ.આ.
શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. ના પટ્ટધર
દ્રવ્યાનુયોગના જ્ઞાતા—શાંતમૂર્તિ પૂ.આ.શ્રી
વિજય રામસૂરીશ્વરજી મ. ના પટ્ટધર
વિદ્વાન્ લેખક—વક્તા અને કવિવર્ય
પૂજ્ય આચાર્ય શ્રી વિજય
સદ્ગુણસૂરીશ્વરજી મ.

પ્રકાશક :
Shree Sadgun Sahitya Prakashan mandir. Bombay

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ભાગ્યનિર્માણ

विवत्ते यद्विविस्तस्या न्नस्याद् हृदयचिन्तितम् ।

एवमेवोत्सुकचित्तमुपायाश्चिंतयेद्वहुन् ॥

જગતમાં એવી કોઈ વ્યક્તિ નથી કે જેને કંઈ ને કંઈ દુઃખ ન હોય. સંસાર એટલે જ દુઃખનો સાગર.

ધીર મનુષ્યો સમય આવે દુઃખના વિષમ ઘૂંટ પણ સમભાવે પી જાય છે. અને કર્મનિર્જરા કરી પરમ સુખના માર્ગે પ્રગતિ કરે છે.

જ્યારે અધીર અને વિકલ મનુષ્યો સહજ દુઃખમાં પણ હાયવોય કરી અન્યને પણ વિકલ બનાવી મૂકે છે. અને નવીન કર્મ બંધન કરી નવું દુઃખ ઉપાર્જન કરે છે.

માનવી મનમાં અનેક જાતના મનોરથ કરે છે—સ્વપ્ના સેવે છે—યોજના ઘડે છે—અને કાર્ય પૂર્ણ કરવા પુરૂષાર્થ પણ કરે છે. છતાં વચમાં ઓચિંતા જ વિઘ્નો આવી પડે છે અને એની બાજી ઊંધી વળી જાય છે. મનના ધાર્યા પ્રમાણે બનતું નથી ત્યારે એ ધુંધવાય છે.—મુંઝાય છે. વિચારે છે...આનું કારણ શું ? પોતાના મનના ધાર્યા પ્રમાણે કેમ ન બન્યું? મનનું ધારેલું વણસી જાય છે—અને કાર્ય જુદો જ વળાંક લઈને ન ધારેલું પરિણામ લાવી મૂકે છે. આમ કેમ બને છે ? ઉપાયો તો ઘણા કર્યા...તો પછી કાર્યની સફળતા કેમ ન મળી ?

આવા વિકટ પ્રશ્નોના જવાબ ઉપરના આ એક જ શ્લોકમાંથી આપણને મળે છે. આ એક જ શ્લોક ઉપર આ કથાનકનું મંડાણ છે.

માનવીને દરેક પ્રસંગે સફળતા મેળવવા એક વસ્તુની ખાસ જરૂર પડે છે. તે વિના તેના સર્વ પ્રયત્નો નિષ્ફળ જાય છે. એ વસ્તુનું નામ છે પ્રારબ્ધ અથવા ભાગ્ય, જ્ઞાનીઓ એને પુણ્યકર્મ કહે છે. એ વિના કોઈ મનોરથ ફળે નહિ. અને એમ જ જો ફળે તો પછી કર્મના સિદ્ધાંતને કોણ માને ?

श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જગતમાં પાપીઓના સર્વ મનોરથ સફળ થાય તો આ જગત વસવા યોગ્ય પણ ન રહે—કામી મનુષ્યોના સર્વ મનોરથ ફળી જાય તો જગતની નારીજાતિ જ કલંકિત થઈ જાય; પરન્તુ એમ કદી બનતું નથી. માનવીનું ભાગ્ય પણ આમાં કામ કરે છે.

કાર્ય થવાના મુખ્ય પાંચ કારણ છે: કાલ, સ્વભાવ, નિયતિ (ભવિતવ્યતા), કર્મ અને ઉદ્યમ. એમાં કોઈવાર એક કારણની મુખ્યતા હોય—પણ આખર તો પાંચે કારણથી જ કાર્ય સિદ્ધ થાય છે. એમાં ય ભાગ્ય (પુણ્યકર્મ અને પાપકર્મ) તો વારંવાર મુખ્ય ભાગ ભજવે છે. આ હકીકત ન જાણતો આત્મા મુંઝાય છે—નિરાશ થાય છે, ઉદાસ થાય છે.

અને આ સનાતન સત્ય જે જાણે છે તે નિરાશામાંથી પણ આશાના કિરણો પામી આશ્વાસન પામે છે, પ્રગતિ કરે છે અને આખર કાર્ય-સિદ્ધિને પામી—જીવનની સફળતા મેળવે છે.

આ ભાગ્યનું નિર્માણ કરનાર પુણ્યકર્મ છે. અને એ પુણ્યકર્મનાં ઉદયનું અમોઘ કારણ છે ધર્મ. ધર્મનું શરણ અને ધર્મની આરાધના એ જ શ્રેયસ્કર છે.

એ ધર્મના એક કિરણ રૂપ માત્ર એક જ શ્લોકના સહારે સતી મલયસુંદરી જીવનસાગરની ભરતી—ઓટમાં વિકટ-સંકટમાં પણ મનને સમતોલ રાખી—ક્લેશને દૂર કરી—દુઃખને સમભાવે સહન કરી અંતે સુખનો સૂર્યોદય પામે છે.

માટે જ આવા પ્રેરણાત્મક ચરિત્રને સાધુજનો પણ વ્યાખ્યાનમાં વાંચે છે. એમાં રહેલ રસમય પ્રવાહ—એક પછી એક આવતા પ્રસંગની વિશિષ્ટ ગુંથણીથી શ્રોતાઓને જકડી રાખે છે.

તમે એને એકવાર વાંચવાનું શરૂ કરો. બસ ! પછી તમને જિજ્ઞાસા જાગ્યા જ કરે કે હવે શું થશે ! આગળ શું બનશે? તમે ધાર્યું ન હોય તેવા આશ્ચર્યકારી પ્રસંગોની હારમાળા સર્જાશે ! ! !

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમાં આવતા મંત્ર—તંત્રનાં પ્રયોગો તો ઘડીભર ન માની શકાય તેવા લાગે છતાં તે કાળે એ સહજ હતા...કેમકે એ કાળ તો પરમાણુ-વાદનો સિદ્ધ કાળ હતો.

આજના વિજ્ઞાનના ઈલેકટ્રોનિકસ યુગમાં પણ સ્વીચ દબાવો ને લાઈટ થાય—વિમાન અદ્ધર આકાશમાં ઊડે—ટીવી—રેડીઓ દ્વારા માઈલો દૂરનો કાર્યક્રમ સહજ જોઈ શકાય. અરે કેમેરાનું બટન દબાવો અને તમારા સુખદ આશ્ચર્ય વચ્ચે માત્ર પાંચ જ સેકંડમાં તમારો કલરીંગ ફોટોગ્રાફસ તમારા હાથમાં આવી પડે છે. તેમાં તમને આશ્ચર્ય થાય છે ? ના, કારણ કે એ એક પરમાણુવાદની સિદ્ધિ છે–વિજ્ઞાનની અમૂલ્ય ભેટ છે. બસ ! આવું જ છે વિદ્યા અને મંત્રનું. શબ્દ એ એક અપૂર્વ શક્તિ છે. અમુક શબ્દશક્તિની વિશિષ્ટ ગુંથણી એ જ વિદ્યા અને મંત્ર છે.

એ વિદ્યાથી રૂપનું પરાવર્તન થઈ જાય—માનવી વિના આધારે આકાશમાં અદ્ધર ઊડે એમાં કંઈ જ આશ્ચર્ય પામવા જેવું નથી.

આ પરમાણુવાદ બરાબર સમજાય કે પચાવાય તો આમાંના ચમત્કારો સહજ સિદ્ધ લાગે. આ ચરિત્રમાં પદે પદે જિજ્ઞાસા જાગે તેવી રસમય ગુંથણી પૂ. પૂર્વાચાર્ય શ્રી જયતિલકસૂરિજી મહારાજે કરી આપણને એક અમૂલ્ય ભેટ ધરી છે.

આવા રસમય પ્રેરણાત્મક ચરિત્રનું ભાષાન્તર (ભાવાનુવાદ) કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું એથી હું મને ધન્ય માનું છું.

આ મહાન ચરિત્ર તમારા જીવનના દુ:ખ—સંકટને દૂર કરી નંદનવન સમાન બનાવે અને પ્રશમરસમાં સ્નાન કરાવે એ અભિલાષા !

—વિજયસદ્‌ગુણસૂરિ
વીલેપાર્લે—(ઈસ્ટ)—મુંબઈ—૫૭

તા. ૧૮—૯—૮૧

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"શ્રી સદ્‌ગુણ સાહિત્ય પ્રકાશન મંદિર

## —: પ્રકાશકીય :—

ઉપરોક્ત સંસ્થાની સ્થાપના વિ. સં. ૨૦૨૬ની સાલમાં પાલીતાણા મુકામે પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મ. શ્રીની શુભ નિશ્રામાં તેઓશ્રીના મંગલ આશીર્વાદપૂર્વક કરવામાં આવી હતી. ત્યારથી ઉત્તરોત્તર પ્રગતિ કરતી આ સંસ્થાના ઉપક્રમે આજે ૨૨ મું પ્રકાશન પ્રસ્તુત કરતાં હર્ષ થાય છે.

પૂર્વાચાર્ય વિરચિત આ (મૂળ—પ્રાકૃત) ગ્રંથનો અનુવાદ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ દશ વર્ષ પૂર્વે ધોલેરા મુકામે કરેલો. અમોએ આ ચરિત્રની પ્રથમાવૃત્તિ ઈ. સ. ૧૯૭૧માં પ્રસિદ્ધ કરેલી. આવા રસમય ચરિત્રની નકલો ટુંક સમયમાં ઉપડી જાય એમાં શી નવાઈ ! પૂ. સાધુ—સાધ્વીજી મહારાજો તથા જિજ્ઞાસુ વાચક વર્ગની સતત માગણી રહ્યા જ કરતી હતી. એમાં આ સંસ્થાના પ્રેરક પૂ. આચાર્ય મ. શ્રી વિજય-સદ્‌ગુણ સૂરીશ્વરજી મ. સા.નું ચાતુર્માસ પારલા ઈસ્ટ (ચિંતામણી—દેરાસરે) મુંબઈમાં થતાં અમે આ વાત પૂજ્યશ્રીને કરી—તેઓશ્રીએ પ્રેરણા કરીને પારલા શ્રી સંઘ તથા અન્ય ભાગ્યશાળીઓના સહકારથી આ પ્રકાશન—દ્વિતીય આવૃત્તિરૂપે તમારા હાથમાં મૂકવા સફળ થયા છીએ. એ માટે અમે ગૌરવ અનુભવીએ છીએ

આટલી કાગળની મોંઘવારી, પ્રેસની કઠિનતા અને વિવિધ ધર્મ-પ્રવૃત્તિઓમાં પણ અમારી સંસ્થા દર વર્ષે લોકોપયોગી—પ્રેરણાત્મક ધર્મમંગલનો પ્રકાશ કરનારા એવા બે પ્રકાશનો અવશ્ય પ્રકાશીત કરે છે.

જો કે સંસ્થા પાસે કોઈ સ્થાયી ભંડોળ નથી, પ્રચારકાર્ય માટે સ્થાયી ઓફીસ પણ નથી, એ માટે અમારા ટ્રસ્ટી મંડળે વિચાર કર્યો કે

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુંબઈમાં સંસ્થાની સ્થાયી ઓફીસ બને. આ સૂચન અમે પૂ. ગુરૂદેવને કર્યું તો તેમણે પણ તે માટે સંમતિ આપી અને સહકાર માટે પ્રયત્નો શરૂ કર્યા.

તેઓની ઈચ્છા પણ એવી છે કે પોતાના ગુરૂદેવની સ્મૃતિ માટે એક સુન્દર એવું સ્વાધ્યાયમંદિર—લાયબ્રેરી—પાઠશાળા વિગેરે થાય અને તેમાં જ સંસ્થાની ઓફીસ પણ રહે. આવા પ્રકારની સુંદર યોજના ઘડી આપી.

આ યોજનાને મૂર્ત સ્વરૂપ આપવા સૌ પ્રથમ જમીન ખરીદવા માટે ઓછામાં ઓછા બે લાખ રૂપીયા જોઈએ. ત્યારબાદ તેના પર બાંધકામ લગભગ ત્રણ લાખનું થાય. એમ કુલ પાંચ લાખનો અંદાજ આંકવામાં આવ્યો છે, એ માટેના પ્રયત્નો શરૂ થઈ ચૂકયા છે.

આ સંસ્થાની યોજનામાં (૧) એક હજાર એકથી વધુ આપનાર કમિટિ કાર્યવાહક સભ્ય, (૨) ૧૦૦૧, આપનાર લાઈફ મેમ્બર (કાયમી સભ્ય), (૩) ૫૦૧ આપનાર પેટ્રન, (૪) ૨૫૧) આપનાર પ્રથમ વર્ગના સભ્ય, (૫) ૧૦૧) આપનાર બીજા વર્ગના સભ્યનું ધોરણ રાખેલ છે. પ્રથમ ત્રણ સભ્યોનો ફોટો—ટુંક પરિચય વિગેરે છપાતા પુસ્તકમાં લેવામાં આવે છે. તેમ જ દરેક વર્ગના સભ્યોને દર સાલ જે જે નવા પ્રકાશનો પ્રકાશીત થાય તે સર્વે ઘેરબેઠા ભેટરૂપે મોકલવામાં આવે છે. આ રીતે આ સાલ થયેલા નવા સભ્યોની યાદી અન્યત્ર આપેલી છે.

આવી રીતે આવા સુન્દર કાર્યમાં ઘણા ભાગ્યશાળીઓએ અપૂર્વ ઉત્સાહપૂર્વક લાભ લીધો છે અને લઈ રહ્યા છે. આપશ્રીને પણ આવા મહાન કાર્યમાં યથા શકિત લાભ લેવા નમ્ર વિનંતિ...

લિ.

**બાબુભાઈ એ. શાહ (ટ્રસ્ટી)**

શ્રી સદ્‌ગુણ સાહિત્ય પ્રકાશન મંદિર વતી.

તા.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજયસદ્ગુણસૂરીશ્વરજી મ. શ્રી આદિ ઠા. ૩ નું વિ. સં. ૨૦૩૭ નું વીલેપાર્લે (ઈસ્ટ)માં —: ચાતુર્માસ :—

### પૂજ્યશ્રીની આચાર્યપદવી બાદ થયેલ પ્રશસ્ત કાર્યો

પૂજ્યશ્રીની આચાર્યપદવી મલાડ (રાજસ્થાન) સંઘના ઉપક્રમે વિ. સં. ૨૦૩૬ ફા. વ. ૧૧ ના થયા બાદ દોલતનગરનું ચાતુર્માસ પૂર્ણ કર્યા બાદ શ્રી શત્રુંજયની ગૌરવગાથા (પાંચમી આવૃત્તિ) નો ઉદ્ઘાટન સમારોહ તા. ૧૧—૫—૮૧ ના રોજ નમિનાથજી ઉપાશ્રય (પાયધૂની) ઉજવાયો. જેમાં મહારાષ્ટ્ર રાજ્યના બાંધકામ ખાતાનાં પ્રધાન શ્રીમતી પ્રમીલાબેન યાજ્ઞિક (ઉદ્ઘાટનકાર) તથા મુખ્ય અતિથિ-વિશેષ તરીકે શ્રી ચંદ્રસેન જીવણભાઈ ઝવેરી તથા શ્રી શશીકાન્તભાઈ રતિલાલ (ભાયંદર) હતા. તે સિવાય સંસ્થાના ટ્રસ્ટી શેઠશ્રી દેવીચંદ ચંપાલાલ. શ્રી રતિલાલ મૂલચંદ શાહ, શ્રી નથમલજી તથા અગ્રગણ્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓની હાજરી ધ્યાનાકર્ષક હતી.

તે બાદ પૂ. આ. મ. શ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મ. શ્રીની નિશ્રામાં પ. પૂ. આ. મ. શ્રી વિજયસુશીલ સૂરીશ્વરજી મ. શ્રીના વરદ હસ્તે મુનિ શ્રી સાગરચંદ્ર વિજયજીના આચારાંગના જોગ તથા બાલમુનિશ્રી ચંદ્રપાલ વિજયજીના ઉત્તરાધ્યયન તથા આચારાંગના (પૂર્વાર્ધ) જોગ સંપન્ન થયા. તે બાદ ફા. સુદ ૬ ના ભાયંદર શ્રી શં. પાર્શ્વનાથ-પ્રભુની વરસગાંઠ નિમિત્તે શ્રીભાયંદર સંઘના આગેવાનોમાં શ્રી શશીકાન્ત-ભાઈ રતીલાલ વિગેરે વિનંતી કરતા આવતા પૂજ્યશ્રી ભાયંદર પધાર્યા અને તેમની નિશ્રામાં સમસ્ત શ્રી સંઘનું સ્વામિવાત્સલ્ય અને શ્રી સિદ્ધચક્રપૂજનથી વર્ષગાંઠ સુંદર રીતે ઉજવાઈ.

ત્યાર બાદ તા. ૫—૪—૮૧ ના શ્રી આજોલ જૈન મિત્ર મંડળની વિનંતીથી તેઓશ્રી દહીંસર પધાર્યા. તત્ર તે મિત્રમંડળ તરફથી શ્રી સિદ્ધચક્રપુજન ભણાવાયું. તેમાં આરતીનો ચઢાવો ચાર હજાર મણનો થયો. તે દહીંસરના ઈતિહાસમાં પ્રથમવાર જ હતો. આ પ્રસંગ પણ

P.P. Ac. Gunratnasuri M.S.

Jin Gun Aaradhak Trust

પૂર્ણ થતાં મલાડ મોટા દેરાસરના ટ્રસ્ટીઓ ચૈત્ર માસની શાશ્વતી ઓળીની વિનંતી કરવા આવ્યા. તેમની વિનંતી સ્વીકારી પૂજ્યશ્રી તત્ર પધાર્યા. તે સમયે રામશ્યામ બિલ્ડીંગવાળા શ્રી ચીનુભાઈ વિગેરે ટ્રસ્ટીઓ પણ ઓળીની વિનંતિ કરવા પધાર્યા. તેમનો પણ સ્વીકાર કર્યો. સવારે ૮ થી ૯ રામશ્યામમાં તથા ૯ાા થી ૧૦ાા મોટા દેરાસરે બન્ને સ્થળે પ્રવચનો ગોઠવાયા. અને ચૈત્ર સુદ ૧૫ ના રોજ રામશ્યામ બીલ્ડીંગ તરફથી શ્રી સિદ્ધચક્રપૂજન પૂજ્યશ્રીના ઉપદેશથી ભણાવાયું.

## વિ. સં. ૨૦૩૭ ના ચાતુર્માસ માટે વિનંતીઓ

મુંબઈમાં પૂજ્યશ્રીને ચાતુર્માસ કરાવવા માટે વિનંતીઓ આવતી જ હતી તેમાં (૧) શ્રી ભાયંદર શ્રી સંઘ (૨) શ્રી ગોલવાડ ઓસવાલ ભુવન (પાયધૂની) (૩) શ્રી નમિનાથજી ઉપાશ્રય (પાયધૂની) (૪) શ્રી જોગેશ્વરી સંઘ (૫) શ્રી વલસાડ શ્રી સંઘ (૬) ભીમંડી સંઘ (૭) કાંદીવલી મહાવીર સોસાયટી આમ સાત સંઘની વિનંતીમાં વલસાડના આગેવાનો ચૈત્ર સુદ ૨ ના મલાડ આવ્યા અને ચાતુર્માસ બાદ વલસાડથી ઝગડીયા પદયાત્રા સંઘનું આયોજન પણ નક્કી કરતાં તેમના પ્રતિ પૂજ્યશ્રીની સાનુકૂલ વિચારણા હતી. તેમાં ચૈત્ર સુદ ૩ ના પારલા શ્રી સંઘના પ્રમુખ શ્રી રમણભાઈ ડાહ્યાલાલ વિગેરે ચાતુર્માસની વિનંતી કરવા આવ્યા. ઘણી વિચારણાને અંતે પારલા ક્ષેત્ર સ્પર્શના બલવાન જાણી ચૈત્ર સુદ ૧૫ ના રોજ શ્રી સિદ્ધચક્રપૂજનના દિવસે પારલા સંઘની જય બોલાવવામાં આવી.

## પારલા (ઈસ્ટ) ચાતુર્માસ પ્રવેશ

**પૂજ્ય આચાર્યશ્રી આદિઠાણા—૩ તથા સાધ્વીજીશ્રી રયણયશાશ્રીજી** આદિ ઠા. ૫નો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૧૦ને (સિદ્ધિયોગ...રવિયોગ) શુભ મુહૂર્ત તા. ૧૧—૭—૮૧ ના રોજ વાજતે ગાજતે સંઘના પ્રમુખશ્રી રમણભાઈ ડાહ્યાભાઈના નિવાસસ્થાનેથી થયો. તેમના તરફથી ઘરે આવનાર સર્વેનું તેઓએ સંઘપૂજન કર્યું. તે બાદ પૂજ્યશ્રીએ ચિંતામણીદાદાની ભવ્ય પ્રતિમાના દર્શન ચૈત્યવંદન કરી મંગલિક પ્રવચન આપ્યું. અને તે બાદ બાલમુનિ ચંદ્રપાલવિજયજીના સં. સબંધી કરાડવાલા શ્રી રીખબીચંદજી મૂલતાનમલજી બુધાજી તરફથી સંઘપૂજન થયું. પાંચસો ઉપરાંત ભાઈબેનોની હાજરી હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શ્રી સૂત્ર વાંચન-પ્રવચનમાળા

અષાઢ વદ ૨ થી સૂત્રમાં શ્રાદ્ધવિધિ પ્રકરણ અને ચરિત્રમાં જૈન રામાયણની ઉછામણીપૂર્વક સૂત્રવાંચનનો પ્રારંભ થયો. પૂજ્યશ્રીના પ્રવચનો દૈનિક જીવનને સ્પર્શતા હતા. લોકોને રસ પડતો ગયો અને સભા પણ જામતી ગઈ. અને તેમના પ્રતિ લોકોની ધીરે ધીરે સદ્‌ભાવના થતી ગઈ. દર રવિવારે વિવિધ વિષયો પર જાહેર પ્રવચનો રાખતા તેમજ દર રવિવારે વિવિધ તપ જપો પણ પારણા—અત્તરવારણા વિગેરે થતા ગયા. બાલમુનિના આચારાંગના જોગ (ઉત્તરાર્ધ) પણ શરૂ થઈ ગયા અને પર્યુષણા પૂર્વે જોગ નિમિત્તે શ્રી સિદ્ધચક્ર પૂજન ભણાવાયું તેમાં (૧) શ્રી પ્રતાપભાઈ સંઘવી (૨) શ્રી ધીરજબેન સલોત (૩) શ્રી રમેશભાઈ વખારીઆ (૪) શ્રી જયંતીભાઈ હરીલાલ આ ચાર વ્યક્તિઓ તરફથી આ મહાપૂજન હતું. વળી શ્રી પ્રતાપભાઈએ બાલમુનિને પારણા માટે વાજતે ગાજતે આચાર્ય મ. શ્રી આદિ સકલ સંઘ યુક્ત લઈ ગયા અને શ્રી સંઘપૂજન કર્યું.

## શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના

શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના વિવિધ ઉછામણીયુક્ત શાન્તિપૂર્વક અને ધાર્યા કરતાં સુંદર થઈ. પૂ, આચાર્ય મ. શ્રી તથા મુનિશ્રી દર્શનવિજયજી આદિની નિશ્રામાં (ઇસ્ટ—વેસ્ટ) પારલા શ્રી સંઘમાં અનુમોદનીય તપશ્ચર્યા અને આરાધના નીચે પ્રમાણે થઈ.

(૧) બાલમુનિના શ્રી આચારાંગ સૂત્રના યોગોદ્વહન

માસક્ષમણ-૩—સિદ્ધિતપ-૩—દોઢ માસી તપ-૪—સત્તાર ઉપવાસ-૧. (૨) સોળ ઉપવાસ-૨—૧૧ ઉપવાસ-૧—નવ ઉપવાસ-૧૦—અઠ્ઠાઈ-૮૦—સાત ઉપવાસ-૨—છ ઉપવાસ-૫—પાંચ ઉપવાસ-૧—ચાર ઉપવાસ-૧૦—અઠ્ઠમ-૨૨૫—અક્ષયનિધિ તપ-૧૩—ક્ષીરસમુદ્ર-૩—વરસીતપ-૭—આયંબીલ ૫૦૦—ચોસઠ પહોરી પૌષધ-૫૫—સંપૂર્ણ ચાતુર્માસ દરમ્યાન અખંડ અઠ્ઠમ-૫—તેમજ અનેકવિધ (દેવદ્રવ્ય—જ્ઞાનદ્રવ્ય—સાધારણ દ્રવ્યની પણ સારી એવી) વૃદ્ધિ થઈ હતી. તે સર્વની અનુમોદના માટે પારલા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી સંઘ તરફથી દશ દિવસનો મહામહોત્સવ ભવ્ય વરઘોડો અને સમસ્ત પારલાનું સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ. દશે દિવસ પૂજા, અઢાર અભિષેક પૂજા, અંગરચના—ભાવના આદિ સુંદર રીતે આ મહોત્સવ ઉજવાયો.

## શાશ્વતી ઓળીની આરાધના

શ્રી પર્યુષણા મહાપર્વ બાદ મહોત્સવ પૂર્ણ થતાં શાશ્વતી ઓળીનાં પ્રવચનોમાં પૂ. આચાર્ય મ. શ્રીએ નવપદની સુંદર છણાવટ કરી હતી. સાધ્વીજી શ્રી રયણયશાશ્રીજીએ શ્રીપાળ રાજાનો રાસ બેનો સમક્ષ મધુર-કંઠે સંભળાવ્યો હતો. તે બાદ દિપાલિકા કલ્પનું પ્રવચન થયું અને બેસતા વર્ષે શ્રી ગૌતમ સ્વામિનો રાસ તથા શાસન સમ્રાટશ્રીની ગુરુ-સ્તુતિપૂર્વક મંગલિક પૂ. આચાર્ય મ. શ્રીએ સંભળાવ્યું. કા. સુ. ૫ના સૌભાગ્ય પંચમીની આરાધનામાં ૯૧ પૌષધપૂર્વક નાના બાલ યુવાન વૃદ્ધ સર્વેએ એક દિવસના સાધુજીવનના કાર્યક્રમમાં ભાગ લીધો. ચાતુર્માસ પરાવર્તન માટે શ્રી ધીરજબેન સલોત તથા શ્રી સુમતીભાઈની વિનંતી હતી. તેમાં શ્રી સુમતીભાઈને આદેશ આપવામાં આવ્યો.

ત્યારબાદ કા. વ. જના રવિવારે પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી આદિની નિશ્રામાં પૂ. મુનિશ્રી દર્શનવિજયજીની પ્રેરણાથી શિહોર નિવાસી શેઠ શ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદ શાહ તરફથી અત્રે ચાતુર્માસ દરમ્યાન થયેલ પ્રતિદિન અખંડ અઠ્ઠમ કરનાર ૨૦૦ ઉપરાંત તપસ્વી-ઓનું બહુમાન — જમણ પ્રભાવના વિગેરેનો કાર્યક્રમ થયો હતો.

આમ ચાતુર્માસમાં પૂજ્ય આચાર્ય શ્રી મુનિ મંડલને જ્ઞાન ધ્યાન સ્વાધ્યાયનો તથા શ્રીસંઘને તપ, જાપ, આરાધના કરાવવાનો લાભ થયો. આ સાહિત્યસંસ્થામાં પણ પારલા શ્રી સંઘે જ્ઞાનખાતામાંથી પંદર હજાર પાસ કરી જ્ઞાનભક્તિનો સુંદર લાભ લીધો અને શ્રીસંઘને પણ દેવદ્રવ્ય વિગેરે સર્વ ક્ષેત્રમાં સારી આવક થઈ. અત્રેના ટ્રસ્ટી મંડળનો સહકાર પારલા શ્રી સંઘના પ્રમુખ શ્રી રમણભાઈ ડાહ્યાભાઈની સૌજન્યતા હંમેશાં સ્મરણરૂપ રહેશે. તેમજ પૂ. આચાર્ય મ.શ્રીનું શ્રી ઓપરેશન કરી સુંદર સેવા અર્પનાર સૌજન્યશાળી ડૉ. શ્રી નરેન્દ્રભાઈ બી. શાહ તો ભૂલ્યા ભૂલાય તેમ નથી.

જે કાર્ય પૂ. આચાર્યશ્રીએ હાથમાં લીધું તે સુંદર રીતે પૂર્ણ થયું એ જ એક પૂ. ગુરૂ મહારાજશ્રીની કૃપા પ્રસાદી અને સુંદર મુહૂર્તનો પ્રભાવ છે.

—પ્રકાશક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# અનુક્રમણિકા


| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| ભાગ્યનિર્માણ | ૪ |
| પ્રકાશકીય | ૬ |
| મંગલ | ૧ |
| ૧. વીરધવલની ચિંતા... | ...૩ |
| ૨. પ્રવાસીની શોધ... | ...૭ |
| ૩. કાર્યની સિદ્ધિ... | ...૧૨ |
| ૪. મલયગિરિ પર... | ...૧૭ |
| ૫. મલયદેવીનું વરદાન... | ...૨૦ |
| ૬. પ્રથમ મિલન... | ...૨૫ |
| ૭. ઓરમાન માતા... | ...૩૦ |
| ૮. ભવ્ય શ્લોકની પ્રાપ્તિ | ...૩૫ |
| ૯. લક્ષ્મીપૂંજ હાર... | ...૩૭ |
| ૧૦. મહાબલનું પરાક્રમ... | ...૪૧ |
| ૧૧. અજગરના મુખમાં... | ...૪૩ |
| ૧૨. સોમાની કથા... | ...૪૫ |
| ૧૩. ચતુર જ્ઞાની નૈમિત્તિક... | ૫૦ |
| ૧૪. સ્વયંવર મંડપ... | ...૫૬ |
| ૧૫. મધુરજની... | ...૬૨ |
| ૧૬. રાજકુમારની ભવ્યકથા... | ૬૬ |
| ૧૭. વ્યંતરની સહાય... | ...૭૧ |
| ૧૮. પતિનો વિયોગ... | ...૭૫ |

| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| ૧૯. મહાબલની સનસનાટીભરી કથા... | ૮૩ |
| ૨૦. એ રુદન કરનાર કોણ?... | ૯૨ |
| ૨૧. દુર્જનનો સફળ દાવ... | ૯૯ |
| ૨૨. આશાની જ્યોત... | ...૧૦૬ |
| ૨૩. જંગલમાં પુત્રજન્મ... | ૧૧૦ |
| ૨૪. શીલવ્રતની કસોટી..... | ૧૧૩ |
| ૨૫. શીલવ્રતની અખંડ જ્યોત..... | ૧૧૯ |
| ૨૬. અંધકુવામાં મિલન..... | ૧૨૮ |
| ૨૭. કંદર્પનો વિચિત્ર દાવ... | ૧૩૩ |
| ૨૮. કારાગારમાં સર્પદંશ... | ૧૩૬ |
| ૨૯. કંદર્પની નવી યુક્તિ... | ૧૪૧ |
| ૩૦. સિદ્ધની બીજી સિદ્ધિ... | ૧૪૭ |
| ૩૧. સિદ્ધની ત્રીજી સિદ્ધિ... | ૧૫૩ |
| ૩૨. મહાન્ સિદ્ધરાજ... | ...૧૫૭ |
| ૩૩. સિદ્ધરાજનો પ્રભાવ... | ૧૬૧ |
| ૩૪. સ્વજનોનું મિલન... | ...૧૬૬ |
| ૩૫. પૂર્વભવ... | ...૧૭૨ |
| ૩૬. વૈરાગ્યવાસી મહાબલ... | ૧૮૫ |
| ઉપસંહાર... | ...૧૯૨ |


P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust




P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રી જયતિલક સૂરિ વિરચિત...

# સતી મલય સુંદરી ચરિત્ર

## મંગલ....

સ્વસ્તિ શ્રી અરિહંત પરમાત્મા વિજયવંતા વર્તો. જે ચાર અંતરંગ શત્રુ–ક્રોધ માન માયા લોભને જીતનારા છે. ચાર પ્રકારના ધર્મના –દાન, શીલ, તપ, ભાવના દર્શક છે. ચાર પ્રકારની મોહની સેનાને જીતનારા છે. વીશ આંગળીઓથી એમ સૂચવે છે કે એમણે વીશ સ્થાનક તપથી તીર્થંકર પદ પ્રાપ્ત કર્યું છે.

ચાર દિશારૂપ ચાર કન્યાના તિલક સમાન છે. શ્રી મહાવીર સ્વામી સર્વ અર્થની સિદ્ધિને આપનાર છે. સૂરિ–મંત્રમાં જેની પ્રતિષ્ઠા થાય છે તેમજ શ્રી ગૌતમ સ્વામીના ચરણ કમલની ભક્ત એવી દેવી સરસ્વતી પ્રસન્ન થાવ. પ્રાકૃત અને સંસ્કૃત સુંદર કાવ્ય રચનાથી શાસનની સેવા કરનાર પૂર્વ કવિવરો જિન શાસનમાં જયવંતા વર્તો.

દુર્જન પંડિતોને પણ નમસ્કાર કે જે ભૂલ સંશોધન કરે છે. ભૂલ શોધનાર પર પણ પુષ્પ વૃષ્ટિ કરવાથી દુષ્ટ ગ્રહના તર્પણની જેમ તે સહાયક બને છે. શ્રીમાન જયતિલક સૂરી-



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્વરજીએ રચેલ આ કાવ્ય સંસ્કૃતમાં છે. તેનો ગુર્જર ભાષા. નુવાદ ખૂબજ ટુંકામાં છતાં પ્રસંગ છોડયા વિના અમોએ કરવા યત્ન કર્યો છે. એક પણ શુભ ભાવનું વિસ્મરણ થવા દીધું નથી.

સર્વ મંગલમાં શ્રેષ્ઠ ધર્મ મંગલ છે. તે નિત્ય કલ્યાણકારક સર્વ સમૃદ્ધિનો દાતા–કર્મ મલને હરનાર–જ્ઞાન સંતાનનો તારક પૂર્વજોને પાવન કારક–યશ વૃદ્ધિકારક–અયશ હરનાર– તક્રમાં નવનીત સમાન–કાદવમાં કમલ સમાન–ધનમાં સારભૂત મુકતા મણી સમાન–દુર્ગતીમાં પડતા જીવોનો ધારક–જ્ઞાન દર્શન અને ચારિત્ર રૂપ છે.

એમાં જ્ઞાન એ લોચન છે. જીવાદિ તત્વનો યથાર્થ બોધ એ સમ્યગ્ જ્ઞાન છે. જે અદૃષ્ટ અર્થનો પ્રકાશક છે. દ્વિતીય સૂર્ય સમાન છે. નિષ્કારણ બંધુ છે. ભવસાગરમાં પ્રવહણ સમાન છે. જ્ઞાન એ અંધકારમાં દિપક સમાન છે. ભવસાગરમાં પ્રવહણ સમાન છે. જ્ઞાનથી મહાન આપત્તિમાં પડેલ જીવ પણ ઉદ્ધાર પામે છે. આશ્વાસન પામે છે. માત્ર એક શ્લોકના અર્થથી જેમ મલયસુંદરીએ પોતાનો ઉદ્ધાર કર્યો તેમ આ જગતના જીવો પણ એ દૃષ્ટાંત જાણે એ જરૂરી છે.

આ દૃષ્ટાંતને જાણી જીવનને નવજીવન બનાવવું એ સમ્યક્જ્ઞાનનું ફલ છે. સમ્યક્જ્ઞાન એ પરમ જ્યોતિ છે – જે સકલ ઈષ્ટ પદાર્થની સંસિદ્ધિ કરે છે – મડદા જેવા માનવને પણ ધર્મ સંજીવનીનું પાન કરાવી ચેતનામય કરનાર સમ્યક્ જ્ઞાન છે. આ સમ્યક્ જ્ઞાન રૂપ અમૃતનું પાન છે તે મિષ્ટ પાનનો તમે પણ આસ્વાદ કરો. પ્રારંભ કરો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# વીરધવલની ચિંતા

**૧**

સર્વ દ્વિપસમુદ્રમાં જંબૂદ્વિપ શોભે છે–એમાં સર્વ ક્ષેત્રોમાં તિલક સમાન ભરતક્ષેત્ર છે–છખંડ સાધક ચક્રવર્તીની સાધનાનું એ બીજ છે. એ ક્ષેત્રમાં સર્વનગરમાં શ્રેષ્ઠ ઈંદ્રની અલકાપુરી સમાન ચંદ્રાવતી નગરી છે. જેમાં શ્રીમંતોના ભવ્ય સ્ફટિકમય પ્રાસાદોની ધવલ પંક્તિઓ અને શ્રીમંતોના સુવર્ણ-મય પોશાકો જાણે ઈંદ્રની અલકાપુરીની સ્મૃતિને જગાવે છે. અહીં લક્ષ્મી ને વૈભવ છે તો સરસ્વતીની આરાધના કરનાર તેજસ્વી પંડિત પુત્રો પણ છે. અહીં ત્યાગી સંતો છે. તો ભોગના સાધન ગણિકાઓના રમ્ય આવાસો પણ છે.

છતાં વિશેષતા એ છે કે અહીં દરેકને દુધ સાકર જેવો મેળ છે. રાત્રીએ આકાશમાં તારા શોભે છે–તારામાં ચંદ્ર શોભે છે. દિવસે સૂર્ય શોભે છે એમ ચંદ્રસૂર્યના તેજને હરનાર અહીં પરાક્રમી છતાં શાંત–સૌમ્ય રાજા વીરધવલ શોભે છે.

ચંદ્રને ચંદ્રિકા છે. સૂર્યને રશ્મિ છે. મયૂરને ઢેલ છે. અને રામને સીતા છે. એમ વીરધવલને બે રાણી છે. ચંપક. માલા એ પટ્ટરાણી છે. એનામાં સતીનાં તેજ છે. અનોપમા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેવીની બુદ્ધિ છે અને રતિનું રૂપ છે. સૌથી વિશેષ તો એનું હૃદય ગંગાના નીર જેવું નિર્મળ છે. રાજાની બીજી રાણી કનકવતી છે–રૂપ છે પણ કપટની ખાણ છે. માયાનું મૂલ છે.

એક દિવસ રાજા રેશમની શય્યા પર બેઠા છે. એમના હૈયામાં ઉદાસીનતા પડી છે. ચિંતાના વાદળ મુખ પર આવન-જાવન કરે છે દોમ દોમ સાહ્યબી છે. ચંપકમાલા જેવી રૂપ શીલની અધિષ્ઠાત્રી રાણી છે. ભવ્ય મનોહર ચંદ્રાવતી નગરી છે છતાં સાયંકાળે એક નરપુંગવ ભેટણું મુકી કંઈક વાત કરીને ગયો ત્યારથી ચિંતાના વાદળ ઊમટયા છે. ચંપકમાલા પંખો નાખતાં રાજાને પૂછે છે "સ્વામી ! આપ આજે ઉદાસ કેમ છો ? એવી તે શી બાબત છે – શું આ દાસીને નહીં કહો ?"

રાજા થોડીવાર આકાશ પ્રતિ મીટ માંડી રહ્યો, નિશ્વાસ નાખી બોલ્યો "દેવી ! સાંભળ ! મારી ઉદાસીનતાનું કારણ.... ........આપણા નગરમાં બે વેપારીઓ વસે છે–બન્ને પરસ્પર બાંધવ છે. એકનું નામ **લોભાનંદિ** છે બીજાનું નામ **લોભાકર** છે–બન્નેને પરસ્પર અતૂટ સ્નેહ છે બન્ને અઠંગ વેપારી છે. કપટમાં પણ એમની જોડ નથી. નામ એવા જ ગુણ છે. લોભાનંદિને એકે સંતાન નથી. લોભાકરને ગુણવર્મા નામે એક ગુણવાન પુત્ર છે. જાણે કાદવમાં કમલની ઉત્પત્તિ છે.

એકદા બન્ને વેપારી દુકાને બેઠા છે. તેવામાં એક પ્રવાસી મોટી ભવ્ય દુકાન જોઈ તેની દુકાને આવ્યો. લોભાનંદિએ મીઠી વાણીથી બોલાવી પોતાની ગાદી પર બેસાડયો. ખબર અંતર પૂછી. તેની મિષ્ટ વાણી અને ભવ્ય દુકાન જોઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેના પર પ્રવાસીને વિશ્વાસ બેઠો. તે બોલ્યો "શ્રેષ્ઠિવર્ય! મારે શત્રુંજયની યાત્રા કરવા જવું છે – મારી પાસે એક સિદ્ધ રસનો ઘડો છે, તે થોડા દિવસ તમારે ત્યાં રાખો. હું યાત્રા કરી પાછો વળીને તે લઈ જઈશ."

અને પોતાની પાસેનો ઘડો લોભાનંદિના હાથમાં મુકયો. લોભાનંદિએ કબાટમાં તે મુકતાં કહ્યું "શેઠીયા! તમે નિશ્ચિંત યાત્રા કરી આવો. તમો આવશો એટલે તમારી થાપણ યથાવત્ તમને મળી જશે."

અને બીજી મીઠી વાણીથી તેનું મનરંજન કરી તેને વિદાય આપી. પ્રવાસી સંતોષ પામી શત્રુંજયની યાત્રાએ ઉપડયો. થોડા દિવસ બાદ તે યાત્રા કરી પાછો ફર્યો, અને લોભાનંદિની દુકાને આવી તેની પાસે પોતાનો ઘડો પાછો માંગ્યો.

કપટ કળામાં ચતુર તે લોભાનંદિ અન્ય ઘડાના ઠીકરા બતાવી બોલ્યો "અરે શેઠીયા! આ શું બોલ્યા? તમારો ઘડો કાચો હતો. મૂકતાં વેંત જ નંદવાઈ ગયો. આ રહ્યા એના ઠીકરા! જોઈએ તો એ લઈ જાવ–કાચા ઘડામાં તો તે રસ ટકતો હશે ભલા!"

યુવાન પ્રવાસી સમજી ગયો. આ શેઠ કપટથી જુઠું બોલે છે. તે દુઃખથી બોલ્યો. "શેઠ! તમે ન્યાયવાન છો. મેં વિશ્વાસ મુકયો તેનો ઘાત ન કરો. નહિ તો મહા અનર્થ થશે."

આમ અનેક પ્રકારે તે સમજાવટ કરવા લાગ્યો પણ લોભાનંદિ મોટેથી બોલવા લાગ્યો– "આવા કપટી પ્રવાસી કયાંથી ચાલ્યા આવે છે!"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છેવટે પ્રવાસી પાસે "સ્થંભિની" નામે વિદ્યા હતી. તેનો તેણે પ્રયોગ કર્યો. બન્ને શેઠ પૂતળાની માફક સ્થિર થઈ ગયા. માત્ર મોઢું ખૂલ્લુ હતું. મોટેથી બૂમો પાડવા લાગ્યા. "બચાવો! કોઈ બચાવો!"

તે પ્રવાસી તો ત્યાંથી ચાલ્યો ગયો. પણ લોકો ભેગા થઈ ગયા. કેટલાક હસવા લાગ્યા. કેટલાક મશ્કરી કરવા લાગ્યા. એ તો એજ લાગનાં છે. એ વખતે લોભાકરનો પુત્ર ગુણવર્મા —જે બહાર ગામ ગયો હતો તે આવી પહોંચ્યો. બધી વાત જાણી તે દુઃખી થઈ ગયો.

લોકો કહેવા લાગ્યા "તમારા વડીલ પારકી થાપણ હરતાં હર્ષ પામે છે પછી એના વિપાક સમયે શા માટે બૂમો પાડવી જોઈએ? માણસે ન્યાય નીતિથી ચાલવું જોઈએ." ગુણવર્મા પોતાના વડીલોને સારા કરવા વિવિધ મંત્ર તંત્ર વાદિઓને બોલાવી લાવ્યો. પણ સર્વ ઉપાયો નિષ્ફળ ગયા.

આખર તે ગુણવર્મા તે યુવાન પ્રવાસીની શોધ કરવા ત્યાંથી પરદેશના પ્રવાસે ઉપડયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રવાસીની શોધ

## ૨

ગુણવર્માના મનમાં વિષાદનો પાર નથી. પોતાના વડિલો ભલે ગુણહીન હોય પણ પોતાની ફરજ એમને દુઃખમાંથી મુક્ત કરવાની છે. બસ ! આ એક જ ભાવનાથી એ યુવાન પ્રવાસીની શોધ કરવા લાગ્યો. અનુક્રમે અનેક ગામ, નગર, વન ઉપવનમાં શોધ કરતો. એક નિર્જન નગરમાં આવ્યો. માર્ગના શ્રમથી તેનું મન અતિખિન્ન થયું ન હતું. પણ આટલા શ્રમ બાદ પણ એ યુવાનની પ્રાપ્તિ ન થઈ તેથી તેના મનને રંજ થયો હતો. જ્યાં એ એક ભવ્ય મહાલય પાસે વિશ્રાંતિ લેવા બેઠો ત્યાં એક સુંદર વ્યક્તિ તેના જોવામાં આવી. તે યુવાન તેની પાસે જ આવીને ઉભો. ગુણવર્માનું ભવ્ય મુખારવિંદ અને સૌમ્યપ્રભા જોઈ તે યુવાને પૂછ્યું. "હે વીર નરોત્તમ ! તું કોણ છે અને અહીં કેમ આવ્યો છે ?"

ગુણવર્માએ વિચાર્યું, હાલ તો આ વ્યક્તિ કોણ છે તે જાણી લેવું. તે આશયે તેણે કહ્યું. "હું એક પ્રવાસી છું. વેપાર કાજે પરદેશ જાઉં છું. પણ આ નગર કેમ નિર્જન છે ? તમે કેમ એકલા જ અહીં છો ? જો વાંધો ન હોય તો જણાવો."

તે યુવાને આ નગરનો અને પોતાનો ઇતિહાસ કહ્યો....

"આ કુશવર્ધન નામે નગર છે, અહિં સુર નામે રાજા રાજ્ય કરતો હતો. તેને બે રાજકુમાર હતા. એક મોટો જયચંદ્ર, નાનો વિજયચંદ્ર. મારા પિતા એ સુર રાજા. એ દેવગત થયા અને રાજ્ય મારા મોટાભાઈ જયચંદ્રને મળ્યું. મને રાજ્યભાગ મોટાએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ન આપ્યો. એટલે હું વિજયચંદ્ર રીસાઈને રાજ્ય છોડી પરદેશ ચાલ્યો. માર્ગમાં ચંદ્રાવતી નગરી આવી. એની બહાર એક રમ્ય ઉદ્યાન હતું. ત્યાં એક વિદ્યાસિદ્ધ પુરૂષ હતા. તે અતિસાર રોગથી પીડાતા હતા. તેની આવી અવસ્થા જોઈ મારા મનમાં દયા આવી. હું જંગલમાં જઈ કેટલીક વનસ્પતિ લઈ આવ્યો. અને દવા વાટીને લેપ કર્યો. તથા નગરમાં જઈ ભોજન લાવ્યો.

આમ ઘણા દિવસની સેવાથી તે સિદ્ધપુરૂષ સંપૂર્ણ નિરોગી થઈ ગયા. મારી નિસ્વાર્થ સેવાથી તે પ્રસન્ન થઈ ગયા. અને બોલ્યા "વત્સ! તારો બાહ્ય આડંબર ન હતો. માત્ર માનવને મદદ કરવી એ એક માત્ર આશયથી તેં મારી સેવા કરી તેનાથી હું ખુશ થયો છું. લે આ બે વિદ્યા અને આ એક સિદ્ધ રસનો ઘડો."

અને આમ કહી એમણે મને પાઠસિદ્ધ સ્તંભની વિદ્યા અને વશીકરણ વિદ્યા આપી અને એક સિદ્ધરસનો ઘડો આપ્યો: તે લોખંડ પર લેપ કરવાથી સુવર્ણમય બની જશે. વધારામાં મને આશીર્વાદ આપ્યા. ખરેખર મોટાની નિસ્વાર્થ સેવાનું ફળ મહાન જ હોય છે. આમ મારા પર ઉપકાર કરી તે ગિરિમાળા તરફ ચાલી ગયા. હું પણ એ યોગીના ઉપકારનું સ્મરણ કરતો ચંદ્રાવતીમાં ફરવા લાગ્યો. બજારમાં એક મોટા વેપારી લોભાનંદી. લોભાકર નામના હતા તેની દુકાને મારો સિદ્ધરસનો ઘડો તે મુકી હું શત્રુંજયની યાત્રાએ ગયો. પાછા વળતાં તે ઘડો પાછો માંગતાં તે વેપારીએ ન આપ્યો તેથી તેને સ્થંભન કરી અત્રે નગરમાં આવ્યો. પણ આ મારૂં નગર વેરાન જોઈ આશ્ચર્ય પામ્યો. ગુણવર્મા મનમાં વિચાર કરવા

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાગ્યો ખરેખર! આ રાજકુમારે જ મારા વડિલોને સ્થંભન કર્યા છે. મનનો આકાર ગોપવી તેણે પૂછ્યું "હાં પછી શું થયું? આ નગર ઉજ્જડ વેરાન કેમ છે? વિજયચંદ્ર બોલ્યો" મને પણ વસ્તી વિનાનું નગર સ્મશાન તુલ્ય લાગ્યું. મારો ભાઈ ક્યાં ગયો? લોકો કેમ નગર મુકી ચાલ્યા ગયા, એ રહસ્ય શોધવા હું ચારે બાજુ ભમવા લાગ્યો, ભમતો ભમતો રાજ મહાલયમાં આવ્યો રાજમંદિરમાં મારા મોટા ભાઈની સ્ત્રી (મારી ભાભી) એકલી જ જોવામાં આવી. મને જોઈ તે મારી સન્મુખ આવી. આસન આપી મને બેસાડયો અને એની આંખમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. મેં આશ્વાસન તથા ધીરજ આપી આ નગરીની ઉજ્જડતાનું કારણ પૂછ્યું. મારી ભાભીનું નામ વિજયા હતું તેણે આ પ્રમાણે હકિકત કહી–

**નગર ઉજ્જડ થવાનું કારણ** – મારી ભાભી બોલી "તમે તો રીસાઈને ચાલ્યા ગયા પણ તે બાદ તમારા મોટાભાઈને ઘણું લાગી આવ્યું. તમારી શોધ કરાવી પણ તમે મળ્યા નહી. તમારા મોટાભાઈ એ પછી રાજ્યની સુવ્યવસ્થામાં મન પરોવ્યું. એકદા ભગવા વસ્ત્રધારી એક સાધુ અત્રે નગરીમાં આવ્યો. એક માસ ઉપવાસના એ તપસ્વી સાધુને પારણું કરવા તમારા મોટાભાઈ જયચંદ્ર રાજાએ નિમંત્રણ કર્યું. જાતજાતના પકવાન બનાવ્યા અને તેને સોનાની થાળીમાં પકવાન પીરસી તેઓ આગ્રહ પૂર્વક તેને જમાડવા લાગ્યા. મને પણ પંખો નાખવા રાજાએ આજ્ઞા કરી. હું પણ તેને પંખો નાખવા લાગી. મારૂં નવિન યૌવન–સુંદર રૂપ અને શૃંગારથી ભરપુર તન જોઈ તે પાખંડીનું મન વિચલિત થઈ ગયું. તે સમયે તો તે કામાંધ સાધુ જમીને પોતાના આશ્રમે ગયો. પણ રાત્રિના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમયે ગોધાના પ્રયોગથી એ મારા ખંડમાં આવ્યો. અવાજ થવાથી હું તુરત જાગી ગઈ. અવ્યવસ્થ વસ્ત્રને સંકોરવા લાગી. તે સમયે તે મારી પાસે વિષયની યાચના કરવા લાગ્યો. દરેક જાતના પ્રલોભનો આપવા લાગ્યો. વિનંતી કાલકુદી કરવા લાગ્યો. આવા તપસ્વીનો જન્મ એળે ન જાય એમ સમજી મેં પણ તેને શીલનું મહત્ત્વ સમજાવ્યું. અને એ માટે નાહક નારકીના દુઃખ ન વેઠવા કહ્યું. સ્ત્રીનું શરીર તો ગંદકીનો ઘડો છે માટે મોહ છોડવા તેને ઘણું સમજાવ્યો પણ તે ન સમજ્યો. આખર તે બળાત્કારની હદે જવા તૈયાર થયો. તે જ સમયે તમારા મોટાભાઈ જે આ બધું જ બારીમાંથી છુપાવેશે સાંભળતા હતા તે દોડી આવ્યા અને તે નરાધમને ક્રોધથી પોતાના સૈનિકો પાસે બંધાવી દીધો. પ્રભાતે મુખપર મેશ ચોપડાવી આખા નગરમાં ફેરવ્યો અને લોકો પણ તેની નિંદા–મશ્કરી કરવા લાગ્યા. અને નગરમાં ફેરવી તેને ગરદન મરાવ્યો.

મર્યા બાદ કંઈક તપસ્યાના પ્રભાવથી તે રાક્ષસ યોનિમાં ઉત્પન્ન થયો. પુર્વ ભવના અપમાનને યાદ કરી ઉગ્રવૈર ધારણ કરીને તે રાજા પાસે આવ્યો, અને બધું વૈર સંભારી રાજાને મારી નાખ્યો. અને પ્રજાનો પણ સંહાર કરવા લાગ્યો. લોકો તેના ભયથી નાસવા લાગ્યા. હું પણ ભયથી નાસવા જતી હતી પણ તેણે મને પકડી લીધી અને કહ્યું, “હે ભદ્રે! તારા માટે તો આ સર્વ યત્ન છે. માટે તું નાશીસ તો પણ અહીં પાછી લાવીશ. માટે તારે આ રાજમંદિર છોડી ક્યાંય ન જવું. હું તારૂં રક્ષણ કરીશ, આ પ્રમાણે એ રાક્ષસે મને અહીં રોકી છે. નગર નિર્જન બન્યું છે. રાક્ષસ દિવસે બહાર કોઈ સ્થળે જાય છે. રાત્રે પાછો આવીને સુઇ જાય છે.”

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિજયચંદ્રે આ વાત ભાભીના મુખથી જાણી પૂછ્યું. "તો હે ભાભી! આ રાક્ષસનું એવું કોઈ મર્મસ્થાન તમે જાણી લો કે જેથી તેને મારી શકાય. કારણ કે તમારા પર એનો ઘણો વિશ્વાસ છે." વિજયાભાભી હસી પડી. બોલી, "એ પણ હું જાણું છું. જ્યારે આ રાક્ષસ સૂવે છે ત્યારે જો તેના પગના તળીયા ઘીથી મર્દન કરવામાં આવે તો તે ઘણીવાર અચેતન પડી રહે છે અને તે અવસરે કોઇ તેને મારી શકે. પણ વસ્તુ સ્થિતિ એ છે કે જો કોઈ સ્ત્રી તેને મર્દન કરે તો તેને નિંદ્રા આવતી જ નથી. પુરુષ મર્દન કરે તો જ તેને નિદ્રા આવે છે. પણ તેને જો ખબર પડે કે આ મર્દન કરનાર પુરુષ છે તો તે રાક્ષસ તેને મારી જ નાખે." આ હકીકત મારી ભાભી પાસેથી જાણી લીધી હવે હે પ્રવાસી! આ મારૂં નગર ઉજ્જડ થયું એનું કારણ જે આ રાક્ષસ છે તેને મારવા માટે તમારી જરૂર છે. તમો આકૃતિ પરથી પરોપકારી જણાઓ છો. તમો મને સહાય કરો તો આ રાક્ષસને હું મારી શકું. આપનું નામ શું છે? અને શું આપ મને સહાય કરવા તૈયાર છો?" આમ વિજયચંદ્ર કુમારે ગુણવર્માને કહ્યું, ગુણવર્માએ કહ્યું," મારૂં નામ ગુણવર્મા છે અને હે રાજકુમાર! જરૂર હું તમને સહાય કરીશ. મારી એ ફરજ છે, માનવ માનવના કામમાં નહિ આવે તો કોણ આવશે?"

રાજકુમાર હર્ષિત થઇ ગયો. આજે એના મનને થયું કે એવો મધુર મિત્ર મળ્યો છે કે જાણે તેને તેનું રાજ્ય પાછું મળી ગયું છે. રાત્રીએ બન્નેએ મળી એક યુક્તિ ઘડી કાઢી. એ યુક્તિ શું હતી? એ ભવ્ય મહાલયના પલંગ પર સુતાં સુતાં ગુણવર્માએ શોધી હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# કાર્યની સિદ્ધિ

## ૩

ગુણવર્માને લક્ષ્મી સામે ચાંલ્લો કરવા આવી એવો-ઘાટ થયો. જેની પોતાને મદદ જોઈતી હતી તે સામે મદદ માંગવા આવ્યો. ટુંક સમયમાં બન્ને પરમ મિત્ર થઇ ગયા.

રાત્રી પવનવેગે વહી રહી હતી. યોજના આ પ્રમાણે હતી,-ગુણવર્માએ સ્ત્રીના વેશે રાક્ષસના પગનું મર્દન કરવું. વિજયચંદ્રે જે સમયે ગુણવર્મા મર્દન કરે અને રાક્ષસને નિંદ્રા આવી જાય તેજ સમયે પોતે રાક્ષસને સ્થંભન વિદ્યાથી સ્થંભિત કરવો. આ યોજના તો બરાબર હતી પણ જો રાક્ષસ જાણી જાય કે મર્દન કરનાર સ્ત્રી નહિપણ પુરુષ છે તો ગુણવર્માના સો વર્ષ ત્યાંજ પૂરા થઇ જાય. કામ જોખમી હતું. માથા સાટે માલ હતો. અને કાર્ય સફળ થાય તો વિજયચંદ્રને રાજ્ય મળે. ગુણવર્માના પિતાને મુક્તિ મળે-કારણ કે જેની કૃપાથીજ પોતાના પિતા મુક્ત બને એની ખાતરજ આ જોખમ ખેડવાનું હતું. માથા સાટે માલ હતો -

સંકેત પ્રમાણે બન્ને રાક્ષસના મહેલે આવ્યા. પ્રારંભમાં વિજ્યા જ રાક્ષસનું પગમર્દન કરે એ યુક્તિ હતી બન્ને આવ્યા તે સમયે વિજ્યા રાક્ષસનું પગ મર્દન કરતી હતી. બન્ને ખૂણામાં સંતાઈ ગયા.

રાક્ષસને નિદ્રા આવતી નથી. વારંવાર કહેવા લાગ્યો. મને કોઈ બીજા માણસની ગંધ આવે છે. વિજ્યા કહે, " હું જ માનુષી છું મારી ગંધ આવતી હશે. આ સાંભળીને તે નિશ્ચિત થયો. જ્યાં રાક્ષસ સૂતો ત્યાં વિજ્યાના વેશમાં ગુણવર્મા મર્દન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવા બેસી ગયો અને ટુંક સમયમાંજ રાક્ષસ નિંદ્રાધીન થવા લાગ્યો. આ બાજુ વિજયચંદ્ર પણ સ્થંભન વિદ્યાના મંત્રનો જાપ જપવા લાગ્યો.

વારંવાર સુંદર પગમર્દનથી જ્યાં રાક્ષસ સંપૂર્ણ નિંદ્રા વશ થઇ ગયો ત્યાં વિજયચંદ્રનો જાપ પણ પૂર્ણ થઇ ગયો. રાક્ષસ સ્થંભિત થઇ ગયો.

ગુણવર્મા પણ પગમર્દન છોડી ઉભો થઇ ગયો. રાક્ષસ જ્યારે જાગ્યો ત્યારે પથારીમાંથી ઊઠી જ શકતો નથી. ઘણું બળ કરવા માંડ્યો છતાં જ્યારે તે પૂતળાની જેમ સ્થિર થઈ ગયો ત્યારે વિજયચંદ્ર ખડખડાટ હસવા લાગ્યો. રાક્ષસ પરિસ્થિતિ સમજી ગયો. એ પાંજરામાં પૂરાયેલ સિંહની સ્થિતિ પામ્યો હતો, તે ધીરેથી બોલ્યો. "એય યુવાનો! તમે મને સ્થંભિત કર્યો લાગે છે. મને શીઘ્ર છૂટો કરો–મારી શક્તિ તમે વશ કરી છે તે બદલ ધન્યવાદ પણ સ્થંભન દૂર કરશો તો તમે કહેશો તેમ કરીશ."

વિજયચંદ્ર હસીને બોલ્યો. "હે રાક્ષસેન્દ્ર! જો તું આ નગરી પ્રત્યેનું તારૂં પૂર્વ વેર મૂકી દે, અને નગરીને વસ્તી યુક્ત બનાવે તો જ તને છૂટો કરૂં."

રાક્ષસ બન્નેના પરાક્રમથી ખૂશ થયો હતો. તેણે તરત જ તે વાત સ્વીકારી. વિજયચંદ્રે સ્થંભન વિદ્યા પાછી ખેંચી લીધી. રાક્ષસે પણ શરત મુજબ ફરીવાર નગરી હરીભરી નવ પલ્લવિત કરી દીધી. અને બન્નેની પીઠ થાબડી દાસની જેમ ઉભો રહ્યો. વિજયચંદ્રે નગરીમાં પોતાનો રાજ્યાભિષેક કરવાનો હુકમ કર્યો. અને મૂળ પ્રધાનને મંત્રીપદ સ્વીકારવા વિનંતી કરી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાક્ષસે ઘડીના છઠ્ઠા ભાગમાં. રાજ્યાભિષેકની તૈયારી કરી. અને “ વિજયચંદ્ર રાજાની જય ના ગગન ભેદી નાદે એ નગરી ગાજી ઉઠી. સુંદર મુહુર્તે રાજ્યાભિષેક થયા બાદ વિજયચંદ્ર રાજાએ ગુણવર્માને કહ્યું “ મિત્ર! તારી સહાયથી આ કાર્ય સિદ્ધિ થઇ છે. હવે તું જે મનમાં આવે તે વરદાન માગી લે. જોઇએ તો અર્ધું રાજ્ય તું સ્વીકાર.”

ગુણવર્માએ નમ્રતાથી કહ્યું “ રાજન્! મારે રાજ્યની જરૂર નથી. તમારી નિર્મળ મૈત્રી જ મારે મન રાજ્ય છે. પણ તમો જે ચંદ્રાવતીમાં બન્ને શેઠને સ્થંભન કરીને આવ્યા છો તે મારા પ્રિય વડીલ પિતા અને કાકા છે. તેમને મુક્ત કરો. એમનો અપરાધ ક્ષમા કરો.”

આ શબ્દ સાંભળી વિજયચંદ્ર આશ્ચર્ય પામ્યો. અહો ! ક્યાં તે બન્ને ધૂર્ત શેઠીયા ! અને ક્યાં ગુણશાળી ગુણવર્મા તેમનો પુત્ર ! ખરેખર કાદવમાં કમલ નિપજે તે ઉક્તિ બરાબર છે. તુરત વિજયચંદ્રએ જવાબ અર્પ્યો. “ મિત્ર ! તારા ઉપકાર આગળ એ વાત તો કોઇ વિસાતમાં જ નથી–પણ એ કાર્ય તું પણ કરી શકે છે. અહીંથી નગરની બહાર એકશ્રુંગ નામે પર્વત છે. તેની ગુફામાં દેવ અધિષ્ઠિત એક ગુપ્ત કુપિકા છે. તેનાં પાણી નેત્રપાંપણની જેમ વારંવાર વિકસ્વર બંધ થાય છે. તેનું પાણી જો સ્થંભન થયેલ પુરુષનો પુત્ર લઈ લાવે અને સ્થંભિત પિતાને છાંટે તો તે તત્કાળ મુક્ત બને. આ સર્વ શ્રેષ્ઠ ઉપાય છે. પણ એ પાણી લેતાં જો કોઈ ભય પામેતો તે મરણ પામે. માટે તમે સાહસિક અને ગુણવાન છો તમે જરૂર એ કરી શકશો.”

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગુણવર્મા પણ આ ઉપાય સાંભળી રાજી થયો. અને એ એક ંગ જવા તૈયાર થયો. વિજયચંદ્ર પણ જરૂરી સાધનો લઇ તેની સાથે થયો. બન્ને જણા અનુક્રમે તે દેવતાઈ કુપિકા પાસે આવ્યા. અનુક્રમે વિકસ્વર થયેલી તે કુપિકામાં વિજય-ચંદ્રની મદદથી ગુણવર્મા મંચિકામાં નીચે ઉતર્યો. અને નિર્ભય પણે તે જલ વાસણમાં ભરી લઈ દોર હલાવ્યો, તત્કાલ વિજયચંદ્રે તેને ઉપર ખેંચી લીધો.

આ બન્નેના સાહસથી ખુશ થઇ તત્કાલ રાક્ષસ પ્રગટ થયો. અને અશ્વનું રૂપ ધરી બોલ્યો. “ નરવીરો ! આ અશ્વ પર બેસી જાવ, તમોને ચંદ્રાવતી તુરત પહોંચાડી દઉં. તે અશ્વ પર બેસીને બન્ને જણા પવન વેગે ચંદ્રાવતી આવ્યા. અને ગુણવર્માએ પોતાના બન્ને વડીલો પર પાણી છાંટતાં તે તત્કાલ બંધન મુક્ત બની ગયા. અને પુત્રને ભેટી પડયા. દરેક જણ આવા ગુણવાન પુત્રની પ્રશંસા કરવા લાગ્યા.

પોતાના ઉપકારી મિત્ર ગુણવર્માને વિજયચંદ્ર પ્રધાન મુદ્રા આપવા લાગ્યો પણ નિસ્પૃહ એવા તેણે તે ન સ્વીકારી. ઉલટું એનો રસ વેધક ઘડો પાછો આપ્યો. તે રસ ઘડો વિજયચંદ્રે પાછો ગુણવર્માને ભેટ આપ્યો અને પોતાના મિત્રની ઘણા સ્નેહથી વિદાય લઈને પોતાના રાજ્યમાં પહોંચ્યો. એ ગુણવર્મા આજે સાંજે મારી પાસે (વીરધવલરાજા પાસે) એ રસનો ઘડો લઈ આવ્યો અને બધી વાત કરી. એ ઘડો મને ભેટ મુકી ચાલ્યો ગયો. બસ એજ મારી ચિંતાનું કારણ છે ” વીરધવલે કહ્યું.

“એમાં આપને તો રસ ઘડાનો લાભ થયો એમાં આપને શી ચિંતા થઈ નાથ ! ?” ચંપકમાલાએ પૂછયું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"હજુ તું ન સમજી, પ્રિયે! જેમ ગુણવર્માએ પોતાના વડીલને બંધનમુક્ત કર્યા એવા ગુણવર્મા જેવા પુત્રને–કુલદિપક પુત્રને હું પણ ઇચ્છું છું. આવું મોટું વિશાળ રાજ્ય છે, છતાં વંશવારસ નથી એ મારી ચિંતા છે. જેને ત્યાં કુળને ઉજાળનાર પુત્ર જન્મ નથી તેનો જન્મ પણ વ્યર્થ છે. અને વંશનો ઉચ્છેદ મને કાળજામાં કંટકની જેમ ખૂંચે છે. આ મારી ચિંતાનું કારણ!"

વીરધવલે વાત પૂર્ણ કરી અને ચંપકમાલાના હૃદયમાં પણ પુત્ર કાજે નું દર્દ ઉત્પન્ન થયું. એ બોલી "નાથ! એ દુઃખ આપણા બન્નેનું છે. એમાં તો ભાગ્યની જ કે કોઇ દેવની જ સહાય જોઈએ. એ વિના આ બનવું મુશ્કેલ છે. વળી તણખલા જેવા દશ પુત્રો હોય તો પણ સ્ત્રી વંધ્યા જ ગણાય છે. અને કુલદિપક એકજ પુત્ર હોય તો તે સ્ત્રી જનેતા ગણાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે.

જનની જણ તો ભક્ત જન-કાં દાતા કાં શૂર.
નહિ તો રહેજે વાંઝણી–મત ગુમાવીશ નૂર.

આમ આ પુત્ર પ્રાપ્તિના મનોરથમાં બન્ને વિષાદમાં વહી રહ્યા હતા અને હવે કાર્યસિદ્ધિ કયારે કેમ થશે તેનો બન્ને વિચાર કરી રહ્યા હતા. અને રાત્રી પણ રૂમઝુમ વહી રહી હતી.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## મલય ગિરિપર

## ૪

રાત્રી વહી રહી હતી અને ચંપકમાલાને પણ સંતાનના અભાવે નેત્રમાંથી જલધારા વહી રહી હતી. મોહની પ્રબળતા જગતમાં એવીજ હોય છે. છેવટે તે બોલી. "નાથ! પુણ્ય એ જ પુત્ર પ્રાપ્તિનો માર્ગ છે. કોઈ દેવની આરાધના કરવી જોઈએ અને મને ખાત્રી છે આપણું વાંઝીયા મેણું ટળશે."

દુઃખમાં પણ સતી નારીઓ આવાજ આશ્વાસન શોધે છે. વીરધવલ રાજાએ કહ્યું. "પ્રિયે! ઋષભદેવ ભગવાન આપણા ઇષ્ટ દેવ છે એમની જ આરાધના કરીએ.

આમ બન્ને વાતો કરી રહ્યાં છે ત્યાં પ્રભાત કાલની ઝાલરી વાગી, ઉઠતાં જ ચંપકમાલા કહે છે, "નાથ! આજ મારૂં જમણું નેત્ર ફરકે છે. કંઈક અશુભ નિમિત્ત થવું જોઈએ. શું થશે એ હું જાણતી નથી પણ મને ચેન પડતું નથી." સ્ત્રીનું જમણું નેત્ર ફરકે એ અશુભ ગણાય છે

વીરધવલે કહ્યું—"દેવી! સ્ત્રીનું જમણું નેત્ર ફરકે એ સારૂં નથી પણ તું ચિંતા ન કર. બધું સારૂં જ થશે છતાં પણ અશુભ થશે તો હું પણ તારી સાથે ચિતા પર અગ્નિનું શરણ કરીશ. અને આમ આશ્વાસન આપી રાજા પ્રાતઃ કાર્ય પતાવી રાજસભામાં ગયા.

માત્ર ચાર જ ઘટીકા પછી વેગવતી દાસી દોડતી રાજસભામાં આવી. અને રાજાના ચરણે હાથ જોડી ધ્રુજતી બોલવા લાગી "મહારાજ! જલદી મહેલે પધારો. રાણી ચંપકમાલાબા નિશ્ચેતન પડયાં છે. જલદી કરો."

રાજા તુરત જ મહેલે આવ્યો. શયન ખંડમાં પ્રવેશ કરતાં જ રાણીને નિશ્ચેતન લાકડાની જેમ જોતાંજ તે રૂદન કરવા લાગ્યો. અને થોડીવારમાં મૂર્છા ખાઈ ઢળી પડયો.



P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નજીકમાં રહેલ મંત્રી મંડળે પવન નાખી ધીરે ધીરે રાજાને જાગૃત કર્યો. જાગીને પણ રાજા વિલાપ કરવા લાગ્યો–ત્યારે બુદ્ધિમાન મંત્રીમંડળે રાજાને આશ્વાસન આપી કહ્યું. "રાજન્! રાણીના શરીરમાં હજુ પ્રાણનો સંભવ છે. વૈદ્યરાજને તેડાવવા માણસ મોકલ્યો છે. બધું સારૂં થશે. ધીરજ ધરો. જગતમાં દરેક માનવોને કપરા સમયે જ ધીરજ રાખવી કઠીન હોય છે. એવામાં વૈદ્ય આવ્યા. સર્વ નાડીઓ જોઈ. મંત્રીઓ તેમને એક બાજુ લઈ ગયા. અને કહ્યું. "વૈદ્યરાજ! હમણાં થોડો કાલક્ષેપ કરો. નહિ તો રાજા પોતાના પ્રાણ આ આઘાતમાં ખોઈ બેસશે." વૈદ્યોએ એમજ કર્યું. બોલ્યા–"રાજન્! પ્રાણ તો છે પણ તેનો જીવ છેક નાભિમાં છે જરાક ઉગ્ર દવા આપવી પડશે." અને તેઓએ રાણીને એકાંતમાં સ્થાપી દવા કરવા લાગ્યા.

છેવટે કંઈ ઉપાય ન હાથ લાગતાં તેઓ વિદાય થયા રાજાની ધીરજ ખૂટી ગઈ હતી. તેણે કહ્યું. "મંત્રીશ્વરો! હવે મારે બીજો કોઈ ઉપાય કરવો નથી. મારી ચિતા બહાર શ્મશાનભૂમિમાં તૈયાર કરો. હું અગ્નિને જ શરણ માનીશ."

મંત્રીઓ દિગ્મૂઢ બની ગયા. મહાન મોહની લીલા આગળ માનવ માત્ર દિગ્મૂઢજ બની જાય છે. રાજાને ઘણું સમજાવ્યા પણ રાજા કહે છે "મહાપુરૂષો એકજવાર બોલે છે. મારે મારૂં વચન પાળવું જોઈએ. મેં રાણીને વચન આપ્યું છે." જ્યારે રાજા કોઈ ઉપાયે ન માન્યો, મંત્રીઓ પણ ચિતા રચવા તૈયાર ન થયા ત્યારે રાજાએ પોતાના બીજા સેવકોને ચિતા રચવા માટે આજ્ઞા કરી. અને પોતે સ્નાન વિગેરે કરી રાણીના શબને પણ સ્નાન વિગેરે કરાવી, ચંદનથી વિલેપન કરાવી, તથા પુષ્પ ઉપર બીછાવી, પાલખીમાં મુકાવી, તેની સાથે બળી મરવા ચાલ્યો. આગળ રાજાની અને પાછળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાણીની પાલખી છે. પાછળ ઉદાસીન રડતાં પ્રજાજનોની હારમાળા છે. અને એમ તેઓ ગોળાનદીને કિનારે આવ્યાં.

રાણીની પાલખીને એક બાજુ પર મુકાવી પોતે સ્નાન કરવા માટે રાજા નદીમાં ઉતર્યો. રાજાના ઉષ્ણ અશ્રુ જળથી નદીનું પાણી પણ ગરમ થઈ ગયું. લોકો, અમાત્ય મંડળ વિગેરે રાજાના ગુણોની યાદે ચોધાર રડી રહ્યાં છે. એ સમયે નદીમાં તરતું એક મોટુ કાષ્ટ રાજાની નજરે પડ્યું. રાજાએ તુરતજ ચિતા માટે એ કાષ્ટ સુંદર છે એમ સમજી સૈનિકો પાસે તે બહાર કઢાવ્યું. કાષ્ટ બહાર કીનારાપર જ્યાં મુક્યું અને ઉપર બાંધેલું બંધન દૂર કર્યું ત્યાં તેના બે ભાગ થઈ ગયા. અને કાષ્ટના પોલાણમાં રાણી ચંપકમાલા જોવામાં આવી. ગળામાં સુંદર હાર છે. કસ્તુરી આદિ સુગંધી દ્રવ્યોની સુવાસ આવી રહી છે. કપાળમાં તિલક છે. રાજા અને પ્રજા આશ્ચર્ય પામ્યા.

કારણકે એકજ ક્ષણમાં એ ચંપકમાલાએ પોતાના નેત્રો ઉઘાડ્યા. એકજ સાથે બે ચંપકમાલા કઇ રીતે મનાય?

અને છતાં આ હકીકત હતી. આનું રહસ્ય શું? રાજાએ શિબિકામાં રાણીનું મુડદું હતું તે જોવા સેવકો મોકલ્યા. તેવામાં તે શિબિકામાં રહેલ મૃતક હાથથી હાથ ઘસતું–દાંતથી દાંત પીસતું "હું ઠગાયો છું." એમ બોલતું ભડકો થઇ આકાશમાં ઉડી ગયું. આ બનાવ જોઈ લોકો ભયભીત થઈ ગયા.

રાજાએ કાષ્ટમાં રહેલ ચંપકમાળાને બહાર કઢાવી અને પૂછ્યું. "પ્રિયે સાચી વાત શી છે તે જણાવો?" અને રાજાના નેત્રો તે વાત જાણવા આતુર થયા. રાણી આંખો ચોળતી કહેવા લાગી. "નાથ! પ્રથમ એ જણાવો કે આ ચિતા શા માટે છે? આપે ભીનાં વસ્ત્રો કેમ પહેર્યાં છે. અહિં પેલી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શિબિકા કેમ છે?" રાજાએ કહ્યું એ પછી હું સર્વ જણાવીશ પણ હે પ્રિયે! "તમારો વૃત્તાંત પ્રથમ જણાવો."

"પ્રથમ મને સારી જગ્યાએ બેસાડો પછી બધી વાત કરું." રાણીએ કહ્યું. તુરત એક આસોપાલવના વૃક્ષ નીચે સુંદર આસન પર રાણીને બેસાડયા. લોકો પણ એમનું વૃત્તાંત જાણવા અધીર ઉત્સુક અને એકાગ્ર બન્યા. અને રાણીએ શરૂ કર્યું.

"નાથ! પ્રભાતે મારી જમણી આંખ ફરકતી હતી. મને ચેન પડતું ન હતું. વેગવતી સાથે મેં થોડીવાર વનવાટિકામાં પરિભ્રમણ કર્યું પણ એથી પણ સુખ ન થયું. એટલે હું પલંગ પર આવીને સૂતી. મને ક્ષણિક નિંદ્રા આવી. ત્યાં કોઈ દુરાત્માએ મને ત્યાંથી ઉપાડી. અને એક પહાડના શિખર પર લાવીને મુકી. મારૂ શરીર ભયથી કંપી રહ્યું હતું. એકાંત નિર્જન પ્રદેશ જોઈને મને ભય લાગ્યો.

મને હરનાર કોણ હશે, આ કયું સ્થાન હશે એમ વિચારતી હતી ત્યાં શિખર પર ઋષભદેવનું ભવ્ય મંદિર જોયું. મારામાં હિંમત આવી. હું ત્યાં મંદિરમાં ગઈ પ્રશમરસનિમગ્ન સૌમ્ય એવી ભગવાન ઋષભદેવની પ્રતિમા નિહાળી અને મારામાં ભાવોલ્લાસ જાગ્યો. મેં એકાગ્ર ચિત્તે પ્રભુની પ્રાર્થના કરી. સુંદર મનથી કરેલી પ્રાર્થના જાણે ફળી હોય તેમ એક તેજસ્વી આભામંડળને પ્રસારતી દેવી ચક્રેશ્વરી દૃશ્યમાન થયાં અને મધુર અવાજે કહ્યું "હે બાલા! તારા પર દુઃખનું વાદળ છે છતાં તારી પ્રભુભક્તિ જોઈ હું તારા પર પ્રસન્ન થઈ છું. આ ઋષભદેવ પ્રભુની હું અધિષ્ઠાતા દેવી ચક્રેશ્વરી છું. આ પહાડનું નામ મલયગિરિ છે. તેથી મારૂં બીજું નામ મલયદેવી છે. તું આ મલયગિરી પર આવી છો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લોકોના નેત્રોમાં હર્ષનાં આંસુ આવી રહ્યા હતા. રાજાના આનંદનો તો પાર જ ન હતો કારણ કે રાણીને જીવનદાન અને સંતાનનું વરદાન બન્નેનો લાભ એને મલ્યો હતો.

દરેક માનવીની દશા આશાના હિંડોળે હિંચતી આવી જ હોય છે. ઘડીમાં શોક ઘડીમાં હર્ષ એવી જ આ સંસારની ઘટના છે, માયા છે. બન્નેમાંથી એક પણ શાશ્વત ટકતું નથી. સુખ અને દુઃખનાં ચક્ર વારાફરતી ચાલ્યા જ કરે છે.

હર્ષના હિંડોળે હિંચતા રાજાના કાને રાણીનું વૃત્તાંત આગળ શ્રવણ થયું. "પછી સ્વામીનાથ! એ દેવીએ મને કહ્યું. "દિકરી! તું ધૈર્ય રાખ–ભય મૂકી દે. હું તારૂં રક્ષણ કરવા જ આવી છું."

આ સાંભળી મારામાં ધીરજ આવી મેં દેવીને પૂછ્યું "હે દેવી! મારૂં કોણે અને શા માટે હરણ કર્યું છે? મારા સ્વામીનો મેળાપ ક્યારે થશે?" દેવી મધુર વાણીથી બોલ્યા "વત્સ! જો સાંભળ....તારા સ્વામી વીરધવલને વીરપાળ નામે એક નાનો ભાઈ હતો, રાજ્યની ઇચ્છાથી રાજાને મારવા તેણે વિવિધ ઉપાયો કર્યા. પણ તે સફલ ન થયો. એકદા જીવ પર આવી તે રાજાને મારવા મહેલમાં ચઢયો. અને એકાએક રાજા પર ઘા કર્યો પણ રાજાનું જીવિત લાંબુ એટલે તે સવેળા ચેતી ગયા–ઘા ચૂકાવ્યો અને રાજાએ વળતો ઘા કરી તેને નીચે પાડયો. એક જ ઘાથી તે મરણતોલ થઇ ગયો. મરતી વખતે તેને થોડો પશ્ચાતાપ થયો. અને એ શુભ ભાવે તે આ જ પર્વત પર મારા પરિવારમાં પ્રચંડ શક્તિવાળો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભૂતજાતિમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. તેણે જ્ઞાનથી પોતાને પાછલો ભવ જોયો–વેર યાદ આવ્યું. અને રાજાને મારવા છિદ્ર જોતો તેની પાછળ ફરવા લાગ્યો. પણ જેનું પુણ્ય પ્રબળ છે તેનો વાંળ પણ વાંકો થઈ શકતો નથી. આખરે તેને વિચાર કર્યો. રાજાને ચંપકમાળા પર અતિપ્રેમ છે માટે એનું જ હરણ કરૂં જેથી રાજા સ્વયં મૃત્યુ પામશે. આજે તને એકાકી નિંદ્રામાં પડેલી જોઇ તે તને હરીને અહીં લાવ્યો. તારી આયુષ્યકર્મની સ્થિતિ પણ પ્રબળ હોવાથી તને મારી શકયો નહિ પણ તારા જેવું રૂપ બનાવી તે રાજમહેલમાં નિશ્ચેતન થઇ રાજાને ભ્રમ ઉત્પન્ન કર્યો. તારા શુભકર્મને પ્રભાવે તને ઋષભદેવ પ્રભુની ભકિત મનમાં વસી અને તે ભકિતના પ્રભાવે મારે હાજર થવું પડ્યું–બોલ હવે સાધર્મિક ! તારૂં હું શું શુભ કરૂં–દેવદર્શન કદિ નિષ્ફલ જતું નથી" મેં પણ દેવીના અમૃત તુલ્ય વચન શ્રવણ કરી તુરત માંગ્યું "દેવી ! મને પુત્ર નથી. ગૃહસ્થાશ્રમમાં સંતાન વિના શ્રેય નથી–માટે સંતાન આપો."

રાજાએ વચમાં જ કહ્યું "સરસ ! દેવી તમે શુભજ માંગ્યુ. હાં પછી દેવીએ શું કહ્યું ?"

દેવીએ મને વરદાન આપ્યું "વત્સ ! જા તને એક પુત્ર અને એક પુત્રી એમ યુગલને તું પામીશ. આટલા દિવસ આ ભૂતેજ તારી સંતતિનો નિરોધ કર્યો છે. એ વિઘ્ન કરનાર મારા અનુચરનું હું નિવારણ કરીશ."

અને આમ કહી મારા ગળામાં આ લક્ષ્મીપુંજ હારને પહેરાવી તે દેવી પ્રસન્ન મુદ્રાએ મને જોઇ રહ્યા. મેં પણ હર્ષ પામી દેવીને વળી પ્રશ્ન કર્યો "હે મહાદેવી! મારા સ્વામિ મને ક્યારે મળશે ?" તેમણે કહ્યું "સાત દિવસમાં તને મળશે"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"કયે સ્થળે" એમ જ્યાં પૂછવા જતી હતી ત્યાં કોઈ મંદિરમાં દર્શન કરવા આવ્યું અને ચક્રેશ્વરી દેવી અદશ્ય થઈ ગયાં.

એ દર્શન કરવા આવનાર કોઈ વિદ્યાધરી હતી. હું જેવી પ્રભુના દર્શન કરી બહાર નીકળી દેવીના ભવ્ય મુખકમલની સ્મૃતિમાં ખોવાઈ ગઈ હતી ત્યાં તે મને પૂછવા લાગી "તમે કોણ છો કેમ અહીં આવ્યા છો વિગેરે" મેં પણ મારો વૃત્તાંત તેને જણાવ્યો. અને કહ્યું "હે વિદ્યાધરી! મને ચંદ્રાવતી તું પહોંચાડ તારો ઉપકાર જીવનભર યાદ કરીશ."

તે વિદ્યાધરી કહે–"હે સાધર્મિક બેન! તને જરૂર હું ચંદ્રાવતી પહોંચાડું પણ મારે એક વિદ્યા સાધવાની છે. અને મારા સ્વામિ વિદ્યાધર હમણાં જ અહીં આવશે તો તારૂં શીલ સંકટમાં પડશે માટે તું મારી સાથે ચાલ. તને હું ચંદ્રાવતી પહોંચે તેમ કરી આપું."

હું તેની સાથે ચાલી. એક નદીનાં કિનારે અમે બન્ને આવ્યાં વિદ્યાધરી એક જાડું કાષ્ટ લઈ આવી. તેમાં વિદ્યાથી વચમાં મારા દેહ પ્રમાણ પોલાણ કર્યું અને એમાં મને સૂઈ જવા કહ્યું." હું પ્રથમ ભય પામી, આ વિદ્યાધરી મને આ રીતે મારી તો નહિ નાખે છતાં નવકારનું સ્મરણ કરતી હું એમાં સૂઈ ગઈ. પછી તેણે મને ગોશીર્ષ ચંદનનો મારા દેહે લેપ કર્યો. અને મારા પર લાકડાની બીજી ફાડ ઢાંકી ઉપર બંધન બાંધી તે કાષ્ટ નદીમાં પધરાવ્યું. તે બાદ શું બન્યું તે તમે જાણો છો. હવે તમારૂં વૃત્તાંત કહો."

રાજાએ તેના વિયોગે ચિતા રચી વિગેરે સર્વ વૃત્તાંત જણાવ્યું. અને લોકો એટલા માટે અહિં ભેગા થઈ ગયા છે તે સર્વ વિગત કહી. પોતાના પરનો રાજાનો અપ્રતિમ પ્રેમ જોઈ ચંપકમાલાને હર્ષના આંસુ આવ્યા. રાજા અને રાણી

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરસ્પર સ્નેહ દૃષ્ટિથી જોઈ રહ્યાં. કારણકે ઘણા સમયે પરસ્પરનું મિલન થયું હતું અને વિશેષમાં મલયદેવીનું સંતાન પ્રસિનું ભવ્ય વરદાન પણ પ્રાપ્ત થયું હતું.

બન્નેને હર્ષાન્વિત નિહાળી લોકોએ રાજારાણીનો જયકાર ગજાવ્યો. એવામાં બંદીજનોએ ખુશાલીના પોકાર કર્યા. સુબુદ્ધિ મંત્રીએ કહ્યું. "રાજન્! હવે મહેલે પધારો. બન્ને ઘણા શ્રમિત થયા છો." રાજાએ પણ મહેલે જવા તૈયારી કરી. તે યાદગાર કાષ્ટની બે ફાડ ભટ્ટારિકા મંદિરમાં રાજાએ મુકાવી. એ સમયે સેવકોએ ખુશાલીના વાદ્ય વગાડી, બિરુદાવલી ગાઈ. "હે રાજન્! તમે વિપત્તિનો સાગર તરી ચૂકયા છો." વિકસ્વર પદ્મ લોચનવાળી પ્રિયાને પામ્યા છો. હવે જેમ સૂર્યદેવ વિશ્રાંતિને અવધારે તેમ આ રાજમાર્ગના પંથને તમે પ્રકાશિત કરી રાજમહેલમાં વિશ્રાંતિ લો.

આ રીતની બિરુદાવલી શ્રવણ કરી રાજા રાણી ભવ્ય દબદબાપૂર્વક દાન દેતાં દેતાં, પુષ્પ ઉછાળતાં પોતાના મહેલે આવ્યાં. અને ભગવાન ઋષભદેવની ભાવથી પૂજા કરી ભોજન કર્યું. અને ઘણા સમયની વિયોગની રાત્રીઓ દૂર કરી. એ રાત્રી ચિર મિલન રાત્રી રૂપે વિતાવી. અને એજ રાત્રીએ રાણીને ગર્ભ રહ્યો. દેવી મલયદેવીનું વરદાન તત્કાળ સફલ બન્યું. રાજાના હર્ષની માફક ચંપકમાલાનો ગર્ભ વૃદ્ધિ પામ્યો અને એને સુંદર દોહદ થવા લાગ્યા એ સર્વ દોહદ રાજાએ પૂર્ણ કર્યા. અને એક મંગલ રાત્રીએ ચંપકમાલાએ પુત્ર પુત્રી યુગલને જન્મ આપ્યો. વધાઈ લાવનાર વેગવતીને રાજાએ મુગુટ સિવાય શરીરના બધા અલંકાર ભેટ આપ્યાં. અને સમગ્ર રાજ્યમાં દશ દિવસનો મહોત્સવ રચવાની આજ્ઞા કરી. રાજ્યમાં દરેકના મનમાં પણ હર્ષનો સાગર લહેરાતો થયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

સુખના દિવસ ભલે ટુંકા હોય છતાં નિમેષ માત્રમાં વહી જાય છે, દુઃખની એક કાળરાત્રી પણ જતાં વર્ષ જેવો ભાર લાગે છે. રાજાએ પુત્ર જન્મના કારણે મંદિરમાં અઠ્ઠાઈ મહોત્સવ રચાવ્યો. બંદિજનોને મુક્ત કર્યા. નગરમાં અમારી પડહ વગડાવ્યો. લોકો પણ રાજાની આગળ અવનવા ભેટણાં મુકી હર્ષ વ્યક્ત કરવા લાગ્યા.

રાજાએ સમગ્ર નગરજનોને ભોજન વિગેરેથી સંતુષ્ટ કરી દશમા દિવસે પુત્ર–પુત્રીનો નામકરણ વિધિ કર્યો. રાજાએ કહ્યું. "હે નગરજનો! આ સંતાન અમને **મલયદેવી**ના પરમ ઉપકારથી પ્રાપ્ત થયાં છે તેથી તેના નામની ભવ્ય સ્મૃતિ રહે તેથી પુત્રનું નામ **મલયકેતુ** અને પુત્રીનું નામ **મલય સુંદરી** રાખીએ છીએ."

પ્રજાજનોએ જયકાર ગજાવી એ નામને અક્ષતથી વધાવ્યું. સૌનું યથા યોગ્ય બહુમાન કરી રાજાએ રાજદરબાર વિસર્જન કર્યો. નગરજનો પણ રાજાના સૌભાગ્યની પ્રશંસા કરતા વિખરાયા, બન્ને સંતાન ધાવમાતાથી પાલન કરાતા બીજના ચંદ્રની જેમ વૃદ્ધિ પામવા લાગ્યા અને માતાના હર્ષને વૃદ્ધિ કરવા લાગ્યા.

આમ સુખના પાંચ વર્ષ જોત જોતામાં વહી ગયા. બન્ને સંતાન પાંચ વર્ષના થયા ત્યારે ઉત્તમ ઉપાધ્યાય પાસે બન્નેને અભ્યાસ કરવા મૂકયા. રાજકુમાર પણ જોતજાતામાં ૭૨ કલામાં પારંગત થયો. રાજકુમારી પણ ૬૪ કલામાં વિચક્ષણ બની.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને ટુંક સમયમાં જે અવસ્થાનું દરેકને આકર્ષણ છે તે યૌવન અવસ્થાને બન્નેએ પ્રાપ્ત કરી.

યુવાનીમાં દરેકને રૂપ-જોમ અને સ્વપ્નાં મલી જ જાય છે. મલયકેતુનું રૂપ કામદેવ સમાન ખીલી ઉઠયું. કોઈ વાર તે અશ્વક્રીડા અને કુંજર ક્રીડા તો કોઈવાર ખડગ વિદ્યા વિગેરેથી બીજા કુમારો સાથે તે ક્રીડા કરતો અને તે નિહાળી માતા પિતાના મન પ્રમોદથી પ્રફુલ્લિત થતા. મલયસુંદરી પણ યૌવન વયને પામી અને તેના રૂપમાં વસંતે વૃદ્ધિ કરી. તેના અંગ પ્રત્યંગ કોમલ અને સ્નિગ્ધ બન્યા. તેના પર લાવણ્યનાં તેજ પથરાયાં. તેના નેત્ર હરિણીના નેત્રની સ્પર્ધા કરવા લાગ્યા. તેના સ્તનયુગલ ઉત્તમ ઉમનુષ્યના મનોરથની જેમ હૃદયમાં સમાતા ન હતા. સન્મિત્રની મિત્રતાની જેમ તેનો વેણી દંડ લંબાયેલો હતો. તેના અધર પરવાળાના રંગની લાલાશને હરાવતા હતા. તેનો કટિ ભાગ ઘણોજ લઘુ હતો. દરેક અવયવ સપ્રમાણ સુડોળ અને મોહક હતાં, છતાં તેનામાં જે અસાધારણ ધાર્મિક ગુણ હતા તે સમસ્ત નારી જગતના આદર્શરૂપ હતા. અને તેજ વિશેષ મોહક હતા. તેનામાં શીલવ્રતની દઢતા-સ્વભાવની નિર્મલતા-સહજ નમ્રતા-બુદ્ધિની તેજસ્વીતા અને સહનશીલતા હતી અને આ સર્વ ગુણોથી તે માતા પિતા અને સમસ્ત પ્રજાજનને અત્યંત પ્રિયંકર બની હતી પ્રિયદર્શિની બની હતી.

આ બાજુ જેમ ચંદ્રાવતીની નામના હતી તેમ ભારતમાં બીજું એક નગર જેનું નામ પૃથ્વીસ્થાનપુર હતું તે શોભામાં રમણિય અને સમૃદ્ધિમાં અજોડ નગર તરીકે વિખ્યાત હતું. આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શહેર પણ ગોળા નદિના તીરે જ વસેલું હતું. નગરના કિનારે ધનંજય યક્ષનું મંદિર હતું. તે નગરમાં સુરપાલ નામે પરાક્રમી રાજા રાજ્ય કરતો હતો, વીરધવલ અને સુરપાળ બન્ને પરસ્પર મિત્રો હતા. અને સારા પ્રસંગે પ્રેમભાવ દર્શાવવા પરસ્પર ભેટણાં મોકલી મૈત્રીને દૃઢ કરતા હતા. સુરપાલને સાત્વિક અને પરાક્રમી એક યુવાન પુત્ર હતો તેનું નામ મહાબલકુમાર હતું. એનામાં નામ એવા જ અનુપમ ગુણ હતા. એકદા રાજા સુરપાલના મંત્રીઓ ઉત્તમ ભેટણું લઈ ને ચંદ્રાવતી જતા હતા ત્યારે મહાબલકુમાર પણ માતપિતાની આજ્ઞા લઈ ગુપ્તવેશે ચંદ્રાવતી નગર જોવા તેમની સાથે ગયો.

મંત્રીઓ અનુક્રમે ચંદ્રાવતી આવ્યા અને રાજા વીરધવલ આગળ ઉત્તમ ભેટણાં મુકી સુરપાલ રાજાના સમાચાર જણાવ્યા. રાજાએ પણ તે ભેટ સ્વીકારી, પ્રધાનોને ઉત્તમ આસન પર બેસાડી બહુમાન આપી રાજા સુરપાલના ખબર અંતર પૂછ્યા.

મંત્રીઓ બોલ્યા, "રાજન્! ધર્મના પસાયથી અને આપની મીઠી નજરથી અમારે ત્યાં આનંદ મંગળ વર્તે છે. આપની પણ ક્ષેમકુશળતા રાજાએ પૂછી છે."

વીરધવલે પણ પોતાની ક્ષેમકુશળતાના સમાચાર આપ્યા. એવામાં એની દૃષ્ટિ મંત્રીઓની બાજુમાં બેઠેલા મહાબલકુમાર પર પડી. તેજસ્વી મુદ્રા સૌમ્યમૂર્તિ અને ભવ્ય વ્યક્તિત્વ નિહાળી રાજાએ મંત્રીઓને પૂછ્યું. "આ ભાગ્યવાન કોણ છે?" એક મંત્રીએ તુરત વચમાં જ જવાબ આપ્યો. "આ મારો નાનો ભાઈ છે. દેશાટન માટે સાથે આવ્યો છે." મંત્રીએ મહાબલનો પ્રવાસ ગુપ્ત રાખવાના ઈરાદાથી આવો જવાબ આપ્યો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજાના મનમાં આકર્ષણ વૃદ્ધિ પામ્યું હતું પણ સમય થઈ જવાથી મંત્રીઓને યોગ્ય ઉતારે વિસર્જન કર્યા. મંત્રીઓ એક સુંદર મહેલમાં ઉતારો પામી ત્યાં આવશ્યક વિધિ કરી રહ્યા હતા ત્યારે મહાબલકુમાર શીઘ્ર સ્નાનવિધિ વગેરે પતાવી ચંદ્રાવતીની શોભા નિહાળવા રાજમાર્ગ પર નીકળ્યો.

ચંદ્રાવતીની અનુપમ શોભા નિહાળી રાજી થયેલો મહાબલકુમાર પાછા વળતાં પોતાના ઉતારાની બાજુમાં એક ભવ્ય રાજમહેલના ઝરૂખા પાસે ઉભો રહ્યો કારણ કે ત્યાં બેઠેલી એક રાજકુમારી પર તેની દૃષ્ટિ પડી અને તે સ્થિર થઈ ગયો. તેનું અનુપમ રૂપ લાવણ્ય નિહાળી વિચારવા લાગ્યો કે શું આ કોઈ નાગકન્યા છે કે દેવલોકની અપ્સરા છે? વળી તેની દૃષ્ટિ પણ તેને જ સ્નિગ્ધતાથી નિહાળી રહી હતી. ક્ષણવારમાં પરસ્પર તારા મૈત્રક રચાઈ ગયું અને જાણે યુગોનો પરિચય હોય તેમ પરસ્પર એક બીજાના રૂપનું પાન કરી રહ્યાં. મલયસુંદરી વિચારતી હતી કે આ યુવાન પુરૂષ કોણ હશે? રૂપ પણ સાક્ષાત્ કામદેવ જેવું છે. એના હાથ પગ અશોક વૃક્ષના પલ્લવ જેવા છે. સારીય કાયા સુકુમાળ અને લાવણ્ય સભર છે હાથીની સૂંઢ જેવી મનોહર જંઘા શોભે છે. વિશાલ વક્ષસ્થળ છે. તેજસ્વી મુખાકૃતિ છે. સરળ નાસિકા છે. પરવાળા જેવા રકત અધર છે. શ્યામ કેશવાળી છે. સ્નિગ્ધ નેત્રો છે. સર્વાંગ સુંદર આ રાજકુમારને અનિમેષ નયને તે નિહાળી રહી. વિચારવા લાગી. આ કુમારને જોઈ મારૂં મન કેમ આટલું વિહ્વળ બને છે. એ કોનો પુત્ર હશે. પૂર્વ જન્મનો જાણે મારો ભર્તાર ન હોય? આમ વિચારતાં તેણે પોતાની જિજ્ઞાસા સંતોષવા એક ભોજપત્ર પર બે શ્લોક લખી નીચે કુમારની ઉપર નાખ્યો. રાજકુમારે તે ભોજપત્ર ઉપાડી લીધું અને વાંચવા લાગ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"कोऽसि त्वं, किं नाम क्व वास्तव्योऽसि सुंदरः ! ।
कथय स्वयका जह्रे मनो मे क्षिपता दृशं ॥ १
अहं तु वीरधवलभूपते स्तनया कनी ।
त्वदेकहृदया वर्ते नाम्ना मलयसुंदरी ॥ २

હે સુંદર યુવાન ! તમે કોણ છો કયા નગરના રહેવાસી છો. મારી સાથે પ્રથમ દૃષ્ટિના મિલનથીજ તમે મારૂં મન હરણ કર્યું છે. હું વીરધવલ રાજાની કન્યા છું. મારૂં નામ મલયસુંદરી છે."

કુમાર વિચારવા લાગ્યો. "અહો! આ બે શ્લોકમાં એ ચતુર કન્યાએ પોતાનો સર્વ વૃત્તાંત જણાવ્યો. હું શું જવાબ આપું ? મારૂં પણ મન એના વશમાં પડી ગયું છે."

આમ જયાં એ વિચારે છે અને જવાબની તૈયારી કરે છે ત્યાં પોતાના મંત્રી મંડળમાંથી એક મંત્રી ત્યાં આવ્યો અને બોલ્યો "કુમાર સાહેબ! ચાલો આપણા ઉતારે, આજેજ ચંદ્રાવતીથી પ્રયાણ કરવાનું છે," ન છૂટકે કુમાર તેની પાછળ ઘસડાયો પણ તેણે વારંવાર ઝરુખા સામું દૃષ્ટિ ફેરવી રાજકુમારીને જોઈ લીધી. આખરે તે પોતાના આવાસે આવ્યો. મંત્રીઓ ડેરા તંબૂ ઉઠાવવાની તૈયારીમાં પડયા. રાજકુમારને તો એક જ વિચાર આવતો હતો. અહો! એ ચતુર નારીએ પોતાનું દિલ પ્રથમ નજરે જ મને આપી દીધું પણ હું એનો જવાબ પણ ન આપી શકયો.

અને મલયસુંદરીના શ્લોકનો જવાબ આપવાની અને ફરી એક વાર એને પેટ ભરીને નિહાળવાની જિજ્ઞાસા બળવાન બનતી ચાલી. રાત્રી પડી ગઈ હતી. મંત્રીશ્વરો અને સેવકો પ્રયાણની તૈયારીમાં પડયા હતા તે સમયે સાહસ કરી રાજકુમાર ફરીવાર એ જ ઝરૂખા નીચે આવ્યો જ્યાં એનું પ્રથમ મિલન થયું હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યુવાની ખરેખર દીવાની છે, એમાં સાહસ તો એની પ્રિય સંગિની છે. હજી રાજકુમારે કોઈના દિલમાં ડેરાતંબૂ નાંખ્યા નથી ત્યાં મંત્રીઓ ડેરાતંબૂ ઉઠાવવાની તૈયારી કરતા હતા. પણ કુમાર સાહસિક હતો. બધાની નજર ચુકાવી તે રાજકુમારીના મહેલના ઝરૂખા પાસે આવી ઉપર ચડવાનો માર્ગ શોધવા લાગ્યો. તેના સદ્‌ભાગ્યે એક બારી ખૂલ્લી જોઈ. અંધકાર પણ એને મદદ કરતો હતો. અને ધીરે ધીરે કીલ્લાના સહારે તે પ્રથમ માળપર આવી પહોંચ્યો. અને ખૂલ્લી બારીમાં પ્રવેશ કરી ખંડમાં ધીરેથી કુદકો માર્યો અને તે આગળ વધ્યો.

અવાજ થવાથી રાણી કનકવતી જાગી ગઈ—આ ખંડ રાણી કનકવતીનો હતો. આ અવસરે યોગાનુયોગ કોઈ દાસ પણ હાજર ન હતાં. મહાબલકુમારની દિવ્યકાંતિ અને મુખ પર રમતી નિર્ભયતા નિહાળી તે વિચારવા લાગી. જરૂર આ કોઈ વિદ્યાધર કે દેવપુરુષ લાગે છે. તુરત તે બોલી "હે નરોત્તમ! અહીં આવ—આ આસન પર બિરાજીત થા અને મારા આ યૌવનને સફળ કર-આવ! આપણે ભાગ્ય યોગે જ મળ્યા છીએ."

અજાણ્યું સ્થળ અજાણી સ્ત્રી અને અજાણી માંગણી! એકાંત છતાં રાજકુમારનું મન દૃઢ હતું. તેણે વિચાર્યું—હું મલયસુંદરીના પ્રશ્નોના જવાબ આપવા આવ્યો છું. અનાચાર સેવવા માટે નહિ. અને આ કોણ લાગે છે? રાજાની બેન કે રાણી છે? અને અચાનક આવી અનુચિત માંગણી કરનાર નારી પ્રતિ તેને ભારે અણગમો થયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજકુમારને વિચારમાં પડેલો જોઇ કનકવતીએ ફરી પોતાની માંગણી આગળ કરી. રાજકુમારે સમયાનુસાર જવાબ આપ્યો.

"હે નારી! હું મલયસુંદરીની એક ચીજ લઈને આપવા આવ્યો છું. પ્રથમ એનો ખંડ બતાવો પછી તમે કહેશો તેમ કરીશ.

કનકવતીએ ઉપર જવાનો દાદર બતાવ્યો. કુમાર ત્રીજા માળે રાજ કન્યાના ખંડમાં આવ્યો. કનકવતી પણ હળવે પગલે ગુપ્તપણે પાછળ આવી બારીમાંથી જોવા લાગી શું બને છે.

કુમારે મલયસુંદરીને પૂર્વે જોયેલ તેજ સ્થળે કંઈક વિષાદમાં કંઈક વિચારમાં મસ્તક પર હાથ ટેકવી બેઠલી નિહાળી.

તે રાજકુમારના વિચારમાં જ લીન હતી તેથી તે તેના આગમનને જાણી ન શકી. કુમારે ધીરેથી છતાં સ્પષ્ટ મધુર અવાજે કહ્યું "મૃગાક્ષી! આ તરફ જરા જો તારા હૃદયમાં જેનું તું ચિંતન કરે છે તે હું તારી સન્મુખ પ્રત્યક્ષ થયો છું."

આવાં અમૃત વચન શ્રવણ થતાં સહસા કુમારીએ ડોક પાછી વાળી. કુમારને પ્રત્યક્ષ જોતાં તે આશ્ચર્ય મુગ્ધ બની ગઇ. અને લજ્જાથી નમ્ર મુખ કરી સન્મુખ આવીને ઉભી.

મહાબલે કહ્યું, "સુલોચને! તારા પ્રશ્નનો જવાબ આપવાજ મેં આટલું સાહસ કર્યું છે. હું પૃથ્વીસ્થાન પુરના રાજા સુરપાલનો પુત્ર મહાબલકુમાર છું. મારી માતાનું નામ પદ્માવતી દેવી છે–હું ચંદ્રાવતી જોવા મંત્રીઓ સાથે આવેલ ત્યાં તારૂં પ્રથમ મિલન થયું અને આજે જ વળી અમારે

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાછું જવાનું છે, મારા માણસો તૈયારી જ કરતા હશે. માટે ક્ષણવાર સમય છે. તમારે વળી કંઇ પૂછવું હોય તો પૂછી લો. બાકી તમારા નેત્રે જે જવાબ આપ્યો છે તે સાચો છે. કોઈ ભવાંતરનો એવો દૃઢ રાગ પરસ્પર મને પણ લાગે છે. જેથી મારાથી આવું સાહસ થયું છે. હવે મને રજા આપો." રાજકુમારને જવાની તૈયારી કરતો જાણી મલયસુંદરી લજ્જા દૂર કરી બોલી ઉઠી. "હે પ્રિયકુમાર! હું તમને હાથમાં આવેલા હવે નહિ જવા દઉં. તમે હવે અહિંજ રહો. અને ગાંધર્વ વિવાહથી લગ્ન કરી મને સાથે લઈ જાવ-હવે ક્ષણવાર પણ તમારો વિયોગ સહન કરવા તૈયાર નથી. અને નિષ્ઠુર થઇને તમે ચાલ્યા જશો તો આ પ્રાણ પણ ચાલ્યા જશે. માટે મારા મનોરથ પૂર્ણ કરો." આમ કહી મલયસુંદરીએ (માતાએ આપેલ) લક્ષ્મી પૂંજ હાર-જે પોતાના ગળામાં હતો તે કાઢીને પહેરાવ્યો અને કુમાર પણ મીઠું સ્મિત કરતો તે હાર પહેરી વધુ મનોહર રૂપવાન બન્યો. "પ્રિયકુમાર! આ સામાન્ય માળા નથી આને વરમાળાજ માનજો." આમ કહી મલયસુંદરી કુમારના ભવ્ય વદનને નિહાળવા લાગી. મહાબલે કહ્યું "હે પ્રિયકુમારી! તમારૂં કહેવું સત્ય છે, હું પણ ક્ષણવાર તારો વિયોગ સહી શકું તેમ નથી. પણ જ્યાં સુધી માતાપિતાની સાક્ષીએ તારી સાથે લગ્ન ન થાય ત્યાં સુધી કુલીન મનુષ્યોએ આ રીત અંગીકાર કરવી ઉચિત નથી. માટે જરૂર હું એકવાર તમારી સાથે વિધિપૂર્વક લગ્ન કરીશ અને તમારા મનોરથ સફલ કરીશ." હવે મને રજા આપો.

આમ બન્ને પરસ્પર સ્નેહદાનના કોલ આપી છૂટા પડવાની તૈયારી કરે છે તે સમયે કનકવતીએ બહારના મુખ્ય દ્વાર બંધ કરી તાળું મારી દીધું. અને મોટેથી બોલવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાગી લુચ્ચા મહાબળ! તેં મને ઠગીને રાજકુમારીને મળ્યો તેનું ફળ તને હમણાં જ બતાવું છું"

આમ બોલી તે રાજા પાસે દોડી અને બધો વૃતાંત કહ્યો. અને મલયાનું સ્વચ્છંદી વર્તન મીઠું મરચું નાખી વિસ્તારથી કહ્યું જે સાંભળી રાજા પોતે ક્રોધથી લાલ નેત્રો કરતો સુભટોને લઈ ત્યાં આવવા નિકળ્યો. આ બાજુ મલયસુંદરીએ કહ્યું. "કુમાર! આ મારી ઓરમાન માતા કનકવતી છે. જે હવે જરૂર મારા પિતાજી પાસે જઇ ઉત્પાત મચાવશે." કુમારે કહ્યું "હે પ્રિયે! એ તારી માતા જ પ્રથમ મને મલી હતી. અને મારી પાસે કામાતુર થઈ વિષય યાચના કરતી હતી." પશ્ચાતાપ કરતી એવી મલયસુંદરી વિચારવા લાગી. અરે! આ મારી કેવી ગફલત! આ મારા પ્રિયતમ સાથે હજુ પ્રથમ દૃષ્ટિ મેળાપ જ થયો છે ત્યાં આવો અનર્થ સર્જાયો. ખરેખર એ ઓરમાન માતા શું નહિ કહે તે વિચારે તેને ભય લાગ્યો અને આ મારા યુવાન કુમારને રાજા મારી નાંખશે તો શું થશે? આમ વિચારે તે ઉદાસ બની ગઇ. ઉદાસ એવી તે કન્યાને મહાબલે સ્વસ્થ મધુર અવાજે કહ્યું. "હે મૃગલોચના! તું ચિંતા ન કર. જે પુરૂષ આવું સાહસ કરવા ઉદ્યમી હશે તેની પાસે તેના રક્ષણનો પણ ઉપાય હશે." આમ કહી તેણે પોતાના કેશમાં રાખેલ એક ગુટીકા બહાર કાઢી અને રાજ-કન્યાના દેખતાં જ મુખમાં મુકી અને રાણી ચંપકમાલાનું રૂપ પોતે વિચાર્યું. ક્ષણવારમાં તે રાણી ચંપકમાલાના રૂપે તેની પાસે બેઠો આ જોઈ રાજકન્યા નિર્ભય બની ગઈ.

એજ સમયે તાળું ઉઘાડી આગળ રાજા પાછળ કનકવતી અને સુભટો બૂમાબૂમ કરતા ખંડમાં ધસી આવ્યા.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મલયસુંદરીને પોતાની માતા પાસે બેઠેલ જોઈ રાજાએ કનકવતીને પૂછ્યું "હે જુઠ્ઠાબોલી! લુચ્ચી રાણી! ક્યાં છે મહાબલ અને આમ કેમ ખોટું બોલી. મારી નિર્દોષ કન્યા પર આક્રોશ કરે છે?"

આવું કલ્પનાતીત બનેલ નિહાળી તે દિગ્મૂઢ બની ગઈ–રાણી કનકવતી તો વિષાદ પામી વિચારમાં જ પડી ગઈ આ શું? ચોર કોટવાલને દંડે એવો ઘાટ થયો!

આ સમયે ચંપકમાલા (મહાબલ) એ નિર્દોષ મુખ કરી રાણી કનકવતીને અને રાજાને આવકાર આપ્યો. અને પૂછ્યું "હે રાજા! આજ કેમ મારા પર કોપાયમાન થયા છો? શું વાત છે?" રાજાએ કનકવતીના સામું જોયું. કનકવતી બોલી, "રાજા નક્કી અહીં કોઈ પુરુષ હતો જ. આ કન્યાએ તેને લક્ષ્મીપૂંજ હાર આપ્યો છે" તુરત (બનાવટી) ચંપકમાલાએ પોતાના ગળામાં રહેલ હાર રાજાને બતાવ્યો. રાજા કનકવતીને ઠપકો આપી તિરસ્કાર કરી પોતાના મહેલે ગયો. સુભટો પણ કનકવતી પર આક્રોશ કરી શોકય પર "ઈર્ષ્યા કરનારી" "જુઠ્ઠી રાણી" વિગેરે બોલતા સ્વસ્થાને ગયા.

કનકવતી પણ સંક્ષોભ પામી પોતાના ખંડમાં આવી વિચારવા લાગી. આ શું ભ્રમ જાળ! પેલો કુમાર ક્યાં ગયો? આ લુચ્ચી મલયસુંદરીએ જ મારી લઘુતા કરાવી માટે એનું વેર ન વાળું તો મારૂં નામ કનકવતી નહિ. આમ તે રાજ્યકન્યાને ગાળો દેતી પથારીમાં પડી. આજે આ ઓરમાન માતાની ઉંઘ હરામ થઈ ગઈ.

ઓરમાન માતા માનહીન બની પથારીમાં પડખા ઘસવા લાગી અને મલયસુંદરીને મનોમન ગાળો દેવા લાગી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ભવ્ય શ્લોકની પ્રાપ્તિ

૮

માનવી વિચારે છે કંઈ અને ભાગ્ય પરિણામ લાવે છે જુદુ જ. માત્ર કનકવતીને માટે નહિ સમગ્ર સંસારી જીવ માત્રને માટે આ વિધાન છે.

"રે ઉત્સુક મન ઇચ્છિત કાજે
બહુ ઉપાયો ચિંતવે
પણ નવ થાય હૃદય વિચાર્યું
ધાર્યું વિધિનું સંભવે"

બધા વિખરાયા પછી મહાબલે ગુટિકા મુખમાંથી બહાર કાઢી, રાજકન્યા પાસે પોતાનું મૂલ સ્વરૂપ પ્રગટ કર્યું.

રાજકન્યા સંકટ પાર થતાં હર્ષ પામી અને વિશેષ તો એટલા માટે હર્ષ પામી કે પોતાનો ભાવિ સ્વામિ પરનારી સહોદર છે. પરાક્રમી છે અને સંકટ પર વિજય મેળવનાર તેની પાસે વિદ્યાઓ પણ છે. તેણે કુમારને પૂછયું "પ્રિય! જેના પ્રભાવથી તમો સંકટનો પાર પામ્યા તે ગુટિકા તમે કયાંથી મેળવી?"

કુમારે કહ્યું. "અમારા નગરમાં એક સિદ્ધ પુરુષ આવ્યા હતા. તેમની કૃપાથી બે ગુટિકા મને મળી છે. બીજી ગુટિકા એવી છે જે આમ્રરસમાં ઘસીને સ્ત્રીના કપાળમાં તિલક કરવાથી તે પુરુષ રૂપે બની જાય. હવે રાજકન્યા! મને મોડું થાય છે. પણ ચોક્કસ કહું છું કે ભાગ્ય આપણો જરૂર મેળાપ કરાવશે. માટે ચિંતા ન કરીશ. વિપરીત સંયોગોમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ સંકલ્પ વિકલ્પ કરી મનને ચિંતાની જાળમાં ન પડવા દઈશ અને આ શ્લોકને યાદ કરજે" એમ કહી કુમારે તેને એક શ્લોક કહ્યો

"विधत्तो यद्विधिस्तस्या न्नस्याद् हृदयचिंतितं ।
एवमेवोत्सुकं चित्त-मुपायाश्चिंतयेद्बहून् ॥ १

"હે મન! જાત જાતના સંકલ્પો–મનોરથો કરી તું ઘણા ઉપાયો કરશે પણ ભાગ્યમાં જેમ હશે તેમજ બનશે."

હે પ્રિય! દુઃખમાં આ શ્લોકનું તું સ્મરણ કરજે અને હું જરૂર તારા માતા પિતાની સાક્ષીએ તારૂં પાણિગ્રહણ કરીશ અને આપણું ચિર મિલન થશે. હવે મને જવાની રજા આપો."

આમ કહી કુમારે સ્નિગ્ધ દૃષ્ટિએ વિદાયની યાચના કરી રાજકન્યાનો કંઠ પણ રુંધાઈ ગયો. પોતાના પ્રિયતમ હવે ફરી ક્યારે મલશે એ વિચારે નેત્ર ભરાઇ આવ્યાં છતાં તે બોલી "કુમાર! આપે આપેલો કોલ જરૂર પાળજો. આપનો માર્ગ નિર્વિઘ્ન બનો" અને સ્નેહદૃષ્ટિ કરી વિદાય આપી કુમાર પણ જે રસ્તે આવ્યો હતો તે રસ્તે વિદાય થયો. જતા કુમારને તે અનિમેષ નયને બારીમાંથી નિહાળી રહી....દૃષ્ટિ પથમાંથી દૂર થયા બાદ એના હૃદયમાં તે કુમારે આપેલો શ્લોક ટાંકણાની જેમ કોતરાઈ ગયો. એના જીવનની જાણે આ મહામૂલી ભેટ હતી. રાજમહાલયનો સોનાનો પલંગ કે રેશમી શય્યા જે આનંદ તેને આપવા અસમર્થ હતા તે આનંદ આ અનુપમ ભેટ તેને આપતા હતા. એકવાર એ રેશમી શય્યા પર શરીરને લંબાવી તેણે તે શ્લોકનો ઉચ્ચાર કર્યો....જાણે એના પડઘા સમગ્ર રાજમહાલયમાં પડ્યા...."विधत्तो यद्विधिस्तस्या........

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહાબલ કુમાર ખરેખર મનથી મહાબલ હતો.

શીઘ્ર પ્રયાણ કરતા મંત્રી મંડળની સાથે મહાબલ કુમાર ભળી ગયો અને માર્ગમાં પણ રાજકુમારીની પ્રાપ્તિના ઉપાયો વિચારતો તે અવિચ્છિન્ન પ્રયાણે પ્રતિષ્ઠાનપુરમાં આવી પહોંચ્યો. મંત્રીઓ સાથે તે રાજમંદિરમાં આવી માતાપિતાને નમસ્કાર કરી ઉભો રહ્યો. રાજાએ કુમારને આશીર્વાદ આપી ચંદ્રાવતીના સમાચાર પૂછ્યા. કુમારે પણ ત્યાં ઘણો આનંદ આવ્યો વિગેરે વાત કહી. અચાનક રાજાની દૃષ્ટિ કુમારના ગળામાં ચમકતા લક્ષ્મી પૂંજ હાર ઉપર પડી. પૂછ્યું "આ હાર ક્યાંથી મેળવ્યો ?" કુમારે મૂળ વાત છુપાવી કહ્યું "પિતાજી ! ચંદ્રાવતીના રાજપુત્ર મલયકેતુએ મને એ ભેટ આપ્યો છે." અને તે હાર રાજાના હાથમાં મૂક્યો. હારની સુંદર કોતરણી રત્નો વિગેરે નિહાળી રાજાએ કહ્યું, "વાહ ! તેં તો ત્યાંના રાજકુમાર સાથે થોડા સમયમાં સુંદર મિત્રતા પણ બનાવી લીધી." કુમાર મનોમન હસી રહ્યો. એ મિત્રતા મલયકેતુની કે મલય સુંદરીની એ તો એનું મન જ જાણતું હતું. પણ વડીલ આગળ એ વાત કહેવાય તેમ ન હતી. રાજાએ તે હાર કુમારની માતા પદ્માવતીને આપ્યો. માતાએ તે ગળામાં પહેર્યો. કુમારે કહ્યું "માતાજી ! તમને આ હાર સુંદર શોભે છે તમેજ પહેરજો....અહો ! હારમાં રહેલા વિવિધ રંગના રત્નો જાણે દિશાઓને ચમકાવી રહ્યા છે–એની ચમકતી વિવિધરંગી ઝાંય તમારા દેહને તથા કંઠને બહુ સોહામણી બનાવે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને મધુર સ્મિત કરતા મહાબલે આગ્રહ કરી તે દિવ્ય હાર માતાના જ ગળામાં રહેવા દીધો. મહાબલ ભલે યુવાન હતો પણ માતા પિતાનો ભક્ત હતો તેમનો વિનય-મર્યાદા અને મોભો તે બરાબર સાચવતો હતો. જોકે એ હાર એના પ્રિયપાત્રની ભવ્ય સ્મૃતિ હતી. પણ માતા પિતા આગળ એ સ્મૃતિ વધુ શોભતી હતી. જે રાજકુમારીની પ્રાપ્તિના સ્વપ્નમાં એનું મન ખોવાયું હતું અને ઉપાય વિચારતું હતું તે મનનો કોયડો ટુંક સમયમાં જાણે ઉકલી ગયો.

એકદા રાજ્ય દરબારમાં પિતાની સાથે રાજ્યકાર્યમાં મહાબલ લીન હતો ત્યારે ચંદ્રાવતીથી આવેલો દૂત રાજાને નમસ્કાર કરી ઉભો રહ્યો. મિત્ર રાજ્યમાંથી દૂત આવેલો જાણી રાજા સુરપાળે ત્યાંના ક્ષેમવાર્તાના સમાચાર પૂછયા, દૂતે કહ્યું, "રાજન્! અમારા મહારાજાએ પ્રણામપૂર્વક આપની ક્ષેમકુશળતા ઈચ્છી છે. વિશેષ અમારા રાજાને યૌવનવતી મલયસુંદરી નામે રૂપવાન કન્યા છે. તેનો સ્વયંવર મંડપ રચ્યો છે. તે મંડપમાં વંશપરંપરાથી આવેલ વજ્રસાર નામે ધનુષ્ય મુકવામાં આવશે. જે પરાક્રમી કુમાર તે ધનુષ્ય પર પ્રત્યંચા ચડાવશે તેને રાજકુમારી વરમાળા આરોપશે. આ માટે આપના કુમાર મહાબલને આમંત્રણ આપવા મને રાજાએ મોકલ્યો છે. સ્વયંવરનું મુહુર્ત જેઠ વદી ૧૪નું છે માટે હવે આપે કુમારને મોકલવા વિલંબ કરવો ઉચિત નથી."

વિનયપુર્વક આમ કહી દૂત જવાબની રાહ જોતાં ઉભો રહ્યો. રાજાએ મહાબલ પ્રતિ સ્નિગ્ધદ્રષ્ટિ કરતાં કહ્યું. "બેટા મહાબલ! તું આજે જ ચંદ્રાવતી જવા માટે તૈયારી કર. સાથે મોટું સૈન્ય લઈ જજે કારણ કે ચંદ્રાવતીનો નરેશ મારો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મિત્ર છે તેમજ વિશેષ માનનીય છે” મહાબલ કુમારે હાથ જોડી વિનયથી કહ્યું, “જેવી પિતાજીની આજ્ઞા ! આપ કહો તે અવસરે જવા હું તૈયાર જ છું “અને એના મુખ પર હર્ષોલ્લાસ ઉભરાયો. રાજાએ પ્રધાન પ્રતિ દૃષ્ટિ કરતાં કહ્યું. “મંત્રીશ્વર ! ચંદ્રાવતી જવા માટે સૈન્યની આજે તૈયારી કરો” મંત્રીશ્વરે કહ્યું “જેવી આપની આજ્ઞા” અને દૂતને યોગ્ય જવાબ આપી વિદાય કર્યો.

મહાબલ સૈન્યની તૈયારીમાં પડ્યો. હૃદયમાં વિચારવા લાગ્યો. “અહો ! પુણ્યની કેવી પ્રબળતા ! જે ધાર્યું હતું તે તરત બન્યું. ભૂખ લાગી હતી અને પકવાનના થાળ સામે આવીને પડ્યા. જે કામ શક્તિ કે ધનથી થવું મુશ્કેલ હતું તે મુઠીમાં આવી પડ્યું. પિતાની પણ આજ્ઞા મળી ગઈ. હવે માત્ર બીજા રાજકુમારોનું માન મર્દન કરી ધનુષ્ય પર પ્રત્યંચા ચડાવું એટલે મલયસુંદરી મારી જ થશે.”

પ્રિય પાત્રના મિલન કાજેના મનોરથ પૂર્ણ કરવા તે ઉજમાલ થયો અને આમ આશાની લહરે તેના મુખ પર પ્રમોદ અને ઉલ્લાસની સુરખી છવાઈ ગઇ. એ પોતાના ભાવિનાં ભવ્ય સ્વપ્નની પગથાર ચડી રહ્યો હતો. અને ભાવિની રમ્ય કલ્પનાના ઝુલે ઝૂલી રહ્યો હતો ત્યાં ત્યાંથી પસાર થતા પિતાજીનો અવાજ સંભળાયો “અરે બેટા મહાબલ ! ચંદ્રાવતીથી લાવેલ લક્ષ્મીપૂંજ હાર. પણ તું સાથે લઈ જજે એ હારમાં તારો ચહેરો ઘણો શોભે છે.”

મહાબલ એકદમ ચિંતિત થઈ ગયો અને બોલ્યો, “પિતાજી ! એક વાત કહેવાની રહી ગઈ, કાલે હું એ હાર પહેરી પલંગપર સૂતો હતો ત્યારે કોઈ અદૃશ્ય આકાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવેલો. ઘડીમાં મારા વસ્ત્ર શસ્ત્ર કે ઘડીમાં આભૂષણ ખેંચવા લાગ્યો અને હું સજાગ થાઉં એ પૂર્વે ગળામાંથી તે હાર કાઢી અદૃશ્ય થઇ ગયો. મારી માતાને આ વાત જણાવી એ તો અત્યંત વ્યાકુળ બની ગઈ અને તેણે પ્રતિજ્ઞા કરી કે જો પાંચ દિવસમાં એ હાર નહિ મળે તો અગ્નિ પ્રવેશ કરવો. અને જો કે મેં પણ એવી જ પ્રતિજ્ઞા કરી. આવો ઉપદ્રવ કરનાર કોઈ જન્માંતરનો વૈરી દેવ કે ભૂત કે રાક્ષસ હોય એમ લાગે છે. સુરપાલ નરેશ પ્રથમ તો સ્તબ્ધ થઈ ગયા પછી ધીરેથી બોલ્યા હાં....પછી શું વિચાર કર્યો?"

"પિતાજી! મેં વિચાર કર્યો છે કે આજની રાત્રે એ રાક્ષસ કદાચ ફરી આવશે જ, અને એ સમયે તેને પકડીને કે જીતીને તે હાર હું પાછો મેળવીશ અને રાત્રીના ત્રીજા પહોરે સૈન્ય લઈ ચંદ્રાવતી પ્રતિ પ્રયાણ કરીશ." રાજા મહાબલની નિર્ભયતાને મનોમન વંદી રહ્યો. પ્રગટ બોલ્યો "સારું, તું મહાન પિતાનો પુત્ર પણ મહાન થવા જ સર્જાયો છે. જરૂર તારી મનોકામના સિદ્ધ થશે" અને તે પોતાના મહેલે શયનખંડ તરફ વળ્યા. મહાબલ પણ હારની પ્રાપ્તિનો ઉપાય શોધતો પોતાના સુવર્ણ પલંગ પર રેશમી શૈયાને આધિન થયો. રાત્રી વેગે વહી રહી હતી.

આકાશમાં તારલા ટમટ રહ્યા હતા...

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# મહાબલનું પરાક્રમ

## ૧૦

રાત્રીનો એકજ પ્રહર તે નિદ્રા લઈને જાગ્યો. આવતી આફતને સત્કારવા પલંગપર રૂ વડે મનુષ્ય આકાર બનાવી તે પર વસ્ત્ર પાથરી દીધું અને પોતે હાથમાં ખૂલ્લી તલવારે એક બારી પાસે સાવધાન થઈ ઉભો રહ્યો.

આજે જેઠ વદ એકાદશીની અંધારી રાત્રી હતી. આકાશમાં નવલખતારાના મધુર પ્રકાશ પૃથ્વી પર પડતા હતા. દૂર વનપ્રદેશમાં શિયાળની લારી કે કુતરાના ભસવાનો અવાજ આવતો બંધ થયો હતો. મધ્યરાત્રીનો સમય થયો અને એક-દમ નીરવ શાંતિમાં સુસવાટ કરતો એક હાથ દાખલ થયો. પલંગ પાસે આવી તે એકદમ અટકી ગયો.

કુમાર સાવધાન થઈ ગયો એણે બરાબર નિરક્ષણ કર્યું. આખું શરીર દેવમાયાથી ગુપ્ત છે અને હાથ પર કંકણો છે. જરૂર આ કોઈ દેવી લાગે છે. પ્રથમ તો મહાબલે તે હાથને ખડગથી કાપી નાખાવાનો વિચાર કર્યો પણ વિચાર્યું. એથી લક્ષ્મીપુંજ હાર મલશે નહિ અને આ દૈવી શક્તિ છટકી જશે. માટે એ હાથ જ પકડી લઉં. એમ વિચારી તુરત તેણે કુદકો મારી તે હાથ મજબૂત પકડી લીધો. તે દૈવી હાથ પણ મહેલમાં ન રોકાતાં તુરત આકાશ ભણી ઉડવા લાગ્યો. માર્ગમાં તે હાથે મહાબલને નીચે પાડી નાખવા ઘણી મહેનત કરી પણ કુમાર તેના સર્વ પ્રયાસ નિષ્ફળ

P.P. Ac. Gunratnasuri M.S.

Gun Aaradhak Trust

બનાવી હાથનું બંધન મજબૂત કરતો જતો હતો. તે દેવીહાથ પર પોતાના હાથની નાગચૂડ ભરાવી ને લટકી રહ્યો. થોડીવારમાં તારાઓના અજવાળામાં મહાબલને દેવીનું સંપૂર્ણ શરીર દશ્યમાન થયું. મહાબલે તે દેવીના મસ્તકપર જોરથી મુઠીસારી અને ગળાથી પકડી લીધી. તે સમયે તે દેવી કરૂણ સ્વરે રૂદન કરતી બોલી, "હે નરવીર! હવે હું તને ઉપદ્રવ નહિ કરૂં, મને મૂકી દે. મારો હાથ છોડી દે એ ભડવીર! હું પીડા પામું છું. "કુમારે કહ્યું," હે રાક્ષસી! લક્ષ્મીપૂંજ હાર ક્યાં છે તે બતાવ! નહિ તો હાથ નહિ છોડું " તે દેવી કહે–"જરૂર તને આગળ મલશે. હવે મને છોડ" અને આખરે કુમારે વિચાર્યું. આ દેવી કંઈક દેવ માયાથી કદાચ મને સમુદ્રમાં ફેંકી દેશે" એમ વિચારી તુરત હાથ છોડી દીધો. અને ત્યાંથી તે નિરાધાર નીચે પડ્યો. યોગાનુયોગ એક આમ્ર વૃક્ષની ડાળ ઉપર આવીને પડ્યો. ક્ષણવાર તેને મૂર્છા આવી ગઈ. પછી જેવો સભાન થયો ને જોયું તો પોતે એક ભયંકર જંગલમાં આવી પડ્યો છે અને પોતે જે ડાળ ઉપર પડ્યો છે તે ડાળ પર પાકા આમ્ર ફળો લચી પડ્યા છે, અને તે નમી રહી છે. મહાબલ બીજી મજબૂત ડાળ પર આવીને બેઠો અને થોડીવાર ચિંતામાં ગરકાવ થઈ ગયો.

ખરેખર! રામ રાખે એને કોણ ચાખે? આયુષ્યની દોરી લાંબી હોય એવા પુણ્યવંતને જંગલમાં પણ મંગલ બને છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## અજગરના મુખમાં

૧૧

રાત્રીનો ત્રીજો પ્રહર ચાલી રહ્યો હતો. જંગલમાં હિંસક પશુઓના અવાજો પણ આવી રહ્યા હતા. અને વનના પર્ણોના અવાજથી રાત્રી સૂમ સૂમ કરી વહી રહી હતી, એવામાં સહસા એની દૃષ્ટિ એજ વૃક્ષ પાસે આવતાં એક અજગર પ્રતિ ગઈ. તેના મુખમાં અર્ધ ગળેલ કોઈ માણસ જણાતું હતું. કુમારે વિચાર્યું નક્કી આ અજગર હમણાં આ વૃક્ષને ભરડો લઈ તે માણસને ખતમ કરી નાખશે–પર દુઃખમાં દુઃખી, પરોપકાર રસિક કુમાર, તુરત વૃક્ષ પરથી નીચે ઉતર્યો અને અજગર જ્યાં આંબાની નજીક આવી ભરડો લેવાની તૈયારી કરે છે ત્યાં કુમારે તે અજગરના બે હાથે હોઠ પકડી જીર્ણ વસ્ત્રની માફક બે વિભાગ કરી નાખ્યા. અને તે સમયે તેના મુખમાંથી મંદ ચૈતન્યવાળી એક સ્ત્રી નીકળી પડી. અર્ધ બેભાન એ સ્ત્રીના મુખમાં એ સમયે "અને મહાબલકુમારનું શરણ હજો" એવા મંદ ઉદ્‌ગાર નીકળી પડ્યા. પોતાના નામનું સ્મરણ કરતી એ સ્ત્રીને જોઈ તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. તે અજગરની બે ફાડને દૂર ફેંકી તે નજીક આવ્યો અને તે સ્ત્રીનું મુખ ધારી ધારીને જોવા લાગ્યો. તેને મુખ જોતાં વિશેષ આશ્ચર્ય થયું. કારણ કે મલયસુંદરી જેવુંજ તેનું મુખ અને પોશાક હતા. ત્યાંતો તે બાળાના મુખમાંથી પૂર્વનો પરિચિત શ્લોકનો ધ્વની પ્રગટ થયો.

॥ विघ्नो यद्विधिस्तया–न्नस्याद्‌हृदयचिंतितं

एवमेवोत्सुकं चित्त–मुपायाश्चिंतयेद्‌बहून् ॥ १

આ શ્લોક સાંભળતાંજ તેને નક્કી થયું આ મલય સુંદરી જ છે. કોઈ કારણસર તેને અજગર ગળી ગયો લાગે છે. તે પછી તેણે બાજુના સરોવરમાંથી જલ લાવી તેના શરીરને સ્વચ્છ કર્યું–અજગરના લોહીથી ખરડાયેલું શરીર સ્વચ્છ થતાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસ્ત્રથી પવન વિગેરે તે નાખવા લાગ્યો. અને હાથ પગને સંવાહન–દબાવવા લાગ્યો. થોડીવારના ઉપચારથી તે કન્યાએ ટુંક સમયમાં નેત્રો ખોલ્યાં. કુમાર બોલ્યો "હે રાજકન્યા! સ્વસ્થ થા. તારા વસ્ત્રને ઠીક કર અને જાગૃત થા."

તુરત તે બેઠી થઈ. વસ્ત્ર સમારતાં તેણે સન્મુખ બેઠેલા પોતાના પ્રિયપાત્ર મહાબલને જોઈ આશ્ચર્યમાં પડી ગઈ. અને બોલી "હે કુમાર! હું કેવી રીતે જીવતી રહી! અને અકસ્માત તમારો મેળાપ ક્યાંથી?" મહાબલે વ્યંતરીએ તેનું હરણ કર્યું અજગરનું પોતે વિદારણ કર્યું તે સર્વ વિગત કહી અને પૂછ્યું "હે બાલા! તું કેવી રીતે આ અજગરના ઉદરમાં આવી પડી તે વાત જણાવ."

મલય સુંદરી હજુ જ્યાં પોતાનો વૃત્તાંત શરૂ કરે છે ત્યાં દૂરથી કોઈ માણસના પગલાંનો અવાજ શ્રવણ ગોચર થયો.

બે બે આફત તો હજૂ પૂર્ણ થઈ નથી ત્યાં આ ત્રીજી કઈ આફત છે એ જોવા મહાબલે દૂર દૃષ્ટિ કરી–કોઈ પુરુષ આકાર દોડતો તેની તરફજ આવતો હતો. શીઘ્ર મહાબલે વિચાર્યું આ ભયંકર અટવી છે. એમાં ચોર ડાકુઓનો જરૂર ઉપદ્રવ પણ સંભવે છે. એમાં આ સ્ત્રી જાતિ છે માટે યોગ્ય ઉપાય કરવો જોઈએ. તુરત પોતાના કેશમાંથી એક ગુટિકા તેણે બહાર કાઢી અને આમ્રરસમાં ઘસી તેનું તિલક મલયસુંદરીના ભાલ પર કર્યું–તે તુરત પુરૂષ રૂપે થઈ ગઈ. મહાબલે કહ્યું "સુંદરી! આ વનનો ભયંકર પ્રદેશ હોવાથી સ્ત્રી જાતીને ઘણા ઉપદ્રવો સંભવે છે તેથી મેં તારૂં આ પુરૂષરૂપ કર્યું છે. એ તિલક હું મારા હાથે ભૂંસી નાખીશ એટલે તારૂં મૂળ રૂપ પ્રગટ થશે. માટે ચિંતા ન કરીશ." મલય સુંદરી બોલી "કુમાર! આપ મહા પરાક્રમી અને મારા પ્રિયપાત્ર છો. આ તન મન તમોને જીવનભર સમર્પણ કર્યું છે માટે આપની ઈચ્છા પ્રમાણે કરો" કુમાર તેની શ્રદ્ધાને મનથી પ્રશંસી રહ્યો. હવે એ વ્યક્તિ કોણ છે એ જોવા નિર્ભય થઇને મહાબલે દૂર દૃષ્ટિ કરી.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# સોમાની કથા

## ૧૨

મહાબલના સાન્નિધ્યે મલયસુંદરી સંપૂર્ણ સ્વસ્થ અને નિર્ભય બની. દૂરથી આવતો આકાર નજીક આવ્યો ત્યાં મહાબલે જોયું કે કોઈ સ્ત્રી દોડતી કંપતી તેની નજીક જ આવીને ઉભી રહી. તેના મુખમાંથી શ્વાસ હજુ ધમણની જેમ ગતિ કરતો હતો. મહાબલે તેને આશ્વાસન આપતાં મધુર સ્વરે પૂછ્યું "હે શુભે! તું કોણ છે? શા માટે ભયભીત છે? અમે પરદેશી છીએ અમને પ્રથમ એ જણાવ કે બાજુમાં કયું શહેર છે? કોનું ત્યાં રાજ્ય છે?

કુમારની મધુર વાણીથી વિશ્વાસ પામેલી તે બોલી. "હે ક્ષત્રિય કુમારો! સાંભળો! તમે જે ઉભા છો તેનાથી નજીક ગોળા નદિનો તટ પ્રદેશ છે. તેની બાજુમાં ચંદ્રાવતી નગરી છે. ત્યાં વીરધવલ રાજાનું રાજ્ય છે." કુમાર મનમાં રાજી થયો. કારણ કે એને વિધિએ જાણે ચંદ્રાવતીમાં જ ઈષ્ટ સ્થાનમાં જ મૂકી દીધો હતો. તે પ્રગટ બોલ્યો "હે સ્ત્રી! ત્યાં રાજકુટુંબમાં કંઈ નવીન વાત હોય તો જણાવ."

આવનાર વ્યક્તિ કહેવા લાગી, "કુમાર! તે રાજાને એક મલયસુંદરી નામે કન્યા છે. તેનો આ ચતુદર્શીના દિવસે સ્વયંવર છે. રાજકુમારોને બોલાવવા રાજાએ દૂતો મોકલ્યા છે પણ વચમાં રંગમાં ભંગ થયો છે. મલયસુંદરીની ઓરમાન માતા કનકવતીએ આ કાવતરૂં કરેલ છે. એ કનકવતીની હું મુખ્ય દાસી સોમા છું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહાબલે કૃત્રિમ હાસ્ય કરતાં કહ્યું, "સાચી વાત છે તારી, ઓરમાન માતા પુત્રી ઉપર દ્વેષ રાખે જ, પણ એ વેરનું કારણ શું? બધી વાત મને વિગતથી કહે. તારી વાતમાં મને રસ પડે છે. તારી વાણી પણ મધુર છે" સોમા મનોમન ફુલાઈ ગઈ. સ્ત્રીને સ્વ પ્રશંસા ઘણી ગમે છે. એ વાત કુમાર જાણતો હતો. સોમા બાજુની એક શીલા પર બેસી વાત કરવા લાગી. "જુઓ કુમાર! કનકવતી અને હું અમે બન્ને મલયસુંદરીના છિદ્રો શોધતા હતા. કારણ કે એ રાજકન્યાએ કનકવતીને જૂઠી પાડી હતી. એવામાં કોઈ એક અદૃશ્ય દેવ એકદા કનકવતીના ગળામાં લક્ષ્મીપૂંજ હાર નાખી ચાલતો થયો." કુમારે મનોમન વિચાર્યું. એ દેવ આ હાર કનકવતીના ગળામાં નાખીને ગયો. ઠીક હારની પણ ભાળ મળી.

પછી હાર મળ્યાથી કનકવતી રાજી થઈ ગઈ. આજુ બાજુ તપાસ કરી કોઈ મનુષ્ય ન હતું. નક્કી કોઈ દેવે જ અમને આપ્યો. પછી તેના ઉપરથી કનકવતીએ યોજના મનમાં ઘડી નાખી. હાર પેટીમાં મુકી દીધો અને મને બધી વાત કરી અને મેં સંમતિ આપી. તે રાજાના મહેલે ગઈ અને રાજા વીરધવલને એકાંતમાં કહ્યું કે "તમારી કન્યા મલયાએ હાર મહાબલને મોકલ્યો છે. અને સ્વયંવરના બહાને તે અહીં આવશે અને આ રાજ્ય ગ્રહણ કરીને મલયા સાથે લગ્ન કરશે,-એવી ચોક્કસ બાતમી મારી પાસે છે-તમે તપાસ કરો-આ સમયે ખોટું પડે તો મારું શીર ઉડાવી દેજો. તમે મલયાને બોલાવી પૂછો તેની પાસે લક્ષ્મીપૂંજહાર હતો તે ક્યાં ગયો? રાજાના મનમાં બરાબર ઝેર રેડી તે આવતી રહી. રાજાએ બધી વાત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચંપકમાલાને કરી. તેણે કહ્યું, "જો કુમારી પાસે હાર ન હોય તો બધી વાત સાચી માનું "રાજાએ મલયસુંદરીને બોલાવી તેની પાસે હાર માંગ્યો, મલયસુંદરી આમ એકાએક હાર માંગવાથી સંભ્રાંત થઈ ગઈ. ભય પામી થોડીવારે બોલી "પિતાજી! તે હાર ચોરાઈ ગયો લાગે છે. તપાસ કરતાં મલતો નથી."

રાજાના નેત્ર ક્રોધથી લાલ થઈ ગયા. તે બોલી ઉઠ્યો. અરે પાપી! મારી પાસેથી દૂર જા. તારૂં મુખ મને દેખાડીશ નહિ."

ચંપકમાલા પણ પુત્રી પર ક્રોધ કરી ફીટકાર દેવા લાગી. નિર્દોષ મલયસુંદરીને અમે બરાબર ભીડાવી હતી. તે ઉદાસ મને મહેલે આવી. આ બાજુ રાજાના મનમાં કનકવતીની વાત બરાબર બેસી ગઈ. પોતાનું રાજ્ય મહાબલ લઈ લેશે અને એનું નિમિત્ત કારણ પોતાની કન્યા છે. એ વિચાર કરી તેમણે કોટવાલને બોલાવી આજ્ઞા કરી "પ્રભાતે તારે મારી કન્યા મલયસુંદરીને જંગલમાં લઈ જઈ મારી નાખવી. બીજો વિચાર ન કરીશ" અને રાજાએ આ વાત સુબુદ્ધિ મંત્રીને કરી. મંત્રીએ કહ્યું "રાજન! આવું અવિચારી પગલું ન ભરો. બહુ વિચાર કરો. પછી પસ્તાશો" પણ રાજાએ એની વાત ન માની. આ બાજુ મલયસુંદરીના નેત્રમાંથી અશ્રુધારા પડતી જોઈ વેગવતી દાસી રાજા પાસે આવી અને તેના અપરાધની ક્ષમા માંગવા લાગી. આથી પણ રાજાના મનમાં જરાય વિશ્વાસ ન બેઠો. ઉલટું એમને થયું આ કન્યા સ્ત્રીચરિત્ર જ કરે છે. એવામાં કોટવાલ મલયસુંદરી પાસે આવ્યો અને થોથવાતા વચને રાજાની આજ્ઞા કહી. મલયસુંદરી આક્રોશ અને દુઃખથી રડી પડી. તે માતાને અને પિતાને ઉદ્દેશી કહેવા લાગી "હેમાતા

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પિતા! તમે આટલો બધો મારા પર શા માટે કોપ કર્યો છે! શું એક હારથી પણ હું હીન છું? હાર કરતાં મારી કિંમત ઓછી છે? અરે વિધિનું જ આ ચેષ્ટિત છે. આમ રુદન કરતી તે મૂર્ચ્છા પામી ગઈ–કોટવાલ ફરી આવવાનું જણાવી વિદાય થયો. મલયાએ ભાનમાં આવ્યા બાદ વેગવતી દાસીને કહ્યું. "હે ધાવમાતા! મારા માતા પિતાને મારા પ્રણામ કહેજો. અને આ કન્યાનો અપરાધ શું છે તે આપ જણાવો એટલો સંદેશ તમે એકવાર ફરી માતાપિતાને આપી આવો."

વેગવતી થોડા સમયમાં પાછી ફરી અને બોલી "કુંવરીબા? ગમે તેમ પણ આજે રાજાને તમારા પ્રત્યે ઘણો કોપ થયો છે. તે કહે કે એ પાપિણી કન્યાનું હું મુખ જોવા પણ રાજી નથી. કોટવાલ કહે તેમ કરો" અને વેગવતી પણ રડવા લાગી.

મહારાજા! આપનો એવોજ આદેશ છે તો આ કન્યા ગોળા નદીના કિનારે રહેલ પાતાળમૂળ નામના અંધારાકૂવાનો આશરો લેશે" આમ કહી મલયસુંદરી એક શ્લોક ગણગણતી કૂવામાં પડવા ચાલી. સાથે રૂદન કરતો સખી વર્ગ ચાલ્યો. લોકોને પણ સમજ નથી પડતી કે કન્યાની શી ભૂલ છે? રાજા પણ પ્રજાના આગેવાનોની વાત માનતો નથી અને પંચ પરમેષ્ટિનું શરણ લઈ–"વિધત્તો યદ્વિધિસ્તસ્યા" એવો શ્લોક બોલતી તે અંધારા કુવામાં કુદી પડી."

એમના મરણથી રાજાને તથા કનકવતીને ઘણો આનંદ થયો. અને રાજાએ રાજપુત્રોને સ્વયંવરમાં નહિ આવવા માટે લખાણ કરવા દૂતોને બેસાડયા પણ એવામાં શું બન્યું તે જાણવા જેવું છે. કુમારે ઉત્સુકતાથી પૂછયું "હાં પછી શું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બન્યું તે કહે." સોમા બોલી "થાય શું! કનકવતીનો પાપનો ઘડો ફુટી ગયો. એટલે કે આ બાજુ પ્રજાજનો કુંવરીના ગુણોને યાદ કરતા ઉદાસ ફરતા હતા ત્યારે આ બાજુ વેગવતી તથા રાજા આ કન્યાના મૃત્યુના સમાચાર આપવા સ્વયં અમારા મહેલે આવ્યો. તે સમયે હું અને કનકવતી કાર્ય સિદ્ધ થવાથી હર્ષના આવેગમાં આવી ગયા હતા અને અમારા મહેલના દરવાજા બંધ કરી નાચતા હતા. અમને ખબર નહિ કે રાજા પોતે એક બારીમાંથી આ નાટક જોઈ રહ્યો છે. અમે બન્ને લક્ષ્મીપૂંજ હાર લઈ પરસ્પર શાબાશી આપતા નાચતા હતા. અમારો વેશ પણ ઉદ્‌ભટ હતો. અર્ધનગ્ન જેવી મદાંધ થઈને કનકવતી હાથમાં હાર પકડીને નાચતી બોલતી હતી. "હે લક્ષ્મીપુંજ હાર! અમારા તારણહાર! તને કોટી કોટી પ્રણામ! આ હાર અલી જો! આપણા ભાગ્યનો સિતારો ચમકાવનાર આને નમસ્કાર કર! આને લઈ રાજા છેતરાયો. અલી સોમા! જો તો ખરી. આણે મલયાનો ઘાત કરાવ્યો. રાજા હવે મારે સ્વાધીન બન્યો." અને આમ કહેતી તે મને ભેટી પડી. ગોળ ગોળ ફરવા લાગી અને ફરતાં ફરતાં અમને કપડાંનું ય ભાન ન રહ્યું. બન્ને નગ્ન બની જોર જોરથી નાચતી હતી. અને એક બીજાને ચૂંબન કરતાં ભેટી પડતાં સ્રી-પુરુષની જેમ વર્તાવ કરતાં હતાં.

રાજાના ક્રોધનો પાર ન રહ્યો. એ સાચી વાત પામી ગયો કે આ કનકવતીના કાવતરાએ મારી નિર્દોષ કન્યાને ગુમાવી છે. તે ક્ષણવારમાં મૂર્ચ્છા ખાઈ નીચે પડયો. નોકર ચાકરો ભેગા થઈ ગયા. અમે પણ અવાજ થવાથી બારીમાંથી જે જોયું તેથી સર્વ વસ્તુ પામી ગયા. રાજા બોલતો હતો–"હે સેવકો! આ કમાડ તોડી નાખો! અને પેલી એ પાપીણીને કનકવતીને પકડો."

અમે બે જણા જીવ બચાવવા જે હાથમાં આવ્યું તે લઈ નાસવા લાગ્યા.



P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ચતુર જ્ઞાની નૈમિત્તિક

## ૧૩

મહાબલને સોમાની વાતમાં રસ પડયો. એમાં એને સકલ ઇતિહાસ મળ્યો. સોમાએ પાછળની વાત પૂર્ણ કરી : "પછી કુમાર! રાજા તો પશ્ચાત્તાપની આગમાં શેકાઈ ગયો. નેત્રમાંથી શ્રાવણ–ભાદરવો વરસી રહ્યો હતો. પ્રધાને બધી હકીકત જાણી. અંધારા કુવામાં તપાસ કરાવી પણ કન્યા ન મળી. રાજા નિરાશ થયો. તે કનકવતીના મહેલે આવ્યો–પણ અમને ન જોતાં રાજાએ મહેલને જપ્ત કર્યો. હે કુમાર! કન્યાના વિરહે રાજા આજનો દિવસ કાઢે તો મોટું ભાગ્ય સમજવું. અમે નાસીને ત્યાંથી ભાગ્યા. કનકવતીબા માગધ નામની ગણીકાને ત્યાં સંતાઈ ગયા. અને હું જંગલના રસ્તે ભાગી. રાજપુરૂષોના ભયે હું કંપતી દોડતી અહીં આવી. હવે હું જાઉં છું કારણ કે મારી પાછળ ભય છે."

અને સોમા તુરત ત્યાંથી ગીચ ઝાડીમાં વિલીન થઈ ગઈ. મલયસુંદરીએ કહ્યું. "કુમાર! તે સોમાની વાત સત્ય છે–પણ હું અંધારા કુવામાંથી અજગરનાં મુખમાં કેવી રીતે આવી તે સમજાતું નથી"

કુમારે કહ્યું "એ તો દીવા જેવી વાત છે. એ કુવામાં અજગરના મુખમાંજ તું પડી અને અજગર તને અર્ધ ગળીને બહાર નીકળી આ જંગલમાં આવ્યો. વૃક્ષને ભરડો લેવા જતો હતો. મેં તેના બે ભાગ કર્યા."

મલયસુંદરી અજગરની પડેલી બે ફાડ પ્રતિ જોઈ ફરી ભય પામી. કુમારે તે ફાડ દૂર નાંખી દીધી અને બન્ને જણા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અનુક્રમે ગોળા નદીના કિનારે ભટ્ટારિકાના મંદિરે આવ્યાં. એજ સમયે પ્રભાતકાલની કિરણાવલી પ્રસારતો સૂર્યોદય થયો. બન્ને જણા તે મંદિરના ઓટલે બેસી દંતધાવન–સ્નાન વિગેરે કરી સ્વચ્છ થયા. મલયસુંદરીને આજે પ્રિયપાત્રના સાન્નિધ્યે જગત હર્યું ભર્યું લાગતું હતું. ચોમેર લીલી વનરાજી ડોલી રહી હતી. વનનાં મૃગો પણ આમતેમ દોડતા નાચતા પસાર થઈ રહ્યા હતા. બન્નેએ પ્રાતઃકર્મ આટોપી લીધું હતું. એક મૃગને પકડી મલયસુંદરી તેના મુખને પંપાળવા લાગી. કુમારને પણ આ જોવાની મઝા પડી. આમ વનના પ્રાકૃતિક સૌંદર્યના ખોળે જીવનભર રહેવાનું બને તો કેવી મઝા પડે એ વિચારે તેને ક્ષણવાર હસવું આવ્યું. મલયસુંદરીએ કહ્યું "પ્રિય! શુ હસો છો? આ મૃગમાં અને મારામાં કંઈ સામ્ય લાગે છે?" મહાબલે હસીને કહ્યું, "હા એના નેત્રો તારા જેવા છે કે તારા નેત્રો એના જેવા છે. એમાં કોણ ચઢે તે વિચારતો હતો." પછી શું નક્કી કર્યું? તેણે પૂછ્યું.

"બન્ને નિર્દોષ છે. ચંચલ છે. બસ આટલું જ" મહાબલે કહ્યું.

અને બન્ને જણાં હસી પડયાં. હસતા નેત્રોએ પરસ્પર ઘણી વાત કરી લીધી. પછી સ્વસ્થ થઈ મહાબલે પોતાના પરની જવાબદારીની વાત કરી "રાજકન્યા! મારે માથે હાલ ત્રણ જવાબદારી છે. પ્રથમ કાર્ય–તારા માતાપિતાનું જીવન બચાવવાનું છે. બીજું–રાજકુમારો સમક્ષ–વડીલના હસ્તે તારૂં પાણિગ્રહણ કરવાનું છે અને ત્રીજું મારી માતાને લક્ષ્મીપૂંજ હાર આપી તેમનું જીવન પણ બચાવવાનું છે. અને આ સર્વ ચાર જ દિવસમાં કરવાનું છે. સમય થોડો છે કાર્ય ઘણા છે. એમાં તારે મને મદદ કરવાની છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મલયસુંદરી બોલી, "મારે જે કરવાનું છે તે કહો—હું તો તૈયાર છું."

ક્ષણવારમાં મહાબલે એક યોજના વિચારી લીધી.

તેણે કહ્યું "જો—તારે આ પુરૂષરૂપ હમણાં તજવાનું નથી. અને માગધ ગણીકાને ત્યાં જઈ કોઈ પણ ઉપાયે કનકવતીને વશ કરી લક્ષ્મીપૂંજ હાર મેળવવા તારે યત્ન કરવો. હું અહીંથી સીધો સ્મશાનભૂમિ પર જઈ તારા માતાપિતાને યુક્તિથી બચાવીશ—તારે કાલનો દિવસ વેશ્યાના ઘેર જ પૂર્ણ કરવો, સાંજે મને અત્રે મળજે—અને હાં—તારા નામની એક મુદ્રિકા (વીંટી) મને આપજે, મને કામમાં આવે" મલયસુંદરીએ પોતાના નામથી અંકિત વીંટી મહાબલના હાથમાં મુકી અને તેની છૂટા પડવાની ઈચ્છા ન હોવા છતાં તે તેના આદેશ અનુસાર માગધ ગણીકાના ઘર તરફ ઉપડી. મહાબલ પણ ત્યાંથી નીકળ્યો અને ભટ્ટારિકાના મંદિરે પડેલી કાષ્ટની ફાડને એક બાજુ ગોઠવી તે ચંદ્રાવતીમાં આવ્યો. અને બજારમાં જઈ યોગ્ય વસ્ત્ર પુસ્તક વિગેરે સાધન ગ્રહણ કરી પાંથશાળામાં આવ્યો. અને ત્યાં નૈમિત્તિકનો વેશ પરિધાન કર્યો. હાથમાં પુસ્તક ગળામાં માળા કપાળમાં ચંદનનાં તિલક વિગેરે કરી તેણે પ્રજાના મુખથી બધી બાતમી મેળવી. એની કલ્પના સાચી પડી. રાજા અને ચંપકમાલા પુત્રીના વિયોગે સ્મશાન તરફ જ ચિતામાં બળી મરવા થોડાક જ સમય પૂર્વે ગયા છે. તે જાણી તે પણ તેમને બચાવવા ઉપડ્યો. માર્ગમાં રાજમહાલયની બાજુમાં હસ્તિશાળામાં કેટલાક મહાવતો હાથીની વિષ્ટા પાણીમાં ગાળતા હતા. તેણે પૂછ્યું "આ શું કરો છો?" તેઓ બોલ્યા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ વિષ્ટામાં હાથી કંઈક સોનાના ટુકડા ગળી ગયો હોય તે આ વિષ્ટામાં રહ્યા હોય છે. તેથી તેને ગાળવાથી અમને તે સોનાના ટુકડા મળી આવે છે. આ સાંભળી મહાબલે ઘાસનો એક પૂળો લઈ તેના પોલાણમાં મલયસુંદરીના નામની વીંટી મુકી, તે હાથીના મુખમાં મૂક્યો, હાથી તે ગળે ઉતારી ગયો.

હવે દોડતો તે ગોળા નદિના કિનારે પહોંચ્યો. જ્યાં હજારો લોકો ભેગા થયા હતા. ચિતામાં કાષ્ટ જલી રહ્યા હતા. રાજા અને રાણી સ્નાન કરી જનતાની છેલ્લી વિદાય લઈ રહ્યા હતા. તે જ સમયે મહાબલ પહોંચી ગયો અને લોકોના ટોળામાં મોટેથી બૂમો પાડતો માર્ગ કરવા લાગ્યો. "હે પ્રજાવત્સલ રાજા! સબૂર કર! હે પુત્રીવત્સલ રાજા! સાહસ નહિ કર! મલયસુંદરી જીવતી છે!" આવાં વચન સાંભળી લોકો રાજી થઈ ગયા અને આ નૈમિત્તિકને જગ્યા કરી આપી. અને નૈમિત્તિક શીઘ્ર જ્યાં રાજા-રાણી પ્રજાને છેલ્લા નમન કરી રહ્યાં છે ત્યાં આવી પહોંચ્યો અને બોલ્યો, "હે રાજન્! સાહસ ન કરો. પ્રથમ આ ચિતા બૂઝાવી નાખો. મલયસુંદરી જીવતી છે." આવા અમૃત સમાન વચન શ્રવણ થતાં લોકોએ ચિતા ઠારી નાખી. રાજા કહે, "હે નૈમિત્તિક! એવાં મારા પુણ્ય નથી કે રાજકન્યા જીવતી હોય. અંધ-કૂવામાંથી કોઈ જીવતું ન જ નીકળે. અમને હવે મરણમાં શા માટે વિઘ્ન કરે છે?"

નૈમિત્તિક ગંભીર થઈ બોલ્યો, "રાજન્! આજે જેઠ વદ બારસ છે. જેઠ વદી ચતુર્દશીના દિવસે સ્વયંવર મંડપમાંજ રાજકન્યા પ્રગટ થશે મારૂં જ્ઞાન ત્રિકાળને સ્પર્શે છે. મેં કોઈ દિવસ ખોટું નિમિત્ત જોયું જ નથી. એટલું જ નહિ આવતી કાલે તમને એનું કોઈ પ્રિય અલંકાર પ્રાપ્ત થશે. માટે આવી નિશાની મળે તો જાણજો કે મારાં વચન યથાર્થ

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. નહિ તો આ ઉપાય તમારે માટે ખૂલ્લો જ છે પણ ગોત્રદેવીએ મને સ્વપ્નમાં જે કહ્યું તે કદાપિ મિથ્યા નહિ જ થાય. આ જ્ઞાનીનું વચન છે."

લોકો ચતુર જ્ઞાની નૈમિત્તિકનો જયકાર ગજાવવા લાગ્યા. રાજાને પણ આની ગંભીર મુદ્રા અને વાતની સુંદર રજૂઆતથી વિશ્વાસ બેઠો. તેમણે પૂછ્યું, "હે નૈમિત્તિક! તું બરાબર ગણત્રી કરીને કહે, સાચું શું થશે?" નૈમિત્તિકે પોતાનું પુસ્તક કાઢ્યું. ઘણી જાતની ગણત્રી કરી. થોડીવાર ધ્યાનસ્થ થયો પછી બોલ્યો, "રાજન્! બરાબર વદ ચતુર્દશીના દિવસે જુદા જુદા રાજકુમારો સ્વયંવર મંડપમાં વિરાજીત હશે. હજારોની મેદની હશે. બે પ્રહર દિવસ પસાર થયા બાદ વસ્ત્રાલંકારથી વિભૂષિત રાજકુમારી મલયસુંદરી ગોત્રદેવીના પસાયે અકસ્માત્ દર્શન દેશે. માટે સ્વયંવર મંડપ રચાવો અને તેમાં આવતી કાલે પૂર્વ પ્રતોલી દરવાજા પાસે રાજાઓની પરીક્ષા માટે ગોત્રદેવી એક ચિત્રિત સ્થંભ મુકશે. ત્યાં તમો સ્વયંવર મંડપ રચાવી તમારું વજ્રસાર બાણ મુકાવો અને જે રાજકુમાર આ સ્થંભ વિંધશે તે આ તમારી કન્યાનો સ્વામી થશે. આ મારું કથન છે રાજન્! અમારું જ્ઞાન આથી સમગ્ર ભારતવર્ષમાં સચોટ અને શંકારહિત સાબિત થયેલું છે." લોકો નૈમિત્તિકનાં સુંદર વચન સાંભળી કોઈ પોતાનો હાર- આભૂષણ–વસ્ત્ર વિગેરેથી તેને પહેરામણી કરવા લાગ્યા.

નૈમિત્તિકે તે સર્વ ભેટ ન સ્વીકારી. અને કહ્યું "હે પ્રજાજનો! અમે તો નિસ્પૃહ છીએ. અમારે તો લોક કલ્યાણ એ જ ભેટ છે."

રાજાને હવે સંપૂર્ણ વિશ્વાસ બેઠો. તેણે પૂછ્યું, "હે ચતુર જ્ઞાની નૈમિત્તિક! મારી કન્યાનો સ્વામી કોણ થશે?"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધ્યાનસ્થ થઈ નૈમિત્તિકે ફરીવાર ગણતરી કરી અને ગંભીરતાથી બોલ્યો. "રાજન્ પૃથ્વીસ્થાનપુરના મહારાજા સુરપાળનો પુત્ર મહાબલકુમાર તમારી કન્યાનો પતિ થશે. વળી તે તમારૂં રાજ્ય વધારશે તમને યશ આપનારો પ્રિયપાત્ર થશે." લોકોએ નૈમિત્તિકનો જયજયકાર ગજાવ્યો. બંદિજનોએ રાજાની સ્તુતિ કરી.

"संत्यक्त पूर्वकाष्टोऽयं दुरालोक स्वतेजसा ।
सूरः वर्तते देव !—लोकानां त्वमिवोपरि"

હે દેવ! તમારી માફક સૂર્ય કાષ્ટ (દિશા) ભક્ષણનો ત્યાગ કરી સ્વ તેજથી પ્રતાપી બની ગયો છે (મતલબ કે મધ્યાન્હ થયો છે) મંત્રીઓએ કહ્યું, "રાજન્, આ રથમાં આરુઢ થાઓ! અને નગરીમાં પ્રવેશ કરો."

રાજારાણીએ રથમાં બેસી યાચકોને દાન આપતાં લોકોના જયકારપૂર્વક નગરમાં પ્રવેશ કર્યો.

લોકો સહસ્ર મુખે ચતુર નૈમિત્તિકની પ્રશંસા કરી રહ્યા હતા.

મહાબલ પણ પોતાની અધુરી યોજના પૂર્ણ કરવાના મહાનકાર્યમાં ગુંથાયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## સ્વયંવર મંડપ

## ૧૪

મહાબલને રાજારાણીનું જીવન બચાવ્યાનો સંતોષ થયો. પ્રથમ કાર્ય પૂર્ણ થયું પણ બીજું કાર્ય પણ એટલી જ કુનેહથી કરવાનું હતું. એ માટેનાં ચક્રો એણે ગતિમાન કર્યા.

એણે રાજાને કહ્યું. "રાજન્! મારે એક મંત્રસિદ્ધિ કરવાની છે. એમાં અર્ધ-જાપ બાકી છે. જો આપ રજા આપો તો એ મંત્રની સાધના પૂર્ણ થાય. પ્રાતઃકાળે હું જરૂર પાછો આવીશ.

એ જ સમયે હાથીની વિષ્ટા ગાળનારા મહાવતો મલયસુંદરીની મુદ્રિકા લઈ રાજા પાસે આવ્યા અને કહ્યું "રાજન્! આ રાજકન્યાની વીંટી અમને હાથીની વિષ્ટામાંથી મળી આવી છે."

રાજાએ એ વીંટી હાથમાં લીધી. જોયું તો ખરેખર તે રાજકન્યાની નામાંક્તિ મુદ્રિકા હતી. રાજા નૈમિત્તિકના જ્ઞાન ઉપર વારી ગયો. મહાવતને ભેટ આપી રાજાએ નૈમિત્તિકને કહ્યું, "જરૂર! તમે તમારો મંત્ર સાધીને પ્રભાતે પાછા આવો. તમારૂં કથન યથાર્થ છે. એ મંત્રસાધન માટે કંઈ દ્રવ્ય કે ચીજવસ્તુ જોઈએ તે નિઃસંકોચ લઈ લેજો. ખજાનચી આપી દેશે. રાજાએ ખજાનચીને આજ્ઞા કરી. નૈમિત્તિકે જરૂર પૂરતું દ્રવ્ય લીધું અને તેણે સ્વયંવર મંડપ શીઘ્ર રચાવવાની સૂચના કરી. રાજાએ પૂછ્યું. "હે જ્ઞાની! આ મુદ્રિકા હાથીના પેટમાં કઈ રીતે આવી હશે?"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નૈમિત્તિકે ગંભીર મુખ રાખી કહ્યું, "રાજન્! એનો ખુલાસો અમારા જ્ઞાનમાં આવતો નથી પણ આ ગોત્રદેવીનું કર્તવ્ય સંભવે છે." રાજા ખુશ થયો અને તેણે પૂર્વ પ્રતોલીના દ્વારે મહાન સ્વયંવર મંડપ રચવા પોતાના ચાકરોને આજ્ઞા કરી અને નૈમિત્તિક પોતાનો મંત્ર સાધવા ઉપડયો.

આ બાજુ સ્વયંવર મંડપનું જે અર્ધકામ વિલંબમાં પડયું હતું તે રાજાની આજ્ઞા થતાં ધમધોકાર થઈ શરૂ ગયું. સાંજ સુધીમાં તો ભવ્ય મંડપ તૈયાર થઈ ગયો. હવે ફક્ત રાજકુમારોના આવાસોમાં આસનો વિગેરે ગોઠવવાના જ બાકી રહ્યા."

લોકો વાતો કરવા લાગ્યા. જ્યાં કન્યા જ મોજુદ નથી ત્યાં એક નૈમિત્તિકના વચને રાજાએ બધા રાજકુમારને તેડયા છે અને આવો મંડપ શણગારે છે પણ કન્યા જ નહિ મળે તો શું થશે? કોઈ કહે "તો બધા રાજકુમારો ભેગા થઈ રાજાને જ ઠપકો આપશે. અરે કોઈ કુમારો કોપાયમાન થઈ રાજાને મારી ન નાખે તો સારૂં." આમ લોકો તરેહ તરેહના સતર્ક વિતર્ક કરી વાતોના ગોળા ગબડાવતા હતા. નગરમાં કન્યા વિનાની જાન કેવી લાગશે. શું થશે? એના વિચારે જાતજાતની કલ્પનાઓ કરતા હતાં.

એવામાં પ્રાતઃકાળ થયો રાજા જે જ્ઞાની નૈમિત્તિકની કાગના ડોળે રાહ જોઈ રહ્યો હતો તે હાજર થયો. રાજાએ પૂછયું, "કેમ નૈમિત્તિક! તમારી મંત્ર સાધના પૂર્ણ થઈ?"

નૈમિત્તકે કહ્યું, "રાજન્! હજુ ચોથો ભાગ બાકી રહ્યો છે. છતાં આપને વચન આપેલ એટલે પ્રાતઃકાળે હાજર થયો છુ." રાજાએ પૂછયું, "હે નૈમિત્તિક! તમે કહેતા હતા કે ગોત્રદેવી ચિત્રામણવાળો સ્થંભ મુકશે, અમારા માણસો તેની

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શોધ કરવા ગયા છે પણ હજુ કેમ આશાજનક સમાચાર ન લાવ્યા ?" નૈમિત્તિઓ કંઈ જવાબ આપે ત્યાં રાજાના માણસો વધામણી લઈને આવ્યા "રાજન્! એક ભવ્ય સ્થંભ પૂર્વદિશાના દ્વાર પાસેથી મળી આવ્યો છે." તેને પૂર્વ પ્રતોલીના દ્વારે મંડપમાં મુકાવ્યો છે."

રાજા રાજી થઈ ગયો અને નૈમિત્તકને લઈ તે સ્થંભ જોવા ઉપડયો. ત્યાં મંડપમાં આવી ભવ્ય સ્થંભ જોતાં તે મનોમન ગોત્રદેવીને ધન્યવાદ આપવા લાગ્યો. એવામાં લોકો તે સ્થંભ ઉપર હાથ ફેરવવા લાગ્યા. તેને અટકાવી નૈમિત્તિકે કહ્યું, "રાજન્! આ સ્થંભને કોઇએ હાથ લગાડવો નહિ. નહિ તો કુળદેવી કોપાયમાન થશે, વળી કાલે એનું મંત્રવિધિ- પૂર્વક પૂજન કરવું પડશે. એ માટે કુંકુમ–ધૂપ–દીપ અક્ષત નાડાછડી વિગેરે સામગ્રી જોઈશે. અને પૂજન ચાલે તે દરમ્યાન નૃત્યગાન થવા જોઇશે."

રાજાએ તે સર્વ કબૂલ કર્યું. દિવસ જતાં વાર લાગે છે ? અને સ્વયંવરનો પ્રાતઃકાળ થયો. એક બાજુ રાજકુમારો સ્વયંવર મંડપમાં યોગ્ય સ્થાને આવીને બેસી રહ્યા હતા તો બીજી બાજુ નૈમિત્તિક સ્વયંવર મંડપમાં આદરપૂર્વક તે સ્થંભ યોગ્ય સ્થાને ગોઠવવી, તેની સામે છ હાથની શીલા મુકાવી. તેને બે હાથ જમીનમાં દટાવી. તેના પશ્ચિમ ભાગે વજ્રસાર ધનુષ્ય મુકાવી સ્થંભની પૂજન વિધિ કરી રહ્યો હતો. હ્રીંકારનો જાપ ચાલી રહ્યો હતો. નારીઓ મંગલ ગીતગાન ગાઇ રહી હતી, કેટલાક નૃત્યકાર સ્થંભ આગળ નૃત્ય કરી રહ્યા હતા.

બે પ્રહર દિવસ ચડયે જ્ઞાનીના કથન મૂજબ રાજાના આદેશથી બંદિજને રાજસભામાં જાહેર કર્યું, "હે રાજપુત્રો ! આમંત્રિતો ! સાવધાન થઈ સાંભળો ! આ વજ્રસાર ધનુષ્યને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે લીલાપૂર્વક પ્રત્યંચા રુઢ કરી દૃઢ બાણથી આ સામે રહેલા સ્થંભના જે બે ભાગ કરશે તેને રાજાની કન્યા ગોત્રદેવીના કથન અનુસાર પ્રગટ થઇને તે રાજપુત્રને વરમાળા આરોપણ કરશે. માટે જેનામાં શક્તિ હોય તે સ્થંભના બે ભાગ કરવા તૈયાર થાઓ."

આ બાજુ બંદિજનની વિનંતીથી લાટદેશનો રાજા ઉભો થયો અને વજ્રસાર ધનુષ્યને ઉપાડવા યત્ન કરવા લાગ્યો પણ તે સફળ ન થયો અને બેસી ગયો. આ સમય દરમ્યાન ચતુર નૈમિત્તિક સ્થંભ આગળથી ક્યાં જતો રહ્યો તે કોઈ જાણી શક્યું નહિ. રાજા પણ વિચારવા લાગ્યો કે તે અર્ધ મંત્ર બાકી છે માટે સાધવા ગયો હશે.

ત્યાર પછી ગૌડ દેશનો રાજપુત્ર ઉભો થયો. તે પણ નિષ્ફળ ગયો. તે બાદ કર્ણાટક દેશનો રાજકુમાર વજ્રસાર ધનુષ્યને ઉંચકી શક્યો પણ બરાબર બાણ સ્થંભ પર મારી શક્યો નહિ.

આ બાજુ એક પછી એક રાજપુત્રો ઉભા થતા જતા હતા. નિષ્ફળ ગયેલા અંદર અંદર વિચારતા હતા કે હજુ રાજપુત્રી તો દેખાતી નથી. કોઈ કહે છે તેને કુવામાં નંખાવી છે. આપણી મશ્કરી કરવાની આ યોજના છે. અને મોટેથી બોલવા લાગ્યા. "અલ્યા બાણ ચઢાવશો તો ખરા પણ પરણશો કોને? કન્યાનો જ જ્યાં પત્તો નથી ત્યાં!"

ત્યાં મોટા ભાગના રાજપુત્રો વજ્રસાર ધનુષ્યમાંથી બાણ યોગ્ય રીતે છોડી સ્થંભના બે ભાગ ન કરી શક્યા ત્યાં રાજા વીરધવલને પણ ચિંતા થઈ કે "ખરેખર! શું થશે? લોકોમાં મારી હાંસી થશે? ત્યાં એક રાજપુત્ર પાસે બેઠેલો વીણાવાદક

P.P. Ac. Gunratnasuri M.S. Gun Aaradhak Trust

વીણા વગાડતો ધનુષ્ય પાસે આવ્યો અને થોડીવાર મધુર વીણાના નાદે બધાને મુગ્ધ કરી દીધા. સૌ શાંત બની ગયા. બાદ વીણા એક બાજુ મુકી, તેણે ધનુષ્ય અને બાણ હાથમાં લીધા. બીજા રાજપુત્રો મોટેથી નિષેધ કરવા લાગ્યા કે "હે વીણાવાદક! આ તારું કામ નથી. ધનુષ્ય છોડી દે. પગ પર પડશે તો માર્યો જઈશ. પણ તેણે કોઈની વાત નહિ ગણકારી. ધનુષ્ય પર બાણ ચડાવ્યું. એ બાણ ટંકારનો ઘર ર....ર.... મોટો ભવ્ય અવાજ થયો અને તેણે પ્રત્યંચા કાન સુધી ખેંચી તે સ્થંભ પર બાણ માર્યું. તે બાણ જેવું સ્થંભને વાગ્યું કે તેના બે ભાગ થઈ ગયા અને વાદળમાંથી સૂર્ય પ્રગટ થાય તેમ કાષ્ટમાંથી સર્વાંગ સુંદર અલંકૃત મલયસુંદરી પ્રગટ થઈ. તેના દેહમાંથી વિલેપન કરેલ ચંદનની કસ્તુરીની સૌરભ ચારે દિશામાં ફેલાઈ ગઇ. તેના ગળામાં લક્ષ્મીપૂંજ હાર ચમકારા મારતો હતો. મુખમાં પાન બીડું તે ચાવતી હતી. તેના જમણા હાથમાં વરમાળા હતી. ડાબા હાથમાં સુંદર કમલ હતું. જાણે લક્ષ્મીની શોભા ન બની હોય તેમ તે શોભતી હતી, ભાલ પર રહેલ કુમકુમ તિલક સર્વનું મધ્યબિન્દુ બની ગયું. આવો ભવ્ય દેખાવ જોઈ સૌ આશ્ચર્ય-મુગ્ધ બની જોઈ જ રહ્યા. રાજા પણ હર્ષના હિંડોળે ઝુલતો ત્યાં આવી પૂછવા લાગ્યો, "હે વહાલી કન્યા! તું આ સ્થંભમાં કેવી રીતે આવી? અને તું કુવામાં કેવી રીતે સજીવન રહી?"

મલયસુંદરી બોલી "પિતાજી! એ સર્વ ગોત્રદેવી જાણે છે" રાજા આશીર્વાદ આપી તેના માથે હાથ ફેરવી પોતાના સિંહાસન પર આરૂઢ થયો. તેના હર્ષનો પાર ન હતો. એવામાં ચંપકમાલા પુત્રી પાસે ગઇ અને તેના મસ્તકે હાથ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Aaradhak Trust

મુકી ઓવારણાં લેવા લાગી. ત્રણ ચાર દાસીઓએ કુમારીને ટેકો આપી કાષ્ટમાંથી બહાર જમીન પર ઉતારી.

લોકો મલયસુંદરીનો અને રાજાનો જય જયકાર ગજાવવા લાગ્યા. પ્રધાન મંત્રીએ રાજાના આદેશથી જાહેર કર્યું, "હે રાજકુમારો ! પ્રજાજનો ! આ કન્યાને કુવામાં પડતાં ગોત્રદેવીએ ઝીલી લીધી હતી, તે આજે પ્રગટ થાય છે. હવે એની ઈચ્છામાં આવે તેને તે વરમાળા આરોપે" મલયસુંદરી ધીરે ધીરે વીણાવાદક પાસે આવી. બીજા રાજકુમારોના મનોરથના ચૂરા કરતી, લોકોના મનનું હરણ કરતી, હંસી સમાન ગતિથી ચાલતી, તે કામદેવ જેવા શોભતા વીણાવાદકને સ્નેહ સભર નેત્રે વરમાળા આરોપણ કરી. બીજા રાજકુમારો આપસમાં કહેવા લાગ્યા, "અરે આ ચતુર રાજ-કન્યા છતાં એક સામાન્ય વીણાવાદક-ગાંધર્વિકના ગળામાં વરમાળા નાખી એ અમે સહન કરી શકીશું નહિ. એ માટે અમે એને મારીને પણ આ લગ્ન અમે થવા દઇશું નહિ. કાગની કોટે રત્ન હોય જ નહિ." રાજા પણ મનોમન વિચારવા લાગ્યો, "જ્ઞાનીનું કથન બધી વાતે સત્ય બન્યું પણ મહાબલકુમાર આ કન્યાને પરણશે એ વાત માત્ર અસત્ય ઠરી."

એ સમયે કુમારો બધા ભેગા થઇ સૈન્યબળ સજતા લડવા માટે તૈયારી કરવા લાગ્યા. તે સમયે રાજા વીરધવલે પોતાનું સૈન્ય બોલાવી વીણાવાદકના રક્ષણ માટે તેની ચારે બાજુ મુકી દીધું. તે વીણાવાદક પણ જરાય ડર્યા વિના પોતાના પર તૂટી પડેલા રાજકુમારોને પોતાની તલવારનો સ્વાદ ચખાડવા લાગ્યો. ક્ષણ વારમાં તે રાજકુમારો માર ખાઈ ભાગવા લાગ્યા. તે સમયે એક ભાટના પુત્રે મહાબલકુમારને ઓળખી લીધો. એ મોટેથી બોલ્યો "અહો ! આ તો સુરપાળ

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજાના પુત્ર મહાપરાક્રમી મહાબલકુમાર પોતે જ છે. મહાબલ-કુમારનો જય હો.”

આ શબ્દો શ્રવણ થતાંજ રાજા વીરધવલના આનંદનો પાર ન રહ્યો. તેણે ભાટને બોલાવી બધી ખાત્રી કરી. અને એ જ સમયે મહાબલે પણ પોતાનો ગાંધર્વિક વેશ તજી મૂળ રૂપને પ્રગટ કર્યું.

આનંદનો સાગર લહેરાઈ રહ્યો.

રાજા બોલી ઉઠયો : “જ્ઞાનીનું વચન કદાપિ મિથ્યા થાયજ નહિ.”

## મધુરજની

## ૧૫

રાજાએ ભાગતા રાજકુમારોને પાછા બોલાવી સર્વ વાત સમજાવી. અને યોગ્ય કન્યાને યોગ્ય જ વર મલ્યો છે. સીતા રામને જ વરી છે એમ જ્યારે તેમને સમજાયું ત્યારે તેઓ પણ હર્ષિત થઈ જાનૈયા બન્યા. રાજાએ પણ કુમારી અને કુમારને રાજમહેલે લઈ જઈ ભોજન કરાવ્યું અને પોતાના અનુચરોને લગ્નવિધિ માટે તૈયારી કરવા મોકલ્યા. ચંપકમાલાના આગ્રહથી રાજા પણ જમવા બેઠો અને જમતાં જમતાં એણે મહાબલને કહ્યું “કુમાર! મારી કન્યા તમને પ્રાપ્ત થશે એ વાત મને એક નૈમિત્તિકે કહી હતી. શું એનું જ્ઞાન! શું એનો પ્રભાવ! ખરેખર એ નૈમિત્તિકેજ મારૂં જીવન બચાવ્યું. નહિ તો શું થાત એ કહી શકાય તેમ નથી.”

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહાબલ મલયસુંદરી પ્રતિ સ્નિગ્ધ દૃષ્ટિ કરી મનોમન હસી રહ્યો. ચંપકમાલાએ પૂછ્યું "સ્વામીનાથ! એ નિમિત્તીઆને તમોએ કંઈ ઇનામ પણ ન આપ્યું?"

રાજાએ ખેદપૂર્વક કહ્યું "પ્રિયે! એની ઘણી શોધ કરાવી પણ સ્થંભની પૂજા કરતાં અર્ધો મંત્ર સાધવા માટે તે ગયો તે પછી હજુ સુધી મળ્યો જ નહિ. નહિ તો જરૂર સારૂં ઈનામ આપત!"

મહાબલે મનમાં કહ્યું: "આ મોટું ઈનામ કન્યારત્ન તો મળ્યું પછી એ નિમિત્તીઆને બીજું શું જોઇએ!"

બધા જમીને પરવાર્યા બાદ કુળદેવીની પૂજા કરી. રાજકુમારો તથા બંધુવર્ગને પણ ભોજન તાંબૂલથી માન આપ્યું. બહાર મંડપમાં માંગલિક વાજીંત્ર વાગવા લાગ્યા. ગાંધર્વો ગાયનો ગાવા લાગ્યા. નૃત્યાંગનાઓના નૃત્ય થવા લાગ્યા. લોકો તોરણ પુષ્પ વિગેરેથી ઘરને શણગારવા લાગ્યા. નારીઓ ધવલ મંગલ ગીતો ગાવા લાગી. મહાબલકુમારને પણ બીજા કુમારો રાજાના પોશાકમાં શણગારવા લાગ્યા. અને વરરાજા બનેલ મહાબલનો રાત્રિના સમયે સમગ્ર નગરમાં વરઘોડો ફરી આવ્યા બાદ રાજદ્વારે ઉતર્યો. અને ગોર મહારાજોના માંત્રિક શ્લોકોનો ધ્વનિ શરૂ થયો. અને શુભ લગ્ને મહાબલ કુમારનો મલયસુંદરી સાથે હસ્તમેળાપ થયો. રાજાએ તથા બીજા વડીલોએ નૂતન વરવધૂને આશીર્વાદ આપ્યા અને દાયજામાં હીરા માણેક મોતી હાથી ઘોડા વિગેરે રાજાએ વિપુલ પ્રમાણમાં આપ્યું.

મહાબલે અને રાજકન્યાએ માતા પિતાના ચરણે મસ્તક નમાવ્યું. રાજાએ કહ્યું. "ચંદ્ર અને ચાંદનીની જેમ તમારો સંયોગ અવિચ્છિન્ન રહો." કન્યાને ઉદ્દેશીને કહ્યું. "સારા ઘરની લક્ષ્મીની જેમ કુલની લક્ષ્મી બનજે બેટા!" ત્યાર બાદ એકાંતમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહાબલને પૂછ્યું "કુમાર ! આ પ્રસંગ પર એકાકી તમે કેવી રીતે આવ્યા ? લાવ લશ્કર કેમ સાથે લાવ્યા ન હતા ?" મહાબલે સમયોચિત જવાબ આપ્યો "વડીલ ! કોઇ દૈવીશક્તિએ મને આ સ્વયંવર મંડપમાં લાવીને મૂકી દીધો."

રાજા હસીને બોલ્યા, "બસ ! એ પણ ગોત્રદેવીનું જ કામ છે."

મહાબલ પણ ગોત્રદેવીના નામે મનમાં ઘણો રંજિત થયો. પછી બોલ્યો "વડીલ ! આવતી કાલે સવારે જ મારા માતા પિતાની પાસે મારે જવું પડશે. કારણ કે અચાનક જ કોઇ દેવીએ મારું હરણ કર્યું છે. જો નહિ જાઉં તો તેઓ મારા વિયોગમાં પોતાના જીવનની હાની પામશે."

રાજાએ કહ્યું "કુમાર ! એની ચિંતા ન કરો. અહીંથી પૃથ્વીસ્થાનપુર બાસઠ યોજન છે. વેગીલી સાંઢણી તૈયાર કરાવું છું. પ્રાતઃકાળે જજો."

આમ વડીલની વિદાય લઇ બન્ને એમના માટે શણગારેલા ખાસ મધુ મહેલમાં આવ્યા કારણ કે આજે એમની મધુરજની હતી. દરેક નવદંપતીને આ રજની અતિ પ્રિય હોય છે કારણ કે લગ્નની આ પ્રથમ પરસ્પરની વિશિષ્ટ અધિકૃત મુલાકાત હોય છે. પ્રથમ કાયાની પછી મનની મુલાકાત થાય છે. પછી આત્માનો સંગમ થાય છે. મલયસુંદરી ફુલથી શણગારેલા પલંગ પર બેઠી. એના નયનો નીચા ઢળ્યા હતા. લજ્જાનો મહાભાર તેને સતાવતો હતો. શું બોલવું તે તેને સૂઝતું ન હતું. જરીયાનના રેશમી વસ્ત્રમાં સજ્જ મહાબલ પણ સ્નિગ્ધ દૃષ્ટિથી કોમલાંગીના ચંદ્રબિંબ જેવા મુખને અનિમેષ જોઇ રહ્યો હતો. બન્નેના હૃદયમાં પારાવાર પ્રેમ હતો પણ....

કોણ પ્રથમ બોલે એ મહાપ્રશ્ન હતો. આખરે મહાબલ તેની પાસે બેસીને તેનો કોમલ કર હાથમાં લઇ બોલ્યો "પ્રિયા ! આજે આપણું મિલન થયું-આત્માનું સખ્ય થયું-

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપણું ઇચ્છિતકાર્ય સિદ્ધ થયું. મારી બીજી પ્રતિજ્ઞા પૂર્ણ થઈ. હવે માત્ર ત્રીજી પ્રતિજ્ઞા બાકી છે. માતાને હાર આપી તેનું જીવન બચાવવાની. હવે ભટ્ટારિકાના મંદિરે તમને જે કાર્ય સોંપ્યું હતું તે તમે કેવી રીતે પાર પાડયું, આ લક્ષ્મીપૂંજ હાર કેવી રીતે મેળવ્યો તે સર્વ વિગત કહો' અને મહાબલ તેની વાત સાંભળવા તેની બાજુમાં બેઠો. ક્ષણવારમાં મલયસુંદરીએ ઊર્ધ્વ મુખ કર્યું અને કુમાર સાથે દષ્ટિ મેળાપ થતાં પરસ્પરની વાત નેત્રોએ કરી લીધી અને થોડી જ વારમાં દેહમિલન થતાં મલય સુંદરી કન્યા મટીને વિધિવત્ સૌભાગ્યવતી બની.

એ બાદ એક પ્રહર પર્યંત બન્નેએ શી વાત કરી તે કોઈ જાણતું નથી પણ અચાનક વેગવતી દાસી મહેલમાં કંઈક લેવા દાખલ થઈ ત્યારે બન્નેએ મોટે મોટેથી તેને આવકાર આપી બોલાવી. વેગવતી તેમના શરીર પર રહેલા શ્રમના ચિન્હોથી સર્વ વાત સમજી ગઈ હતી, તે મોટેથી બોલી. "રાજકન્યા! આજની રાત તમારી મધુરજની છે. તમારા સુખમાં વિઘ્ન કરવાનું કામ મારૂં નથી, અને તે જવા ઉત્સુક બની, પણ બન્નેને હવે વાતો જ બાકી રહી હતી, તેથી વેગવતીને પરાણે બેસાડી અને તે સમયે વેગવતીએ પ્રશ્ન કર્યો. "આ બધું ખરેખર ગોત્રદેવીનું કામ છે કે એમાં માનવ યત્ન છે એ તો કહો કુમારસાહેબ !" મહાબલ કુમાર મધુર સ્મિત વેરતો હસવા લાગ્યો. એ સ્મિતે ગગન મંડળમાં તારા પણ આ રાત્રીમાં વધુ પ્રકાશ વેરતા હોય તેમ ચમકવા લાગ્યા. શાંત શીતલ રાત્રી વહી રહી હતી. કુમારની કથા પણ શરૂ થઈ.... વેગવતી એક ધ્યાને તે શ્રવણ કરવા લાગી મહેલના રત્નદીપકો પણ વારંવાર ચમકારા કરતા આ વાર્તાને જાણે શ્રવણ કરતા હોય તેમ ઝબૂકતા હતા.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ૧૬

મલયસુંદરીના આગ્રહથી મહાબલે વિશ્વાસુ દાસી વેગવતીને ભટ્ટારિકાના મંદિરે બન્ને છૂટા પડયા ત્યાં સુધીની સર્વ વાત કહી. પછી હસ્તિશાળામાં મુદ્રિકા હાથીના મુખમાં ઘાસયુક્ત મૂકી અને રાજાનું રક્ષણ કર્યું એ સર્વ કહ્યા બાદ આગળ ચલાવ્યું. "રાજા પાસેથી મંત્ર સાધનાના મિષે છૂટયા બાદ બજારમાંથી જોઈતા સાધનો લાવી ભટ્ટારિકાના મંદિરે આવ્યો. અને જે કાષ્ટની બે ફાટ ( ચંપકમાલા વાળી) પડી હતી તેને છોલીને સુંદર બનાવી ઉપરના ભાગમાં યંત્ર પ્રયોગવાળી એક ગૂઢ કીલીકા–ખીલી ગોઠવી. એ ખીલી દબાવવાથી તે સ્થંભઆકારના કાષ્ટના બે દ્વાર ખૂલી જાય એવી કરામત સર્જી. એવામાં કેટલાક ચોર તે મંદિરમાં એક મોટી પેટી ઉપાડીને આવ્યાં અને ત્યાં પેટી મુકી તેનું તાળું ખોલવાનું સાધન લેવા ગામમાં ઉપડયા. એમાંનો એક ચોર મંદિરની પાછળ સંતાઈ ગયો હતો, તેણે મેં ચોરસંજ્ઞાથી બોલાવ્યો મને પણ તેણે ચોર સમજીને કહ્યું, " અરે યુવાન! આ પેટીનું તાળુ ખોલી આપે તો–હું તને ભાગ આપીશ" મેં મારા હથીયારોથી તે પેટીનું તાળું ખોલી આપ્યું. પેટીમાંથી ઘરેણાં વિગેરે કાઢી તેણે એક પોટલું બાંધ્યું, અને એક કબાટમાં મૂકયું. એવામાં કંઈક અવાજ થવાથી તે બોલ્યો "હે મહાભાગ! મને થોડીવાર કયાંક સંતાડી દે, નહિ તો હું પકડાઈ જઈશ" મેં તેને મંદિરના શિખરના એક ભાગમાં શીલા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખસેડી ત્યાં ગોઠવી દીધો અને ઉપર શીલા સજ્જડ મૂકી દીધી. હું નીચે આવ્યો ત્યાં બાજુનાં વડવૃક્ષના પોલાણમાં મારા વસ્ત્ર અલંકાર વિગેરે જે ખોવાયા હતા અને દેવીતત્ત્વે હરણ કર્યા હતા તે જોયાં. તે સર્વ અલંકાર તે દેવીએ ફેંકયા હશે અને આ ચોરના હાથમાં આવ્યા હશે અને તેણે અહીં મુકયા હશે એમ ઘટમાન કરી તે અલંકાર વસ્ત્ર મેં કબજે કર્યા. ત્યાર બાદ તે કાષ્ટને યોગ્ય સ્થંભ રૂપ બનાવી ઉપર ચિત્રામણ કરતો હતો ત્યાં તું આવતી જણાઇ હવે તારૂં વૃત્તાંત–હે મલય સુંદરી ! તું કહે.

વેગવતી મનોમન બોલી "ઓહો ! કુમાર સાહેબ ઘણા બુદ્ધિમાન લાગે છે." મલયસુંદરી બોલી, "પછી સ્વામીનાથ ! આપનાથી છૂટા પડયા બાદ હું માગધગણિકાને ત્યાં આવી. તેને એક ધૂર્તે ઠગી હતી. તે મહાસંકટમાં પડી હતી. તેના શરીરના સાંધા નરમ પડી ગયા હતા. ચલાતું પણ ન હતું. મેં તેને આશ્વાસન આપી તેની આવી સ્થિતિનું કારણ પૂછયું, તે બોલી, "હે યુવાન ! (હું તે સમયે પુરૂષ રૂપમાં હતી) હું આ મંદિરના ઓટલે બેઠી હતી ત્યાં એક ધૂર્ત મંદિરમાં દર્શન કરવા આવ્યો. મારા રૂપને તે ટીકી ટીકીને જોવા લાગ્યો. હું ગણિકા છું એ એને કયાંથી ખબર હોય ? મેં પણ તેને આંખના પલકારે પાસે બોલાવ્યો. તે આવીને કહેવા લાગ્યો, "બોલો સુંદરી ! તમારી શી સેવા કરૂં ?" મેં કહ્યું મારૂં આ શરીર જરા દુઃખે છે તો જરા સંવાહન કર. દબાવી આપ ! તેણે કહ્યું "હું સુંદર રીતે દબાવી આપીશ. તમે શું આપશો ?" મેં કહ્યું, કંઈક આપીશ. તને રાજી કરીશ."

એ ધૂર્તે મારૂં શરીર એવી રીતે દબાવી આપ્યું કે મારો સમગ્ર થાક ઉતરી ગયો. હવે તેણે કહ્યું "કંઈક આપ અને મને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજી કર." મેં તેને ઘરેણાં–અલંકાર આપવા માંડયા પણ તે મને કહે છે કે 'કંઈક' આપ નહિ તો અહીંથી જવા નહિં દઉં. એણે મને અહિં રોકી રાખી છે. કંઈ લેતો નથી અને મને જવા દેતો નથી. આવા સંકટમાં હું પડી છું. "મારે પણ મગધ ગણિકાની લક્ષ્મીપુંજ હાર માટે જરૂર હતી તેથી મેં તે મગધાને કાનમાં કંઈક કહ્યું અને કહ્યું હું ત્રીજા પહોરે તારા મહેલે આવીશ. હું બે પ્રહર બજારમાં ફરવા ગઈ. ત્રીજા પ્રહરે તે મગધાના મહેલે ગઈ ત્યારે તે હસતી હસતી મારી સન્મુખ આવી અને બોલી "શાબાશ યુવાન ! તારી યુક્તિથી હું સંકટમાંથી પાર પડી."

વેગવતીએ પૂછયું, "કુમારી બા ! એવી શી યુક્તિ કરી તમે ?" મલયસુંદરીએ કહ્યું "હે મગધા ! જ્યારે તે ધૂર્ત આવે ત્યારે તેને ભોજન કરાવીને કહેવું કે પેલો ખૂણામાં ઘડો પડયો છે તે લાવ. એ ઘડામાં એક સર્પ પૂરી રાખવો. તે જેવો હાથ નાખે ત્યાં ચમકે અને બોલે કે "આમાં તો 'કંઈક' છે કે તુરત તારે કહેવું એ 'કંઈક' લઈ જા. એ તારૂં ઈનામ છે અને મગધાએ તે ધૂર્તને મહેલે લાવી ભોજન કરી બેસાડી મદારી પાસેથી એક સર્પ મંગાવી ઘડામાં પુરી એ પ્રમાણે કર્યું અને તે સંકટનો પાર પામી. ત્યાર બાદ મગધા મને કહે "હવે હું તમારી શી સેવા કરૂં ?" મેં કહ્યું, "તારા ઘરમાં કોઈક રાજદ્રોહી માણસ લાગે છે. તારી સેવા મને ન ખપે' મારા વચનથી તે આશ્ચર્ય પામી. તે ધીરેથી નમ્ર વદને બોલવા લાગી, "યુવાન ! તમે કોઈ જ્યોતિષી લાગો છો. સાચી વાત છે. રાજદ્રોહી કનકવતી મારા ઘરમાં નીચે ભોંયરામાં છે. એણે મને ખૂબ ધન આપ્યું છે. પણ હવે એને કાઢવી કઈ રીતે ? કારણ કે રાજપુરૂષોને જો ખબર પડે કે મારા ઘરમાં આ બલા છે તો મારી મિલકત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જપ્ત કરી દે. માટે તેને કાઢવાનો કોઈ ઉપાય બતાવો. તમે તો ઘણા જ્ઞાની છો !"

આમ કહી તે મને કરગરવા લાગી. મેં કહ્યું, "હું તને જરૂર આ બળતી આગમાંથી છોડાવીશ. તું મને એ કનકવતીનો મેળાપ કરાવ. "વેશ્યા ખુશ થઈ. મને સારી રીતે ભોજન વિગેરે કરાવી રાત્રીના સમયે કનકવતી પાસે લઈ ગઈ. અને તેને કહ્યું, "રાણીબા, આ યુવાન મારા મિત્ર છે અને તમારા રક્ષણ માટે આવ્યા છે" એમ કહી તે ચાલી ગઈ. કનકવતી મારૂં કામદેવ જેવું રૂપ જોઈ મારી પાસે વિષયસુખની યાચના કરવા લાગી. મેં કહ્યું, "રાણીબા! મારો એક યુવાન મિત્ર છે તે મારાથીય રૂપાળો છે. તે આજે ભટ્ટારિકાના મંદિરે આવશે. આપણે બન્ને ત્યાં જઈશું. તમે તમારા બધા શણગાર સજી લેજો જેથી વધુ મનમોહક લાગો તમારી પાસે કોઈ સારો હાર હોય તોયે પહેરી લેજો." કનકવતી મારી વાતમાં આવી ગઈ. તેણે કહ્યું, લક્ષ્મીપુંજ નામે હાર મારી પાસે છે પણ તે મારા મહેલમાં દક્ષિણ દિશાના કબાટમાં છે તો દિવસે તો ચોકીદારો પકડી લે. રાત્રીએ હું ત્યાંથી લઇ આવીશ. પછી જરૂર આપણે જઈશું. પણ શું તે યુવાન ઘણો જ રૂપાળો છે? તમારાથીયે વિશેષ? અને એ ના પાડે તો ?" મેં કહ્યું, "ઘણો રૂપાળો છે. નહિ તો હું તો છું જ ને!" એને આમ આશ્વાસન આપી હું ઉપર આવી. ત્યારબાદ હું અને મગધા કનકવતીના મહેલે રાત્રીના સમયે પ્રથમ જઈ આવ્યા પણ તે હાર અમને મળ્યો નહિ. ત્યારબાદ કનકવતીને કહ્યું તું હાર લઈને ભટ્ટારિકાના મંદિરે આવજે અને હું તમોને મળી. તે બાદ તમોએ કહ્યું, "એ નીચ સ્ત્રી સાથે મારે વાત કરવી પણ ઉચિત નથી તો ભોગની વાત જ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ક્યાં?" તેવામાં, તેને આવતી જોઈ તમે સંતાઈ ગયા. અને કનકવતી હાર લઈ ને આવી પહોંચી. કામી મનુષ્યોની દિનદશા વિચિત્ર જ હોય છે. મેં તેને કહ્યું, "રાણીબા ! અહીં ચોરનો ઉપદ્રવ છે અને મારા મિત્ર આવે તે પહેલાં તમારી પાસે કંઈ હોય તો તે મને આપીને સંતાઇ જાવ, નહિ તો આપણું કાર્ય થશે નહિ." એવામાં તમોએ કંઈક ખખડાટ કર્યો અને તે કનકવતીએ ભયથી પોતાના અલંકારો અને લક્ષ્મીપુંજ હાર મને આપી દીધો. મેં તેને ખાલી પડેલી પેટીમાં સંતાડી અને લક્ષ્મીપુંજ હાર તથા એક કંચવો કાઢી લઈ તે અલંકારોની પોટલી તેના ખોળામાં મુકી પેટી બંધ કરી, ઉપર પાસે પડેલું તાળું મારી દીધું.

આ સાંભળી વેગવતી ખડખડાટ હસવા લાગી, "વાહ વાહ ! બન્નેમાંથી "કોણ બુદ્ધિમાં ચડે એ એક કોયડો થઈ ગયો." હસતાં હસતાં મલયસુંદરીએ વાત આગળ ચલાવી : "પછી સ્વામીનાથ! તમે સંતાઈ ગયેલા તે પ્રગટ થયા અને આપણે બન્ને એ તે પેટી ગોળા નદિમાં પધરાવી દીધી તે બાદ તમે મારા કપાળમાંથી તિલક ભૂંસી નાખ્યું, હું સ્ત્રી રૂપે થઈ. મેં કંચવો પહેરી લીધો. તમારા લાવેલા સાધનોમાંથી ચંદન વિગેરે વિલેપન કર્યું, કસ્તુરી વિગેરેથી અંગ સુરભિત કર્યું. કુંકુમ તિલક વિગેરે કર્યું, ગળામાં લક્ષ્મીપુંજ હાર પહેર્યો. તમે મને કાષ્ટમાં બેસાડી તે બાદ જ્યારે તમારી વીણાનો અવાજ સાંભળ્યો અને તમારૂં બાણ સ્થંભને વાગ્યું ત્યારે ખીલી કાઢી લીધી. ત્યાં દ્વાર ખૂલી ગયા અને હું પ્રગટ થઈ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## વ્યંતરની સહાય

## ૧૭

વેગવતી બન્નેની બુદ્ધિ કલા પર આફ્રિન થઈ ગઈ, એણે કુમારને પૂછ્યું "પણ તે સ્થંભ ભટ્ટારિકાના મંદિરથી પૂર્વ દરવાજે કઈ રીતે આવ્યો?"

કુમારે કહ્યું. "પેલા જે ચોરો ગામમાં તાળુ ખોલવાનું સાધન લેવા ગયા હતા. તે પાછા આવશે જ એ મને ખાત્રી હતી. જ્યારે તે પાછા આવ્યા ત્યારે તેમને ચોરના સંકેતથી બોલાવ્યા. તેઓએ મને પૂછ્યું, અહીં એક પેટી અને ચોર હતો તે ક્યાં ગયો? મેં કહ્યું "તમે આ સ્થંભ ઉપાડી નગરના પૂર્વ દરવાજે મુકી આવો તો બધી માહિતી આપું" અને તેઓ જ તે સ્થંભ પૂર્વદ્વારે મુકી આવ્યા. ત્યારે મેં કહ્યું "જુઓ! "આ ગોળા નદીમાં દૂર એક પેટી તરતી દેખાય! તેમાં તે ચોર પોટલું બાંધી બેસી ગયો છે."

તે બધા તે પેટીને કાઢવા ગોળાનદીમાં પડયા અને મેં પણ રાત્રીપર્યંત તે સ્થંભની આસપાસ ફરી તે સ્થંભનું રક્ષણ કર્યું. પ્રભાતે રાજા પાસે આવ્યો અને પછીની હકીકત તમે જાણો છો." હસતાં હસતાં મહાબલે કહ્યું "વેગવતી! રાજાને સ્થંભની વધામણી મળી, મને મલયસુંદરી મળી અને તને શું મળ્યું?" વેગવતીએ જવાબ આપ્યો, "મને કુમાર-સાહેબ મળ્યા" અને બધા હસી પડયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાત્રીનો ત્રીજો પ્રહર શરૂ થઈ ગયો હતો. આ યાદગાર રાત્રી જાણે સ્નેહીઓની વાતની જેમ ખૂટતી જ ન હતી. પણ અચાનક મહાબલને યાદ આવ્યું "અરે રાજકન્યા ! પેલા ચોરને ભટ્ટારિકાના મંદિરના શિખર પર પૂર્યો છે તેને બહાર કાઢી આવું, નહિ તો બિચારો મરી જશે."

મલયસુંદરી બોલી : "સ્વામીનાથ ! હું હવે એક ક્ષણ પણ તમને અળગા કરવાની નથી. તમારી સાથે જ આવીશ." અને જતા મહાબલની સાથે તે જોડાઈ ગઈ. મહાબલે વેગવતીને કહ્યું, "અમે બન્ને ભટ્ટારિકાના મંદિરે દર્શન કરવા જઈએ છીએ. રાજા સાહેબને કહેજો કે બન્ને જણા હમણાં જ પાછા આવશું."

અને વેગવતીને ભલામણ કરી બન્ને ભટ્ટારિકાના મંદિર પ્રતિ ઉપડયા. પરોપકારમાં તત્પર કુમાર બીજાનો જીવ બચાવવા ચાલ્યો. પ્રભાતકાલ થયું છતાં બન્ને પાછા નહિ ફરતાં વેગવતીએ રાજાને વાત કરી. રાજા–બીજા જે કુમારો ઉદ્ધત હતા અને કહેતા હતા કે તે મહાબલને મારીને પણ અમે રાજકન્યા લઈશું, તેને સમજાવતા હતા, ત્યાં આ વાત સાંભળી. તેમણે તે બન્નેની તપાસ કરી પણ ભટ્ટારિકાના મંદિરે કે કયાંય તેમનો પત્તો મળ્યો નહિ. રાજકુમારો તો વિલખા પડી પોતાના દેશ ચાલ્યા ગયા પણ વીરધવલ રાજા મોટા દુઃખમાં પડયો કે એક સ્વપ્નની માફક મલયસુંદરી પ્રગટ થઈ, મહાબલકુમાર તેને પરણ્યો અને પ્રભાત પૂર્વે તેઓ અદૃશ્ય થઈ ગયા. રાજા પુત્રીના વિયોગે શોક-સમુદ્રમાં પડયો. વેગવતીની ભલામણથી ચારે દિશામાં શોધ કરવા મનુષ્યો મોકલ્યા અને પુત્ર મલયકેતુને પૃથ્વીસ્થાનપુરે સુરપાલ રાજા પાસે તપાસ કરવા મોકલ્યો. કદાચ તેઓ ત્યાં પહોંચ્યા હોય એ વિચારે.... આ બાજુ કુમાર અને કુમારી અંધારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાત્રીના સમયે ભટ્ટારિકાના મંદિરે આવ્યા. મહાબલે કહ્યું; "પ્રિયા! આવા ચોર ડાકુના સ્થાનમાં નિર્જન સ્થાનમાં સ્ત્રી તરીકે તારે રહેવું ઉચિત નથી. માટે તારૂં પુરુષ રૂપ કરવા દે."

મલયસુંદરીએ કહ્યું : "જેવી આપની ઈચ્છા" અને મહાબલે આમ્રવૃક્ષ પરથી એક આમ્રફળ તોડી તેના રસમાં ગુટિકા ઘસી તેના કપાળમાં તિલક કર્યું–ક્ષણવારમાં મલયસુંદરી પુરૂષ રૂપે ફેરવાઇ ગઈ. ત્યારબાદ કુમારે શિખરમાંથી તે ચોરને બહાર કાઢયો. તે તુરત જ કબાટમાંથી દ્રવ્યની પોટલી કાઢી કુમારને વારંવાર નમસ્કાર કરતો ઉપકાર માનતો વૃક્ષની ઝાડીઓમાં વિલીન થઈ ગયો. તેઓ મહેલે પાછા ફરતાં હતાં તેવામાં માર્ગમાં એક મોટા વટવૃક્ષ પર વ્યંતરદેવ અને દેવી બન્ને પરસ્પર વાર્તાલાપ કરતા હતા. તે શબ્દો કુમારના કાને પડયા. તે શું વાત કરે છે. તે સાંભળવા બન્ને નીચે ઊભા રહ્યા. મલયસુંદરીના ગળામાં જે દિવ્ય હાર હતો તે કાઢીને કુમારે પોતાની કેડમાં બાંધી લીધો. કારણ કે એ હારનું જો હરણ થાય તો મહાઅનર્થ નીપજે. ત્યાં વ્યંતરદેવ બોલ્યો, "પ્રિયા! કંઈક નવીન હોય તો જણાવો." વ્યંતરદેવી બોલી, "એક વાત આજે બનવાની તૈયારીમાં છે. પૃથ્વીસ્થાનપુરમાં રાજા સુરપાલ છે. તેના પુત્ર મહાબલે પ્રતિજ્ઞા કરી છે કે પાંચ દિવસમાં લક્ષ્મીપૂંજ હાર ન મળે તો અગ્નિનું શરણ લેવું. તેની માતાએ પણ એવી પ્રતિજ્ઞા કરી છે. મહાબલનો તો પત્તો નથી. પણ કાલે પાંચમો દિવસ થશે અને હાર હજુ મળ્યો નથી તેથી તે પદ્માવતી રાણી જરૂર બળી મરશે."

આ શબ્દો સાંભળતાં મહાબલના હૃદયમાં પારાવાર ખેદ થયો. અહો! હું અહિં વિલાસ કરૂં છું અને મારા કુટુંબનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિનાશ થવા બેઠો છે. આ ભૂત લોકો અસત્ય બોલતા નથી. શું કરવું ? ક્યાં પૃથ્વીસ્થાનપુર અને ક્યાં ચંદ્રાવતી ! એક દિવસમાં કેમ પહોંચાય ?" મહાબલ મુંઝવણમાં મુકાયો હતો.

એવામાં વ્યંતર બોલ્યો, ચાલો પ્રિયા, આપણે તે જોવા જઈએ. અને હુંકારો કર્યો એટલે વૃક્ષે ઊડવાની તૈયારી કરી. બન્ને જણા મહાબલ અને મલયસુંદરી એ જ વૃક્ષની બખોલમાં થડ પકડી બેસી ગયા અને વૃક્ષ ઊડવા લાગ્યું.

મહાબલ જાણે કોઈ વિમાનમાં બેઠો હોય તેમ નીચેની સરકતી જમીન અનિમેષ નેત્રે જોઈ રહ્યો હતો. મલયસુંદરી પણ સ્વામીના સાન્નિધ્યે નિર્ભય થઈને બાજુમાં બેઠી હતી.

થોડી જ વારમાં તે વૃક્ષ ગોળા નદીની બાજુમાં એક પર્વતની મેખલા પાસે આવીને અટક્યું. પરિચિત પ્રદેશે–પોતાનું નગર બાજુમાં જ છે તેવી ખાત્રી થતાં કુમાર અને કુમારી તે વૃક્ષમાંથી બહાર આવ્યા. તે સમયે વળી વૃક્ષ ત્યાંથી ઊડવા લાગ્યું. બન્ને જણાએ વિચાર્યું, સારૂં થયું આપણે શીઘ્ર બહાર આવ્યા. નહિ તો આ વૃક્ષ ક્યાં લઈ જાત. બન્ને ધીરે ધીરે ચાલીને કદલીદલના વનમાં આવ્યા. અને વિશ્રામ લેવા એક વૃક્ષ નીચે બેઠા. એવામાં થોડેક દૂર કોઈ સ્ત્રી કરુણ સ્વરે રૂદન કરતી હોય તેવો અવાજ કુમારના કાને અથડાયો. મહાબલ પારકાના દુઃખોને જોવા અશક્તિમાન હતો. રૂદન સ્વર ઘેરો થતાં મહાબલે કહ્યું "પ્રિયે ! તમે થોડીવાર અહીં બેસો. હમણાં જ હું તે કોણ રડે છે તેની તપાસ કરીને આવું છું. દુઃખીને મદદ કરવી એ આપણી ફરજ છે" અને તે ત્યાંથી રૂદનના અવાજ પ્રતિ ચાલ્યો. મલયસુંદરીએ વિચાર્યું, વારંવાર એમની સાથે તેમની ઈચ્છા વિના જવું ઉચિત નથી. હમણાં

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ પાછા આવશે, એમ ધારીને તે સાથે ન ગઈ. ઘણો સમય ગયો પણ કુમાર પાછો ન આવ્યો ત્યારે એના હૃદયમાં ફાળ પડી. શું થયું હશે ? વારંવાર તે ચારે બાજુ જોતી પાછી ફરતી આવવાના ભણકારા સાંભળતી મહામુશ્કેલીએ સમય પસાર કરવા લાગી. અને પ્રાતઃકાળનો સૂર્યોદય થયો. નક્કી એ માર્ગ ભૂલી ગયા હશે. નગરમાં જ ગયા હશે. લાવ હું પણ નગરમાં જાઉં, આમ વિચારી તે નગર પ્રતિ ચાલી.

# પતિનો વિયોગ

## ૧૮

મલયસુંદરી થોડીવારમાંપૃથ્વીસ્થાનપુર નગરના મુખ્ય દ્વારે આવીને જ્યાં દ્વારમાં પ્રવેશ કરે છે ત્યાં તે નગરના કોટવાલની દૃષ્ટિ તેના પર પડી. અજાણી, રૂપવાન અને એકાકી વ્યક્તિ જોઈ એણે પૂછ્યું,; “એ યુવાન! તું કોણ છે? કયા શહેર-માંથી આવ્યો છે? તારૂં નામ શું?”

મલયસુંદરીએ કંઈ જવાબ ન આપ્યો. તે પતિના વિયોગમાં બેબાકળી થઈ ગઈ હતી. એની વિકળતા જોઈ કોટવાલને વહેમ પડયો. એના વસ્ત્ર વિગેરે તપાસ્યા-તો મહાબલકુમારના સુવર્ણકુંડલ અને સાફો મળી આવ્યાં. કોટવાલ વિચારમાં પડયો. કુમાર સાહેબનાં વસ્ત્રો અને કુંડલ આની પાસે કયાંથી? નક્કી આ કોઇ ચોર લાગે છે. તે યુવાનને પકડી રાજા પાસે લાવ્યો અને બધી વિગત જણાવી. રાજાએ આ યુવાનને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પૂછ્યું "તું કોણ છે, અને અમારા કુમારના વસ્ત્રો વિગેરે તારી પાસે ક્યાંથી આવ્યા ?" મલયસુંદરીએ વિચાર્યું જો સાચું કહીશ તો પણ આ સમયે કોઈ માનશે નહિ. એથી તે મૌન જ રહી. રાજાએ જ્યારે આક્રોશથી પૂછ્યું ત્યારે તે બોલી. "રાજન્ ! હું મહાબલકુમારનો પ્રિય મિત્ર છું. તેમણે જ મને આ વેશ આપ્યો છે." રાજાએ પૂછ્યું "તો કુમાર અત્યારે ક્યાં છે ?" મલયસુંદરીએ કહ્યું–"રાજન્ ! એ સ્વેચ્છાએ આટલામાં ક્યાંક ફરતા હશે, નક્કી ક્યાં છે તે હું પણ જાણતો નથી." રાજાનો વહેમ દૃઢ થયો, એણે કહ્યું જો આટલામાં ફરતા હોય તો અમને શા માટે ન મળે ? અમે ઘણા વખતથી તપાસ કરીએ છીએ–વળી તું એનો મિત્ર છે એ વાત પણ માનવામાં આવતી નથી. એનો આવો મિત્ર કોઈવાર એની પાસે અમે જોયો નથી, માટે અમને એમ લાગે છે કે જે લોહખૂર નામે ચોર હમણાં ઉપદ્રવ કરે છે, તેનો તું સાથીત લાગે છે, કારણ કે ગઈકાલે જ તે લોહખૂરને મારી નાખ્યા બાદ રાજકુટુંબના કેટલાય વસ્ત્રો–ઘરેણાં તેની પાસેથી નીકળ્યા હતા."

આ સાંભળતાં મલયસુંદરી મનમાં ભય પામી. હજુ લગ્ન કરી એક રાત્રી પણ પૂરી પતિ સાથે કાઢી નથી, હજુ લગ્નની પીઠી પણ સુકાણી નથી ત્યાં પતિનો વિયોગ અને ચોરનું કલંક માથે આવીને ઉભા રહ્યા. ખરેખર વિધિની કેવી રાજરમત ! કેવું વિપત્તિનું વાદળ ચઢી આવ્યું." માનવી પર આફત આવે છે ત્યારે અણધારી ધસી આવે છે.

મલયસુંદરીને મૌન જોઈ રાજા બોલી ઉઠયો : "સૈનિકો ! ચોર હંમેશાં અલ્પભાષી જ હોય. આને પકડીને વધસ્થંભ ઉપર ચડાવી દો. લોહખૂરનો સાથીત લાગે છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ સાંભળી મલયસુંદરી ભય ભ્રાંત થઇ ગઇ. ક્ષણવાર વિકલ બની ગઈ. ત્યાં એને યાદ આવ્યું, "અહો ! ભાગ્ય તારી રમત! તારું જ ધાર્યું થશે, મહાબલનો શ્લોક યાદ આવ્યો. તે મનમાં વિચારતી કહેવા લાગી. જે રાજકન્યા આ ઘરની પુત્રવધૂ છે, ગૃહલક્ષ્મી છે, તેને રાજા ચોર સમજે છે, તેનો વધ કરવાનું ફરમાન કરે છે. ખરેખર ! મારા કર્મમાં અશુભ કર્મ બાકી હશે તો તે ભોગવ્યા વિના છૂટકો નથી, અને શુભ હશે તો આ વાદળ વિખરાતાં વાર પણ લાગશે નહિ........ विधत्ते यद्विधिस्तस्या ........એ શ્લોકે તેને આશ્વાસન આપ્યું. તેનો ભય ક્યાંય ઊડી ગયો. મુખ પર ફરી એ શાંતિ અને સ્વસ્થતા આવીને ઉભી રહી. એક મહામુનિની જેમ તે સમતા રસમાં ઝૂલવા લાગી. ત્યાં મુખ્ય મંત્રીએ રાજાને કહ્યું "રાજન્! આ યુવાનના મુખ પરની સૌમ્યતા દેખી એ ચોર હોય તેમ લાગતું નથી. માટે તેનો વધ ન કરવો જોઇએ, વધથી અપકીર્તિ થવાનો સંભવ છે. એને કોઈ દિવ્ય ઔષધ આપવું જોઇએ. જો એ નિર્દોષ હશે તો પાર ઉતરશે અને સદોષ હશે તો જણાઈ આવશે. અને એથી લોકો આગળ પણ આપણી અપકીર્તિ નહિ થાય." મંત્રીની વાત રાજાના ગળે ઉતરી ગઈ. એ બોલ્યો તો મંત્રીશ્વર! એને કયું દિવ્ય ઔષધ આપશું. ?

મંત્રીએ કહ્યું, "સર્પઘટનું," આ ધનંજય યક્ષના મંદિરમાં એક ઘડામાં ભયંકર સર્પ મુકવો. તે આ યુવાન પોતાના હાથે બહાર કાઢે. જો તે નિર્દોષ હશે તો યક્ષના પસાયે તેનો વાંકો વાળ નહિ થાય, ચોર હશે તો માર્યો જશે. રાજાને આ વાત ગમી ગઈ. એણે કેટલાક ગારુડિકોને બોલાવી ઘડામાં સર્પ લાવવાની આજ્ઞા કરી. ગારુડિકો સર્પ લેવા ઉપડયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મલયસુંદરી પાસેથી મહાબલના વસ્ત્ર ઉતરાવી લીધા, સાદો વેશ આપ્યો અને કોટવાલની દેખરેખ નીચે તેને સોંપી. એવામાં રાણી પદ્માવતીને ત્યાંથી દાસી આવી અને રાજાને કહેવા લાગી. "રાજા સાહેબ! પદ્માવતી બાએ કહેવડાવ્યું છે કે હજુ સુધી રાજકુમારનો પત્તો નથી, લક્ષ્મીપુંજ હાર પણ મળ્યો નથી, હવે હું મારૂં જીવન ટકાવવા શક્તિમાન નથી. આપ મારો અપરાધ ક્ષમા કરશો પણ મારા માટે હવે એકજ ઉપાય બાકી છે. અલંબાદ્રિ પર્વતના શિખર પરથી ઝંઝાપાત કરવો, આપ આજ્ઞા આપો."

રાજાએ કહેવડાવ્યું, "આવું દુઃસાહસ કરવાની જરૂર નથી. કુમારની અને હારની શોધ ચાલે છે, મહેરબાની કરી વિલંબ કરો. હજુ આજે પાંચમો દિવસ પૂરો થયો નથી અને મહાબલના વસ્ત્ર કુંડલ મળી આવ્યા છે."

રાજાએ તે વસ્ત્ર કુંડલ દાસી સાથે રાણીને મોકલાવ્યા. અને સર્વ વૃત્તાંત કહ્યો. રાણી પણ તે યુવાનને જોવા રથમાં ધનંજયના મંદિર પ્રતિ ચાલી. કોટવાલ મલયસુંદરીને લઈને ધનંજય યક્ષના મંદિરમાં આવી ગયો. થોડીવારમાં એક ઘડામાં ભયંકર સર્પને પૂરી ગારુડિકો પણ આવી ગયા. રાજા–મંત્રી અને રાજકાફલો તથા ઉત્સુક જિજ્ઞાસુ પ્રજાજનો પણ ધનંજયના મંદિરે આવી ગયા. નગરમાં વાત ફેલાતાં વાર ન લાગી કે એક રૂપવાન યુવાનને દિવ્ય અપાય છે. તે યુવાનને જોવા નગરના મોવડી મંડળે વિનંતી કરી, "રાજન્! આવો દિવ્ય આકૃતિ-વાળો યુવાન ચોર હોય એમ લાગતું નથી. જળથી અગ્નિ પ્રગટ ન થાય, ચંદ્રથી અંગારા ન વરસે, માટે આ નિર્દોષ જ લાગે છે. એને છોડી મૂકો."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ જવાબ આપ્યો.“મારા વહાલા પ્રજાજનો ! તમારી વાત બરાબર છે, પણ હંમેશા સોનાની કસોટી થાય પછી તે વધુ તેજસ્વી શુદ્ધ ગણાય છે. આ યક્ષરાજનો મહિમા પ્રસિદ્ધ છે. તે કદાપિ નિર્દોષને દંડ દેશે નહિ અને આ યુવાન નિર્દોષ હશે તો જરુર એનો વાળ પણ વાંકો નહિ થાય.”

પ્રજાજનો રાજાની યુક્તિગમ્ય વાતથી મૌન રહ્યા. શું બને છે તે નિહાળવા લાગ્યા. એવામાં રાજાની આજ્ઞાથી ગારુડિકોએ યક્ષના ચરણ પાસે ઘડો મૂકયો. અને રાજાએ તે ઘડામાંથી સર્પ બહાર કાઢી બધાને બતાવી ઘડામાં પાછો મૂકયો. જો આ દોષિત હશે તો માર્યા જશે. આ યક્ષનો મહિના અદ્‌ભૂત છે.” આ સાંભળી મલયસુંદરી પંચપરમેષ્ટિ મંત્રનું સ્મરણ તથા શ્લોકને યાદ કરતી ઘડા પાસે આવી અને પ્રસન્નચિત્તે ઉત્સાહથી તે ઘડો ઉઘાડયો અને લોકોના આશ્ચર્ય વચ્ચે તેમાંથી હાથમાં પકડી સર્પ બહાર કાઢયો. ત્રણ ફુટ લાંબા શ્યામ નાગને જોઈ લોકોના જીવ અદ્ધર થઇ ગયા. શું થશે ? ત્યાં તો તે સર્પ જાણે દોરડી સમાન થઇ સ્નેહી હોય તેમ મલય-સુંદરીનું મુખ જોવા લાગ્યો ક્ષણવારમાં લોકો મોટે અવાજે બોલવા લાગ્યા....

“નિર્દોષ ! નિર્દોષ ! રાજા સાહેબ ! યુવાનને છોડી મૂકો....” રાજા પણ યુવાનને નિર્દોષ જાણી પ્રસન્ન થયો. પણ એવામાં તે સર્પે મુખમાંથી દિવ્ય હાર કાઢયો અને ધીરે ધીરે મલય-સુંદરીના ગળામાં પહેરાવ્યો, અને પોતાની જીભથી મલયસુંદરીના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કપાળનું તિલક ભૂંસી નાખી તેના મસ્તક પર છત્રની માફક ફણા પ્રસારીને રહ્યો.

તિલક ભુંસાઈ જતાં ક્ષણવારમાં મલયસુંદરી પોતાના મૂળ રૂપને પામી. રાજા અને પ્રજા તો આ ચમત્કાર જોઈ આશ્ચર્યમાં સ્તબ્ધ-સ્થિર જ થઈ ગયા.

ક્ષણ પૂર્વેનો યુવાન ક્ષણવારમાં સ્ત્રી રૂપ થઈ ગયો. જાણે પદ્માવતી દેવી પર ધરણેન્દ્ર ફણા કરીને રહે એવું ભવ્ય દૃશ્ય લોકો જોઈ જ રહ્યા.

મલયસુંદરીના ગળામાં ઝુલતા લક્ષ્મીપૂંજ હારને પદ્માવતી દેવી ઓળખી ગયાં. બોલી ઊઠયાં. "સ્વામીનાથ! આ તો લક્ષ્મીપૂંજ હાર છે," એક સાથે ત્રણ ત્રણ ચમત્કાર જોઈ રાજા સુરપાલ આશ્ચર્યમાં પડી ગયો. આ સર્પ કોઈ સામાન્ય સર્પ નથી, ખરેખર કોઈ દેવ છે અથવા સાક્ષાત્ શેષનાગ લાગે છે. એનો મેં અવિનય તો નથી કર્યો; એ વિચારે રાજા ભયથી થરથર ધ્રુજવા લાગ્યો અને કુમારી પાસે આવી બે હાથ જોડી બોલ્યો. "હે નાગરાજ! અમે અજ્ઞાન છીએ. પરમાર્થ કંઇ જાણતા નથી. આપ જરાય કોપ ન કરશો. પ્રસન્ન થાવ અને અમારો અપરાધ ક્ષમા કરો. આ વ્યક્તિ નિર્દોષ છે કે નહિ એટલું જ અમારે જાણવું હતું. ખરેખર ભક્તિગ્રાહ્યા દેવતા! -દેવો પણ નિર્દોષને સહાય આપે છે. દેવ! હવે ક્ષમા કરો" અને દુધ મંગાવી રાજાએ તે સર્પની આગળ પીવા માટે મુકયું. તુરત તે સર્પ દુધ પીવા લાગ્યો. રાજાએ તે સર્પ પર પુષ્પવૃષ્ટિ કરી અને ગારુડિકોને આજ્ઞા કરી "આ નાગરાજને

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જરાય દુઃખ ન થાય તેમ બહુમાનપૂર્વક જંગલમાં મુકી આવો. જો જરાય તેને દુઃખ થશે તો તમને દેહાંતદંડ થશે.

ગારૂડિકો સર્પને બહુમાનપૂર્વક ઘડામાં નાખી જંગલમાં છોડી આવ્યા. રાજાએ મલયસુંદરીને પૂછ્યું "હે શુભે! તમે પ્રથમ પુરૂષ હતા. હવે સ્ત્રી' રૂપે તમે થયા, ખરેખર શું હકીકત છે તે અમને જણાવો. તમે કોણ છો?" રાજાનું પ્રસન્ન ચિત્ત અને મધુર વાણી સાંભળી મલયસુંદરીએ કહ્યું રાજન્" હું આપના મિત્ર રાજા વીરધવલની પુત્રી મલયસુંદરી છું.– આથી વધુ કંઇ જાણુતી નથી."

રાજા વિચારમાં પડયો, બોલ્યો, "હે નારી! તારૂં વચન વિશ્વાસ કરવા લાયક નથી, કારણ કે પૂર્વે તેં મહાબલનો મિત્ર કહ્યો. હવે રાજા વીરધવલની કન્યા કહે છે. શું સાચું? કયાં ચંદ્રાવતી અને કયાં પૃથ્વીસ્થાનપુર! હજુ ગઈ કાલે તો એ કન્યાનો સ્વયંવર હતો ને એક દિવસમાં તે અહીં શી રીતે આવે તે મારા મગજમાં બેસતું નથી." ત્યાં રાણી પદ્માવતી બોલ્યાં "સ્વામીનાથ! એ જે હશે તે, એ સ્ત્રી મારી પાસે રહેશે" અને ઘણા પ્રેમથી તેણે મલયસુંદરીને પોતાની પાસે બેસાડી, એના ગળામાં લક્ષ્મીપુંજ હાર ચમકતો જોઇ રાજાએ કહ્યું, "દેવી! તમને હાર તો હવે મળી ગયો છે, તમારી પ્રતિજ્ઞા પૂર્ણ થઈ છે, હવે તમારે મરવાનો વિચાર મુલત્વી રાખવો જોઇએ." પદ્માવતીએ કહ્યું "સ્વામીનાથ! આ નિર્જીવ રત્નને હું શું કરૂં? મારી કેવી મૂઢતા!" આવા રત્ન માટે મેં મારા વહાલા સજીવ પુત્ર રત્નને ખોવાનું ડહાપણ કર્યું! પાષાણ માટે રત્નનો, જલ માટે અમૃતનો અને લીંબડા માટે કલ્પવૃક્ષનો મેં નાશ કર્યો. હા,



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારો મહાબલ ! ........રાજન્ સ્વામીનાથ ! હું કુમાર વિના જીવન નહિ જ ધારી શકું.”

માતાનું હૃદય! એ કેવું પુત્ર પર સ્નેહસભર હોય છે તે માતા થનાર નારી જ જાણી શકે છે, અન્ય નહિ. રાણી તો હજીય ભૃગુપાત કરવાની જ વાત કરતા હતા. રાજાએ તેને આશ્વાસન આપી કેટલાક અનુચરોને કુમારની શોધ કરવા મોકલ્યા, અને પોતે તથા રાજકુટુંબ રથમાં બેસી પોતાના મહેલે આવ્યા, મલયસુંદરીની દરેક દેખભાળ રાણી પદ્માવતી જ કરવા લાગ્યા, એક પુત્રી પર વરસતો માતાનો સ્નેહ જોઈ મલય સુંદરીને પોતાનાં સાસુ પર અતિ હેત આવ્યું. રાણી પદ્માવતીએ તેને ઘણા ભાવથી ભોજન કરાવ્યું. સુંદર વસ્ત્ર અલંકારો આપ્યા. એથી એને જાણે આ ઘરમાં એક મીઠો વિસામો મળ્યો. રાત્રીએ તે પલંગ પર પડી. આજનો વિચાર કરવા લાગી. આગળ પણ મારા સ્વામીએ કપાળનું તિલક ભૂંસી નાખેલ. તો હું સ્ત્રી રૂપ બનેલ. અત્યારે આ સર્પની જીભથી તિલક ભૂસાવાથી મારૂં મૂળ રૂપ પ્રકટ થયું. લક્ષ્મીપૂંજ હાર પણ તેના મુખમાંથી જ મળ્યો. તો શું સર્પ રૂપે એ પોતે હશે ? શું હશે ? એણે રાત્રીભર ઘણા વિચાર કર્યા પણ કંઈ સત્ય તે મેળવી ન શકી. આખરે પતિના વિયોગે તે મોડી રાત્રે શય્યાભાગી બની. અને દિનભરના થાકને લઈ તે નિદ્રા દેવીના ખોળે રાત્રી પસાર થવા લાગી.

P.P. Ac. Gunratnasuri M.S. Gun Aaradhak Trust

# મહાબલની સનસનાટીભરી કથા

# ૧૯

રાત્રી વ્યતિત થઈ ગઈ. પ્રભાતે રાણી પદ્માવતીએ પુત્ર વિરહથી હઠ પકડી કે બસ મારે આ અલંબાદ્રિ પર્વતના શિખર પરથી ઝંઝાપાત જ કરવો છે, બીજી વાત જ નહિ. રાજાએ તેને સમજાવવામાં કંઈ મણા ન રાખી પણ તેમણે તે એકે વાત કાને ન ધરી. હજુ સુધી મહાબલના કોઈ સમાચાર પણ ન હતા, નિરુપાયે રાજા રાણી અને પ્રજાજનો અલંબાદ્રિ પર્વત તરફ જવા નીકળ્યા. રાજાની વેદનાનો પાર જ ન હતો. સ્રીહઠને પૂર્ણ કરવી દુષ્કર હોય છે.

ઉદાસ મનથી રોતા હૃદયે તેઓ આગળ વધી રહ્યા હતા ત્યાં એક ભીલ દોડતો રાજા પાસે આવ્યો અને મહામહેનતે બોલ્યો—“રાજનૂ! થોભી જાવ....ઉભા રહો........ધનંજય યક્ષના મંદિરથી થોડે દૂર એક ઘટાદાર વડવૃક્ષ છે. તમે લોહખૂર ચોરને ત્રણ દિવસ પૂર્વે જે મારી નાખેલ તેનું શબ તે વૃક્ષ પર ઉંધા માથે લટકે છે. અને બાજુમાં આપના પ્રિય મહાબલકુમાર પણ ઉંધા માથે લટકે છે. શ્વાસ પણ લઈ શકતા નથી....” રાજાને આ સાંભળી હર્ષ અને શોક બન્ને થયો. તુરત રાજા–રાણી મલયસુંદરી વિગેરે ત્યાંથી પાછા વળી ગયા અને શીઘ્ર તે વડવૃક્ષ પાસે આવ્યા. કુમારને મહાદુઃખી સ્થિતિમાં જોઈ તુરત સુતારને બોલાવી ડાળી કપાવી નાખી

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુમારને નીચે ઉતાર્યો અને તેના બંધન છેદીને એક શય્યા પર સુવાડી દીધો. તેની આ સ્થિતિ જોઈ બધાના નેત્રમાં આંસુ ધસી આવ્યા. કુમાર પીડાથી અર્ધ બેભાન અવસ્થામાં બોલી પણ શકતો ન હતો. રાજાએ વૈદ્યોને બોલાવી યોગ્ય ઉપચારો કરાવ્યા. શરીર પર તેલમર્દન વિગેરે કરાવ્યું. મલયસુંદરી અને પદ્માવતી રાણી શીતલ પવન નાખતાં તેની સેવા કરવા લાગ્યા.

બે ઘટિકા બાદ મહાબલે નેત્રો ખોલ્યાં, હવે તેને આરામ થયો હતો, તે બેઠો થયો. રાજાએ ધીરેથી તેને રથમાં બેસાડી દીધો અને બધા રાજમંદિરે આવ્યા. રાજા નેત્રથી અશ્રુધારા વરસાવતા બોલ્યા. "કુમાર! તમારી આ દશા કેવી રીતે થઈ? ખરેખર અમેજ તે માટે જવાબદાર છીએ. જો કે તું આવો વીર છતાં તને કોણે આમ કર્યું એ જાણવાની મારી ઘણી જિજ્ઞાસા છે." પદ્માવતી પણ હવે કુમારને પીડામુક્ત થયો જાણી હર્ષથી એની વાત જાણવા અધીરા બન્યાં. કુમારે પણ થોડુંક ભોજન નાસ્તો કરી પોતાની વાત શરૂ કરી. રાત્રીએ દિવ્ય હાથે તેને ઉપાડયો ત્યાંથી લઈ પોતે રાજકન્યા પરણ્યો અને રાત્રીએ બન્ને આ જ નગર બહાર વન પ્રદેશમાં આવ્યા તે સર્વ હકીકત કહી.

રાજા આશ્ચર્ય, હર્ષ વિગેરે ભાવોથી આ વાર્તાનું શ્રવણ કરતો હતો. તે બાદ મહાબલે કહ્યું, "હું મલયસુંદરીને ત્યાં વનમાં વૃક્ષ નીચે મુકી રૂદન કરતી તે સ્ત્રીને બચાવવા તે વનમાં આગળ વધ્યો ત્યાં થોડે દૂર જતાં એક સ્ત્રી રુદન કરતી હતી. તેની પાસે એક કાપાલિક યોગી મંત્રસાધન કરવા બેઠો હતો. સામે યજ્ઞકુંડમાં અગ્નિ જલી રહ્યો હતો. મને જોઈ તે યોગી મારો સત્કાર વિનય કરતો ઉભો થયો અને બોલ્યો. "હે પરોપકારી કુમાર! તું પરોપકાર રસિક છો અને મારા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુણ્યોદયથી જ તું આવેલ છો. મેં એક સુવર્ણસિદ્ધિનો મંત્ર સાધવાનું શરૂ કર્યું છે. બધી સામગ્રી તૈયાર છે પણ એક ઉત્તર સાધકના અભાવે બધું અટકી પડ્યું છે. માટે જો તારા જેવો વીર પુરૂષ મારો ઉત્તરસાધક બને તો મારૂં કાર્ય હમણાં સિદ્ધ થઈ જાય....

આમ કહી તે મારા સામુ આશાભરી નજરે જોઈ રહ્યો. મેં પણ તેની આશાનો ભંગ કર્યો નહિ અને ખુલ્લી તલવારે તેના કુંડાળાને ગોળ ફરતાં તેની ચોકી શરૂ કરી. થોડીવાર મંત્રો ભણ્યા બાદ તે યોગીએ મને કહ્યું. "હે વીર ! પેલી સ્ત્રી જ્યાં રૂદન કરે છે ત્યાં વડવૃક્ષ ઉપર એક ચોરનું અક્ષત અંગ-વાળુ મૃતક છે તે લઈ આવ" હું પણ હાથમાં તલવાર ગ્રહી તે વૃક્ષ પાસે ગયો. તે મૃતકની નીચે રૂદન કરતી તે સ્ત્રીને જોઈ મેં પૂછયું "હે બાઈ! તું કોણ છે? કેમ રૂદન કરે છે?" તે રોતી બંધ થઈ અને બોલી. "હે સજ્જન નર ! આ જે ચોરનું મૃતક છે. તેને ત્રણ દિવસ પૂર્વે રાજાએ મારી નાખેલો. તે ત્રીજે દિવસે સવારમાં જ હું તેને મળી અને તેની સ્ત્રી થઇને રહી. એક દિવસમાં પણ મને જે પ્રેમ તેણે આપ્યો તે ભૂલી શકતી નથી. એના મૃત્યુથી હું રડું છું. હવે હે પરોપકારી! એકવાર હું તેને આલીંગન આપું અથવા તેના મુખને ચંદન વિલેપન કરૂં તો મારૂં દુઃખ દૂર થાય. માટે મને મદદ કર!"

મેં તેને મદદ કરવા તે સ્ત્રીને ખભા પર ઉપાડી–મૃતકની નજીક લઈ ગયો. તે સ્ત્રી જેવી મૃતકને આલીંગન કરવા જાય છે ત્યાં તે મૃતકે તેનું નાક મુખ વડે પકડી કરડી ખાધું."

આ આશ્ચર્ય જોઈ મને એકદમ હસવું આવ્યું કારણ કે પેલી બાઈ આને પ્રેમ કરે છે અને આ જોતે ...

P.P. Ac. Gunratnasuri M.S. Jin Aaradhak Trust

હસતો જોઈ તે મૃતક બોલ્યું "અરે મહાબલ! તું હસે છે શું! આવતી કાલે તું પણ ઉંધા માથે આ ઝાડ ઉપર બંધાવાનો છે." આ સાંભળી મને ઘણો ભય લાગ્યો. રાજાની પાસે બેઠેલામાંથી એક જણ બોલ્યું. "અરે કુમાર સાહેબ! મૃતક તે વળી બોલતું હશે?" રાજાએ પણ આ વાતને સમર્થન આપ્યું. મહાબલે કહ્યું "પિતાજી! તમારી વાત સાચી છે. મૃતક ન બોલે પણ એમાં કોઈ વ્યંતર આદિ રહેલ હશે તે બોલ્યો અને દેવવાકય મિથ્યા ન થાય એમ જાણી હું ક્ષોભ પામ્યો."

ત્યાર બાદ તે સ્ત્રી મારા ખભા પરથી ઉતરી અને મારૂં નામ ઠામ પૂછી લીધું. મેં તેને સત્ય હકીકત કહી. તેને વિશ્વાસ પડવાથી બોલી. "હું અત્યારે જાઉં છું પણ તમને જરૂર એકવાર મળીશ અને ચોરના ચોરેલ ઘરેણાં ધન વિગેરે તમને બતાવીશ" અને તે ચાલી ગઈ. ત્યાર બાદ હું વૃક્ષ પર ચડી તે મૃતકને નીચે પાડી વૃક્ષ પરથી ઉતરી તેને લેવા જાઉં છું ત્યાં તે ફરી ઉઠીને વૃક્ષને ટીંગાઈ ગયું.

સાંભળનારા હસી પડયા. મહાબલની વાત શ્રવણ કરવા રાજકુટુંબ, મંત્રીઓ અને નામાંકિત પ્રજાજનો પણ બેઠા હતા. તે વાત સાંભળતાં ભય, આનંદ હાસ્ય વિગેરે ભાવો અનુભવતા હતા. મહાબલે કહ્યું "તે પછી હું ફરી વૃક્ષ પર ચઢયો અને મૃતકને કેશથી મજબૂત પકડી યોગી પાસે લાવીને મૂકયું. યોગીએ મૃતકને સ્નાન કરાવી. ચંદનથી વિલેપન કરી મોટા કુંડાળામાં મુકી યજ્ઞકુંડ સળગાવી મને ઉત્તર સાધક તરીકે ઉભો રાખ્યો. અને સાવધાન રહેવાનું કહી તે પદ્માસન વાળી જાપ જપવા લાગ્યો. એ જેમ જાપ જપતો જાય તેમ તેમ તે મૃતક થોડુંક જમીનથી અદ્ધર ઉછળે પાછું નીચે પડી જાય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ તે મૃતક કુંડમાં પડતું નહોતું તેથી યોગી નિરાશ થઈ ગયો. રાત્રી પણ ભેંકાર લાગતી હતી. પવનના સૂસવાટા પણ દિલ કંપાવે તેવા હતા. યોગી ફરી પદ્માસન વાળી દઢ ચિત્તે જાપ જપવા લાગ્યો. અને પ્રભાતે જ્યાં તે નિરાશ થયો ત્યાં તે મૃતક અટ્ટહાસ્ય કરતું તે વડવૃક્ષને ફરી ચોંટી ગયું. યોગીએ ઉભા થઈ મને કહ્યું "કુમાર! મારી મંત્રસાધનામાં કંઈક ભૂલ રહી ગઈ છે. આવતી કાલે ફરી મંત્ર સાધવો પડશે. તમો તો પરોપકારી છો. કૃપા કરી આવતી કાલે મને મદદ કરો" મેં તેની વાત માની લીધી. ત્યાં એ ફરી બોલ્યો "વળી કુમાર! તમે આ રીતે રહો અને નગરના કોઈ લોકો એમ માની લે કે આ યોગીએ કુમારને પ્રપંચથી રાખ્યો છે. માટે તમો હા કહો તો તમારું એક સાંજ સુધી બીજુ કોઇ રૂપ કરું" તે વાત પણ મેં માની લીધી. એટલે યોગીએ જંગલમાંથી જડીબુટ્ટી લાવીને મંત્રીને મને તિલક કર્યું. તેથી હું કાજળ ઘેરો સર્પ થઇ ગયો. જે લક્ષ્મીપૂંજ હાર મારી પાસે હતો તે મેં મોંઢામાં રાખેલ તેથી તે મારા મુખમાં જ હતો. ત્યાર બાદ પવન ભક્ષણ કરતો વન પ્રદેશમાં હું ફરતો હતો ત્યાં કેટલાક ગારૂડીઓ મને ઘટમાં પૂરી ધનંજયના મંદિરમાં લાવ્યાં ત્યાં કોઈ પુરુષને દિવ્ય માટે લાવેલ ત્યારબાદ તે ઘટ તે મંદિરમાં મૂકયો. પછી મેં તે સમયે મલયસુંદરીને પુરુષ રૂપ કરેલી જોઇ. મેં તેને ઓળખી લીધી. પછીની વાત તમે જાણો છો. મેં તેનું તિલક ભૂંસી નાખ્યું તેથી તે મૂળરૂપે પ્રગટ થઇ. અને લક્ષ્મીપૂંજ હાર પણ તેના કંઠમાં નાખ્યો. પિતાજી! એ સારૂં થયું કે આપે આ મારી સ્ત્રીને દિવ્ય આપ્યું તે સમયે યોગાનુયોગ સર્પ રૂપે હું આવ્યો. બીજો કોઈ હોત તો શું થાત?"

એ અવસરે રાજા સુરપાળ પશ્ચાતાપ કરવા લાગ્યા—"અરે! આ મારી પુત્રવધુ પર મેં શત્રુ જેવું આચરણ કર્યું. અરે કમ-

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નસીબ સુરપાળ! લક્ષ્મી જેવી પુત્રવધૂ પર આવો તેં ગજબ કર્યો?" મહાબલે કહ્યું. "પિતાજી! એ વાત ભૂલી જાઓ! એમાં આપનો દોષ ન હતો. અજ્ઞાનતાનો જ દોષ ગણાય" રાજા સુરપાલ સ્નિગ્ધ દૃષ્ટિથી મલયસુંદરી પ્રતિ જોઈ રહ્યા. કુમારે ઈશારો કરવાથી મલયસુંદરી તુરતજ સાસુ સસરાના પગમાં પડી. અને આશીર્વાદ માંગવા લાગી. તેઓએ પણ પ્રસન્ન થઈ કહ્યું. "પુત્રવધૂ! તમો તો મોટા મનના છો." અમારો અપરાધ ભુલી જજો. અને અખંડ સૌભાગ્યવતી રહો. રાણી પદ્માવતી પુત્રવધુને ઉઠાડી પોતાના ઉત્સંગમાં બેસાડી વહાલથી કહેવા લાગી "બેટા! તેં એ સમયે કેમ બરાબર અમને ઓળખાણ ન આપી? અરે હું ભૂલી. એ સમય જ એવો હતો સાચી વાત મનાય નહિ. કયાં ચંદ્રાવતી અને કયાં પ્રતિષ્ઠાનપુર?" અને તુરત તેમણે નવાં નવાં વસ્ત્રો અલંકારો મંગાવી મલયસુંદરીને ભેટ આપી, તેનું મસ્તક પંપાળવા લાગ્યા.

મલયસુંદરી પણ માતાના સ્નેહમાં સ્નાન કરતી પુલકિત થઇ બોલી "સાસુમા! મને પ્રથમ પણ આપના જેવો શીતલ વિસામો મળ્યો અને મારો આનંદ-સ્નેહ તમો પ્રતિ જનની જેવો જ થઇ ગયો હતો. ખરેખર આવાં પ્રેમ વત્સલ સાસુની શીતલ છાયા પામી હું ધન્ય બની છું."

રાણી પદ્માવતી પણ આવી રૂપ ગુણ અને શીલથી સભર પુત્રવધૂ પામી ગૌરવાન્વિત થઈ બોલી "બેટા! અજ્ઞાનતાથી તને જે દુઃખ અમે આપ્યું તે મનમાં ન લાવીશ. ગુણશાળી કુલબાળાઓની આ રીતી જ હોય છે. અમારા પુણ્ય જાગૃત છે કે તને કંઈ વાંધો ન આવ્યો-અને ભાગ્યોદય અમારો શુભ છે કે મહાબલ પણ તારા જેવી કન્યા પામી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સત્ય પ્રતિજ્ઞા વાળો બની પાછો આવ્યો. આજ અમારા સકલ મનોરથ પૂર્ણ થયા છે. અમો સુખ સાગરમાં નિમગ્ન થયા છીએ.” આમ બન્નેની વાત ચાલતી હતી ત્યાં રાજાએ કુમારને પૂછ્યું “હં પછી કુમાર! તું સર્પ થયા બાદ શું અનુભવ કર્યો?” કુમારે વાત આગળ ચલાવી–“પછી પિતાજી! સાંજે યોગીએ મારા કપાળ પર અર્કક્ષીર ઘસ્યું કે મારૂં મૂળ રૂપ પ્રગટ થઈ ગયું. વળી રાત્રીએ યોગી અને અમે મંત્ર સાધન કરવાની તૈયારી કરી. યોગીએ યજ્ઞકુંડ પ્રદિપ્ત કર્યો. ધ્યાનસ્થ થયો, જાપના પ્રારંભકાળે મને કહ્યું “કુમાર! જા પેલું મૃતક અહીં લઈ આવ” મેં પણ મજબૂત પકડી તે મૃતકને કુંડાળામાં મૂક્યું. યોગી જેમ જેમ જાપ જપતો જાય તેમ ફરી મૃતક ઉંચું નીચું થાય પણ યજ્ઞકુંડમાં પડતું નથી. આમ ને આમ મધરાત થઈ. ચારે બાજુ બીહામણા ઓળા ફરી રહ્યા હતા. શ્મશાન ભૂમિની અંદર પણ જાત જાતના અવાજો આવતા હતા, એવામાં મોટો ઘેરો ડમરૂનો અવાજ આકાશમાં થયો અને ત્યાં પ્રત્યક્ષ દેવી અવાજ થયો, “અરે મૃતક અશુદ્ધ છે, સુવર્ણ પુરૂષ નહિ થાય” આમ બોલતી કોપાયમાન થયેલી દેવી આકાશમાંથી નીચે ઉતરી અને ક્રોધથી તે યોગીને કેશથી પકડી ઉંચે ઉછાળી અગ્નિકુંડમાં હોમી દીધો “હું ધીરજવાન દૃઢ મનોબળવાળો છતાં દેવીની ભયંકર મુખાકૃતિ જોઈ ભય પામી ગયો. ત્યાર બાદ દેવીએ નાગપાશથી મારા હાથ બાંધી દીધા! અરે આવા સુંદર આકૃતિવાળાને કોણ મારી નાખે?” એમ બોલતી મારા બે પગ પકડી આકાશ માર્ગે લઈ ચાલી અને તે વડની શાખા સાથે મારા પગ બાંધી દીધાં. અને આકાશમાં અદૃશ્ય થઇ ગઇ. હું ઉંધે માથે લટકતો દુઃખ સહેતો હતો ત્યાં પેલા

P.P. Ac. Gunratnasuri M.S. Gun Aaradhak Trust

ચોરનું મૃતક પણ ત્યાં કુંડાળામાંથી ઉડીને તે વૃક્ષ પર ફરી લટકાઈ ગયું."

આ સાંભળી શ્રોતાજનો ક્ષણવાર સ્તબ્ધ થઈ ગયા. એકે કહ્યું : પેલો યોગી તો લક્ષણવાન જાણીને મૃતક લાવ્યો છતાં દેવીએ તે અશુદ્ધ કેમ કહ્યું ? કુમાર આનો જવાબ ન આપી શક્યો. રાજાએ કહ્યું, "ઓહ ! એના મુખમાં પેલી સ્ત્રીનું નાક હોવાથી તે અશુદ્ધ બની ગયું."

કુમાર બોલી ઉઠયો. "સાચી વાત ! એ સમયે મને એ વાત યાદ ન રહી, નહિ તો બીચારા તે યોગીનો નાશ ન થાત."

રાજાએ કહ્યું, "વત્સ ! ખેદ ન કર, સિદ્ધિ ભાગ્યમાં ન હોય તેને મળતી નથી. હાં પણ પછી તારો નાગપાશ કેવી રીતે છૂટી ગયો ? મહાબલે કહ્યું. "પછી પિતાજી ! દેવીના ગયા બાદ તે સર્પોની એક પુંછડી મારા મુખમાં આવી. મેં એવી રીતે દબાવી કે તે સર્પો મારા હાથથી ઉખડી નીચે જઇ પડયા. વિષહારી મણી મારી પાસે હોવાથી એનું ઝેર કાંઇ મને ચડયું નહિ. ત્યારબાદ તો તમો સર્વ આવ્યા અને પછીની વાત તમોને ખબર છે. પણ એ રાત્રી ! થોડા કાળમાં પણ મેં જે દુઃખ અનુભવ્યું, વિવિધ અનુભવો થયા, ખરેખર હૃદયમાં હજુય કમકમાં આવી જાય એવી એ વાત બની."

લોકો કુમારની વાત શ્રવણ કરી તેની પ્રશંશા કરવા લાગ્યા "અહો ! કુમાર ! ધૈર્યશાળી જ આવો ભાર સહી શકે. આવું મહાન કાર્ય કરવામાં કેવી તમારી ધીરતા ! નીડરતા ! શું તમારૂં સાહસ ! બુદ્ધિ ! પરોપકારીતા ! કરુણ ! દક્ષતા ! પુણ્યનો પ્રાગ્ભાર ! કે આવી ગુણવાન કન્યા પરણીને પાછા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવ્યા! લોકો કુમારની પ્રશંસા કરી રહ્યા હતા ત્યાં રાજાએ કહ્યું, "કુમાર! યોગી મંત્રસાધન કરતો હતો તે જગ્યા અમને બતાવ. યોગીની સ્થિતિ આપણે નજરે જોઈએ."

કુમારે કહ્યું, "ચાલો પિતાજી!" અને રાજા સુરપાલ ઉઠયા કે તુરત સર્વ રસાલો તેમની સાથે તે યજ્ઞકુંડ જોવા ઉપડયો.

થોડા સમયમાં રાજા અને મંત્રી વર્ગ તે યજ્ઞકુંડ પાસે આવ્યો. કુમારે તે સર્વ બતાવ્યું. ત્યાં રાજાની દૃષ્ટિ યોગી પર પડી. તે યોગી સુવર્ણ પુરુષ થઇ ગયો હતો. રાજાએ પોતાના માણસો મારફત તે સુવર્ણ પુરુષ ખજાનામાં મુકાવ્યો. એ સુવર્ણ પુરુષનો મહિમા એવો છે કે તેના મસ્તક સિવાયના બીજા અંગોપાંગ આજે કાપ્યા હોય તો તે બીજે દિવસે પાછા અખંડ બની જાય. રાજા કુટુંબ સહિત મહેલમાં આવ્યો અને નગરમાં કુમારના નવીન જીવન નિમિત્તે દશ દિવસનો મહોત્સવ કરાવ્યો.

મંદિરોમાં કુમારના નિમિત્તે ભવ્ય મહોત્સવ કર્યો. અને નગરમાં અનેકજનો કુમારને ધન્યવાદ આપી તેના સત્વની પ્રશંસા કરી રહ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# એ રુદન કરનાર કોણ?

૨૦

વાતને અને સૌરભને પ્રસરતાં વાર લાગે છે? પોતાનો ભાવિ રાજા મહાબલકુમાર, પરાક્રમી પરોપકારી અને પ્રજ્ઞાવાન છે, ચંદ્રાવતીથી રાજકન્યા પરણીને આવ્યો છે. એ વાત જાણીને પ્રજાની છાતી ગજ ગજ ફુલી રહી. એવામાં ચંદ્રાવતીથી મલયકેતુ પણ આવી ગયો. રાજાએ તેનો સ્નેહથી સત્કાર કર્યો. ત્યાંના ખબર અંતર પૂછ્યા. ત્યાંના સમાચાર તેણે કહ્યા. અને મહાબલ, મલયસુંદરી માટે તેણે પૃચ્છા કરી. રાજાએ બધી વાત વિગતથી કરી, પોતાના બેન બનેવી સુખ-શાંતિમાં છે જાણી તે ખુશ થયો. રાજા પાસેથી છૂટીને તુરત તે બેનને મળવા ઉપડયો. મલયસુંદરી પણ ઘણે દિવસે માડી જાયા ભાઈના દર્શન પામી રાજી થઈ ગઈ.

જગતમાં નારીને પિયરનું કાષ્ટ પણ પ્રિય હોય છે. ત્યાં આ તો પોતાનો વડીલ બંધુ હતો. તેના હૈયામાં સ્નેહની સરવણી દોડી રહી. ભાઈને પ્રેમથી બધી વાત કરી. જતાં પિતાની આજ્ઞા લેવા માટે ન રોકાણાં એનાં કારણો તેણે કહ્યાં. અને કહ્યું, તમે પિતાજીને વાત કરજો અને મારા અપરાધની માફી માંગજો." એ સમયે મહાબલ પણ આવી ગયો, એણે પણ મલયકેતુને કહ્યું. "તમે તમારા પિતાજીને ખાસ કહેજો કે આપની આજ્ઞા લીધા વિના જનાર મહાબલે–આપના કન્યારત્નને ચોરી જનાર મહાબલે, આપની માફી માંગી છે. ત્યારબાદ ભોજન વિગેરે કરાવી મલયકેતુને રોકવા તેણે ઘણી મહેનત કરી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ મલયકેતુએ કહ્યું "પિતાજી અને માતાજી તમારા વિરહે અને તમારા અચાનક ચાલી જવાથી દુઃખ સાગરમાં નિમગ્ન બન્યા છે. તેથી વહેલી તકે ત્યાં પહોંચવું જરૂરી છે" બપોરે મલયકેતુ વિદાય થતાં મલયસુંદરીની આંખમાં આંસુ આવી ગયા. મલયકેતુએ બેનને શીખ આપી અને શાંત કરી. અને દરેકની રજા લઈ તે ચંદ્રાવતી આવ્યો. અને માતાપિતાને સર્વ સમાચાર આપી આનંદિત કર્યા. અને દરેકના સ્નેહપૂર્વકના સંદેશા જણાવ્યા.

આ બાજુ મહાબલ પણ રાજ્યકાર્યમાં ગુંથાયો. એને પ્રેમાળ પત્ની મળી હતી—માતા પિતાની છત્રછાયા હતી પછી શું દુઃખ રહે? **જગતમાં વડીલની છત્રછાયા જેને છે અને સંસાર રથનો ભાગીદાર સમજુ અને પ્રેમાળ છે તેના જેવો ભાગ્યશાળી કોણ?**

મહાબલ અને મલયસુંદરીના દિવસો આનંદમાં પસાર થવા લાગ્યા. એકદા બન્ને જણાં મહેલના ઝરૂખે બેઠા હતાં. ત્યાં નીચે રાજમાર્ગ પર પસાર થતી નાક કાપેલી એક સ્ત્રી મહાબલે જોઈ. મહાબલે કહ્યું, "પ્રિયે! જો પેલી નાક કાપેલી સ્ત્રી દેખાય છે તે જ વનમાં રૂદન કરતી હતી. તેનો શબ્દ સાંભળી હું ત્યાં ગયેલો" મલયસુંદરી ક્ષણવાર તેને જોઈ રહી. પછી વિસ્મય પામી બોલી ઉઠી. "અહો! સ્વામીનાથ! આ તો કનકવતી છે. જેને આપણે પેટીમાં મુકી ગોળાનદિમાં વહેતી મુકી હતી તે આ છે."

"અરે પ્રિય! જો! એ અહીં જ આવતી લાગે છે. લોહખૂર ચોરનો ખજાનો એણે મને બતાવવાનો કહ્યો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એવામાં પ્રતિહારે આવી નિવેદન કર્યું. "કોઈ બાઈ આપને મળવા માંગે છે. એનું નાક કપાયેલું છે. નાકકટી છે સાહેબ!" કુમારે હસીને કહ્યું "આવવા દે" કુમારે મલયસુંદરીને કહ્યું. "તું જરા જવનિકામાં બેસ જેથી એ નાક કટી તને જોઈને શરમાય નહિ."

મલયસુંદરી પણ હસતી હસતી પડદામાં બેઠી.

ત્યાં તે સ્ત્રી આવીને ઉભી રહી. કુમારે પ્રતિહાર પાસે તેને બેસવા આસન અપાવ્યું. તે બેઠી. એટલે કુમારે પૂછયું. "કેમ બાઈ! તમે કોણ છો? કયાંથી આવો છો? આપનું શું શુભ નામ છે?"

તે બોલી. "કુમાર! હું ચંદ્રાવતી નગરીના રાજા વીરધવલની રાણી કનકવતી છું. એકદા વિના વાંકે રાજા મારા પર કોપ્યો. અને હું રીસમાં ને રીસમાં નગર તજી ચાલી નીકળી. રસ્તામાં મને એક પરદેશી યુવાન મળ્યો. તેણે મને ગોળા નદિના કિનારે મંદિરમાં મળવાનો સંકેત કર્યો. હું તે રાત્રીએ તેને મળવા ગઈ. ત્યાં મને તે ધૂર્ત કહે હમણાં ચોરનો અહીં ઉપદ્રવ છે. તારી પાસે કંઇ ઘરેણાં ગાંઠા હોય તો લાવ હું સાચવું. મેં તેને મારા ઘરેણાં બધાં આપ્યાં. તેણે એક હાર અને કંચવો કાઢી લઈ બાકીના ઘરેણાં મને સોંપ્યા અને ત્યાં એક પેટીમાં સંતાઈ જવા કહ્યું. હું તેમાં સંતાઈ ગઇ અને તેણે પેટીને તાળું મારી તે ધૂર્તે બીજા તેના સાગ્રીતની મદદથી પેટી નદિમાં પધરાવી દીધી.

"તો તમારે ને એ યુવાનને કંઇ વેર હશે એથી નદિમાં તે પેટી પધરાવી હશે" કુમારે ઠાવકુ મોં રાખી પૂછયું. "ના ના કુમારેન્દ્ર! હું તે યુવાનને ઓળખતી

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ ન હતી. એ મારો નિષ્કારણ વૈરી થયો. દુનિયામાં આવા પણ માણસો છે. કુમાર!"

કુમારે કાન પર હાથ ઢાંકી હાવભાવથી કહ્યું. "ખરી વાત છે બેન! તમારા જેવા સજ્જનને ઠગી તે ધૂર્તે બહુ ખોટું કર્યું. હાં પછી પેટીનું શું થયું?" તે બોલી નદિના જોસથી વહેતા પ્રવાહમાં તે પેટી તણાતી પ્રભાતકાલે આ ધનંજય યક્ષના મંદિર પાસે આવી. લોહખૂર નામના ચોરે તે ઘરેણાંની લાલચે પેટી બહાર કાઢી. અને તાળું તોડી મને બહાર કાઢી. મને જીવીત આપનાર તે ચોર સાથે હું અલંબાદ્રિ પર્વતની ગુફામાં ગઇ. ત્યાં મને તેની સાથે ખૂબ મહોબત થઈ. તેણે પણ નગરમાંથી ચોરી લાવેલ દ્રવ્ય વિગેરે મને બતાવ્યું. પરસ્પર વિશ્વાસ થવાથી મેં મારી બધી વાત તેને કરી દીધી. તે મારી પાસે બે પ્રહર રહ્યો, તે બાદ તે નગરમાં કંઇક માલ લેવા ગયો. ત્યાં રાજપુરુષોએ તેને પકડી લીધો. રાજાએ તેને ઝાડ પર લટકાવી મારી નખાવ્યો. તેની રાહ જોઇ હું કંટાળી. શોધ કરતાં તે વૃક્ષ પર તેનું મૃતક જોયું. હું રુદન કરવા લાગી. ત્યાં તમે આવ્યા. પછીની વાત તમે જાણો છો. હવે તમો મને આશરો આપો તો હું તેની ગુફા તથા બધો ચોરેલો ધનમાલ તમને બતાવું."

મહાબલ તે સ્ત્રીને રાજા સુરપાલ પાસે લઈ ગયો. અને બધી વાત કરી. રાજાએ પણ તે સ્ત્રીને આગળ કરી સાથે કેટલાક સૈનિકો લઇને ગયો. અને ચોરની મોટી ગુફા અઢળક ખજાનો વિગેરે તે સ્ત્રીએ બતાવ્યા. તે માલ નગરમાં લેવડાવ્યો અને પ્રજાજનોને બોલાવી જેનો જેનો માલ જે હતો તે સોંપી દીધો. તે સિવાય જે દ્રવ્યનું કોઈ માલીક ન હતું તેવું ઘણું ધન વધી પડ્યું. તે પોતાના ખજાનામાં મોકલી દીધું. તે સ્ત્રીને પણ ઉચિત

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દ્રવ્ય આપ્યું, તે દ્રવ્ય લઈ તે વળી પાછી કુમારના મહેલમાં આવી. તે સમયે કુમાર મલયસુંદરીને બધી વાત કરતો હતો તે નાકકટી મલયસુંદરીને જોઇ સ્તબ્ધ થઇ ગઇ. તેના ગળામાં લક્ષ્મીપુંજ હાર તેમ જ આ મહાબલની જ સ્ત્રી બની છે તે બધી વાત જાણી તે ચિંતામાં પડી કે હવે મને કુમાર આશરો નહિ આપે. આ મલયસુંદરી મારો બધો ઇતિહાસ આ કુમારને કહી દેશે. હવે જો આશરો આપે તો પ્રથમ આ શત્રુરૂપ મલયસુંદરીને ઠેકાણે કરી દઉં. આમ તે વિચારવા લાગી ત્યાં મલયસુંદરી બોલી. "હે અંબા! આજે આમ અચાનક મેઘ-વૃષ્ટિ કયાંથી થઈ? અને તમે એકલા કેમ? અને તમારા નાકની આવી અવસ્થા કેમ થઈ?" મહાબલે વચમાં પડી કહ્યું, "મલય! પ્રિય! તારે આની કંઈ વાત ન પુછવી. એની સર્વ બીના હું જાણું છું. અવસરે તને કહીશ. તું હમણાં અંદર જા."

મલયસુંદરી અંદરના ઓરડામાં ગઈ.ત્યાં મહાબલે બાજુનો જ એક મહેલ જે ખાલી પડયો હતો તે રહેવા માટે કનકવતીને આપ્યો. મુખે મીઠી અને મનમાં કપટી તે કનકવતી તે મહેલમાં રહેવા લાગી. અને ધીરે ધીરે મલયસુંદરી પાસે આવન જાવન કરવા લાગી. એના હૃદયના કપટી ભાવ મહાબલ કયાંથી જાણી શકે?" જ્યાં મનુષ્યને ભાવિ ભૂલાવે છે ત્યારે તીક્ષ્ણ બુદ્ધિમાન પણ ભૂલ કરી બેસે છે. જે ઘોર અપકાર કરનારી થવાની છે તેને જ મહાબલે આશરો આપ્યો. એણે ચોરનો ખજાનો બતાવ્યો તેથી મહાબલે તેને આશરો આપ્યો. અને તે પણ કુમાર અને મલયસુંદરી પાસે વારંવાર આવતી હસતી મીઠું બોલતી તેમની પ્રશંસા કરતી ધીરે ધીરે એવી આપ્ત સમાન બની ગઈ કે રાજમંદિરમાં તેનો પગ પેસારો દૃઢ થઇ ગયો. મોઢે મીઠું બોલતી મલયસુંદરીના તે છિદ્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખોળવા લાગી. કેવી રીતે તેને મારવી એ જ વાત તેના ચિત્તમાં હરદમ રમવા લાગી.

દુર્જન મુખે મીઠા અને હૃદયના જૂઠા હોય છે.

આ બાજુ મહાબલ અને મલયસુંદરીનો પરસ્પર પ્રેમભાવ બીજના ચંદ્રની જેમ વૃદ્ધિ જ થતો રહ્યો. અને એ નિર્મલ પ્રેમના પ્રભાવે થોડા સમયમાં મલયસુંદરી સગર્ભા બની. મહાબલ તેના સર્વ મનોરથો પૂર્ણ કરતો રહ્યો. મલયસુંદરીનું શરીર દિનપ્રતિદિન વૃદ્ધિ પામતુ ગયું એનું લાવણ્ય-તેજ વિસ્તરતું ગયું. ગર્ભ પ્રસુતિનો સમય પણ નજીક આવતો ગયો તેમ રાજા સુરપાલ, માતા પદ્માવતી અને મહાબલ ત્રણેનો હર્ષ વધતો ગયો. હંમેશા વડીલને મુડી કરતાં વ્યાજ વધારે વહાલું હોય છે.

એકદા રાજા સુરપાલે મહાબલને બોલાવ્યો અને કહ્યું, "મહાબલ! ક્રુર નામનો એક પલ્લીપતી આપણા દેશને ઉપદ્રવ કરે છે તેની પાસે કિલ્લાનું બળ ઘણું છે. બીજાથી અસાધ્ય થઈ પડયો છે. આપણો સેનાપતિ બે વાર લશ્કર લઇને ગયો છતાં તે તેને હરાવી શકયો નથી. હવે એ કાર્ય માટે તારા સિવાય બીજું કોઈ સમર્થ નથી. તો તું જઈશ? મહાબલે વિનયથી નમીને કહયું, "જરૂર પિતાજી! હું જ જઈશ આપની આજ્ઞા પ્રમાણ છે" રાજાએ તેને શાબાશી આપી. અને મસ્તકે ચૂંબન કરી સૈન્યને તૈયાર કરવા આજ્ઞા આપી. મહાબલ પણ સૈન્યને તૈયાર કરી મલયસુંદરીને જણાવવા પોતાના મહેલે આવ્યો. કુમારે મલયસુંદરીને બધી વાત જણાવી. પિતાની આજ્ઞા અને સમર્થ દુશ્મન માટે મારે જવું અનિવાર્ય છે તે જણાવ્યું–મલયસુંદરી કહે "હું તમારી સાથે જ આવું" પણ મહાબલે સ્પષ્ટ ના પાડી કારણ કે સગર્ભાવસ્થા–ભાવિ વારસનો જન્મ, અને યુદ્ધનો મામલો



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેથી તેને અહીં જ રહેવા ફરજ પાડી. મલયસુંદરીએ ન છૂટકે પતિને વિદાય આપી. સ્નેહ બંધનથી બંધાયેલા બન્નેનાં નેત્ર ભેગાં થયાં. મલયસુંદરીનો કંઠ રુંધાઇ ગયો, છતાં વિદાય થતા કુમાર પ્રતિ સ્નિગ્ધ દૃષ્ટિએ જોતી બોલી. સ્વામીનાથ! દુશ્મનને જીતી જલદી પાછા પધારજો અને આ દાસીને વહેલા દર્શન દેજો" કુમાર તેને આશ્વાસન આપી વિદાય થયો અને તૈયાર ઉભેલા સૈન્યમાં ભળી ગયો. અને પ્રસ્થાનનો હુકમ કર્યો. સૈન્ય પણ થોડીવારમાં નીશાન ડંકા વગાડતું સમર્થ નાયકના સથવારે નગર બહાર કુચ કરી ગયું. નગરજનો બોલી ઉઠયા. "મહાબલ જેવા યશસ્વી નાયકના હાથમાં વિજય વરેલો જ છે."

પતિદેવ જતાં આ બાજુ મલયસુંદરીને મહેલ સૂનો સૂનો લાગતો હતો. સમગ્ર ચીજ વસ્તુમાં પ્રિયતમની યાદ ભરી પડી હતી. તે મહાબલના ગુણોને યાદ કરતી એના વિચારમાં સ્મરણમાં ખોવાઈ ગઇ........સાંજ પડી ગઈ હતી. એ એની યાદમાં મગ્ન હતી ત્યાં એક સ્ત્રી તેની પાછળ આવીને ઉભી રહી. અવાજ થતાં એણે પાછું વાળીને જોયું. એ કોણ હતી? અહો! એ જ! કનકવતી! નાકકટી !...............

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## દુર્જનનો સફળ દાવ

## ૨૧

મલયસુંદરી એકલી હશે તો શીઘ્ર દાવમાં લેવાશે એ ઉત્સાહે કનકવતી તેના મહેલે આવી. આવીને જોયું તો તેના વિચાર બરાબર હતા. મલયસુંદરી ઘડીમાં આંસુ સારતી ઘડીમાં મુખ પર હાથ મુકી મહાબલને યાદ કરતી બેઠી હતી. થોડી વારે એણે પાછું વાળીને જોયું અને પોતાને ઉભેલી જોઈ. ઓરમાન મા ના નાતે મલયસુંદરીએ સહેજ આવકાર આપ્યો. બીલાડીને દુધ મળે પછી શું જોઈએ! કનકવતી પાસે આવી અને જાત જાતની મજાની વાતો કરી તેના મનને આનંદમાં લાવી મૂકયું.

આમ પોતાની ઉદાસીનતા દૂર કરવાના ઈરાદે મલયસુંદરીએ કહ્યું : "માતા! રાત્રીએ પણ તું અહીં જ રહેજે મારી રાત્રી સુખે પસાર થાય." ભાવતું હતું ને વૈદે બતાવ્યું–એટલે કનકવતીએ આ વાત તુરત સ્વીકારી લીધી. મોડી રાત્રે મલયસુંદરીનો ઘાટ ઘડવા માટે કનકવતીએ કહ્યું : "પુત્રી! તને ઉપદ્રવ કરવા માટે રાત્રીએ અહીં રાક્ષસી ફર્યા કરે છે, આજે મેં તેને દીઠી, આજે તો હું જાગતી હતી તેથી હઠાવી દીધી પણ કાલે તો હું રાક્ષસીનો વેશ લઈ એને એવી શિક્ષા કરૂં કે તે પાછી કોઈ દિવસ આવે જ નહિ. હું પણ થોડા મંત્રતંત્રાદિ પ્રયોગ જાણું છું."

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિચારવાન છતાં ભાગ્યે ભૂલાવેલી મલયસુંદરીએ તે વાત સ્વીકારી લીધી. પ્રભાતે મુકામે જવાનું બહાનું કાઢી કનકવતી સીધી સુરપાલ રાજા પાસે પહોંચી. નગરમાં મરકીનો રોગ ચાલતો હતો તેને નિમિત્ત બનાવી કેવી રીતે રાજાને વાત કરવી તે યોજના એણે ઘડી લીધી હતી. રાજા પાસે એકાંતમાં બેસી એણે સુંદર રજુઆત કરી : "હે રાજન્! તમે મારી વાત નહિ જ માનો છતાં તમારા હિતની છે એટલે કહેવા આવી છું" રાજાએ કહ્યું, "હું તને અભયવચન આપું છું કે ગમે તેવી ગુપ્ત વાત હશે છતાં મનમાં રાખીશ. અને તે સંબંધમાં તને કંઈ ભય હશે તો રક્ષણ કરીશ."

કનકવતી ગંભીર મુખ કરી બોલી. "મહારાજા! આપણા શહેરમાં કેટલાક દિવસથી મરકીનો ઉપદ્રવ ચાલે છે. આ ઉપદ્રવ એક રાક્ષસીએ કરેલો છે અને રાક્ષસી જેવા ચેનચાળા ટુચકા કરવાથી તે નિત્ય વૃદ્ધિ પામે છે. આ શહેરમાં એક એવી રાક્ષસીની મેં ગઇકાલે જ શોધ કરી છે. આપ અભયવચન આપો તો હું તેનું નામ કહું." રાજાએ ફરીથી અભયવચન આપ્યું. કનકવતી બોલી–"રાજન્ !તમો નહીં માનો પણ એ છે આપની પ્રિય પુત્રવધૂ મલયસુંદરી. ગઈ કાલે મારા મહેલેથી રાત્રીના સમયે એના રાક્ષસીના ચેનચાળા જોયા. આપની ઇચ્છા હોય તો આપ આ રાત્રીએ દૂરથી જોજો. એના મહેલે રાત્રે એ રાક્ષસી કેવા ચેનચાળા કરે છે તે.... આપ તો દયાળુ છો. સમગ્રનગરના કલ્યાણ માટે એક સડેલા પોતાના પ્રિય અંગને પણ છેદવામાં બાધ નથી. મને પણ એ પ્રિય છે પણ શું કરું? સાચી વાત જણાવવાથી સૌનું કલ્યાણ સમજી હું અહીં આવી છું. રાજા મરકીનું કારણ જાણવા ઉત્સુક તો હતો જ એમાં આ કનકવતીનું કહેવું સાંભળી તે આશ્ચર્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પામ્યો. વિચારમાં પડ્યો. અહો! આ કેવી વાત! મારા નિર્મળકુળમાં પણ આવું કલંક! શું મલયસુંદરી રાક્ષસી! આ વાતનો સંભવ પણ અશક્ય! તો આ સ્ત્રી અસત્ય શા માટે બોલે! એને પણ એ સ્ત્રી પ્રિય છે છતાં કહ્યું છે કે સડેલા પ્રિય અંગને છેદવામાં બાધ નથી.... અહો! શું કરવું? આજ રાત્રીએ પ્રત્યક્ષ જોયા બાદ આગળ શું કરવું તે જણાશે. આમ વિચારી રાજાએ કહ્યું, "હે શુભે! તું પણ આ વાત ગુપ્ત જ રાખજે, નહિ તો મારા કુલને કલંક લાગશે. કાલ સવારે શું કરવું તે જણાવીશું" કનકવતી ઉભી થઈ જતાં જતાં કહેતી ગઈ. "રાજન્! રાત્રીએ એ રાક્ષસી દેખાય તો પણ એનો નિગ્રહ ન કરતા. રાત્રે તે અજેય હોય. પ્રભાતે જ નિગ્રહ કરજો." અને સફળ દાવ નાખી ચાલી ગઈ અને બજારમાંથી રાક્ષસીને યોગ્ય કેશ દાંત ખપ્પર છરી વિગેરે કપડાંમાં લપેટી લઈ આવી અને સાંજના મલયસુંદરીના મહેલે સુવા માટે ગઈ.

રાત્રી પડી. કનકવતીએ કહ્યુ "પુત્રી! તું અહીં જ સુઇ રહેજે. હું આજે તે રાક્ષસીનો બરાબર નિગ્રહ કરીશ. તું બહાર ન આવીશ. નહિતર ડર લાગશે." એને એમ સમજાવી તે બહાર આવી. બિલકુલ નગ્ન થઇ રાક્ષસીનો વેશ ધારણ કર્યો. હાથમાં સળગતું ઉંબાડીયું લીધું. બીજા હાથમાં ખપ્પર લીધું. લાંબા કેશ છૂટા મૂક્યા અને ઝરૂખામાં આવી નાચવા લાગી. એમ કરતાં જ્યાં મધરાત જામી અને એને સમજ પડી કે સામે અગાશીમાંથી રાજા પ્રમુખ તેને જોઈ રહ્યા છે ત્યારે તે ઝરુખા ઉપર સળગતું ઉંબાડીયું ઊંચું કરી નાચવા લાગી. મુખમાંથી ફુત્કાર કરતી હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ અવસરે રાજાએ થોડી વાર સર્વ જોયું. એ મહેલ મલયસુંદરીનો જ હોવાથી તેના મનમાં પાકી ખાત્રી થઈ ગઈ કે મલયસુંદરી રાક્ષસી છે.

તેણે વિચાર્યું. જો હવે હું તુરત તેનો નિગ્રહ નહિ કરૂં તો મરકી સમગ્ર નગરનો નાશ કરશે. એમ વિચારી ક્રોધથી ધમધમતા રાજાએ કહ્યું. "અરે સુભટો! જુઓ છો શું? જાવ અત્યારે જાવ અને આ દુષ્ટાને જીવતી જ પકડી લ્યો અને રથમાં બેસાડી કોઈ ન જાણે તેમ વનમાં લઈ જઈ મારી નાખો."

રાજાના આદેશથી સુભટો દોડતા એ જ સમયે મલયસુંદરીના મહેલ તરફ આવી રહ્યા. આ જોઈ કનકવતી મલયસુંદરીને જગાડી કહેવા લાગી "અરે પુત્રી! હું રાજાની આજ્ઞા વિના તારા મહેલે સુવા આવી તેથી મારી પાછળ સુભટો મને મારવા પડયા છે. મને કયાંક સંતાડી દે." મલયસુંદરીએ દયા લાવી એના કપટને નહિ જાણતી એક મોટી મંજુષામાં બેસાડી તેના ઉપર તાળું મારી દીધું. તેટલામાં સુભટો આવ્યા. મલયસુંદરીનું સ્વાભાવિક રૂપ જોઈ વિચારવા લાગ્યા. આ રાક્ષસીએ પોતાનું રૂપ ફેરવી નાખ્યું છે. હાં. પણ આપણે કયાં છોડીએ તેમ છીએ. તેની પ્રતિ મોટેથી બોલ્યા "અરે પાપિણી! હજી સુધી કેટલા મનુષ્યોના તું સંહાર કરીશ? સુભટો! જુવો છો શું! પકડી લ્યો આને! અને બાંધી દો. સુભટોએ તુરતજ મલયસુંદરીને પકડીને દોરડીથી બાંધી અને મહેલની બહાર કાઢી પરાણે રથમાં નાખી. રથને વાયુ વેગે ઘોર અટવી તરફ મારી મૂકયો.

આ અકસ્માત્ બનાવાથી મલયસુંદરી સ્તબ્ધ જ થઈ ગઈ કે આ શું? શા માટે સુભટો મારો તિરસ્કાર કરે છે. જેને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મોટા શ્રેષ્ઠિવરો પણ તુંકારો ન કરી શકે તેને જેમ તેમ બોલતા કોઈ સ્થળે મારો નાશ કરવા કેમ લઈ જાય છે. આ શું જુલમ! મારો શો અપરાધ? શું મારા સમગ્ર પુણ્ય ખલાસ થઈ ગયા! અરે કોઈ અયશ કર્મનો ઉદય થયો કે શું? આમ વિચારતી તે મહાબલે આપેલા શ્લોકનું સ્મરણ કરવા લાગી. એના મુખ પર શાંત મધુર આભા વિલસી રહી.

એક ભયંકર અટવીમાં સુભટોએ રથ ઉભો રાખ્યો. મલયસુંદરીના મુખ પરની શાંત આભા, રાજ તેજ–નયનમાંથી વરસતી અનરાધાર અશ્રુધારા–નિર્દોષ નેત્રો જોઈ સુભટોને તેના પર કરુણા આવી. નક્કી આવી રાક્ષસી ન જ હોય. આ સ્ત્રી નિર્દોષ જ લાગે છે. હવે એને શું કરીએ? મારીએ તો સ્ત્રી હત્યા લાગે. આને અહીં જ મુકી જતા રહીએ. એની મેળે મરી જશે. અને તેઓએ તેના હાથનાં બંધન છોડી ત્યાં મુકી રથ નગર તરફ વાળ્યો. અને રાજાને જુઠો જવાબ આપ્યો કે અમે મલયસુંદરીને મારી નાખી. રાજા ખૂશ થયો. હવે જરૂર મરકી શાંત થશે એમ એને લાગ્યું. કનકવતીને ખૂશ કરવા તેની તપાસ કરી પણ તેનો પત્તો ન લાગ્યો. રાજાએ મલય-સુંદરીનો મહેલ સુનો જાણી બંધ કરાવી ચારે બાજુથી તાળાં મરાવી દીધાં.

આ બાજુ મહાબલ અખંડ પ્રયાણે ભીલ્લ રાજાના રાજ્ય પાસે પહોંચ્યો. અને જ્યાં ભીલ રાજા સામો આવ્યો એટલે સાણુસા વ્યુહથી એમના પર મારો ચલાવ્યો અને થોડાક જ સમયમાં તેને જીતી લઈ ભીલ રાજાને જીવતો પકડી પોતાની આજ્ઞા પળાવી. અને ખંડણી પેટે ઘણું દ્રવ્ય લઈ તેને ફરી રાજ્ય પર સ્થાપી. વિજય વાવટો ફરકાવતો પ્રિયાને મળવા માટે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અવિરત પ્રયાણ કરી થોડાક જ વખતમાં પૃથ્વીસ્થાનપુરમાં આવી પહોંચ્યો. પિતાને નમસ્કાર કરી સર્વ વૃત્તાંત નિવેદન કર્યો. રાજાએ પણ કુમારની ખૂબ પ્રશંશા કરી. ત્યારબાદ મહાબલ રાજાની આજ્ઞા લઈ મલયસુંદરીના મહેલે જવા જ્યાં તે તૈયાર થયો ત્યાં રાજાએ તેને એકાંતમાં લઈ જઈ કહ્યું, "કુમાર! એ તો રાક્ષસી હતી. એનો વધ કરાવ્યો. તને બીજી રાજકુમારી પરણાવશું" અને એમ કહી સર્વ વૃત્તાંત સાંભળતા જ મહાબલ છેદાયેલા વૃક્ષની જેમ ઢગલો થઈ ભૂમિ પર પડયો. થોડીવારે હોશ આવતાં ગદ્‌ગદ્ કંઠે બોલ્યો. "પિતાજી! આ તમે શું કર્યું? એ કનકવતી નાકકટી તો કપટી છે. પૂર્વે પણ એણે ઘણાં ચરિત્ર કર્યા છે. એ બાળા પર વેર વાળનારી છે. અરેરે! આપની બુદ્ધિમાં પણ વિપર્યાસ! એ કપટીની વાતમાની લીધી! પિતાજી તમે ઠગાયા. અરે હું જ ઠગાયો! અરે એ નાકકટી છે કયાં! મને પ્રથમ એને બતાવો.

રાજા આ બધું સાંભળી ક્ષણવાર ઝાંખો થઈ ગયો. નીચું જોઈ તેણે જવાબ આપ્યો. તે કયાંક નાસી ગઈ લાગે છે. કુમાર પ્રિયાના વિયોગથી ઉદાસીન પોતાના મહેલે આવ્યો. કુમાર પ્રતિના પ્રેમે રાજા પણ પાછળ આવ્યો. રાજાએ ચાવીથી સમગ્ર તાળાં ઉઘાડી આપ્યાં. કુમારને કહ્યું, "જો અહીં તે મલયસુંદરી ચેનચાળા કરતી હતી. આ ઝરુખા પર, આ સુભટો બધા સાક્ષી છે" કુમાર તે વાત ન માનતાં મહેલની દરેક વસ્તુ ઝીણવટથી જોવા લાગ્યો. એવામાં તે મંજૂષાને તાળું છતાં જરાક તે હાલતી દેખાઈ. તુરત તેનું તાળું ઉઘાડયું. તો તેમાંથી રાક્ષસીના એ જ વેશમાં તે નાકકટી ઉભી થઈ ગઈ. રાજા પ્રમુખ આ જોઈ સ્તબ્ધ થઈ ગયા. કુમાર બોલી ઉઠયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"આજ તમારી રાક્ષસી કે બીજી કોઈ?" રાજાએ કહ્યું "બસ આજ સ્ત્રી નાચતી હતી........"

કુમાર બધી વાત સમજી ગયો. તે કનકવતીના પ્રપંચનો પાર પામી ગયો. એને એટલો ક્રોધ ચઢી આવ્યો કે તે કનકવતીને પેટીમાંથી બહાર કઢાવી નિષ્ઠુરપણે મારવા જ લાગ્યો. જ્યારે કુમારે કહ્યું "સાચું બોલ દુષ્ટા! નહિ તો તને આજે મારી જ નાખશું." ત્યારે તેણે બધી જ વાત સાચી જણાવી દીધી. કુમારે તેને ત્યારબાદ નાસી જવા દીધી.

અવિચારિત કર્તવ્યથી હવે રાજાને મહાન પશ્ચાત્તાપ થયો. "અહો! મેં શું કર્યું!" "सहसा विदधीत न क्रिया" એ સૂત્ર હું જાણતો છતાં–લોકો મને બુદ્ધિમાન ધૈર્યવાન કહે છે છતાં મારી વિચારશીલતા એ સમયે ક્યાં ગઈ! "હે નિષ્ઠુર સુરપાલ! તેં કેવો અનર્થ કર્યો! આ મારા કુમારની આશાનું નગર બાળી મૂક્યું........ કુલનો ઉચ્છેદ કર્યો. એ સગર્ભા હતી........તેણે વિચાર પણ ન કર્યો. અરે રે એટલોય વિચાર ન કર્યો કે આ નાચતી સ્ત્રી મલયસુંદરી છે કે બીજું કોઈ છે–તપાસ પણ ન કરી?" અને તે અશ્રુધારાએ રડવા લાગ્યા........

આ બાજુ મહાબલની સ્થિતિ તો અવાચક જેવી જ હતી. એણે કોઈ સાથે બોલવું પણ બંધ કર્યું. તેનું હૃદય આ વજ્ર જેવા આઘાતે પ્રિયાના વિયોગે ઝુરવા લાગ્યું.

અહો! સ્નેહ અને મોહની દશા આવી જ છે. ભાગ્ય જ શ્રેષ્ઠ છે. વિધિ જ બળવાન છે એ વાત જ્ઞાની પુરુષો પણ આ સમયે ભૂલી જાય છે. પૂર્વકૃત કર્મના ઉદયે મહાપુરુષોને પણ વિડંબના થયા વિના રહેતી નથી એ સનાતન સત્ય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# આશાની જ્યોત

# ૨૨

જો આ દુઃખભર્યા સંસાર સાગરમાં સુખની એકાદ મીઠી મહેરામણ ન હોત તો આ સંસારના ખારા જલમાં કોઈ રહી જ ન શકતે ! લાખો નિરાશામાં માત્ર એક જ આશાનાં તાંતણે માનવી ઘણાં ગમે તેવાં કષ્ટ સહી લે છે. એ આશાની જ્યોત બુઝાઇ જાય તો માનવી અને મૃતકમાં કંઈ જ ફેર ન રહે.

સમગ્ર નગરમાં ઉદાસીનતાનું એક વાદળ છવાઈ ગયું હતું. કારણકે મહાબલના શોકે .કોને દુઃખી ન કર્યા એ જ એક પ્રશ્ન હતો. પણ દુઃખનો ય આરોવારો હોય છે. સદાકાળ દુઃખ પણ ટકતું નથી. એકદા રાજ્યસભામાં અષ્ટાંગ નિમિત્તનો જાણકાર એક નૈમિત્તિક આવ્યો, તેનો પ્રભાવશાળી રુવાબ હતો. હાથમાં અષ્ટાંગ નિમિત્તનું પુસ્તક હતું. રાજાની પાસે જ મહાબલકુમાર બેઠો હતો. મુખ્યમંત્રી જ તેને લાવેલા હતા. મંત્રીએ રાજ્યસભામાં જ તેને પ્રશ્ન કર્યો, “ હે નૈમિત્તિક ! આ અમારા મહાબલકુમારનાં પત્ની એક સ્ત્રીના પ્રપંચથી સમુદાયથી પૃથક્ થયાં છે. સમગ્ર રાજકુટુંબ એથી શોકમાં પડ્યું છે તો તમો તમારા નિમિત્ત બળથી કહો કે તે સ્ત્રી જીવતી છે કે મરણ પામી છે ? ”

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિમિત્તિકે પ્રશ્ન પરથી ગણત્રી કરી. થોડીવારે કહ્યું "મંત્રીશ્વર! તે કુમારનાં પત્ની જીવતાં છે. અને એક વર્ષને અંતે કુમારને મળશે" મલયસુંદરી જીવતી છે આ વાકયે કુમાર પર સંજીવનીનું કામ કર્યું. જાણે તે પુનર્જીવન પામ્યો. નેત્ર વિકસ્વર કરી તે કુમાર બોલી ઉઠયો "નિમિત્તિક! વિલંબ નહિ કરતાં જવાબ આપો. હાલ તે કયાં છે?" નિમિત્તિકે ફરી ગણત્રી કરી કહ્યું, "કુમાર! એ હું નથી જાણી શકતો કે હાલ કયાં છે પણ જીવતાં છે એ વાત ચોક્કસ છે."

આ શબ્દોથી રાજાને શક આવ્યો કે સુભટોને મારવા મોકલેલ તે કયાંથી જીવતી હોય, છતાં તે મારવા ગયેલ સુભટોને પોતે ફરી બોલાવ્યા અને કહ્યું "હે સુભટો! તમને અભય વચન આપું છું. તમે મલયસુંદરીને મારી નાખી હતી કે એમ જ છોડી દીધી હતી તે સાચું કહો." અભયવચનના સહારે સુભટોએ યથાર્થ વાત કહી દીધી. "રાજન્! એનું નિર્દોષ મુખ જોઈ અમારો સ્ત્રીહત્યા કરવાનો જીવ ન ચાલ્યો. વનમાં જ એમ ને એમ મૂકી અહીં આવતા રહ્યા."

દીર્ઘ નિશ્વાસ મૂકી પશ્ચાતાપપૂર્વક રાજા બોલ્યો "અહો! જે દયાબુદ્ધિ આ લોકમાં છે તેટલીય મારામાં નથી. તેમને હજાર ધન્યવાદ ઘટે છે." પછી રાજાએ નિમિત્તિકને અને સુભટોને પારિતોષિક આપી રવાના કર્યા.

ત્યારબાદ કુમારના વચનથી રાજાએ જ્યાં સુભટોએ વનમાં મલયસુંદરીને મૂકેલ ત્યાં તપાસ કરવા માણસો મોકલ્યા. તે સિવાય ચંદ્રાવતીમાં પણ કેટલાક માણસોને તપાસ કરવા મોકલ્યા. વનમાં ગયેલા સુભટો નિરાશ થઈ પાછા ફર્યા. બીજે પણ ગયેલા સુભટો નિરાશ થઈ પાછા ફર્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજાએ કુમારને સમજાવી ભોજન કરાવ્યું. પોતે પણ ભોજન કર્યું, પણ મન વિનાનું ભોજન કેવું હોય?

ભોજન કરી કુમાર પોતાના મહેલે આવ્યો. મલયસુંદરીનાં વસ્ત્રો, ક્રીડાગૃહ, રતિગૃહ–અલંકારો જોઈ તેને એક એક સંસ્મરણોની સરવાણીઓ જાગૃત થઈ. જે રાજમહેલમાં ગાંધર્વનાં ગાયનો, વારાંગનાના નૃત્યો, વીણાના સૂરો, મૃદંગના અવાજો, શરણાઈના સૂરો નિત્ય ગાજતા હતા તે મહેલ સાવ શૂન્ય દેખી કુમારને જરાય ચેન ન પડ્યું. પ્રિયપાત્ર વિના તેના જીવનનું સંગીત વિલીન બન્યું હતું. માત્ર એકજ વ્યક્તિના અભાવે એનો મનનો મહેલ શૂન્ય લાગતો હતો. પ્રભાતે જે સૂર્યને દેખી તેને નૂતન પ્રકાશ અને ચંદ્રને દેખી ચાંદનીની શીતલતા ભાસતી હતી ત્યાં આજે અંધકારનો શૂન્યાવકાશ સર્જાયો હતો. ઘડીમાં શય્યા પર પડી તે મલય સુંદરીના નિરાશાજનક વિચાર તરંગે ચડી જતો તો ઘડીમાં નિમિત્તિકનાં વચને તે આશાના હિંડોળે ઝુલી રહેતો–જાણે હમણાં કોઇ માણસ એના નવીન આશાજનક સમાચાર લાવશે એવા ભણકારા વાગતા........

જગતમાં સ્નેહ-પ્રેમ અને મોહ એ એવા ઘેન છે કે તેમાંથી છૂટવું ઘણું મુશ્કેલ છે. એ ઘેન ચડી જાય એટલે જાણે માનવી જીવનથી રદબાતલ થઈ જાય તેવો એ નશો છે. મંત્ર, જ્ઞાન અને જ્ઞાની જ તેને ઠેકાણે લાવવા સમર્થ છે.

મહાબલને મહેલની ભીંતોમાં મલયા દેખાતી. સ્વપ્નમાં એના જ પ્રસંગો ઉપસ્થિત થતા. મહેલની એક એક ચીજમાં તેની સ્મૃતિ પડી હતી. પાણી પીવા જતાં ક્ષણવાર એના

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિચારે હાથમાં પ્યાલું રહી જતું. એના દેહમાં-મનમાં અને અને આત્મામાં એની પ્રિયતમા છવાઈ જતી. એ ધ્રુસકે ધ્રુસકે રડી પડતો-એના ગુણો યાદ આવતાં. આંખમાં આંસુના તોરણ બંધાઈ જતાં. ખરેખર પ્રિયસ્વજનનો વિયોગ વસમો હોય છે.

રાત્રી પડી. એના મનની સ્થિતિ આજે બેકાબુ હતી. તે જાતે જ મલયસુંદરીની શોધ માટે જવા માટે તૈયાર થયો હતો. જ્યાં મધરાત જામી એટલે તે પહેરેગીરની નજર ચુકાવી એકાકી તેની શોધ માટે નીકળી પડયો.

ઘડીમાં ઉદાસ મને ઘડીમાં આશાના સહારે તે શોધ કરતો પૃથ્વીતલ પર ફરવા લાગ્યો.

પ્રભાતે જ્યારે રાજા સુરપાલને ખબર પડી કે મહાબલ પણ નથી ત્યારે એમના દુઃખનો પાર ન રહ્યો. છતાં વિચાર્યું, નક્કી એ મલયસુંદરીની શોધ માટે એકાકી ગયો છે. અને એના કાર્યમાં સફળ થયે જરૂર પાછો આવશે. છતાં મહાબલની શોધ માટે પણ તેમણે માણસોને રવાના કર્યા. આખર તો પિતૃ હૃદય હતું-માત્ર એક નિમિતજ્ઞના વચને તેમની પણ આશાની જ્યોત ઝગમગી રહી હતી...........

સંસાર એટલે જ આશા નિરાશાનાં મોજાથી ભરપૂર મહાસાગર. એમાં માનવી આશાની ભરતીમાં સુખ અનુભવે. નિરાશામાં શોક.

એ સાગર, જ્ઞાનીના વચનરૂપ પ્રવહણ વિના તરવો મુશ્કેલ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# જંગલમાં પુત્રજન્મ

## ૨૩

ઘોર અરણ્યનો પ્રદેશ, ચારે બાજુ હિંસક પ્રાણીઓના ભયંકર શબ્દો–અંધારી ઘોર રાત્રી–અબળા જાતિ અને એકાકી! સગર્ભા! મલયસુંદરી ક્ષણવાર વિકલ બની ગઇ. રાજમહાલયની વસનારી રેશમી શૈયામાં આળોટનારી આ નારીને આજે કર્મ રાજાએ–ભાગ્યે ભયંકર વનમાં મૂકી દીધી,

એ વિચારવા લાગી–મારો એવો શું અપરાધ થયો કે મારા સસરાએ મને દંડ આપ્યો! એ એની સમજમાં ન આવ્યું. નક્કી મારે વિષે કોઈએ તેમને ઠગ્યા છે. નહિ તો એ ઘણા ભલા છે. મારા પર સ્નેહ પણ છે. અહો! સસરા સુરપાળ! તમને સાચી વાત સમજાશે ત્યારે ઘણો પશ્ચાતાપ થશે! હે નાથ! આપ તો મને મારા સુખની ખાતર મહેલમાં મૂકી ગયા પણ મારી આવી વિષમ અવસ્થા તમે સાંભળશો ત્યારે તમારા શરીરની–મનની શી દશા થશે! મારા વિરહે તમો કેવા દુઃખ દાવાનલમાં બળી જશો. એ વિચારે હું ધ્રુજી રહી છું. તમને હું જ જાણું છું. હે પ્રિય! હવે કયારે તમારો સંગમ થશે? શું એ સંભવીત બનશે? એટલા દિવસ કેમ કાઢશો? આર્યનારી આવા ભયંકર જંગલમાં પણ પતિની ચિંતા કરી રહી છે. એ આજની સ્રીઓએ શીખવા જેવું નથી? મલયસુંદરી પોતેજ પોતાને સ્વસ્થ કરવા લાગી. શરૂઆતમાં આવેલી આંસુઓની પાળને નેત્રમાંથી દૂર કરી તે વિચારવા લાગી, હે ચેતન! આમ બહુ રડવાથી આ અરણ્યમાં તારૂં કોણ સાંભળશે? તેં પૂર્વ-

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભવમાં કોઈ ચીકણા કર્મ બાંધતાં વિચાર ન કર્યો તો આ ભવમાં તારે સમભાવે સહન કરવા જ જોઈએ. માટે સ્વસ્થ થા. મનોબળ દઢ કર! એકધારૂં દુઃખ પણ ટકતું નથી. તારા પાપકર્મો બાકી હશે તો તે ભોગવાઈ જશે અને શુભ કર્મનો ઉદય થશે તો સોનાનો સૂરજ ઉગશેજ. માટે ભાગ્ય પર એ વાત છોડી તું સંકલ્પ વિકલ્પ તજી સ્વસ્થ થા! અને અચાનક તેને મહાબલનો શ્લોક યાદ આવ્યો. તે શ્લોકે તેનામાં એક ભવ્ય શાંતિનો–સમતાનો સંચાર કર્યો. તે બોલી त्रिधते यद्विधिस्तस्या..........જાણે મંત્રાક્ષર.

"હે ઉત્સુક મન ઈચ્છિત કાજે બહુ ઉપાયો ચિંતવે
પણ નવ થાયે હૃદય વિચાર્યું, ધાર્યું વિધિનું સંભવે."

આ શ્લોકે એના પ્રાણમાં સ્વસ્થતાનો એક શાંત દીપ પ્રગટાવ્યો. તે પૂર્વે તે ઘણું રડી હતી. તેથી એના પેટમાં અચાનક પીડા ઉત્પન્ન થઈ. દરેક સ્ત્રીને પ્રસુતિની પીડા વેઠવીજ પડે. અને મલયસુંદરીએ થોડીવારમાં પૂર્વદિશા જેમ સૂર્યને જન્મ આપે તેમ તેણે પુત્રને જન્મ આપ્યો.

જે રાજરાણીને દોમ દોમ સાહ્યબી હતી. આવા પ્રસંગે તો દાસદાસીઓની, સ્વજનોની આવનજાવન હોય. જેને ત્યાં પુત્ર જન્મની વધામણી દેનાર ન્યાલ થઈ જાય એવો ઠાઠ હોય. જેને રેશમી શૈયામાં સુવર્ણના પલંગ પર અનેક દાયણોની સંભાળપૂર્વક પુત્રજન્મ થાય તેને આજે એક ભયંકર અરણ્યમાં એક પામર માનવની જેમ, અરે પશુની જેમ, પુત્રની કે માતાની સાર સંભાળ લેનાર કોઈ નહિ, એ રીતે પુત્રજન્મ થયો. એ સમયે આ રાજકન્યાને કેવું દુઃખ થયું હશે! કેટલું ઓછું આવ્યું હશે! તે તો સંવેદનશીલ જ્ઞાની જ જાણી શકે.... રાયને રંક અને રંકને રાય બનાવનાર કોણ?

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ એક જ છે. તેનું નામ કર્મ. માટે તે કર્મ બાંધતાં દરેકે વિચારવું એ આ પ્રકરણનો સાર છે....

મલયસુંદરીને આવા દુઃખમાં પણ સાંત્વન આપનાર આનંદ આપનાર પુત્રજન્મ હતો. પુત્રનું સૂર્ય જેવું તેજસ્વી મુખ જોઈ તે આનંદ પામી. સ્નેહથી તેને ખોળામાં લઈ અનિમેષ જોઈ રહી. ખરેખર પોતાના પ્રિય પાત્ર મહાબલ જેવું જ મુખ હતું. પુત્રને નીરખી નેત્રમાંથી હર્ષાશ્રુ ખર્યા. તે તેને ઉદ્દેશી બોલવા લાગી. "કુમાર! તારો જન્મ થતાં જ મારા મનોરથોનો પણ જન્મ થયો છે. આ નિર્ભાગી માતા! આવા ભયંકર વનમાં તારો જન્મોત્સવ કેવી રીતે કરે? જો આજે તું ત્યાં રાજમહેલમાં જનમ્યો હોત તો આજે સમગ્ર નગરમાં ઉત્સવ થાત! ઘેર ઘેર ધવલ મંગલ ગીત ગવાત! લોકો ભેટણાં લઈ તારા પિતાને ધન્યવાદ–અભિનંદન આપત! અને તારા પિતા! એમના હર્ષનો તો પાર જ ન હોત! અરે! આજે ભાગ્યયોગે તારી ને મારી સંભાળ લેનાર પણ કોઈ નથી! અને આમ ફરી તેનું હૃદય ભરાઈ આવ્યું. એવામાં બાજુમાં જ નદીનો ખળખળ અવાજ સાંભળી તે પુત્રને લઈ ને ચાલી અને ત્યાં પોતાનું સુતિકર્મ પોતાના જ હાથે કર્યું. આખર તો એ ક્ષત્રિય કન્યા હતી. સહનશીલ હતી. એની રાજકુટુંબની સંસ્કારી કેળવણી હતી.

એણે સ્વચ્છ થઈને જંગલમાં એક જગ્યા પસંદ કરી. પર્ણની કુટિર બનાવી. અને વૃક્ષ પરથી પાકેલા ફળો તોડી ઉદરપૂર્તિ કરી. તેણે ત્યાં આમ કેટલીય રાત્રી વીતાવી.

એ વિચારતી હતી, કે સારો સાર્થ મળી જાય તો કોઈ નગરમાં ગયા બાદ પોતાના રાજ્યમાં પહોંચી શકાય.

એવામાં એકદા બાજુના ધોરી રસ્તા પર કોઈ સાર્થના ગાડાનો અવાજ એણે સાંભળ્યો. એણે બાળકને ખોળામાં લીધો.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# શીલવતની કસોટી

## ૨૪

માનવીને સુખ કે દુઃખ પચાવવું સહેલું નથી. એ માટે કેળવણી જોઈએ. કેળવાયેલ સંસ્કારી મનુષ્ય સુખ અને દુઃખમાં સમતોલ–ધૈર્યવાન રહે છે. મલયસુંદરી પોતાના બાળને ખોળામાં રાખી, આવેલ દુઃખનો સામનો કરી રહી છે. એ સમયે બલસાર નામે સાર્થવાહ ક્રયવિક્રય કરતો એજ વનમાંથી પસાર થયો. શાંત નદીનો તટ જાણી એણે ત્યાં પડાવ નાખ્યો. અને સાથેના મનુષ્યોને ભોજન આદિ માટે યોગ્ય સૂચનો કરી તે કાયચિંતા માટે જંગલ તરફ ગયો. એ સમયે પાછા ફરતાં તેણે બાજુની નિકુંજમાં કોઈ બાળકનો રડવાનો અવાજ સાંભળ્યો. તે તે પ્રતિ વળ્યો. અને થોડા જ સમયમાં મલય સુંદરી જ્યાં બેઠી હતી ત્યાં આવી ઊભો રહ્યો. રૂપ અને લાવણ્યની અપૂર્વ શોભાવાળી તેને જોઈ તેણે પ્રશ્ન કર્યો–"હે સુંદરી ! તું કોણ છે ? આવા જંગલમાં એકાકી કેમ ? મારૂં નામ બલસાર સાર્થવાહ છે–સાગરતિલક નગરનો હું રહેવાસી છું. મારો પડાવ નજીકમાંજ છે. તું કોઈ ઉત્તમકુળની સ્ત્રી લાગે છે. રોષથી અહીં આવી હશે. પુત્રજન્મ પણ અહીં જ થયો હશે. માટે ચાલ મારી સાથે તંબુમાં–તારી યોગ્ય સારવાર હું કરીશ" અને તે સ્નિગ્ધ દૃષ્ટિએ જોતો ઊભો રહ્યો.

સ્ત્રીને પુરુષના નેત્રો ઓળખતાં વાર લાગતી નથી. મલયસુંદરી એના કામી નેત્રોથી વિચારમાં પડી–" મારે જો કે યોગ્ય સંગાથની જરૂર છે. પણ આની સાથે જવું



P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉચિત નથી. મારું શીલવ્રત સચવાય એમ લાગતું નથી" આમ વિચારી તેણે અસત્ય ઉત્તર આપ્યો. "શ્રીમાન્! હું ચંડાળપુત્રી છું. મારા માતાપિતા સાથે કલહ થવાથી અહીં આવી છું પણ હું તારી સાથે આવીશ નહિ–ક્ષણિક રોષ ચાલ્યો ગયો છે. હવે મારા માતાપિતાને હું મળીશ. માટે તું તારે રસ્તે જા..."

બલસારને વહેમ પાકો થયો. તેણે વિચાર્યું આ વેશ અને કાંતિ ઉપરથી ચંડાળ કન્યા લાગતી નથી. નક્કી ઉત્તમકુલની છે પણ ખોટો જવાબ આપે છે. તેણે મધુરતાથી કહ્યું. "સુંદરી! તું મારી સાથે ચાલ. તારૂં કુલ કોઈને પણ હું નહિ જણાવું. તારી ઈચ્છા હોય તેમ કરજે પણ તારૂં દુઃખ હું દૂર કરીશ. માણસ માણસને કામમાં નહિ આવે તો કોણ આવશે?" એમ બોલી તે ખોળામાં રહેલ પુત્રને લઈને ચાલવા લાગ્યો.

પોતાના નિધાનને કોઈ લઈ જાય અને મનુષ્ય તેની પાછળ પડે, તેમ મલયસુંદરી તેની પાછળ દોડી. આ આફતનો મુકાબલો કરવા તેણે નિર્ધાર કર્યો. માર્ગમાં પુત્રમોહથી મોહિત તેણે સાર્થવાહને ઘણી આજીજી કરી કે મને મારો પુત્ર પાછો આપ, પણ તે હાથમાં આવેલો શિકાર જવા દે તેવો સરલ ન હતો.

આખરે મલયસુંદરીએ વિચાર્યું–આવા ગાઢ જંગલમાં રહેવું ઉચિત નથી. વળી જંગલમાંથી કોઈ નગરમાં પહોંચ્યા બાદ કંઈક માર્ગ નીકળશે. મારૂં શીલવ્રત સાચવીને પુત્રને પાછો મેળવીને હું માર્ગ કાઢીશ. આમ વિચારી તે બલસારની સાથે તેના તંબુમાં પહોંચી. બલસારે તેને ગુપ્ત સ્થાનમાં રાખી, તેનો પુત્ર પાછો સોંપી, આશ્વાસન આપી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભોજન વિગેરેનો પ્રબંધ કરી, તેની સેવામાં એક દાસીને સોંપી. એટલું જ નહિ તે સ્ત્રીને સાંત્વના પમાડવા-વિશ્વાસમાં લેવા માટે તેણે સુંદર ભોજન–વસ્ત્ર અને અલંકારો પણ મોકલવા લાગ્યો. અને એક પણ વચન તેને અપ્રીતિકર લાગે તેવું બોલતો ન હતો.

અખંડ પ્રયાણે સાર્થવાહ આગળ વધી રહ્યો હતો. એકદા તેણે મલયસુંદરીને પૂછ્યું : " હે શુભે! તમારૂં નામ શું ?" મલયસુંદરીએ કહ્યું, " મારૂં નામ મલયસુંદરી છે " આથી તે બલસારને મનમાં નક્કી થયું કે આ સ્ત્રી ભલે કુલ વિગેરે છુપાવે પણ નામ પરથી જ તે ઉચ્ચ કુટુંબની છે એ પ્રતીતિ થાય છે. અખંડ પ્રયાણે તેઓ ભારતના શ્રેષ્ઠ બંદર સાગરતિલક નગરમાં આવી પહોંચ્યા.

સાર્થવાહે પોતાની હવેલીમાં એક ગુપ્ત ખંડમાં મલયસુંદરીને રાખી અને વિશ્વાસુ દાસી સિવાય આ વાતની બીજા કોઈને પણ ખબર પડવા ન દીધી. એકદા તે પ્રભાત કાલે આવ્યો. અને મલયસુંદરીને સ્વસ્થ જોઈ મધુર વચને સુખશાંતિ પૂછી બોલ્યો, " હે સુંદરી! મારો વિશાળ વેપાર છે. આ નગરનો હું કોટયાધિપતિ શ્રીમંત વેપારી છું. જો તું મને સ્વામી તરીકે કબૂલ કરે તો આ અખૂટ વૈભવની તને સ્વામીની બનાવીશ. અને હું તારા દાસ કે સેવક તરીકે જ રહીશ. વળી હું નિઃસંતાન છું. તારો પુત્ર એ મારો જ પુત્ર ગણીશ " અને આમ તે વિષયની યાચના–પ્રાર્થના કરવા લાગ્યો.

મલયસુંદરી આ પ્રસંગ ઉપસ્થિત થશે એ જાણતી જ હતી. તે બોલી, " હે સજ્જન વેપારી! શાસ્ત્રમાં પરસ્ત્રીગમન એ નરકનું દ્વાર છે. મહાપાપ છે. અને સતી સ્ત્રીના શીલનું ખંડન કરવું એવું ભયંકર પાપ કરવું તમને ઉચિત નથી. સૂર્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પશ્ચિમમાં ઊગે કે મારા સર્વસ્વનો નાશ થાય પણ આ અકાર્ય હું નહિ જ કરૂં. માટે ભાગ્યવાન ! તું પણ આ અકાર્યથી પાછો વળી જા. અને મને બેન માની, મુક્ત કરી મારા સ્થાને પહોંચાડ." બલસારે અનેક કાકલુદી કરી પણ મલયસુંદરી પોતાની વાતમાં મક્કમ જ રહી. આ જોઈ ક્રોધના આવેશે તેણે મલયસુંદરીના ખોળામાંથી પુત્રને ઝુંટવી લીધો અને બોલ્યો, આ તારા પુત્રને હું લઈ જાઉં છું. જ્યારે તું સંમત થશે ત્યારે જ તે તને મળશે." અને એમ કહી તે મલયસુંદરીના રૂમને બહારથી તાળું મારી પુત્રને લઈ પોતાની પ્રિયસુંદરી નામની પત્નિ પાસે આવ્યો અને બોલ્યો, "પ્રિયા ! આજે હું અશોકવાટીકામાં ગયો હતો. ત્યાંથી આ લક્ષણવંત તેજસ્વી પુત્ર મને મળ્યો છે. કોઈ વ્યભિચારીણી સ્ત્રીએ ત્યાગ કર્યો લાગે છે. પણ આવો ભાગ્યવંત પુત્ર જોઈ મને થયું આપણે નિઃસંતાન છીએ. માટે તું આને પુત્ર તરીકે રાખ. તારો ખોળો ભરેલો રહે." એમ કહી તે પુત્ર જેનું નામ બલસારે "બલ" રાખેલ તે પોતાની સ્ત્રીને સોંપ્યો. અને પ્રિયસુંદરી પણ ગુલાબના ફૂલ જેવા આ કોમલ બાલકને પામી રાજી થઈ ગઈ. અને સ્તનપાન માટે એક ધાવમાતાને રાખી તે પુત્રને ઉછેરવા લાગી.

### સાગરની સફર

સાગરતિલક નગર એક મોટું બંદર હતું. બલસારને પણ પરદેશ સાથે વહાણ મારફત વેપાર હતો. આ વખતે બબ્બરકુલ જવા માટે તેણે પુષ્કળ માલ વહાણમાં ભર્યો. માલ ભરીને ઉપડવાના સમયે મલયસુંદરીને પણ બળાત્કારે સાથે લીધી. વહાણના એક ભાગમાં તેને રાખી. તેના મનમાં હતું કે જો આ શિકાર માની જાય તો સાગરની સફર સફળ થઈ જાય. સારા દિવસે વહાણ ઉપાડવા આજ્ઞા કરી. ખલાસીઓએ રમૈયા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રામ....જય સીયારામ કરતાં વહાણ ઉપાડયા. અગાધ જલરાશિ ઉપર ક્રીડા કરતા જલહસ્તિ જેવા એ વહાણો શોભી રહ્યા હતા. ઉપર આકાશ અને નીચે જલધિનાં ગંભીર વારિ! સાગરનાં મોજાં વાંભ વાંભ ઉછળતા હતા. પવન પણ સાનુકુલ હતો. ખારવા ગીત ગાઈ રહ્યા હતા. એ સમયે મલયસુંદરીને પોતાનો પુત્ર સાંભર્યો. એ સાર્થવાહ પાસે આવી પુત્રની યાચના કરવા લાગી. અશ્રુ સારતી બોલી: "હે સાર્થવાહ! મારા પુત્રને તેં શું કર્યું છે? ક્યાં રાખ્યો છે. મને પાછો આપ. તારો ઉપકાર નહિ ભૂલું."

શિકાર હાથમાં આવેલો જાણી સાર્થવાહ મનમાં ખુશ થયો. બોલ્યો. "સુંદરી! તારો પુત્ર તારા હાથમાં જ છે. તારૂં ભાવિ તારા હાથમાં છે. છેલ્લીવાર નક્કી કરી લે. જો પુત્રનું મિલન ઇચ્છતી હોય તો મારી સાથે મિલન કર.... બસ આ જ એક માર્ગ છે. તારા અને મારા બન્નેના સર્વ મનોરથો પછી પૂર્ણ થશે." આમ કહી તે કામી નજરે મલયસુંદરી પ્રતિ જોઈ રહ્યો.

વિષય-વિકાર માનવીને ભાન ભૂલો બનાવે છે. બાહ્ય રૂપના ભીખારીઓની મનોદશા ખરેખર છતી આંખે અંધ જેવી હોય છે.

મલયસુંદરીને વ્યાઘ્રતટી ન્યાય જેવું થયું. એક તરફ વાઘ! બીજી બાજુ નદી! પુત્ર મળે તો શીલવ્રત જાય. શીલ સચવાય તો પુત્રનો વિરહ જ રહે.... એણે વિચાર્યું. શીલ-વ્રત તો દીવો છે. એ વિનાનું સ્ત્રીનું જીવન તો શેરડીના ચૂસાયેલા કુચા જેવું છે એ મૌન રહી.

બલસાર સમજી ગયો. આ નારી સામાન્ય નથી. એ પોતાના પંજામાં સપડાય તેમ નથી. એણે મનોમન એક યોજના ઘડી કાઢી.

**કારૂને ત્યાં વેચાણ**

ચંચલ નારીના ચિત્તની જેમ ડોલતા વહાણો આખરે બબ્બર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

–કુલને કિનારે આવ્યાં. બલસારે જગાત નાકાની જવાબદારી પતાવી. તે બાદ વહાણને નાંગર્યાં અને મોટા મોટા વેપારીઓને સાંજ સુધીમાં જ બધો માલ વેચી દીધો. સવાયો નફો કરી તે ખુશ થઈ ગયો. એવામાં કારુ લોક ત્યાં આવ્યા. જે માનવીના લોહી કાઢી કપડાં રંગવાનું કામ કરતાં હોય તે કારુ વેપારી કહેવાતા. તે લોહીનો વેપાર કરનારા ક્રૂર લોકો હોય છે. બલસારે કૃમિરાગ–ખેંચનારા ક્રૂર એવા એક કારુને મોટા દામ લઈ મલયસુંદરી વેચી દીધી. તેઓ પણ આવો તાજો માલ જોઈ રાજી થઈ ગયા. અને પોતાના ઘેર લાવી વિષય સુખની યાચના કરવા લાગ્યા. તેઓએ મલયસુંદરીને મનાવવા સામ દામ ભેદ દંડ વિગેરેથી ઘણા યત્ન કર્યા પણ તે શીલવ્રતમાં અડગ જ રહી.

સતી સ્ત્રીઓને શીલવ્રત પ્રાણથી પણ અધિક વહાલું હોય છે. એ વાત આ પામર કામીજનોને ક્યાંથી સમજાય ?

કામી બાહ્ય અને અભ્યંતર બન્ને રીતે અંધ હોય છે. જ્યારે મલયસુંદરી પોતાના સતીધર્મમાં અડગ રહી ત્યારે તે નિર્દય કારુ સુવાને તેના શરીરનો છેદ કરી આખા શરીરમાંથી રુધિર કાઢયું. આથી મલયસુંદરીને મહાવેદના સાથે મૂર્છા આવી ગઈ. થોડા દિવસ બાદ જ્યારે શરીરમાં કંઈક રુધિર ભરાયું ત્યાં ફરી તે ક્રૂરે પૂર્વની માફક રુધિર કાઢી મહાસતીને મહાવેદના આપી.

આવા ભયંકર દુઃખમાં પણ મલયસુંદરી વિચારવા લાગી.... આ જીવે પૂર્વભવે કંઈક ચીકણુ કર્મ બાંધ્યું હશે. તેથી મારા પર દુઃખની શ્રેણી આવી પડે છે. અહો !ક્યાં મારૂં પિયર ! ક્યાં સાસરૂં ! ક્યાં સાહ્યબી ! અને ક્યાં આ ભૂંડી દશા ! હે જીવ ! કર્યાં કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી જ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એકદા શરીરમાંથી તે ક્રૂર કારુએ એટલું બધું લોહી કાઢયું કે તે ગાઢ મૂર્છામાં પડી. અને આખું શરીર રુધિરથી ખરડાઈ ગયું.

એ બહારના ચોકમાં મૂર્છામાં હતી તે સમયે કારુ લોક અંદર કંઈક કામમાં ઘરમાં હતા. તે સમયે આકાશ માર્ગેથી અચાનક એક મોટું ભારંડપક્ષી આવ્યું અને એને માંસનો ટુકડો જાણી મલયસુંદરીને ઉપાડીને આકાશ માર્ગે ચાલતું થયું.

અહો કર્મની કેવી ગતિ! કેવી શીલવ્રતની કસોટી!

# શીલવ્રતની અખંડ જ્યોત

## ૨૫

### આકાશમાંથી સમુદ્રમાં

અત્યારના મોટા એરોપ્લેન કરતાં પણ એ ભારંડ પક્ષીમાં તાકાત ઘણી હોય છે. એ મોટા હાથીને પણ એક દડાની જેમ ઉપાડી જઈ શકે છે. એ ભારંડ પક્ષી મલયસુંદરીને માંસનો ટુકડો સમજી ઉપાડે એમાં નવાઈ નથી. એ આમ ઉપાડીને હવાઇ માર્ગે સમુદ્ર પર વેગથી દોડતું હતું ત્યાં સામેથી એનું હરીફ બીજું ભારંડ પક્ષી, એ ચાંચમાં રહેલ ભક્ષ્ય લેવા તેની સન્મુખ આવ્યું. અને લડાઈ કરવા લાગ્યું. નભમાં બન્નેનો ભીષણ સંગ્રામ ચાલ્યો. આ સમયે મલયસુંદરીની મૂર્છા પણ ઉડી ગઈ.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ જાગૃત થઈ. બન્ને પક્ષીની લડાઈમાં અચાનક પૂર્વના પક્ષીની ચાંચમાંથી તે સરકી પડી અને આકાશ માર્ગેથી તે નીચે પડવા લાગી. એ વખતે તેણે પંચ પરમેષ્ઠિ મંત્રનું મનમાં સ્મરણ કર્યું અને સમુદ્રમાં પડતાં યોગાનુયોગ આયુષ્ય કર્મ પ્રબળ હોવાથી તે એક મોટા તરતા મગરમચ્છની પીઠ પર આવીને પડી.

તે ભર સમુદ્રમાં એક મચ્છની પીઠ પર પડી ત્યારે તેની ચેતના શક્તિ જાગૃત જ હતી. તેણે જોયું. ચારે બાજુ જળ-બંબાકાર જલરાશિ સિવાય કંઈ જ ન હતું. આવી સ્થિતિમાં એને લાગ્યું કે હવે મારૂં આયુષ્ય થોડોક જ સમય છે. આ મચ્છ નીચે જલમાં સરકે કે ખેલ ખલાસ! એને થયું મરવું જ છે તો શા માટે આવતા ભવનું ભાતું બાંધી ન લેવું? સમાધિપૂર્વક મરવું જ શ્રેષ્ઠ છે. એમ વિચારી તેણે વીતરાગ પરમાત્માનું સ્મરણ કર્યું. પ્રાર્થના કરતાં એણે માંગ્યું "હે પ્રભો! મને આવતા જન્મમાં સુલભબોધિતા, ધર્મિષ્ઠ કુલમાં જન્મ અને આપનાં ચરણની સેવા મળજો." ત્યાર બાદ તે મહાસતીએ પંચ પરમેષ્ઠિ મંત્રના સ્મરણપૂર્વક અરહિંત સિદ્ધ સાધુ–અને ધર્મ એ ચારના શરણની યાચના કરી. આ જન્મનાં પાપને યાદ કરીને ખમાવ્યા. અને પરમાત્માની સાક્ષીએ તેનું મનથી પ્રાયશ્ચિત્ત કર્યું. સકલ જીવ માત્રની જાણતાં અજાણતા થયેલ વેરની માફી માંગી અને સાગારી અનશન સ્વીકાર્યું કે આ સંકટમાંથી મુક્ત થાઉં તો જ અન્ન-પાણી છૂટાં. નહિ તો યાવજ્જીવ પર્યંત ચારે આહારનો ત્યાગ.

અને મોટેથી નવકાર મંત્રનો જાપ કરવા લાગી. એના જાપથી એ મચ્છને કંઈક આશ્ચર્ય થયું હોય તેમ તે પોતાની કંદરા–ડોક વાંકી વાળી સ્નિગ્ધ દૃષ્ટિથી તેને જોવા લાગ્યો. જાણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કંઈક યાદ આવ્યું હોય તેમ તે મચ્છ થોડીવાર જલની સપાટી પર સ્થિર રહી પછી સડસડાટ એક દિશા સન્મુખ વેગથી તરવા લાગ્યો.

મલયસુંદરી વિચારવા લાગી. અહો! આ મચ્છ જાણે મારું વાહન હોય તેમ મને સુખે સુખે લઈ જાય છે. આ મને ક્યાં લઈ જશે? કોઈક હિતસ્વી સ્નેહી સ્વજનની જેમ મને વારંવાર જુએ છે અને વેગે એક જ દિશા પ્રતિ ગતિ કરી રહ્યો છે............

જલના મોજાથી મલયસુંદરીનું રૂધિરથી ખરડાયેલ શરીર પણ ધોવાઈ ગયું. એથી કંઈક શાતા થઈ.

એવામાં દૂર કિનારો દેખાયો. નજીક આવતાં તેણે જોયું કે અહો! આજ તે બંદર છે. જ્યાંથી પેલા સાર્થની સાથે હું ગયેલ. સાગર તિલક નગરનો આ જ કીનારો છે. પેલો મચ્છ પણ આજ કિનારે થોડા સમયમાં આવી પહોંચ્યો.

## કામી કંદર્પના મહેલે

એ અવસરે તે સાગરતિલક નગરનો સ્વામી કંદર્પરાજા અશ્વાદિ ક્રીડા માટે એ સમુદ્રના તીરે કેટલાક પોતાના સુભટોને લઈ ફરતો હતો. સાગરની સપાટી પર દૂરથી પૂરજોસમાં એક મોટો મચ્છ કિનારે આવી રહ્યો છે અને એની પર એક સ્ત્રી જાણે કોઈ દેવી હોય તેમ બેઠી છે. એ દ્રશ્ય જોઈને આશ્ચર્ય પામ્યો. સુભટોની વાતથી પ્રજાજનો પણ આ કૌતુક જોઈ રહ્યા. જાણે ગરુડ પર શ્રીકૃષ્ણની સવારી! અહો આ કોણ આવે છે? જાણે સાગરદેવી તો નથી!

રાજાએ સુભટોને આદેશ આપ્યો. તમારે તે મચ્છને કે તે પર બેઠેલ સ્ત્રીને ઈજા ન કરવી.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મચ્છ પણ લોકો એકઠા થયા હતા તે કિનારો છોડી બીજા કીનારે વળ્યો. પોતાની સૂંઢથી ધીરે ધીરે વાંકો વળી તે મલયસુંદરીને જાળવીને તે કિનારે મુકી–નમસ્કાર કરતો હોય તેમ વારંવાર નમીનમીને તે સ્નિગ્ધ દૃષ્ટિથી વારંવાર પોતાની ડોક પાછી ફરી જોતો સમુદ્રમાં લીન થઈ ગયો.

દરીયાની સુંવાળી રેતી પર બેઠેલી મલયસુંદરીનું આખું શરીર પેલા કારૂના ઘાથી બળતું હતું. ચારે તરફ વાગ્યું અને છીદ્રથી તે ભરપૂર હોવાથી દુઃખતું હતું. વળી વેદના, ક્ષુધા, તૃષાથી અને અવિરત પરિશ્રમથી તે અત્યંત થાકી ગઈ હતી. બોલવાના પણ હોશ ન હતા. મ્લાનવદને તે બેઠી હતી ત્યાં રાજા કંદર્પ ત્યાં આવ્યો. પાછળ તેના સુભટો અને પ્રજાજનો હતી. રાજાએ આટલા થાકમાં પણ તેના શરીર પરની લાવણ્યતા સ્વરૂપતા જોઈ અંજાઈ ગયો. તે વિચારવા લાગ્યો. પેલો મચ્છ આ સ્ત્રીને કેમ સમુદ્રના તીરે મુકી ગયો? કેમ વારંવાર સ્નિગ્ધ દૃષ્ટિ કરી પાછું વળી જોતો સમુદ્રમાં લીન થઈ ગયો! સમજ પડતી નથી! નક્કી આ સ્ત્રી કોઈ વહાણ ભાંગવાથી સમુદ્રમાં પડેલ દુઃખી સ્ત્રી લાગે છે. તેના રૂપ પર મોહિત થયેલ તે બોલ્યો. "હે સુંદરી! હું આ નગરનો કંદર્પ નામે રાજા છું. તું મારો જરાય ભય ન રાખીશ. તું કોણ છે? ક્યાંથી આવી છે?"

આ સાગરતિલકનગર શબ્દે મલયસુંદરી કંઈક આનંદ પામી આ નગરમાં જ મારો પુત્ર છે. જો એ મળી જાય મારું ભાગ્ય હોય તો. એ વિચારે કંઈક સ્વસ્થ થઈ. ત્યાં એને વિચાર થયો. આ કંદર્પ રાજા મારા પિતા ને સસરાનો વૈરી રાજા છે. મોટા ભયનું કારણ છે. મારું મૂલ ચારિત્ર અહીં જણાવવું ઉચિત નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એમ વિચારી તે બોલી "રાજન્ ! હું પરદેશી છું અને રૌરવનરકની માફક દુઃખમાં પડેલી છું. બીજું કંઈ જ હું જાણતી નથી. આવાં વચનો સાંભળી દયા આવવાથી સુભટો બોલી ઉઠ્યા. "રાજન્! હાલ આ દુઃખી સ્ત્રીને શાતા થાય તેમ કરવું જોઈએ. એને વધુ પુછપરછ કરી પરેશાન ન કરવી.

રાજા બોલ્યો. "હે સ્ત્રી ! તું દુઃખમાં છે તેથી બોલી શકતી નથી તો તારૂં નામ તો કહે."

"મારૂં નામ મલયસુંદરી" મંદસ્વરે તેણે જવાબ આપ્યો. રાજાએ તુરત પાલખી મંગાવી અને તેમાં બેસાડી તેને પોતાના મહેલથી થોડેક દૂર એક સુંદર મહેલ કાઢી આપી તેની સાર-સંભાળ માટે પોતાની મુખ્ય દાસીને આજ્ઞા કરી. દાસીએ મલય-સુંદરીને સ્નાન ભોજન આદિ કરાવી, નવા વસ્ત્ર વિગેરે આપ્યાં. એવામાં રાજા પોતે રાજવૈદ્યને તેડીને ત્યાં આવ્યો અને રાજવૈદે સંરોહિની ઔષધિનો તેના આખા શરીરે લેપ કર્યો અને આખા શરીરે શેક કરાવ્યો.

રાજાએ પોતાની અંગત દેખરેખ રાખી થોડા દિવસ દવા કરાવી અને મુખ્ય દાસીને સારસંભાળ લેવાનું કહી દિન-પ્રતિદિનના સમાચાર જણાવવાનું ફરમાન કર્યું.

થોડા દિવસમાં મલયસુંદરીના દેહની-કાંતિ-લાવણ્ય શોભા પૂર્વવત્ થઈ ગઈ. સર્વ ઘા રુઝાઈ ગયા. એવામાં મુખ્ય દાસી નિત્ય તેને માટે નવા નવા રેશમી વસ્ત્રો, કિંમતી અલંકારો તેને રાજા તરફથી ભેટ આપી સત્કાર-બહુમાન કરવા લાગી.

મલયસુંદરી સમજી ગઈ. આ શા માટે છે! તે પ્રથમથી જ તેની દુષ્ટ ભાવના સમજી ગઈ હતી પણ હવે આમાંથી કંઈક માર્ગ કાઢવાનો ઉપાય શોધતી, તે ધર્મપરાયણ થતી દિવસો પસાર કરવા લાગી. જગતમાં નિસ્વાર્થ ભાવે દેનાર ત્રણ જ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેવ, ગુરૂ, અને ધર્મ. એક દિવસ કિંમતી અલંકારો લઈ મુખ્ય દાસી તેની પાસે આવી. અને બોલી. "ભાગ્યવંતી! ઓહો! તમારા ભાગ્યની સીમા કોઈ અલૌકિક જ છે. રાજા સાહેબે કહેવડાવ્યું છે કે તમે એમનાં પટ્ટરાણી થવાને લાયક છો. અને તમારા સર્વ આદેશો તે એક દાસની જેમ પાળશે. માટે તમે એમનાં પટ્ટરાણી થવાનો સ્વીકાર કરો. જો....જો.... લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે. મોઢું ધોવા ન જતા. બોલો હું રાજાને શું જવાબ આપું?" અને તે દાસી મીઠું સ્મિત કરી જવાબ માંગવા લાગી. મલયસુંદરીએ આ વાત પ્રથમ ધારી જ હતી. તેણે દાસીને ગળેથી પકડી મહેલની બહાર કાઢી મૂકી. ત્યાં રાજા પોતે તેના મહેલે આવ્યો. અને સ્નેહપૂર્વક બોલ્યો, "સુંદરી! આ યૌવન! આવું રૂપ! આવી લાવણ્યતા! ખરેખર તારી કાંતિ અદ્ભૂત અને અલૌકિક જ છે. તારી ખાતર હું મારૂં સર્વસ્વ આપવા તૈયાર છું, તારા નેત્રો, મુખ વારંવાર દિન રાત મારા ચિત્તમાં જ રમ્યા કરે છે પણ એકપાક્ષિક પ્રેમ ઉચિત નથી. બે હાથે જ તાલી પડે. માટે હે સુંદરી! તમે મને પ્રેમભાવથી સ્વીકારો. જો નહિ સ્વીકારો તો બળાત્કારે પણ આ શરીરને હું ભોગવીશ એ નક્કી માનજો" અને તે કામી નજરે તેના સ્તન-જંઘા વિગેરેને જોતો ઉભો રહ્યો. રાજા એના પ્રત્યંગના લાવણ્યને નિહાળતો મોહમુગ્ધ બની ગયો.

ભારેલો અગ્નિ પ્રદીપ્ત થતાં જ તે મનોમન બોલી ઉઠી: "અરે! આ મારા સુંદર રૂપને ધીક્કાર થાઓ! આ મનોહર યૌવન પાતાલમાં પેસી જાઓ! આ રૂપ અને યૌવને જ મને દુ:ખી કરી નાખી. એના કરતાં સમુદ્રમાં જ હું મૃત્યુ પામી હોત તો સારૂં હતું!

એના હૃદયમાં આગ ઉત્પન્ન થઇ. માનસિક વેદનાથી એ ખળભળી ઉઠી. આ કામાંધ રાજા મારૂં બળાત્કારે શીલ ખંડે તે પૂર્વે મૃત્યુ જ ઈષ્ટ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શીલવતી નારી શીલ ન ત્યાગે પણ મૃત્યુ જ ઇચ્છે. એણે વિચાર્યું. મૃત્યુ તો એક જ વાર સારૂં. પણ શીલવ્રત જતાં માનવી હજાર વાર મૃત્યુ પામે છે. માટે મડદામાં અને એનામાં શું ફેર?" આમ વિચારી તેણે રાજાને કહ્યું. "રાજન્! તું એમ ન માનીશ કે મારા પર તું બળાત્કાર કરી શકીશ. સતીનાં વ્રત તોડવાં એ તો સિંહની કેસરા લેવા જેવું છે. નાગનો મણી લેવા જેવું છે. સતીના શાપે અનેક કામીઓ ભસ્મ બની ગયા છે. માટે રાજન્! મને સ્પર્શ કરતાં પૂર્વે તું શીલવ્રતના પ્રભાવે ભસ્મ ન થાય તે વિચારજે. વળી હે રાજન્! તારૂં કુળ નિર્મળ છે. વંશ વિશાળ છે. આ અકાર્યથી તારી અપકીર્તિ કેટલી થશે તે વિચારજે. વળી રાજા તો ન્યાયી, નિષ્ટાવાન્ પ્રજાનો હિતચિંતક ગણાય. રક્ષણ કરનાર ભક્ષણ કરે તો તેના શા હાલ થાય? તારે તો પ્રજાની વહુ બેટીઓનું રક્ષણ કરવું એ ફરજ છે. માટે વિચાર કર! આ અકાર્યના માર્ગથી પાછો ફર. દુર્ગતિના દ્વાર ન ઉઘાડ!"

મલયસુંદરીએ આટલું સુંદર કહ્યું છતાં પથ્થર પર પાણી....! રાજા મનથી પોતાના અભિપ્રાયથી પાછો ન જ હટ્યો. એની દૃષ્ટિમાં તેના રૂપે એવું કામણ કર્યું હતું કે તેણે ઉલટો જ વિચાર કર્યો. "ગમે તે ઉપાયે બળાત્કારે પણ એનું શીલ ખંડન કરવું, પછી ભલે તેના શીલના પ્રભાવે ભસ્મસાત્ થવું પડે. અહા! આવું મદમસ્ત યૌવન! ખરેખર સ્વર્ગનો પ્યાલો છે. એ પાન કરે જ છૂટકો.

ખરેખર જગતમાં અકાર્ય કરનારા એક ઔંસ ક્ષણિક સુખને જુએ છે. પણ પાછળ લાખ ટન દુઃખની હારમાળા પડી છે તે જોતા નથી.

રાજાએ વિચાર્યું, હાલ જો કળથી કામ થતું હોય તો બળનું કામ નહિ. આમ વિચારી તે પોતાના મહેલે આવ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે રાજ્યકાર્યમાં ગુંથાયો પણ તેનું રૂપ લાવણ્ય તેના નેત્ર સમક્ષ વારંવાર નાચવા લાગ્યું. તેને પરેશાન કરવા લાગ્યું. પણ તેના કઠોર શબ્દો યાદ કરી તેની પાસે જવાની તેની હિંમત થોડા દિવસ ચાલી નહિ. રાજાના ગયા બાદ મલયસુંદરી મ્લાન થઇ ગઈ. તે કોઈ પણ ઉપાયે મરવાનો વિચાર કરવા લાગી.

આ બાજુ રાજાએ કળથી કામ લેવા માટે એણે વિચાર્યું. સ્ત્રી જાતિને પ્રેમ–વિશ્વાસ, વિનય–સારા અલંકાર–વસ્ત્ર વિગેરે વશ કરવાના અમોઘ સાધન છે. એથી તે વશ થાય છે. આમ વિચારી ફરી ફરી તેને દાસી સાથે ભેટો મોકલી. મીઠા વચન કહેવડાવ્યાં. પોતે પણ વારંવાર આવી પ્રિય કામોત્તેજક વચનોથી વશ કરવા પ્રયત્ન કરવા લાગ્યો.

પણ મલયસુંદરી સામાન્ય નારી ન હતી. તેના એક અણુમાં પણ વિકારનો સંચાર ન થયો.

આમ થોડો સમય રાજાએ જવા દીધો. એણે વિચાર્યું દુઃખનું ઓસડ દહાડા. સમય સમયનું કામ કરશે જ.

એકદા રાજા મહેલની અગાશીમાં બેઠો હતો. એવામાં એક પોપટ આકાશ માર્ગેથી ઉડતો જતો હતો તેની ચાંચમાં પાકી સુંદર કેરી હતી. અકસ્માતે તેની ચાંચમાંથી તે ફળ પડી ગયું. અને રાજાના ખોળામાં આવીને પડયું.

અહો! આ તો છિન્નટંક પહાડના અતિ ઉન્નત શિખર પરના આમ્રવૃક્ષનું ફળ છે! આ ફળ અલભ્યજ હોય છે. એટલે ઉંચે કોઈ ચડી શકતું નથી. ફળની સુંદરતા સુગંધ જોઈ રાજા વિચારવા લગ્યો. આ ફળ જો મલયસુંદરીને આપ્યું હોય તો તે તુરત વશ થાય.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આમ માની દાસી સાથે તે ફળ તેને ભેટ મોકલ્યું. અને મલયસુંદરીએ તે આમ્રફળ હાથમાં લીધું અને તેના મનમાં અને મુખ પર આનંદ છલકાઈ ગયો.

ઘણા સમયે હર્ષથી તેણે ભેટ સ્વીકારી તેની વધામણી આપવા દાસી રાજા પાસે દોડી. રાજાએ પણ સુભટોને મોકલી આજ્ઞા કરી કે "એ નવીન સ્ત્રીને મારા અંતઃપુરમાં મૂકો. એની સાથે હું આજે બળાત્કારે પણ ભોગ સુખ પ્રાપ્ત કરીશ," સુભટો મલયસુંદરીને રાજાના મુખ્ય અંતઃપુરમાં લાવીને મુકી ગયા. અને રાજાની આજ્ઞા પણ સંભળાવતા ગયા. આજે જ રાત્રે રાજા તારી સાથે ભોગક્રિડા કરશે.

મલયસુંદરીને આમ્રફળ જોઈ હર્ષ એટલા માટે થયો હતો કે તેને મહાબલે આપેલી ગુટિકા યાદ આવી. તે આમ્રફળના રસમાં ઘસી તિલક કરવાથી પુરૂષ રૂપ થાય છે. અને એણે પોતાના કેશપાશમાં સંતાડેલી ગૂટિકા બહાર કાઢી આમ્રરસમાં ઘસી કપાળે તિલક કર્યું.

અહો! ક્ષણવારમાં તે પુરુષ રૂપે બદલાઈ ગઈ. એણે વિચાર્યું, મારા શીલવ્રતની જ્યોત અખંડ રહેશે. હવે બુઝાશે નહિ. અને તે મંદ મંદ હસી રહી.

તે નિર્ભય થઈ ને બેઠી હતી ત્યાં અંતઃપુરમાં સમાચાર વાયુવેગે પ્રસરી ગયા કે કોઈ દિવ્ય રૂપવંત યુવાન અંતઃપુરમાં શાંત ચિત્તે બેઠો છે. રાજાની અનેક કામી રાણીઓ પુષ્પને જોઈ ભ્રમર જેમ આકર્ષાય તેમ તે યુવાનની પાસે આવી. અને પોતાના મહેલે લઈ જવા અને પોતાની સાથે ભોગક્રીડા માટે આમંત્રણ આપવા લાગી. "અરે જો તો ખરી! આ તો કોઈ વિદ્યાધર છે કે દેવ પુરુષ! અલી સુલેખા! એ તો મારો નાવલીયો

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બનશે" અને આમ બોલતી તે પોતાના મંદિરે પધારવા તેને ખેંચાખેંચી કરવા લાગી. અને મલયસુંદરી સન્મુખ જોતી કટાક્ષ બાણુ મારવા લાગી. પણુ મલયસુંદરી આવા પ્રસંગે મંદ મંદ હસતી કોઈની સાથે પણ ન ગઈ. એનું શીલવ્રત દરેક પ્રસંગે અખંડ જ હતું. ખરેખર ! સતી નારીની શીલવ્રતની જ્યોતિ અખંડ જ રહે છે.

## અંધકુવામાં મિલન

## ૨૬

અંતઃપુરમાં કોઈ દિવ્ય સૌંદર્યવાન પુરુષ બેઠો છે અને રાણીઓ તેના રૂપમાં આકર્ષાઈ છે એ વાત જ્યારે રાજા કંદર્પે પહેરેગીર મારફત જાણી ત્યારે તે આશ્ચર્ય પામ્યો અને તુરત ત્યાં આવ્યો. રાજાએ તે દિવ્ય યુવાનને (મલયસુંદરીને) પૂછ્યું. "હે યુવાન તું કોણ છે? અને ક્યાંથી અમારા અંતઃપુરમાં આવ્યો છે ?"

મલયસુંદરી મૌન જ રહી. જવાબ જ ન આપ્યો. રાજાએ ભૃકૂટી ચડાવી મુખ્ય પ્રતિહારીને બોલાવી પૂછ્યું. મલયસુંદરીને અહીં મૂકવા કહેલ તેને બદલે આ કોણ અહીં આવ્યું છે? મલયસુંદરી ક્યાં છે? પ્રતિહારીએ કહ્યું "રાજન્! અમે ખડે પગે ચોકી કરીએ છીએ. મલયસુંદરીને અંદર મૂક્યા બાદ તે બહાર ગઈ નથી. અને બહારથી કોઈએ અંદર પ્રવેશ પણ કર્યો નથી. છતાં આ શું બન્યું છે તે સમજી શકાતું નથી."

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજાએ તે યુવાન પુરુષને ધ્યાનથી જોયો. આનું સ્વરૂપ વિદ્યાધર કે સિદ્ધ પુરૂષથી વિલક્ષણ છે. શરીર પર ચિન્હો પુરુષનાં છે. વેશ મલયસુંદરીના જેવો છે. નક્કી આ સ્ત્રીએ જ કોઇ પ્રયોગથી પુરુષરૂપ ધર્યું લાગે છે. તે બોલ્યો. "મલય-સુંદરી! ખરેખર એમજ લાગે છે કે તેં કોઈ પણ ઉપાયે પુરુષ-રૂપ ધારણ કર્યું છે. માટે સત્ય કહે, નહિ તો તારો વધ થશે." મલયસુંદરીએ જવાબ જ ન આપ્યો.........રાજાએ સુભટોને હુકમ કર્યો; "સુભટો! જુઓ છો શું? આ યુવાન પુરૂષને નજરકેદ કરી બીજા મહેલમાં મૂકી આવો, નહિ તો મારી રાણીઓ આને જોઈ અનર્થ કરશે. મને ગણશે પણ નહિ."

તુરત સુભટોએ તેને બીજા આવાસમાં લઈ જઈ નજરકેદ કરી. મલયસુંદરીના હર્ષનો પાર ન રહ્યો કારણ કે રાજા હવે તેના શીલવ્રતને ખંડિત કરે તે સ્થિતિમા ન હતો છતાં તે તેને છોડે તેમ પણ ન હતો. આમ છતાં રાજાની જિજ્ઞાસા શાંત ન જ બની. તે ફરી તેના મહેલે આવ્યો અને ઘણા મીઠા શબ્દોથી બોલ્યો. "અરે સુંદરી! તારું પુરુષ રૂપ કયા પ્રયોગથી બનાવ્યું તે તો કહે? કેવી રીતે ફરી એ અનુપમ લાવણ્યમય નારીરૂપ બને?"

કોઈ વ્યક્તિ એવી ન હોય કે જીતેલો ગઢ શત્રુને સોંપી દે. અથવા પોતાના ગઢને જીતવાનો માર્ગ બતાવી દે.

મલયસુંદરીએ મૌન જ શ્રેયસ્કર માન્યું. એનું અકળ મૌન જોઈ રાજા ક્રોધાતુર બની તેને ગડદા પાટુ મારવા લાગ્યો. મલયસુંદરીએ તે મુંગે મોઢે સહન કર્યું.

આમ દરરોજના રાજાના પ્રહારથી તે તંગ આવી ગઈ. અહીંથી છૂટવાનો ઉપાય શોધવા લાગી. એક દિવસ પહેરેગીરો રાત્રીના સમયે ગાઢ નિદ્રામાં પડ્યા હતા તે અવસરે ચુપચાપ



P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે નગર બહાર આવી. સ્ત્રી જાતિ હોવાથી તેની દૂર દૂર જંગલના રસ્તે નાસવાની હિંમત ન ચાલી. એ એક મોટા કિલ્લાની બાજુમાં ખંડેર જેવા જીર્ણ ઘરની પાસે એક અંધકૂવા પાસે આવીને થોભી.

એણે આ સમગ્ર દુઃખનો અંત લાવવા મરણનું શરણ ઈચ્છયું, "આપઘાત એ દૂર્ગતિનું કારણ છે" એ જાણતી હતી છતાં અતિ દુઃખથી કંટાળી એ ભાન ભૂલી ગઈ........... પગલાના આધારે પ્રભાતે રાજા આવશે અને મને ફરી પકડશે અને ઢોર માર ફરી ખાવો પડશે એ વિચારે તેણે એ કૂવામાંજ પડવાનો સંકલ્પ કર્યો. અને મૃત્યુ પૂર્વે જીવનનું ભાતું બાંધી લઉં એમ વિચારી, તેણે પંચ પરમેષ્ઠિનું સ્મરણ કર્યું. વીતરાગ પરમાત્માનું શરણ ગ્રહણ કર્યું. અને સમુદ્રમાં પડયા બાદ જેવી આરાધના કરી હતી તેવી કરીને તે મોટેથી બોલી: "હે મારા વૈરી દુર્ભાગ્ય! સ્નેહીજનોથી તેં મને વિયોગણ બનાવી છે. મારા પ્રિય મહાબલની સાથે પણ વિયોગ કરાવ્યો છે. પણ મારા પર પ્રસન્ન બની આવતા જન્મમાં એનું મિલન જરૂર કરાવી આપજે."

આમ તે બોલતી હતી તે સમયે મહાબલનું શું થયું હતું તે સૂત્રકાર કહે છે. મહાબલ પ્રિયપાત્રના વિયોગે ગૃહત્યાગ કરી સ્થળે સ્થળે તેની તપાસ કરતો ફરતો હતો. તેનો પ્રેમ ખરેખર ઉત્કટ અને કુદરતી હતો. કોઈવાર વન, કોઈવાર નગર, ગુફા, પર્વત, વેરાન એમ એ તપાસ કરતો હતો. અનેક સમયે ભૂખ–તૃષા–ટાઢ–તડકો એ સહન કરતો વિચારતો હતો. કોઈવાર ઉદાસ, કોઈવાર ચિંતા, કોઈવાર આશા, કોઈવાર નિરાશા, આમ

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનેક ભાવોના હિંડોળે ઝુલતો તે વિચારતો વિચારતો એક વર્ષ પૂર્ણ થતાં આ સાગર તિલક બંદરના કિનારે આવ્યો. દિવસના જનગણ મહેરામણને નિહાળી રાત્રીના સમયે યોગાનુયોગ આ જ જીર્ણ મકાનના ઓટલા પર તે સૂઈ રહ્યો હતો. તેણે કોઈ યુવાનના મુખે પોતાનું નામ સાંભળી તે સફાળો બેઠો થઈ ગયો અને તે યુવાન પ્રતિ આવવા નીકળ્યો. તે શબ્દો જાણે પોતાની પ્રિયા જેવા જ લાગ્યા. તે સમયે મલય સુંદરી મોટેથી બોલતી હતી : "હે વિધાતા તને નમસ્કાર! તારું જ ધાર્યું થાય છે. હે દેવી! પશુ પંખીઓ! સાંભળો! મારો સ્વામી મહાબલ કોઈ સ્થળે તમને મળે તો મારા છેવટના નમસ્કાર જણાવજો. આ આપની વિયોગણે દુઃખ સહન ન થતાં કૂવામાં ઝંઝાપાત કર્યો છે. અન્ય જન્મમાં પણ તેની ઈચ્છા કરી છે. શીલવ્રતને અખંડ રાખેલ છે. રોમરોમ તને જ ઝંખે છે. મને મહાબલનું શરણ હો !" અને નવકાર મંત્રના ઉચ્ચારે તેણે કુવામાં ઝંઝાપાત કર્યો. એને પડતી રોકવા મહાબલ દોડીને આવ્યો અને બોલ્યો, "હે યુવાન! જરા થંભી જા !" પણ તે ન રોકાયો એટલે તેણે પણ તેની પાછળ કૂવામાં ઝંઝાપાત કર્યો. જીવનો ઉત્કટ પ્રેમ ખરેખર આવો જ હોય છે.

જે મહાબલે પોતાના પ્રિયપાત્ર ખાતર રાજવૈભવ ત્યાગી આવી પથિકવૃત્તિ સ્વીકારી દુઃખ વેઠયાં હતાં તેનો ક્ષણમાં અંત આવ્યો. કૂવામાં તપાસ કરતાં તે યુવાન અર્ધ મૂર્ચ્છામાં હતો. ખાસ વાગ્યું ન હતું પણ મંદ સ્વરે બોલતો હતો. "મને મહાબલનો મેલાપ હજો."

મહાબલ પોતાનું નામ સાંભળી વિસ્મય પામ્યો. અહો આ યુવાન મને કયાંથી ઓળખે! તેણે પ્રગટ પૂછયું "હે યુવાન

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેં તેવામાં શા માટે ઝંઝાપાત કર્યો અને મહાબલને તું ક્યાંથી ઓળખે ?"

મલયસુંદરીએ આ શબ્દથી પોતાના પ્રિયતમને ઓળખી લીધો. એ બોલી "પ્રથમ મારા કપાળનું તિલક ભૂંસી નાખો પછી હું તમારા પ્રશ્નનો જવાબ આપીશ."

કુમારે તેના કપાળમાં રહેલ તિલક ભૂંસી નાખ્યું. એ જ ક્ષણે તેનું સ્વાભાવિકરૂપ પ્રગટ થયું. એવામાં તે કૂવાની ભીંતનાં પોલાણમાં એક સર્પે ફણા બહાર કાઢી. તેના મણીના અજવાળે મહાબલે જોયું તો પોતાની પ્રિય મલયસુંદરી સ્વાભાવિક રૂપમાં પ્રગટ થઈ. એ રાજી રાજી થઈ ગયો. સર્પના મણીના અજવાળે જાણે એના ભાગ્યરવિનો ઉદય થયો.

મહાબલ બોલી ઉઠ્યો, "અહો ! આજે વાદળ વિના વૃષ્ટિ! વિધિએ આજે સન્મુખ જોયું લાગે છે. મલયસુંદરી બોલી : "પ્રિય જે વિધિએ મારા શિર પર દુઃખના ડુંગર ખડકયા હતા તેણેજ મને તારો મેળાપ કરાવી આપ્યો." બન્નેનાં નેત્રમાં હર્ષના અશ્રુનો પ્રવાહ વહ્યો અને પરસ્પર બાહુપાશમાં લીન થઈ ગયા. પરસ્પરના સ્નિગ્ધ ઉષ્ણ સ્પર્શે બન્ને પરમ સુખનો અનુભવ કરી રહ્યા. એ અંધ કૂપ ન હતો, એમને માટે પ્રકાશિત મધુ મહેલ હતો. બરાબર એક વર્ષે એ દંપતીનું મિલન થયું. આવું અપૂર્વ મિલન નિહાળી ચંદ્ર પણ મંદ મંદ સ્મિત વેરતો ગગનમાં છુપાઈ ગયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# કંદર્પનો વિચિત્ર દાવ

## ૨૭

### પરસ્પરનો વૃત્તાંત

મલયસુંદરીને જાણે સમગ્ર દુઃખનો બદલો આ રાત્રીએ આપી દીધો. ઘણા સમયે પ્રેમી દંપતી મળે પછી વાતો ખુટે જ શાની? એમાંય આ તો બરાબર એક વર્ષના ભયંકર વેદનામય વિયોગ પછીની રાત્રી હતી. મહાબલે તેનો સમગ્ર વૃત્તાંત પૂછયો, તે વૃત્તાંત જાણ્યા બાદ તેની આંખમાંથી આંસુની ધારા વહી રહી....બોલ્યો "અરે વિધિ! આવા સુકુમાર શરીરને તેં આવું કષ્ટ આપ્યું! અહો! પૂર્વના સંચિત કર્મ ભોગવવા જ પડે છે! એને કોઈ રોકી શકતું નથી. એમાં એના શીલવ્રતની કસોટીમાં તેની અખંડ જ્યોતે મહાબલને હર્ષ થયો. મલયસુંદરી પર તેનો રાગ વધી ગયો. તે ધન્યવાદ દેવા લાગ્યો. સાર્થવાહ, કારુ, કંદર્પ પર તેને તિરસ્કાર ઉત્પન્ન થયો. તેણે પૂછયું–"એ આપણો પુત્ર હાલ કયાં છે?"મલયસુંદરીએ કહ્યુંઃ "આ જ નગરમાં છે–તે બલસાર સાર્થવાહે કયાં મૂકયો છે તેની શોધ બાકી છે." મહાબલે કહ્યું. "આ અંધકૂવામાંથી પ્રભાતે કોઈ ઉપાયે બહાર નીકળ્યા બાદ તપાસ કરીશું." બાદ મહાબલે પોતાનો સર્વ વૃત્તાંત જણાવ્યો. ભીલરાજાને જીત્યો તે બાદ કનકવતીને તાડન કર્યું અને મહેલ છોડી અનેક નગર, ગુફા, વન, પાંથશાળા વિગેરે ભમતાં આજે તને પામ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બન્નેને થયું ! આ રાત્રી એક વર્ષ સમાન બને તો કેવું સારૂં ! પરસ્પરના આ વાર્તાલાપથી બન્ને અમૃતથી પણ અધિક તૃપ્ત થયાં. બન્ને પ્રેમ હિંડોળે ઝુલી રહ્યાં છે ત્યાં કદર્પના મહેલે શું થયું ? મલયસુંદરીના ગયા બાદ પહેરેગીરો જાગ્યા. રાજાએ સોંપેલ નવીન પુરુષ નહિ જોવાથી તેઓએ તુરત રાજાને ખબર આપી. રાજાએ ભૃકુટિ ચડાવી તેમને ખખડાવ્યા અને કહ્યું "જાવ ! પગીને લઈને એનું પગેરૂં શોધો. કયાં ગયો તે દુષ્ટ યુવાન ! અને જતા એવા પહેરેગીરોને રોકી પગીને બોલાવી મંગાવી તે જાતે તપાસ કરવા નીકળ્યો. પગલાં જોતાં જોતાં તેઓ બરાબર અંધકૂવાના થાળે આવીને ઉભા. રાજાએ અંદર ડોકિયું કર્યું તો તે અતિ વિસ્મય પામ્યો. મલયસુંદરી સ્વાભાવિક રૂપમાં હતી. તે એક સુંદર યુવાનની સન્મુખ જોતી મધુર વાર્તાલાપ કરી રહી હતી.

તેના આખા શરીરમાં જાણે અગ્નિ વ્યાપી ગયો.... એ બળીજળી રહ્યો. તેણે વિચાર્યું, અહો ! આ સાથેના પુરુષનું કેવું અદ્ભૂત રૂપ છે ! બન્નેનો સંયોગ ખરેખર વિધિએ જાણે સુમેળ રૂપે કર્યો છે. જાણે દેવ ને દેવી ! જાણે કામદેવ ને રતિનો મેળાપ ! જાણે રામ અને સીતા ! ખરેખર આ યુગલની શોભાને શી ઉપમા આપવી ! એમનો જન્મ સફળ છે. આવા રૂપાળા યુવાનને મૂકી આ સ્ત્રી મારા જેવા સામાન્યને શાની ચાહે ! હંસને મૂકી કાકને કોણ મોહે ! અને આજ કારણે એના હૃદયમાં આગ ઉત્પન્ન થઈ હતી. જ્યાં સુધી આ રૂપાળો યુવાન સાથે હશે ત્યાં સુધી મારૂં કાર્ય નહિ થાય. એ વિચારે તેણે મનોમન યુક્તિ વિચારી લીધી અને બોલ્યો. "હે દપંતી ! હું તમને અભય આપું છું, અને એક મંચ બન્ને માટે મોકલું છું, તેમાં બેસી તમે ઉપર આવો" અને તેણે બન્નેને બહાર કાઢવા બે માંચડાં મંગાવ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મલયસુંદરીએ મહાબલને કહ્યું. "સ્વામીનાથ! આજ કામાંધ કંદર્પ રાજાએ મને ખૂબ કદર્થના કરી છે. મને લાગે છે, બહાર કાઢયા બાદ તમને મારી નાખશે....એ અધમ કેવી રીતે અહીં સુધી આવ્યો એ સમજાતું નથી." મહાબલ બોલ્યો. "પ્રિયે! તું ચિંતા ન કર. એકવાર બહાર નીકળ્યા બાદ કોઈ પણ ઉપાયે એનો ઘાટ હું ઘડીશ. તું માંચી પર બેસી જા....એવામાં બે માંચી આવી. એક પર મલયસુંદરી બેઠી હતી. બીજી પર મહાબલ બેઠો. માંચીઓ ખેંચવા રાજાએ આજ્ઞા કરી એટલે બન્ને માંચીને સેવકો ખેંચવા લાગ્યા. જ્યાં બન્ને માંચી કુવાના કાંઠે આવી ત્યાં મલયસુંદરીને કાંઠે ઉતારી લીધી અને મહાબલની માંચીનો દોર કાતરથી કાપી નાખ્યો. મહાબલ ફરી માંચી સહિત કુવામાં પછડાયો. મલયસુંદરી તેની પાછળ ઝંઝાપાત કરવા ગઈ પણ રાજાએ તેને પરાણે પકડી રાખી અને સેવકો મારફત મહેલે મોકલી નજરકેદ કરી.

જ્યારે રાજા મહેલે આવ્યો ત્યારે મલયસુંદરી રડી રહી હતી. તે બોલી "હે દુષ્ટ રાજા! મારું મન મરવાને જ ઉત્કંઠિત છે." તે પુરૂષને દેખ્યા વિના હું ભોજન પણ નહિ કરૂં. દુષ્ટ! તારી દુષ્ટતાનો બદલો જરૂર તને મળશે." આમ બોલતી તે જોરથી રડવા લાગી–રાજાએ વિચાર્યું: એ ભલે રડે–બે ચાર દિવસ ભૂખી રહેશે એટલે માની જશે–પેલા રૂપાળાને બહાર કાઢું તો એ મારી સામું પણ જોશે નહિ. એણે ચોકીપહેરો કડક કરી મહેલે આવ્યો. એનો કેવો વિચિત્ર દાવ!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# કારાગારમાં સર્પદંશ

## ૨૮

મલયસુંદરીને જ્યાં કેદ કરી હતી તે ઘણા વખતનો જૂનો અવાવરુ મહેલ હતો. ત્યાં પતિવિયોગથી જલ વિના માછલીની જેમ તરફડતી, ભૂમિ પર આળોટતી મલયસુંદરીને અવાવરુ સ્થાનમાં રહેલ એક ઝેરી સર્પે દંશ દીધો. તેના મુખમાંથી એક ઘેરી ચીસ નીકળી ગઈ. તે બૂમ પાડી ઉઠી. "મારા પગે એક ઝેરી સર્પ વળગ્યો છે"...આમ બોલતી તે નવકાર મંત્ર બોલવા લાગી...ચોકીદારો દોડતા આવ્યા અને મલયસુંદરીના પગે વળગેલા સર્પને હથિયારથી મારી નાખી રાજાને ખબર કરવા દોડયા. તે વિષયકામી રાજા દોડતો આવ્યો.

રાજાએ એ ઝેર ઉતારવા નગરમાંથી મોટા મોટા મંત્રવાદીને બોલાવ્યા. તે જડીબુટ્ટી–મણિ આદિનાં સાધનો લઈ આવી પહોંચ્યા. તે સર્વનો પ્રયોગ કરવામાં આવ્યો છતાં સર્પનું ઝેર ઉતર્યું નહિ, ઉલટું તેના હાથ પગ ધીરે ધીરે નિશ્ચેતન થવા માંડયા. મંત્રવાદીઓ મંત્ર ભણી થાકયા છતાં સર્વ નિષ્ફળ ગયા. આમ રાત્રી પુરી થઈ અને સૂર્યોદય થયો. જાણે ભાવિ સૂર્યોદય થવાની તૈયારી છે એમ સૂચન કરવા લાગ્યો.

રાજાએ પોતાના ભોગના સ્વાર્થ ખાતર મલયસુંદરીનું જીવન બચાવવા સંકલ્પ કર્યો. નગરમાં પડહ વગડાવ્યો. કે જે વ્યક્તિ આ નવી સ્ત્રીનું ઝેર ઉતારશે, તેને સજીવન કરશે તેને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રણરંગ નામે હાથી, રાજકન્યા અને એક ગામ ભેટ આપીશ. આ પડહ આખા નગરમાં ફર્યો પણ કોઈએ તેનો સ્પર્શ ન કર્યો અને સુભટો નિરાશ થઈ પાછા ફરતા હતા ત્યાં એક પરદેશી યુવાને તે પડહનો સ્પર્શ કર્યો અને સુભટો તેને રાજા પાસે લઈ આવ્યા.

રાજા કંદર્પે તેને ઓળખી લીધો. "અહો! આ તેજ યુવાન છે જેને કુવામાં પાછો નાખ્યો હતો. અરે! તે કુવામાંથી બહાર કેવી રીતે નીકળ્યો? આમ વિચારતાં રાજાએ મનનો ક્રોધ ગોપવી કાર્ય સિદ્ધિ માટે તે પુરુષને પૂછ્યું હે સતપુરૂષ! તું જો મલયસુંદરીને સજીવન કરે તો તને ત્રણ વસ્તુ આપીશ. માટે જરૂર તું યત્ન કર."

આવેલ સતપુરુષ બીજો કોઈ નહિ તે મહાબલકુમાર જ હતો. તેણે કહ્યું "રાજન્! મારે બીજી કોઈ વસ્તુનો ખપ નથી. જો મલયસુંદરી આપતા હો તો તેને હમણાં જ સજીવન કરું."

રાજાએ વિચાર્યું: જેને માટે આટલા દિવસથી હું આટલું કષ્ટ વેઠું છું તે તેને આપી દઉં તો સજીવન થયા બાદ તે સ્ત્રી મારા ઉપભોગમાં તો આવે જ નહિ પછી તે જીવતી રહે કે મરે એમાં મારે શું? છતાં કંઈક નવો દાવ મનમાં ગોઠવી તેણે કહ્યું, "હે યુવાન! જો તું તે સ્ત્રીને સજીવન કરે અને પછી મારૂં બતાવેલ કાર્ય જો તું કરી આપે તો આ સ્ત્રી તને પાછી સોંપીશ."

મહાબલે વિચાર્યું સત્વવાનને શું અશક્ય છે! જે કહેશે તે કાર્ય કરી આપી મારી સ્ત્રીને લઈ ચાલતો થઈશ. આમ વિચારી તેણે કહ્યું "રાજન્! તમે જે કાર્ય બતાવશો તે જરૂર કરી આપીશ."

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજાએ તે મલયસુંદરીને સજીવન કરવાનો આદેશ આપ્યો.

મહાબલે બીજા દરેક મનુષ્યને બહાર જ રહેવા ફરમાન કર્યું અને પોતે એકલો મંત્રસાધન માટે અંદર આવ્યો. મંત્રસાધન પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઇને પણ અંદર આવવાની સખત મનાઈ હતી. મહાબલ જ્યાં અંદર આવ્યો ત્યાં પોતાની પ્રાણવલ્લભાને સંપૂર્ણ નિશ્ચેષ્ટ પડેલી જોઈ એનું હૃદય ભરાઈ આવ્યું. મહામહેનતે તેણે અશ્રુપ્રવાહ રોકયો.

જલ છંટકાવ કરી એક ગોળ માંડલું બનાવી તેણે મલયસુંદરીને એમાં સુવાડી. ત્યારબાદ તેણે વિષ નિવારણનો પ્રયોગ શરૂ કર્યો. મંડળ આલેખી મંત્ર અર્ચનાદિ વિધિ કરી થોડો વખત ધ્યાન ધરી મહામંત્રનું સ્મરણ કરી પોતાની કમ્મરમાં રહેલ સર્પનો મણિ બહાર કાઢયો અને નિર્મલ જલથી છંટકાવ કરી તે જલ મલયસુંદરીને છાંટયું. મણિનું જલ ધીરે ધીરે સિંચન કરતાં ઝેર ઊતરવા લાગ્યું. થોડીવારે તેણે નેત્રો ખોલ્યાં. કુમારે મણિનું જલ થોડું તેને પીવરાવ્યું અને એમ કરતાં થોડીવારે સંપૂર્ણ ઝેરનું હરણ થયું-તે મણિના જલે સંજીવની ઔષધિનું કામ કર્યું. મલયસુંરી બેઠી થઈ. અને બાજુમાં જ પોતાના પ્રિયતમને જોઈ હર્ષિત થઇ. તેની કોટે વળગી પડી. તે સહસા બોલી "પ્રિય! તમે અંધકુપ માંથી બહાર કેવી રીતે આવ્યા? મને સર્પદંશ થયા બાદ કેવી રીતે સજીવન કરી?"

મહાબલે તેના શરીરને પંપાળી ક્ષણવારમાં સ્વસ્થ કરી નીચે આસન પર મૂકી બોલ્યો "પ્રિયા! એ વાત તારાથી ગુપ્ત રાખવાનું કોઈ પ્રયોજન નથી. એ હું તને કહીશ જ, જ્યારે રાજાએ મારી માંચીનું રજ્જુ કાપી નાખતાં પ્રથમ હું નિરાશ થયો. ત્યારબાદ રાજા વગેરે ગયા. ત્યારબાદ સ્વસ્થ થયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને તે બાદ કુવાની બધી ભીતો મેં તપાસી. જ્યાં બખોલ હતી ત્યાં સર્પ પણ બેઠો જ હતો. તેના મણિનો પ્રકાશ મને સહાયક બન્યો. સર્પની જ નજીક એક નાનું દ્વાર જોયું. તે પર શીલા ચોડી હોય, તેમ દેખાયું. મેં એક મુષ્ટિના પ્રહારે તે શીલા નીચે પાડી તો મોટું ગોળાકાર દ્વાર ખુલ્લું થયું. શીલા નીચે પડતાં સર્પ પણ જાણે મારો મિત્ર હોય....દેવદુત હોય તેમ બહાર જવાના રસ્તે ચાલવા માંડયો–પ્રકાશ થતો ગયો તેમ હું પણ તેની પાછળ પાછળ ચાલ્યો. મેં વિચાર્યું : નક્કી ! આ કોઈ સુરંગ ચોરને સંતાવા માટે કરી લાગે છે. આગળ મશાલચી ચાલે તેમ તે સર્પ જતો હતો, તે રસ્તે હું આગળ વધતો હતો. મારૂં પુણ્ય જાણે જાગૃત હોય તેમ આ સર્વ બનતું હતું. એવામાં બે ફર્લાંગ ગયા બાદ સર્પ કયાં ગયો તે હું જાણી ન શકયો. અચાનક અંધારૂં થઇ ગયું. મેં હાથ લાંબો કર્યો તો સામે એક શીલા હલતી જણાઈ. તે શીલા પર લાતનો પ્રહાર કરતાં તે સુરંગનું દ્વાર ખુલ્લું થઈ ગયું. અને બહારના પ્રકાશે અંદર પ્રવેશ કર્યો. ગર્ભમાંથી જેમ જીવ બહાર આવે તેમ હું બહાર આવ્યો. જાણે મારો પુનર્જન્મ થયો. તે દ્વાર પર શીલા મુકી હું સર્પના લીસોટે આગળ વધ્યો ત્યાં તે સર્પ એક શીલા પર ગુંચળું વળી બેઠો હતો. મેં તે સર્પને નાગદમની વિદ્યાથી વશ કર્યો–અને તેના મસ્તક પરથી મણિ લઇ લીધો–અને કેડ પર ચડાવી દીધો. ત્યાંથી આગળ ચાલતાં થોડેક દુર સ્મશાન આવ્યું. બાજુમાં એક નદી હતી. મેં નિશાની બધી યાદ રાખી લીધી. તે ગુફા પણ યાદ રાખી લીધી. રાજા મને મારી નાખશે એ વિચારને ન ગણકારતાં તારા સ્નેહને લઈ હું નગરમાં આવ્યો. એ સમયે યોગાનુયોગ તને સજીવન કરવાનો પડહ વાગતો સાંભળી મેં તે પડહનો

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્પર્શ કર્યો. અને ત્યારબાદ આ નાગમણિના પ્રભાવે મેં તને સજીવન કરી.

હવે એક જ પ્રશ્ન બાકી છે. રાજા–શું કાર્ય બતાવશે તે.... તે હું જરૂર કરી આપીશ. માટે તું ધૈર્ય રાખજે....બહાર કોલાહલ થતો સાંભળી મહાબલે બહાર જઇ રાજાને અંદર પધારવા આમંત્રણ કર્યું. રાજા, મંત્રી, સુભટો બધા તુરત અંદર આવ્યા, મલયસુંદરીને સજીવન થઇ જાણી પ્રેમાવેશથી પરાધીન રાજા આશ્ચર્યથી જોઈ જ રહ્યો. "અહો! આ પુરુષનું શું સામર્થ્ય! જેના જીવનની કોઇ આશા ન હતી તેને આ પુરૂષે જીવનદાન આપ્યું. રાજાએ મહાબલ સામે જોઈ પૂછયું: "હે સત્પુરુષ! તમારું નામ શું?" મહાબલે મૂળનામ ગોપવી કહ્યું. "રાજન્! મારૂં નામ સિદ્ધ પુરુષ છે" રાજાએ કહ્યું. "સિદ્ધપુરુષ! આ સ્ત્રીએ ગઈકાલે ભોજન કર્યું નથી. તો તેની જે ઈચ્છા હોય તે ભોજન કરાવો" સિદ્ધ પુરુષે કહ્યું. "એને માટે શર્કરા–મિશ્રિત દૂધ લાવો."

રાજાના હુકમથી થોડીવારમાં સેવકો ભોજનની સર્વ સામગ્રી તથા દૂધ વગેરે લાવ્યા. મહાબલે પોતાના હાથે મલયસુંદરીને ભોજન કરાવ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## કંદર્પની નવી યુક્તિ

૨૯

ભોજન પત્યા બાદ સિદ્ધ પુરુષે કહ્યું. "રાજન્! હવે મને રજા આપો. તમારું બોલેલું વચન પાળો. હું મારી સ્ત્રીને લઇને મારા દેશ પ્રતિ જાઉં–સૂર્ય, મેઘ અને સાગરની જેમ સજ્જન પુરૂષો પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરતા નથી. પોતાનું વચન પાળે છે. એમાં ય આપ તો રાજા છો. આપ જો મર્યાદાનું ઉલ્લંઘન કરશો તો આપની અપકીર્તિ થશે." અને આમ કહી તે રાજાની સન્મુખ જોવા લાગ્યો. પ્રથમ રાજા વિચારમાં પડયો. એવામાં પ્રજાના કેટલાક અગ્રણીઓ બોલ્યા. "રાજન્! આ સ્ત્રી આ સિદ્ધની ધર્મપત્ની છે. તેને તેની સ્ત્રી પાછી સોંપવી જોઇએ. એની ખાતર એણે ઘણું કષ્ટ વેઠયું છે. વળી એણે જ એને સજીવન કરી છે." રાજાને બધી જ વાત રુચતી હતી પણ મલયસુંદરીને છોડવાની જ વાત રુચતી ન હતી. તેના મનમાં કામનો દાવાગ્નિ પ્રજ્વલિત થઈ રહ્યો હતો. મનમાં તે કંઈક યુક્તિ ગોઠવતાં તેણે સિદ્ધ પુરુષને પૂછયું. "તો હે સિદ્ધ! આ સ્ત્રી તમારે શું થાય?" સિદ્ધે શરમાઇને કહ્યું: "રાજન્! એ મારી ધર્મપત્ની છે. દૈવયોગે ઘણા સમયથી વિખૂટી પડી હતી........" રાજાએ કહ્યું. તમે વચનથી બંધાયેલા છો. તો હે સિદ્ધ! મારૂં કામ કરી આપીને તમે તમારી સ્ત્રીને ખુશીથી લઈ જાવ." મહાબલે કહ્યું, "ફરમાવો રાજન્! આપનું જે કામ હોય તે...."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને તે ઉત્કંઠાથી તેની સન્મુખ જોઈ રહ્યો. રાજાએ ફરમાવ્યું. "મારું મસ્તક નિરંતર દુઃખ્યા કરે છે. તેની પીડા શાંત થતી નથી. એક વૈદ્યે કહ્યું છે કે જો કોઈ ઉત્તમ લક્ષણવાન પુરુષના શરીરની રાખ મળે અને તે મસ્તક પર ઘસવામાં આવે તો તુરત મટી જાય. આપના જેવા લક્ષણવંત બીજું કોણ છે? તો આપશ્રી આપના શરીરની રાખ લાવી આપો તો મારા મસ્તકની પીડા શાંત થાય. પછી જરૂર તમને તમારી સ્ત્રી મળે."

આ સાંભળી સમગ્ર પ્રજાજનો મનોમન ગણગણવા લાગ્યા. પોતે મરી જાય પછી સ્ત્રીને શું કરવાની! આ તો રાજાનો દુષ્ટ આશય છે......

મહાબલ પણ વિચારમાં પડયો....ખરેખર આ રાજા મલયસુંદરીમાં આસક્ત થયો છે. મને મારવા જ આ યુક્તિ છે. આ કાર્ય મૃત્યુ પામ્યા સિવાય થાય જ નહિ. અશક્ય કાર્ય છે. છતાં મનમાં એક યુક્તિનો ઉદ્‌ગમ થતાં તે બોલ્યો. "રાજન્! અહો! આ ઔષધ છે? જરૂર તમને કાલ સવારે હું રાખ લાવી દઈશ. આજે સાંજે મને ચિતામાં બાળજો....પછી સવારે હું રાખ આપું એટલે મારી સ્ત્રી મને પાછી સોંપજો. અને તમે સુખે સુખે રાજ્ય કરજો........"

દુષ્ટ પરિણામવાળો રાજા બોલી ઊઠયો....જરૂર પછી તમને તમારી સ્ત્રી મળી જશે જ....મહાબલે રાજાને કહેવડાવ્યું કે ઉત્તર દિશાના સ્મશાનમાં લાકડાનો ઢગલો કરાવો. હું સાંજે ચિતા પર ચડી બળી મરવાનો છું.

રાજાએ તુરત જ સ્મશાન ભૂમિ તરફ ગાડું ભરીને લાકડા મોકલવાનો બંદોબસ્ત કરાવ્યો. તેના આનંદનો પાર ન રહ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કે આ મુગ્ધ માણુસ સાંજે બળી મરશે. પછી સવારે ક્યાંથી પાછો આવવાનો છે. સારૂં થયું, આ તો ટાઢા પાણીએ ખસ ગઈ.

પણ લોકોને આ વાત ન ગમી. કુમારની શૌર્યભરી વાણી, મધુર આકૃતિ, સાહસથી રંજીત થયેલ જનગણુ હાહાકાર કરી ઊઠયો. અને દુઃખીત અને કંઈક રોષયુક્ત તે રાજા પાસે કહેવા લાગ્યો. "રાજન્! આ અન્યાય થાય છે. આવા પરોપકારી સિદ્ધપુરુષને પશુની જેમ મારી નાખવો એ યુક્ત નથી. એની સ્ત્રી પાછી ન સોંપવી હોય તો જીવતો એને જવા દો પણ એને આ યુક્તિથી મારવો એ તો મહાઅનર્થકારી છે"....રોષયુક્ત લોકોની વાણી સાંભળી છતાં નિર્લજ્જતાથી રાજાએ કહ્યું: "પ્રજાજનો! આ નવીન સ્ત્રીના પ્રત્યે મને ગાઢ રાગબંધન છે. આ યુવાનને લઈ તે મારા સામું પણ જોતી નથી. માટે આ સ્ત્રી વિના મારા પ્રાણુનો પણ સંશય છે. બસ! હવે તમારે વચમાં માથું મારવાનો અધિકાર નથી."

લોકો વિલખા પડી ચાલ્યા ગયા. ધણીનો કોઈ ધણી છે! સાયંકાળે મહાબલકુમાર અંતિમ અવસ્થાનો વેશ સજી સ્મશાન ભૂમિ પ્રતિ ચાલ્યો. પાછળ લોકોનું ટોળું હતું. મલયસુંદરીએ જતા એવા પ્રિયતમને પરાધીન એવા તે નેત્રથી વારતી બોલી: "હે સ્વામી! મારી ખાતર તમે શા માટે જીવનું જોખમ કરો છો? મર્યા બાદ મારૂં કોણ? આ તમારું કોમલ શરીર અગ્નિદાહની પીડા શી રીતે સહી શકશે? તમે ના જાઓ........સ્વામી.... ના જાઓ....હે પાપી રાજા! તું ગમે તે કર! મારા સ્વામી મૃત્યુ પામશે તો પણ હું તારા હાથમાં આવવાની નથી.... આ તને ધિક્કાર....મારા રૂપને ધિક્કાર!" અને તે મૂર્છા ખાઈ નીચે પડી....

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ તેને અવાવરૂ મહેલમાં મોકલી આપી. ચિતા પાસે મહાબલ આવ્યો ત્યારે પ્રજાજનોના મુખ્ય અગ્રેસરોએ ફરી રાજાને વિનંતી કરી. આ નરરત્નને બચાવી લો.... ત્યાં રાજાનો કોપ ભભૂકી ઊઠયો. બધાને સમજાવતાં જીવાજી પ્રધાન જે રાજાનો જમણો હાથ હતો તે બોલ્યો, "એ સિદ્ધ મરતો હોય તો તમારે શું ? ચાલો જગ્યા કરો...." અને મહાબલને ચિતા પર ચડાવી ચારે તરફથી અગ્નિદાહ કર્યો. ચિતા સળગવા લાગી. જોતા જોતામાં ધૂમાડા ને અગ્નિ જવાળાઓ આસમાનને આંબવા લાગી.

લોકો સિદ્ધપુરુષના ધીરત્વની પ્રશંસા કરવા લાગ્યા. અહો આ સિધ્ધે ચિતામાં બળવા છતાં એક સિત્કાર પણ કર્યો નથી. થોડા સમયમાં લોકો ઉદાસ મને વીખરાયા.... રાજપુરુષોએ ચિતા સંપૂર્ણ બળી ગયા બાદ રાજાને સર્વ નિવેદન કર્યું. લોકો સિવાય.... રાજા અને પ્રધાનના હર્ષનો પાર ન રહ્યો. લોકોની અને મલયસુંદરીની રાત્રી દુઃખે દુઃખે પસાર થઈ ત્યાં પ્રભાતકાલની ઝાલરી વાગી. સૂર્યદેવે પોતાના સોનેરી કિરણોથી સમગ્ર પૃથ્વીને ભેટવા માંડ્યું. એજ સમયે રાખનો મોટો પાટલો ખભે ઊંચકી સિદ્ધ પુરુષ બજાર વચ્ચેથી રાજ-મંદિર પ્રતિ જતો લોકો જોઈ રહ્યા. આ શું ? આ સિદ્ધ સજીવન કેવી રીતે થયો ? લોકો આનંદથી પૂછવા લાગ્યા. "હે સિદ્ધ પુરુષ ! આ પોટલામાં શું છે ? તમે કેવી રીતે જીવતા રહ્યા ?" સિધ્ધે કહ્યું "પ્રજાજનો ! આ રાજાના માથાના દુખાવા માટેની ગમ છે અને જેને માથે દેવ ગુરૂ અને ધર્મ છે, તે બળતી ચિતામાં બળીને પણ સજીવન થાય.... એમાં કંઈ આશ્ચર્ય નથી." તે રાજા પાસે આવ્યો રાખ મૂકી બોલ્યો.... "રાજન્ ! આ આપની રાખ, હવે તમે તમારા માથામાં જોઈએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેટલી નાખો અને તમારો વ્યાધિ શાન્ત કરો. રાજાએ આશ્ચર્યથી પૂછ્યું. "અરે પણ સિદ્ધ! તું જીવતો કેવી રીતે રહ્યો?" સિદ્ધે કપટથી ઉત્તર આપ્યો. "રાજન્! હું બળી મર્યો પછી દેવતાઓએ મારા સત્ત્વથી ખુશ થઈ મારી ચિતા પર અમૃત સિંચન કર્યું. અને હું સજીવન થયો."

આ સમયે મલયસુંદરી પણ બળાત્કારે સભામાં આવી ગઈ હતી. મહાબલકુમારને સંપૂર્ણ સજીવન જોઈ તે આનંદના ઉદધિમાં ડૂબી ગઈ. લોકોએ સિદ્ધનો જયજયકાર ગજાવ્યો.

આવા જયકારના ઘેરા નાદમાં મલયસુંદરીએ ધીરેથી મહાબલ પાસે જઈ પૂછ્યું. નાથ! તમે કેવી રીતે જીવતા રહ્યા? મહાબલે પણ ટુંકામાં ધીરેથી કહ્યું–"દેવી! જે કુવાવાળી ગુફા છે. તે બાજુના જ સ્મશાનમાં હું ચિતા પર ચડયો હતો. ચિતામાં પ્રવેશ કર્યા બાદ જ્યારે અગ્નિદાહ થયો, એટલે ધૂમાડાનો લાભ લઇ તે ગુફાની શીલા ખસેડી તેમાં પેસી ગયો. બહારથી શીલા બંધ કરી દીધી. પ્રભાતે ચિતામાંથી રાખનું પોટલું લઈ આવતો રહ્યો....આમ બન્નેને વાત કરતાં દેખી રાજા તુરત મહાબલ પાસે આવ્યો. અને કહ્યું,–"સિદ્ધ! આ તમારી સ્ત્રીને તમે ભોજન કરાવો. કાલે એણે કંઈ જ ખાધું નથી........"

સિદ્ધે મલયસુંદરીને ભોજન કરાવ્યું, તે દરમ્યાન રાજાએ યુક્તિ વિચારી લીધી. જીવાજી મંત્રીની સાથે મસલત કરી બીજી યુક્તિ શોધી કાઢી. જ્યારે મહાબલે કહ્યું, "રાજન્! હવે મને રજા આપો. આપનું કાર્ય સિદ્ધ થયું છે. હું હવે



P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મારી સ્રીને લઈ મારા દેશ પ્રતિ પ્રયાણ કરું.” તે સમયે રાજાએ મંત્રીને ઈશારો કર્યો. જીવાજી મંત્રી બોલ્યો: “હે સિદ્ધ! ખરેખર તમે ધૈર્યવાન છો. સાહસિક છો. રાજાનું એક બીજું કાર્ય તમે કરી આપો. પછી જરૂર તમને તમારી સ્રી મળશે.–વાત એમ છે કે આ શહેરની બહાર એક છિન્નટંક નામે પહાડ છે. તેના બે વિષમ શિખરની વચમાં એક આમ્ર-વૃક્ષ છે. તેનું આમ્રફળ રાજાને લાવી આપો. એ શિખર પરથી કોઈ આંબાને લક્ષ કરી તેના પર પડતું મૂકવું. તો જ તે આમ્ર-વૃક્ષ પર પડાય અને આમ્રફળ મળે. તે અમારા દેખતાં જ કુદકો મારવો પડશે....રાજાને પિત્તની પીડા છે માટે એની શાન્તિ અર્થે આ ફળની જરૂર છે.”

મહાબલે વિચાર કર્યો. આ શિખર પરથી કુદકો મારતાં જરૂર મનુષ્ય મરી જ જાય. એટલી એની ઉંચાઈ છે. હવે એ જ્યારે મને મારવા ઈચ્છે છે. એ ચોક્કસ જ છે. છતાં પુણ્યની પ્રબળતા આમાં જરૂર કામ કરશે. પ્રજાનો પણ મારા પર પ્રેમ ઘણો છે. આમ વિચારી તેણે કહ્યું. “રાજન્! જરૂર તમારું કાર્ય કરી આપીશ. પણ હવે વચન ફેરવતાં વિચાર કરજો. મારી સ્રી મને પાછી નહિ સોંપો તો તેનું પરિણામ ખતરનાક આવશે” લોકો અને મલયસુંદરી ફરી દુઃખ સમુદ્રમાં પડયા. આ સિદ્ધ કેવી રીતે આ કાર્ય કરી આપશે?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# સિદ્ધની બીજી સિદ્ધિ

## ૩૦

સાહસે વસતિ સિદ્ધિ...........એ વચન મહાબલના પ્રસંગમાં સિદ્ધ થયું. એ છિન્નટંકના શિખર પર જવા માટે ઉપડયો....એના ગુણાનુરાગી પ્રજાજનો નેત્રમાંથી અશ્રુધારા વરસાવતા પાછળ ચાલ્યા. ખરેખર લોકોના હૃદય પર સત્તા રાજ્ય કરતી નથી....પ્રેમનું સામ્રાજ્ય હોય છે. પ્રજાનો પ્રેમ રાજા પ્રત્યે ન હતો. સિદ્ધ પ્રતિ બંધાયો હતો. લોકોના હૃદયમાં શોક અને ઉદાસીનતાની એક ઘેરી છાયા પડી હતી. રાજા અને પ્રધાનના હૃદયમાં આનંદની ઊર્મિઓ ઉછળતી હતી. શિખરની ટોચ પર પહોંચ્યા બાદ લોકોએ જોયું તો તે વૃક્ષ એટલું બધું દૂર હતું કે કોઈ ત્યાંથી પડે તો હાડકાનો ચૂરો જ થઈ જાય. પણ મહાબલ અંતરથી મહાબલ હતો. તે મોટેથી બોલ્યો : "આ જીવનમાં ન્યાયપૂર્વક મેં જે કાંઈ શુભ કર્મ ઉપાર્જન કર્યું હોય તેના પ્રભાવે મારું આ સાહસ સિદ્ધ થશે."

લોકોએ જોયું કે તે સિદ્ધ થોડીવારમાં અદૃશ્ય થઈ ગયો. અરે કેવો અન્યાય! આ સિદ્ધને–નિર્દોષને આવો ઘાતકી હુકમ! રાજાનું આવું ઘોર પાપ! નક્કી વિનાશકાળે વિપરીત બુદ્ધિ!" અને આમ ગણગણતા લોકો ઉદાસ મને રાજ્યમાં આવ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજપુરુષોએ રાજાને આ વાત જણાવી. સિદ્ધ જતાં રાજા અને પ્રધાનના હૃદયમાં ફરી આનંદનો ઉદધિ લહેરાવા લાગ્યો. લોકોએ અને મલયસુંદરીએ એ રાત્રી દુઃખ અને શોકમાં પૂર્ણ કરી........પ્રભાતના રવિદેવે પોતાના કુમકુમવરણાં પગલાં પાડયાં....મધુર શરણાઈઓ રાજમંદિરે ગહેકી ઉઠી. અને એ સંગીતના નાદમાં પ્રજાએ શું જોયું........હાથમાં આંબાના ફળનો કરંડીયો લઈ એ જ સિદ્ધ પુરુષ રાજમંદિરે જતો હતો. લોકો કહેવા લાગ્યા, "અરે! આ સિદ્ધ પુરુષ કોઈ વિદ્યાથી કે દેવના પ્રભાવથી રાજાનું કાર્ય કરી આપે છે અને જીવતો રહે છે." તેઓ કુમારને પૂછવા લાગ્યા, "હે સિદ્ધ પુરુષ! તમે કેવી રીતે જીવતા રહ્યા?" કુમારે જવાબ આપ્યો, "પ્રજાજનો! દેવ-ગુરુ અને ધર્મ પસાયે બધાં સારાં જ વાનાં થાય છે. અવસરે તમને બધું જણાઈ આવશે." અને તેણે રાજમંદિરમાં રાજા પાસે આવી કરંડીયો મૂકયો.... રાજા તો આ સિદ્ધને ફરીવાર જીવતો જોઇ શ્યામ પડી ગયો........વિચારવા લાગ્યો. નક્કી! આ ખરેખર સિદ્ધ પુરુષ છે! કેવું આનું અગાધ સામર્થ્ય! એણે પોતાની ચિંતામાં સિદ્ધને આવકાર પણ ન આપ્યો.

રાજાને વ્યગ્ર જોઈ જીવાજી પ્રધાને કહ્યું. "સિદ્ધ પુરુષ! આવું દુષ્કર કાર્ય કરી તમે ઘણા વહેલા પધાર્યા. શરીરે કુશળ છો ને?" મહાબલે કહ્યું. હાજી મારા શરીરે કુશળતા જ છે અને તે કરંડીયો રાજા પાસે મૂકી બોલ્યો, રાજન્! આ આમ્રફળો તમે તમારા કુટુંબ સહિત ખાઓ. અને પિત્તના રોગની શાંતિ કરો....તમારો અસાધ્ય રોગ આનાથી જરૂર શાન્ત થશે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેના ગંભીર શબ્દો, કાર્યનું સામર્થ્ય જોઈ સભાસદો પણ આશ્ચર્યના ઉદધિમાં ગરકાવ થઈ ગયા. લોકો મૌન હતા. રાજા પણ વ્યગ્ર હતો–તે સમયે મલયસુંદરીના આનંદનો પાર ન હતો. મહાબલ રાજાને પૂછી તેની પાસે આવ્યો. મેઘ જોઈ જેમ મયૂર નાચે તેમ તે પાસે આવેલા મહાબલને ભેટી જ પડી........ધીરેથી પૂછવા લાગી "નાથ! આવું દુષ્કર કાર્ય કેવી રીતે સિદ્ધ કર્યું?"

મહાબલે કહ્યું, "પ્રિય! વલ્લભા! પૂર્વે અગ્નિકુંડમાં જે યોગી પડીને મૃત્યુ પામેલો તે મારા પરિચયવાળો હતો. તે મૃત્યુ પામી વ્યંતરદેવ થયો હતો. તે આપણા સદ્ભાગ્યે આ જ વૃક્ષ પર હતો.

છેવટનું મારું કથન તેણે સાંભળી લીધું–અને હું તેનો ઉત્તર સાધક થયેલ તેથી મને મિત્ર જાણી જેવો હું શિખર પરથી પડયો તેવો તેણે મને ઝીલી લીધો અને વૃક્ષ પાસે લાવી મને આશ્વાસન આપતાં બોલ્યો. "મિત્ર! કુમાર! તું જરાય ભય ન પામ. તું ખરેખર પરોપકાર રસિક છે. તેં ઉત્તર સાધક થઈ મને મદદ કરવા માટે નાગનું પણ રૂપ લેવાનું સ્વીકાર્યું હતું. મારા કમભાગ્યે જોકે વિદ્યા સિદ્ધ ન થઈ પણ ઉપકારનો બદલો વાળવાનો મને આજે અવસર મળ્યો છે. માટે કરેલો ઉપકાર કદાપી નિરર્થક જતો નથી." અને આમ આ બન્નેએ વૃક્ષ પર મધુર વાર્તાલાપમાં રાત્રી પસાર કરી, પ્રભાતે તે બોલ્યો; "રાજકુમાર! તું અમારો અતિથિ છે. અતિથિ સત્કાર એ પુણ્ય છે. માટે મારે લાયક કંઈક ઈષ્ટ કાર્ય બતાવ. જેથી ઉપકારનો બદલો વાળી શકું."

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"હે વ્યંતર દેવ! જે કાર્ય કંદર્પ રાજા મને બતાવે તેમાં આપ મને મદદ કરી તે કાર્ય સિદ્ધ કરી આપો."

વ્યંતર બોલ્યો "તે કંદર્પ રાજા તને મારવા ઈચ્છે છે. માટે જો તું સંમત થાય તો તેને બરાબર શિક્ષા આપું."

"દેવ! આપની મદદથી હું એનું કાર્ય કરીશ. છતાં થોડો સમય રાહ જુઓ. તેની કુમતિ પલટાય નહિ તો જરૂર શિક્ષા કરજો." તે વાત વ્યંતરદેવે કબુલ કરી, પછી વૃક્ષ પરથી પાકાં આમ્રફળ ભરીને મને કરંડીઓ આપીને તુરત તેણે આ શહેરના ઉદ્યાનમાં લાવીને મૂકી દીધો તે પણ ગુપ્ત-પણે મારી સાથે-જ આવેલ છે. અને મારા કાર્યની અંદર જે ઉચિત લાગશે તેમ કરશે."

મલયસુંદરી હર્ષ પામી. બોલી: "પ્રિય, હવે જરૂર રાજા સમજશે. અને ટુંક સમયમાં આપણું ચિર મિલન થશે."

મહાબલે કહ્યું, "લાગે છે એવું જ.... હવે દુઃખનું વાદળ વિખરાઈ રહ્યું છે. આ બાજુ રાજા પાસે જે કરંડીયો મૂક્યો હતો તેમાંથી અકસ્માત્ શબ્દો નીકળવા લાગ્યા........ "રાજાને ખાઉં કે પ્રધાનને?"

વારંવાર આ શબ્દો સાંભળી રાજા ભયભીત થઈ ગયો. વિચાર્યું, નક્કી! આ સિદ્ધપુરુષની જ શક્તિ બોલે છે. આ કરંડીયામાં પણ એ શક્તિ જ એણે મૂકી છે તેથી રાજા કરંડીયાથી ભય પામતો પાછો હઠવા લાગ્યો.

ભયથી કંપતા રાજાને જોઈ હસતો પ્રધાન કરંડીયા સન્મુખ ચાલ્યો. બોલવા લાગ્યો "અરે એ દુષ્ટ સિદ્ધમાં શું શક્તિ છે! એવા તો કંઈક ધૂર્તો આવે છે. એથી કંઇ ડરી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગયે રાજ્યકારભાર થોડો ચાલે ? રાજાએ પ્રધાનને રોકવા ઘણી વિનંતી કરી પણ વિનાશકાળે વિપરીત બુદ્ધિ ! તેણે રાજાની વાત ગણકારી નહિ અને કરંડીયાનું ઢાંકણુ હાથમાં પકડી ઉઘાડયું અને અંદર હાથ નાખી જ્યાં આમ્રફળ લેવા ગયો ત્યાં **રાજાને ખાઉં કે પ્રધાનને** એમ અવાજ કરતી એક અગ્નિજવાળા અંદરથી નીકળી અને એકદમ મોટી થતી થતી જીવાજી પ્રધાનના શરીરે લપટાઈ ગઈ. ક્ષણવારમાં જીવાજી પ્રધાન ભડથું થઈને નીચે તૂટી પડયો. એના મૃત્યુથી પણ અગ્નિજવાળા જ્વાળ શાંત ન થઈ અને વેગે વધતી ચાલી. અને મંડપને તે લાગી. મંડપ બળવા માંડયો. લોકો ભયભીત થઈ નાસભાગ કરવા લાગ્યા. આ ભયંકર જ્વાળા જોઈ રાજા ભયથી વ્યાકુળ બની બોલી ઊઠ્યો, "અરે હવે આપણો વારો" અને બૂમો પાડતો હતો. ત્યાં દૂર ઉભેલા પ્રજાજનો તાલીઓ પાડી હસવા લાગ્યા. ગધેડાને ડફણાં જ પ્રિય લાગે. સજાવટ નકામી જ હતી. ખરેખર સિદ્ધ હવે આ રાજાને મારી નાખે તો સારૂં...."નફ્ફટ, પાપી, અધર્મી" એ જ લાગનો છે....એ સમયે રાજાએ મોકલેલા રાજપુરુષોએ આવી મહાબલને કહ્યું, "હે સિદ્ધ પુરુષ! રાજાને બચાવો. આપ તો દયાળુ છો, કરુણા–સમુદ્ર છો!" મહાબલ તુરત રાજા પાસે આવ્યો. રાજાએ નમ્રતાથી કહ્યું "હે સિદ્ધપુરુષ! અમારા પર કૃપા કરી આ ઉપદ્રવ શાંત કર."

મહાબલના હૃદયમાં દયાનો સ્રોત સદા વહેતો જ હતો. તેણે વિચાર્યું. આ વ્યંતરદેવના કોપથી સુકાની સાથે લીલું પણ બળશે. બિચારા લોકોના જાનમાલની પણ હાની થશે. આમ વિચારી તેણે થોડું પાણી મંગાવ્યું. અને તે અગ્નિ પર છાંટયું. મહાબલની ઇચ્છાને આધીન તે વ્યંતર દેવે અગ્નિ શાંત કરી દીધો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ બધું જોતી મલયસુંદરી પોતાના પ્રિયતમના અગાધ સામર્થ્યથી ઘેલી થઈ....આનંદના સરોવરમાં સ્નાન કરવા લાગી........શક્તિશાળી પતિ જોઈ કઈ સ્ત્રીની છાતી ગજગજ ન ફુલે ?

મલયસુંદરીની છાતી ગજ ગજ ફૂલી રહી..........

મહાબલે તે કરંડીયાનું ઢાંકણ બંધ કર્યું ત્યારે સભામાં શાંતિ ફેલાઇ. પણ તે કરંડીયા પાસે નજીક જવાની કોઇની હિંમત ન ચાલી. જાણે સાપનો કરંડીયો હોય તેમ બધાંના મનમાં થયું–આ સિદ્ધ આને ઉપાડીને લઈ જાય તો સારૂં.

મહાબલ તે કરંડીયા પાસે ગયો. તેણે ઢાંકણ ઉઘાડી તેમાંથી ચાર પાંચ આમ્રફળ બહાર કાઢયાં. અને તે રાજાને આપવા લાગ્યો પણ રાજા એટલો ભય પામ્યો હતો કે જાણે અગ્નિનો સ્પર્શ ન હોય તેમ તે ફળ લેવા ના પાડતો દૂર હઠતો હતો. સિદ્ધપુરુષે કહ્યું–હવે આમાં ભય રહ્યો નથી. પ્રજાજનમાંથી બે માણસોને બોલાવી તેના હાથમાં ફળ મુકી ખાત્રી કરાવી કે કંઈ નહિ થાય....ત્યારે રાજાએ તે ત્રીજા માણસ પાસેથી માંડ તે ફળ લીધાં. રાજાના હાથમાં રહેલાં પાકાં મનોહર આમ્રફળનાં ઉપર પડતાં પ્રભાતનાં બાલરવિનાં કિરણો અને તેથી તે ફળનાં ચમકતાં રૂપ, જાણે કુમારની અપૂર્વ સિદ્ધિની પ્રશંસા કરી રહ્યાં હતાં.

દરેકના હૈયામાં સિદ્ધ પુરુષના પ્રતિ બહુમાન અને અહોભાવનો સાગર ઉછળવા લાગ્યો. અને મલયસુંદરી ! તે તો મુગ્ધહર્ષિત હૈયે પ્રિયતમની સિદ્ધિ નિહાળી પ્રશંસાનાં પુષ્પોથી સ્વાગત કરી રહી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બબ્બે સિદ્ધિના વિજેતા મહાબલકુમાર પ્રત્યે લોકો ઘણા પ્રેમ અને આદરથી જોઈ રહ્યા હતા........તો........આ બાજુ રાજા પોતાના પ્રિય જીવાજી પ્રધાનને મૃત્યુ પામેલો જોઈ ખેદ કરતો હતો. તેમાં પોતાનો જ અન્યાય હોવાથી કોઇ તે માટે તેને ટેકો આપે તેમ ન હતું. રાજાએ જીવાજી પ્રધાનના પુત્રને પ્રધાન બનાવ્યો.

**રાજાએ સિદ્ધને પૂછ્યું**–" હે સિદ્ધ ! આ કરંડીઆમાં તું એવી કઈ શક્તિ લાવ્યો હતો જેથી મારો પ્રધાન મરી ગયો ? "

સિદ્ધે કહ્યું. " રાજન્ ! તમારા અન્યાય વૃક્ષનો આ તો માત્ર અંકુર જ પ્રગટ થયો છે હજુ અન્યાય કરશો તેમ પુષ્પ અને કટુ ફળ તો બાકી જ છે. જે રાજા અન્યાય માર્ગે પ્રજાનું પાલન કરે, તેનાં યશ–કીર્તિ–સંપત્તિ નાશ પામે. તેના મિત્રો તેને છોડી જાય તેમાં શી નવાઈ ? રાજન્ ! હજી વિનંતી કરું છું. મને મારી સ્ત્રી સહિત વિસર્જન કર, નહિ તો તેનું પરિણામ ભયંકર આવશે. "

નગરના મોટા સામંતો, શ્રેષ્ઠિઓ વિગેરેએ પણ રાજાને સમજાવ્યું કે આ સિદ્ધને હવે કોપિત નહિ કરો. રાજન્ ! એમાં તમારી અને સમગ્ર રાજ્યની સલામતી નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મલયસુંદરી પર અતિ ગાઢ રાગવાન તે કામી કંદર્પ રાજા વિચારમાં પડયો. એનાં ચક્ષુ ઉપર રાગનાં તીવ્ર પડળ ચડેલાં હોવાંથી તેને સત્યપંથ ન જ જડયો. એણે ઊલટો વિચાર કર્યો. જો આ સિદ્ધને બહારનું કાર્ય બતાવું છું તો તે શીઘ્ર કરી આવે છે. હવે મારા શરીર અંગે એવું કાર્ય બતાવું કે તે કરીજ ન શકે, અને ન કરી શકે તો સ્ત્રી અપાય નહિ અને મારી અપકીર્તિ થાય નહિ—એમ વિચારી તે પ્રગટ બોલ્યો, "હે સિદ્ધ પુરુષ! હું તને તારી સ્ત્રી જરૂર આપીશ. બસ હવે મારૂં એક જ કાર્ય કર. તું સાહસિક છે. સામર્થ્યવાન છે. તો હું જેમ આ નેત્રોથી મારો આગળનો ભાગ જોઇ શકું છું તેમ પાછળ પીઠનો ભાગ પણ જોઈ શકું એમ કર. આપના જેવા સમર્થ સિદ્ધના સમાગમનું આ ફળ મને મળો."

**રાજા પીઠનો ભાગ જોઇ શકે**

દરેક માનવી આગળ નેત્ર હોવાથી આગળનો ભાગ જોઈ શકે છે. પાછળ નેત્ર ન હોવાથી કઈ રીતે પીઠ જોઇ શકે? લોકો વિચારવા લાગ્યા. આ કાર્ય કોઈ કરી શકે નહિ. અને ન કરે તો રાજા કન્યા આપે નહિ. વાહ! કામી રાજાની કેવી યુક્તિ! લોકોને રાજા પર હદ બહાર ધીક્કાર છૂટયો. અને મહાબલને પણ આ વાત સાંભળી ક્રોધ આવી ગયો. અતિ હંમેશાં તજવું જોઇએ. અતિ ત્રાસ, દુઃખ, અન્યાય થાય ત્યારે મોટા યોગીઓને, સંતોને ક્રોધ થઈ જાય તો આ તો સંસારના પ્રારંભમાં પડેલો યુવાન હતો. તેણે ક્રોધથી રાજાને કહ્યું. "રાજન્! આવા ક્ષુદ્ર આદેશોથી તને શું ફાયદો થશે? કોઈ પોતાની પીઠ ન જોઇ શકે. અને પીઠ જોવાથી ફાયદો શો છે? માટે હઠ તજી દે."

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સિદ્ધના સમજાવવા છતાં રાજાએ આગ્રહ ન તજ્યો ત્યારે મહાબલે અત્યંત રોષથી બન્ને દાંત પીસતાં રાજાની ગરદન જોરથી પકડી અને એવી રીતે ગરદનની નસ ખેંચી કે માથું પાછું ફેરવી દીધું. એટલે મુખ એકદમ પાછળ થઈ ગયું.

સિદ્ધે કહ્યું "હવે રાજા ! તું તારી પીઠ જોયા કર અને મઝા કર.... રાજાની આવી દુર્દશા જોઈ પ્રજાજનો હસી તો પડ્યા પણ નૂતન પ્રધાન (જીત્રા પ્રધાનનો પુત્ર) રોષથી બોલ્યો. "હે સિદ્ધ ! અન્યાયી, કપટી ! ધૂર્ત શિરોમણિ ! તેં મારા પિતાને મારી નાખ્યો. રાજાની આવી દુઃખી હાલત કરી. હવે તું કેટલાં અનર્થ કરીશ ? હમણાં તને અમે મારી નાખશું" એમ તે બોલતો હતો છતાં પોતે પ્રધાન હોવા છતાં સિદ્ધના સામર્થ્ય આગળ કંઇ કરી શકે તેમ ન હતું. આ વાતની રાજાની રાણીઓને ખબર પડી ત્યાં તે દોડતી રુદન કરતી આવી અને સિદ્ધના ચરણમાં પડી. આંસુભરી આંખે વિનંતી કરવા લાગી. "હે સિદ્ધ પુરુષ ! એમનો અપરાધ ક્ષમા કરો. એમને મૂળ સ્થિતિમાં લાવી દો. એમની બુદ્ધિ કુટિલ થઈ છે પણ અમારા પર કરુણા કરો. અમે તમારો ઉપકાર જીવનભર નહિ ભૂલીએ."

રાણીઓની વિનંતીથી મહાબલને દયા આવી છતાં રાજાની સાન ઠેકાણે લાવવા તથા લોકો વચ્ચે તેને શિક્ષા મળે તે દૃષ્ટિએ મહાબલે કહ્યું–હવે આ રાજા પાછલા પગે નગર બહાર અજીતનાથ પ્રભુનાં મંદિરે જઈ પ્રભુના દર્શન કરી પાછો આવે તો જ મૂળ સ્થિતિમાં આવે. એ વિના બીજા કોઇ ઉપાય નથી. આ સાંભળી ગણું દુઃખતું હોવા છતાં, અશક્ત છતાં રાજા પડતો, આખડતો પાછા પગે ચાલતો રાજમાર્ગ વચ્ચે થઈ અજીતનાથ પ્રભુના મંદિરે જવા ઉપડયો. આ કૌતુક જોવા હજારો લોકો માર્ગમાં ઉભા રહ્યા. કોઈ અગાશી પર ચઢયા. લોકો જોઈ જોઈ હસતા હતા. મશ્કરી કરતા હતા. રાજાને પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શરમ આવી કારણ કે આંખો પાછળ હોવાથી ચાલવામાં વારંવાર સ્ખલના થતી હતી.

ઘણા કષ્ટે જ્યારે તે મંદિરે દર્શન કરી પાછો આવ્યો ત્યારે લોકોના મુખે "અન્યાયી રાજા" નું ઉપનામ પામેલા તેને મહાબલે ગરદનની નસ ખેંચી પૂર્વની જેમ મુખ યથાવત્ કરી દીધું.

આ વખતે તેની શક્તિથી રાજી થયેલી રાણીઓ બોલી: "હે સિદ્ધ! તમને ધન્ય છે. તમારે જે કંઇ જોઈએ તે માગો અમે આપશું." મહાબલે કહ્યું "મને મારી સ્ત્રી પાછી અપાવો, બીજું કંઈ જોઈતું નથી." રાણીઓએ રાજાને ઘણું સમજાવ્યો. મોટા સાથે વિરોધ નહિ કરો. તમને જોઈએ તો બીજી ત્રણ ચાર નવી રાણીઓ લાવીએ. પણ આ સિદ્ધને એની સ્ત્રી પાછી આપો. પણ પથ્થર પર પાણી. રાવણે પોતાની હઠ છોડી હોત તો........તેનો નાશ થાત નહિ. લંકા ગુમાવત નહિ. દુર્યોધન માન્યો હોત–એકાદ નાનું રાજ્ય પણ ભાઈઓને આપ્યું હોત તો, પોતાનું રાજ્ય ગુમાવત નહિ. તેનો નાશ થાત નહિ, પણ કદાગ્રહી મનુષ્યો સર્વસ્વનો નાશ થવા દે છે. કદાગ્રહનો નહિ. હજુ તે મલયસુંદરી કેમ પોતાની બને, સિદ્ધનો નાશ થાય એ જ વિચારતો હતો........... એવામાં અકસ્માત અશ્વશાળામાં આગ લાગી. એટલી ભયંકર આગ કે તેની જ્વાળાઓ આકાશને ચૂમવા લાગી. તે દેખી રાજાએ સિદ્ધને પ્રાર્થના કરી કે "હે સિદ્ધ! મારો અશ્વરત્ન આ આગમાં બળી જશે, માટે તું મારું આ ચોથું કામ કર........અને અશ્વને બહાર કાઢ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અગ્નિમાં પ્રવેશીને અશ્વરત્ન કાઢયા બાદ જરૂર તારી સ્ત્રીને લઈ ચાલતો થજે. હવે તને હું નહિ રોકું.'

લોકો પ્રગટ બોલી ઉઠયા. "અહો! આટલી નામોશી થઈ, આટલી શિક્ષા થઈ છતાં આ દુષ્ટ રાજા પાપી વિચારો મૂકતો નથી. એક અશ્વરત્ન માટે કંઈ માનવરત્નનો નાશ થોડો થાય છે? છતાં કુમારે રાજાની તે વાત પણ અંગીકાર કરી........

# મહાન સિદ્ધરાજ

## ૩૨

અગ્નિપ્રવેશ કરવા જતાં કુમારને લોકો રોકવા લાગ્યા- આ પાપી રાજા તમને મારવા જ ઇચ્છે છે. એ વાત કુમાર પણ જાણતો જ હતો. તેણે લોકોને કહ્યું અગ્નિમાં જ સોનાની કસોટી થાય છે. તમે ચિંતા ન કરો અને રાજાને શિક્ષા કરવાના હેતુથી તેણે વ્યંતર દેવને યાદ કરી અગ્નિમાં પ્રવેશ કર્યો અને ક્ષણમાં અદૃશ્ય થઈ ગયો .... લોકો ફરી દુઃખી દુઃખી થઈ ગયા પણ એ દુઃખ ક્ષણવાર પણ ન ટક્યું....અધિક રૂપવંત થઈને તે સિદ્ધ વ્યંતરદેવની સહાયને લઈને અગ્નિમાંથી બહાર આવ્યો. તે અશ્વરત્ન પર બેઠો હતો. અને ઇન્દ્રના અશ્વ જેવા તેજસ્વી અશ્વ પર તે ઇન્દ્ર જેવા શોભતો હતો. રાજા આશ્ચર્ય પામ્યો....લોકો 'સિદ્ધનો જય જયકાર કરવા લાગ્યા. તે સમયે સિદ્ધે કહ્યું. "હે રાજા! પ્રધાન! અને પ્રજાજનો! હાલ જે અગ્નિ પ્રજ્વલિત થઇ રહ્યો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે તે પવિત્ર અગ્નિ છે. આ સમયે જે અગ્નિમાં પ્રવેશ કરે તે મારી જેમ અનેક સમૃદ્ધિ પામે અને મનવાંછિત સિદ્ધિ પામે."

આ વાત સાંભળી સિદ્ધના વચનમાં વિશ્વાસ મૂકી લોક અગ્નિમાં પડવા તૈયાર થયા....કુમારે તેમને રોકી કહ્યું- "હમણાં થોડીવાર સબૂર કરો હું અગ્નિપૂજન બરાબર કરી લઉં. પછી હું કહું તે જ પડે." એમ કહી તે અગ્નિને વધુ પ્રજ્વલિત કરતો મંત્રોચ્ચાર કરતો અગ્નિપૂજન કરવા લાગ્યો.

સિદ્ધની માયાજાળમાં આવેલા રાજા અને પ્રધાને અગ્નિમાં પડી ઇચ્છિત સુખ મેળવવા સંકલ્પ કર્યો. સિદ્ધે તેમને રોકયા નહિ. રાજા ને પ્રધાનની પાછળ જતા પ્રજાજનોને તેણે રોકી લીધા. કહ્યું "હે પ્રજાજનો! જ્યારે રાજા ને પ્રધાન બહાર આવે પછી તમે પ્રવેશ કરજો, ઉતાવળ ન કરશો."

ઘણા સમયે પણ રાજા ને પ્રધાન બહાર ન આવ્યા ત્યારે લોકો સિદ્ધને પૂછવા લાગ્યા, હવે કયારે તેઓ બહાર આવશે અને અમારો વારો કયારે આવશે?

મહાબલે કહ્યું "મુગ્ધજનો! એ હવે કદાપિ બહાર નહિ આવે. તેઓ યમને દ્વાર પહોંચી ગયા." અને કહ્યું–"મારે તો વ્યંતરદેવની સહાય હતી, તેથી અગ્નિમાં બળ્યો નહિ. તમે કે રાજા તુરત જ બળી જાવ."....પ્રજા સમજી ગઇ....આ સિદ્ધે જાણી જોઇને રાજાને બળવા દીધો છે. એને શિક્ષા કરી છે. રાજાને પુત્ર હતો નહિ તેથી લોકો સમક્ષ હવે આપણો રાજા કોણ? એ પ્રશ્ન ઉભો થયો, ત્યાં સામંત વર્ગ તથા નગરના વડીલવર્ગે કહ્યું "આ મહાસામર્થ્યવાન સિદ્ધ પુરુષને જ આપણો રાજા બનાવો."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લોકોએ આ સૂચના વધાવી લીધી. અને એકી અવાજે બોલી ઊઠયા. "મહારાજ સિદ્ધરાજનો જય હો." સર્વનો એક જ મત થતાં વડીલ વર્ગે વિનંતી કરતાં મહાબલકુમારે "રાજા સિદ્ધરાજ"ના નામે રાજ્યધૂરાને ગ્રહણ કરી. શુભ મૂહૂર્તે વિપ્રોના મંત્રોચ્ચારપૂર્વક મહાબલકુમારનો રાજ્યાભિષેક થયો. રાણી મલયસુંદરીને મહારાણીપદ આપવામાં આવ્યું.

નગરશેઠની કુંવારી કન્યાના હાથે રાજ્યતિલક થયું. ચોમેર નગરમાં ઉત્સવોની હારમાળા ઉજવાણી....ઘર ઘર તોરણો બંધાયાં. લોકોને આવો પરાક્રમી, પરોપકારી અને યુવાન રાજા મળવાથી આનંદનો પાર ન રહ્યો. રાજાએ વ્યંતરદેવને હાથ જોડી વિજ્ઞપ્તિ કરી. "દેવ! તમારો ઉપકાર જેટલો માનીએ તેટલો ઓછો છે. આપ આપના સ્થાને પધારો અને જ્યારે જરૂર પડે ત્યારે દર્શન દેજો." આમ કહી દેવને નમસ્કાર કર્યા....વ્યંતરદેવે "તથાસ્તુ" કહી વિદાય લીધી....

મલયસુંદરીના મનોરથ પૂર્ણ થયા. હવે સ્વામીનો ચિરકાલનો મેલાપ થયો. એટલું જ નહિ એને પટ્ટરાણીપદ પણ મળ્યું. એના દુઃખનો અંત આવ્યો હતો....માત્ર હવે એક જ દુઃખ એને શલ્યની જેમ ખૂંચતું હતું....પુત્ર વિયોગ! ....બાકી સર્વ પ્રકારની રાજ સાહ્યબી, પ્રેમાળ પતિનું મિલન, અને પ્રજાનો પ્રેમ. આમ બીજી સર્વ વાતે તેના દિવસો સુખમાં પસાર થતા હતા. વિશેષ તો તે પતિની પ્રેરણામૂર્તિ બની હતી. કારણ કે એ જ મહાબલનો આત્મા હતી. રાજા સિદ્ધરાજના પ્રતાપી શાસનકાળનો ઉદય થયો, અને પ્રજા પણ આવા આદર્શ યુવાન પરાક્રમી રાજાને પામી સુખી બની. સમૃદ્ધ થઈ. સિદ્ધરાજે પણ રાજ્યને સુંદર અને વ્યવસ્થિત બનાવ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લશ્કરને વધાર્યું. વેપારીઓને વેપારમાં સુવિધા કરી આપી. કલાકારોને પ્રોત્સાહન આપ્યું. દરેક ક્ષેત્રમાં એની વિશિષ્ટ સમજને લઈ પ્રજા એને દેવ માની એના પ્રત્યે અપાર પ્રેમ ધરાવતી થઈ. લોકો તો સિદ્ધરાજ કહેતા પણ એની યશગાથા. "મહાન સિદ્ધરાજ" તરીકે વિસ્તરી. પ્રસંગો શીઘ્ર બનતા જતા હતા. પુણ્ય મનુષ્યને સુખ-સામગ્રી આપે-એ સન્માર્ગે વપરાય એમાં સન્મતિના રંગ પુરાય તો રાજા અને પ્રજા બન્ને મહાન બને. સાધુ-સંતો આ જ રાજ્યને રામરાજ્ય કહે છે. જ્યાં પ્રેમની સત્તા હોય, સાગરતિલકમાં લોકો દરેક વાતે સમૃદ્ધ છે. સુખી છે. એવામાં વેપાર કરવા પરદેશ ગયેલો બલસાર સાર્થવાહ ખૂબ સમૃદ્ધિ કમાઈ ને પોતાના વતન આવ્યો. સમુદ્રતીરે વહાણો નાંગરીને રીવાજ મુજબ રાજાને ભેટણું આપવા તે રાજ્ય મંદિરમાં આવ્યો. નૂતન રાજાને નમસ્કાર કરી તે ઉભો રહ્યો, પણ પૂર્વના કરતાં આ નવીન રાજાનો કોઈ અજબ પ્રભાવ એણે જોયો, સૌમ્ય છતાં તેજસ્વી ! શાંત છતાં દુર્ગમ! ગંભીર છતાં વિલક્ષણ! એના મંત્રીઓની ક્રમવાર બેઠકો-ચોકીદારોની શિસ્તબદ્ધ ગોઠવણી અને રાજાનો શાહી પ્રભાવ ! એના મુખમાંથી શબ્દ સરી પડયા....ખરેખર સુંદર રાજ્યવ્યવસ્થા! મહાન મંત્ર! એનો માલિક પણ મહાન! મહાન સિદ્ધરાજ!

અકસ્માત એની દૃષ્ટિ રાજાની રાણી પર પડી. એના હૈયામાં ફાળ પડી! અહો આ તો મલયસુંદરી! આને કદર્થના કરવામાં મેં બાકી રાખી નથી. એ રાજાને વાત કરશે તો મારી શી હાલત થશે? રાજાનું પ્રતાપી મુખ જોતાં પ્રથમ વાર જ એના પગ ધ્રૂજવા માંડયા...............

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેના મનમાં પાપ છે એના પગ પગલે પગલે ધ્રૂજતા હોય છે. બલરાજ વિચારવા લાગ્યો. હવે શીઘ્ર ઘર ભેગા થવું એ જ ઉત્તમ છે. રાજા પાસે ભેટ મૂકી બોલ્યો. "રાજન્! આજે મારી તબીયત ઠીક નથી. પછી આપને મળીશ." રાજાએ એ વેપારીની ભેટ સ્વીકારી અને જવાની રજા આપી....તત્કાળ એ ઘેર આવી અસ્વસ્થ મને પથારીમાં પડયો....વિચારવા લાગ્યો. મલયસુંદરી રાજાને કહેશે જ.... અને પછી એ સમર્થ રાજા જરૂર મારી ખબર લેશે. અને વિકલ થઈ તે ગાદી પર પડયો હતો ત્યાં એનો શંકિત ભય તુરત હાજર થયો. બે ચોકીદારે આવીને રાજાનો હુકમ બતાવી તેને બંધનથી બાંધ્યો....તેના કુટુંબને પણ હાથકડી કરી.

બલસારના ગયા બાદ મલયસુંદરીએ બધી વાત મહાબલને કરી. હતી. "આજ સાર્થવાહે મને કદર્થના કરી છે. પુત્ર પણ એની જ પાસે છે." અને રાજાને કોપ થયો. તુરત તેના વહાણ જપ્ત કરવા હુકમ કર્યો. અને બલસારને બાંધી જેલમાં પૂરવાની આજ્ઞા કરી.

સુભટો દોડયા, બલસાર કંઇ પણ ઉપાય વિચારે તે પૂર્વે તેને કુટુંબ સહિત બાંધી જેલમાં નાંખી દીધો.

રાજાના કોપની પ્રથમ કટારી તેના પર જ આવી. પ્રજાએ આ બીજીવાર મહાબલના કોપનો આવિર્ભાવ જોયો. એક વાર કંદર્પનું મુખ અવળું કર્યું ત્યારે, અને આ બીજીવાર.... દુષ્ટને દંડ અને ધર્મને પ્રોત્સાહન એ તો રાજનીતિ છે....



P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બલસારને કુટુંબ સહિત જેલમાં પૂર્યા બાદ તેની માલ મિલક્ત જપ્ત કરતાં અઢળક નાણું રાજ્યની તીજોરીમાં જમા થયું. દશ મોટા વહાણો જેમાં વિવિધ કરીયાણા ભર્યા હતા તે પણ લાખોની કિંમતના હતા.

જેલના સળિયા પાછળ કદર્થના પામતો બલસાર વિચારતો હતો : "ઓહ! કરેલાં કર્મ ઉદયમાં આવ્યા, એ સતિ નારીને સતાવ્યાનું આ ફળ! પણ હવે મારો છુટકારો કઈ રીતે થાય? એ સામાન્ય વેપારી ન હતો. મોટા રાજાઓ સાથે એને બેઠક હતી. એને યાદ આવ્યું. રાજાએ જે મિલકત જપ્ત કરી તે સિવાય પણ બીજી ગુપ્ત મિલકત જે પોતેજ જાણે છે તે બચી છે. તેમાંથી કંઇક ઉપાય કરું. આમ વિચારતાં તેને રાજા વીરધવલ અને રાજા સુરપાલ યાદ આવ્યા! જે તેના મિત્ર સમાન હતા. એ જ આ સંકટમાંથી મને બચાવી લેશે એ જ આ સિદ્ધરાજની સાન ઠેકાણે લાવશે. એણે પોતાના એક વિશ્વાસુ મિત્ર સોમચંદ્રને ગુપ્ત પત્ર લખ્યો અને તેમાં લખ્યું કે "મારી ગુપ્ત મિલકતમાંથી આઠ લાખ સોના મહોર અને આઠ લક્ષણવંત હાથી લઈ ને જા અને રાજા વીરધવલ તથા રાજા સુરપાલને તે ભેટ આપજે અને મને આ દુષ્ટ રાજાએ જેલમાં પૂર્યો છે તે બધી વાત કરી સહાય માંગજે"

બલસારને ખબર ન હતી કે વીરધવલ આ રાજાનો સસરો છે અને સુરપાલ એનો પિતા છે. ડુબતો તણખલું પકડે તેવો એનો ઘાટ થયો. બલસારના હુકમ મુજબ તે સોમચંદ્ર રાજા વીરધવલ પાસે ઊપડયો. એ દડમજલ કરતો ચંદ્રાવતી આવ્યો ત્યારે તેને ખબર પડી કે રાજા વીરધવલ ભીલ્લ પલ્લીપતિને શિક્ષા કરવા રૌદ્રવનમાં ગયા છે. તે રૌદ્રઅટવી તરફ ઉપડયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા વીરધવલને કોઈએ એવા સમાચાર આપ્યા હતા કે મલયસુંદરી ભીલ પલ્લીપતિ પાસે છે. એટલે રાજા વીરધવલે રાજા સુરપાલને સાથે લઈ ભીલ રાજા ભીમ પર ચડાઈ કરી. તેને લીલા માત્રમાં જીતી લીધો. ઘણી તપાસ કરી પણ ત્યાંથી મલયસુંદરી ન મળી. આથી તેઓ નિરાશ થઈ પાછા ફરતા હતા તે સમયે રૌદ્ર અટવીમાં સોમચંદ્ર તેમને સન્મુખ મળ્યો!

એણે બધી વાત કરી અને પોતાના શેઠ બલસારને દુષ્ટ રાજા સિદ્ધરાજે જેલમાં પૂર્યા છે તેને છોડાવવા વિનંતી કરી અને ભેટ તરીકે ૮ લાખ સોના મહોર અને ૮ હાથી મૂકયા. રાજા વીરધવલ અને રાજા સુરપાલે વિચાર કર્યો કે આ સાગરતિલક નગર સાથે ઘણા વખતથી વેર તો ચાલ્યું જ આવે છે. માટે એને પણ બોધપાઠ મળશે, અને આ શેઠનું કામ થશે. રાજા વીરધવલે અર્ધ ભાગ રાજા સુરપાલને આપ્યો. તે પણ ધન મળતાં રાજી થઈ ગયો અને લોભને વશ તે પણ સાથે ચાલ્યો. બન્ને રાજાઓ વિશાળ સૈન્ય લઈ સાગરતિલક પર ચડાઈ કરવા ધસમસતા આવી પહોંચ્યા અને થોડા સમયમાં નગરથી થોડે દૂર મોટી ટેકરીઓની પાસે સૈન્યનો પડાવ નાંખ્યો.

બન્ને રાજાને ખબર નથી કે સિદ્ધરાજ કોણ છે. અને શા માટે એણે બલસારને કેદ કર્યો છે....જાણે વિધિએ આ નિમિત્તે સ્વજનોનો મેળાપ ઈચ્છયો હશે....! રાજા વીરધવલે સિદ્ધરાજ પાસે પોતાનો દૂત મોકલ્યો. રાજાએ શિક્ષણ આપી મોકલેલો એ ચતુર્મુખ દૂત સિદ્ધરાજના દરબારમાં આવીને ઊભો અને નમસ્કાર કરીને બોલ્યો "રાજા સિદ્ધરાજને નમસ્કાર! રાજા વીરધવલનો જય થાઓ! રાજા સુરપાલનો જય થાઓ! હું આ બન્ને રાજાનો દૂત છું. તેઓ મોટું સૈન્ય લઈને આવ્યા છે અને તમને જણાવ્યું છે કે તમે જે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બલસાર સાર્થવાહને કેદ કર્યો છે તે અમારો મિત્ર છે. અમારા રાજ્યમાં અવારનવાર વેપાર કાજે આવે છે. અમારો સ્વામી એને પુત્ર, મિત્ર કે બંધુ માને છે. અને તે બન્ને રાજાએ ખાસ કહ્યું છે કે તેને છોડી મૂકો કારણ કે તેની પાછળ આ બન્ને રાજાનું પીઠબળ છે. અપરાધ હોય તો પણ જતો કરો, કારણ કે મોટાના પુત્રની સામાન્ય ભૂલો નજરે જોવાતી નથી. સિંહના બચ્ચાની કંઇક ભૂલ થાય તો પણ સિંહની બીકે તે જતી કરવી પડે છે. નહિ તો સિંહ પંજો ઊંચો કરશે ત્યારે તમારી દશા ચંચલ મૃગલા જેવી થશે. એટલે મોટા સાથે બાથ ભીડવી એ ઇષ્ટ નથી. તમારી પાસે જે લશ્કર છે તેના કરતાં તેમની પાસે ચાર ગણું લશ્કર છે માટે આ એક સાર્થ-વાહને છોડી મૂકી ચિરકાળ પર્યંત તમો રાજ્ય કરો....બીલી માટે તમારો મહેલ જમીનદોસ્ત નહિ કરો. એ અમારા રાજાઓનો પૈગામ છે.....

મહાબલ દૂતનાં મીઠાં છતાં ગર્વિષ્ટ વચન સાંભળી મનમાં આનંદ પામ્યો કે પિતા અને સસરા સન્મુખ આવ્યા છે. ઇષ્ટજનનો મેળાપ કોને પ્રિયકર નથી! પણ તેણે વિચાર્યું કે સંગ્રામ કર્યા સિવાય પિતા સન્મુખ જઇને કે સસરા સન્મુખ જઇને કહેવું કે હું તમારો પુત્ર છું. જમાઈ છું. એમ દીનતા કરવી ઇષ્ટ નથી. દીનતા તો માનભંગ કરનાર છે. માટે જરા મારું પરાક્રમ, તલવારની સુખડી એમને ચખાડીશ, પછી જ જાહેર કરીશ....આમ વિચારી તે કૃત્રિમ કોપ કરી દૂતને કહેવા લાગ્યો, "અરે વાચાલ દૂત! તારા રાજાએ અને તેં સિંહની કેશવાળી ખેંચવાની આ શી રમત આદરી છે! તારા રાજા પાસે સૈન્ય છે અને અમે શું સૈન્યબળ

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિનાના છીએ ? અમારે શું ભૂજા નથી ? પ્રચંડ દેહ નથી ! હાથીના મદને ગાળવા શું સિંહ સમર્થ નથી ? આ સાર્થવાહ તારા રાજાને વલ્લભ હોય તેથી મારે શું ! દુષ્ટ આચરણવાળા કુપુત્રને પણ રાજાઓ શિક્ષા નથી કરતા ? તારા રાજાને શરીરે વળીયાં પડયાં. માથે પળીઆં આવ્યાં છતાં ન્યાયમાર્ગે ચાલવાનું બિરૂદ ધરાવે છે ? મોટાની સાથે બાથ ભીડનાર પણ સામાન્ય નથી એ તું જાણી લે. તારો રાજા અન્યાય પક્ષને સાથ આપનાર છે માટે જરૂર હાર પામશે. સૂર્ય આગળ જેવી ઘુવડને આશ્રય આપનાર રાત્રીની સ્થિતિ–તેવી તારા રાજાની દશા થશે. માટે રાજા કે રંક, અપરાધીને શિક્ષા આપવી એ મારી ફરજ છે. અને અન્યાયી નોપક્ષ લેનાર તારા સ્વામીને ચેતાવ મારી તલવાર તેમનું બરાબર સ્વાગત કરશે.... હું યુદ્ધ માટે તારી પાછળ જ આવું છું. "અને આમ કહીને સિંહાસન પરથી બેઠા થઈ સિદ્ધરાજે રણસંગ્રામના પ્રયાણસૂચક રણભેરી વગડાવી. સિદ્ધરાજની વાક્ચાતુરી અને ઉત્સાહ દેખી દૂત સ્તબ્ધ થઇ ગયો. અને પોતાની છાવણીમાં આવી બન્ને રાજાને બધી વાત કરી.

બન્ને રાજાઓ પણ યુદ્ધની તૈયારી કરવા લાગ્યાં. રણશૂરા બંકાઓ તલવારો અને બાણોને સજવા લાગ્યા. યુદ્ધસ્ય કથા રમ્યા....યુદ્ધ એ માનવજીવનનો એક શૌર્ય પરાક્રમ અને શક્તિની સ્પર્ધાનો નમૂનો છે.

અનાદિકાલથી માનવી યુદ્ધ કરતો જ આવ્યો છે. જીવન સંગ્રામ પળે પળે ચાલે જ છે. સાચો સંગ્રામ કર્મ-શત્રુ સામે કરનારા જ વિરલા છે. અને એમાં વિજય વરનારા કેટલા ?

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ બાજુ મહાબલે પણ અંતઃપુરમાં આવી મલયસુંદરીને શુભ સમાચાર આપ્યા. પિતા અને સસરાનો મેળાપ થશે. એ વધામણીથી એના આનંદનો પાર ના રહ્યો. મહાબલે પોતાની યોજના સમજાવી. પ્રભાતકાલે રણમેદાન પર જતા મહાબલે મલયસુંદરીને કહ્યું. "પ્રિયે ! તું આ તારા પ્રિયતમનું રણકૌશલ આ ગવાક્ષમાં બેસીને જોજે. એમાં કોનું રણકૌશલ ચડે-તારા પ્રિયતમનું-તારા પિતાનું કે તારા સસરાનું એ નક્કી કરજે. મલયસુંદરી મધુર સ્મિત કરી રહી. એણે મહાબલને કુમકુમતિલક કરી રણમાળા પહેરાવી કહ્યું. "હું જાણું છું આ રણસંગ્રામ છે કે મધુર મિલન પ્રવેશ છે" વિદાય થતા મહાબલે સ્નિગ્ધ દૃષ્ટિથી તેની સન્મુખ જોતાં કહ્યું. "એમ! તો કોનો વિજય ડંકો વાગશે તે કહે." "બધાનો" તે બોલી અને મહાબલ હસતો હસતો વિદાય થયો. બંને પક્ષે યુદ્ધભૂમિનાં રણવાજાં જોરશોરથી વાગી રહ્યાં હતાં.

# સ્વજનોનું મધુર મિલન

## ૩૪

મહાબલે રણમેદાનમાં આવી પોતાના લશ્કરની સુંદર વ્યુહરચના કરી. સૈનિકો, સેનાપતિઓ, રાજા સિદ્ધરાજનો આદેશ થાય એટલે દુશ્મનના ચૂરા ચૂરા કરવા થનગની રહ્યા હતા. સિદ્ધરાજના મનમાં એક જ ભાવ હતો. વડીલોને એક વાર તો પરાજિત કરવા જ. દીનતાથી સામે જવું એ તો માનભંગ છે. ક્ષત્રિયપુત્ર હોવાથી રણમેદાન એ તો એનો પ્રિય

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિષય હતો. તે રણરંગ હાથી પર બેસી સામેની છાવણીનું નિરીક્ષણ કરવા લાગ્યો. ચારે બાજુ રણશીંગાં ફુંકાતા હતા. રણવાજીંત્રના નાદ જાણે બ્રહ્માંડને ફોડી નાખે તેવા ભયંકર થતા હતા. અને શૂરાઓના પરાક્રમોનું ભાટચારણો વર્ણન કરતા શૌર્ય ચડાવતા હતા. સામે પક્ષે વિશ્વાલંકાર હાથી પર રાજા વીરધવલ બેઠા હતા. અને સંગ્રામતિલક હાથી પર સુરપાલ બેઠા હતા. વિશાળ સૈન્યની મોખરે જાણે સૂર્ય જેવા શોભતા હતા. એવામાં યુદ્ધપ્રારંભની રણભેરી વાગી.

સૈન્યના સુભટો પરસ્પર ભયંકર સિંહનાદ કરતા પરસ્પર તૂટી પડયા. જયશ્રી વરવા કાજે સુભટો પોતાની તલવારોને નૃત્ય કરાવવા લાગ્યા. રથવાળાની સામે રથવાળા ભીડાયા હતા, હાથી પર બેઠેલા હાથીવાળા સામે, અશ્વરોહીઓ અશ્વવાળા સામે જામ્યા. પદાતિઓ પદાતિઓ સામે ધસ્યા. રણવેષમાં વીર પુરૂષોના કેશ ઉડતા ધુમાડાની જેમ છૂટા થઇ નૃત્ય કરી રહ્યા. પરસ્પર છોડેલા બાણથી જાણે સૂર્ય ઢંકાઈ જાય તેમ અંધકાર છવાવા લાગ્યો. પરસ્પરની તલવારોના ઘર્ષણથી ઉત્પન્ન થતો અગ્નિ એમાં વીજળીની જેમ અજવાળું કરી રહ્યો. પ્રસરતા બાણોના ઘરર અવાજ થતા હતા. પરસ્પર ઘસાતી તલવારોની રમઝટથી રણકાર થતા શબ્દોના સમુદાયથી અને દંડાના પડકારથી સંગ્રામ ભૂમિ ભયંકર બની ગઈ. રણવીરા હોંકારા–પડકારા કરવા લાગ્યા. કાયરો કંપવા લાગ્યા. શૂરવીરોના રોમાંચો વિકસ્વર થવા લાગ્યા.

આ રીતે દંડા દંડી, ખડગા ખડગી, કુંતાકુંતી, ગદાગદી મુષ્ટા મુષ્ટિ, કેશાકેશી થતાં થોડાક જ સમયમાં સિદ્ધરાજનું સૈન્ય ભાંગ્યું. કેમ કે તે ઘણું થોડું હતું. વળી ઉતાવળમાં તૈયાર થયું હતું અને તે સૈન્ય પાછું હઠતું શહેર તરફ જેમ

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાછું હઠતું ગયું તેમ સામે પક્ષે વિજય વરવા તે સૈન્ય આગળ વધતું ગયું. પોતાના સૈન્યને પાછું હઠતું જોઈ રણરંગ હાથી પર બેઠેલો રાજા સિદ્ધરાજ સિંહનાદ કરતો, પોતાના સૈનિકોને સ્થિર કરતો, સામે સૈનિકોને ત્રાસ આપતો મોખરા પર આવી લડવા લાગ્યો.

સિદ્ધરાજને સન્મુખ આવ્યો જાણી રાજા વીરધવલે અને રાજા સુરપાલે પોતાનો હાથી તેની સન્મુખ લાવી બાણોથી તે લડવા લાગ્યા.

આખરે સામો પક્ષ અજેય જણાતાં સિદ્ધરાજે વ્યંતર દેવનું સ્મરણ કર્યું. તુરત તે વ્યંતરદેવ હાજર થયો: સિદ્ધરાજની આજ્ઞા થતાં જ તે સામા પક્ષના બાણો માર્ગમાંથી જ હરી લેવા માંડયો. આ બાજુ સિદ્ધરાજના બાણોથી ત્રાસી સામા પક્ષના સુભટો ભાગવા લાગ્યા. એક તો બળવાન, યુવાન અને વ્યંતરની સહાય. સિદ્ધરાજનું જોર એકદમ વધી ગયું. અને તેણે ક્ષણવારમાં બન્ને રાજાના મુગટ, ગદા, ચામર, ધ્વજા, અને છત્ર બાણોથી ઉડાવી દીધા. એટલું જ નહિ તેણે રાજાના રક્ષકોના શસ્ત્રો પણ હાથમાંથી ઉડાડી દીધા. જેમ ચંદ્રનો ઉદય થાય અને ગુરુ અને શુક્રનાં તેજ હરાઈ જાય તેમ તે બન્ને રાજા નિસ્તેજ થયા. બન્ને લજ્જાથી અધોમુખ જોઈ રહ્યા. એ સમયે પૂર્વની ગોઠવણ પ્રમાણે રાજા સિદ્ધરાજે વ્યંતર દેવની સહાયથી એક બાણ મૂકયું. તેમાં ચિઠી મૂકી હતી તે બાણ દેવ-સહાયે બન્ને રાજાને પ્રદિક્ષણા દઈ રાજા સુરપાલના ચરણ પાસે ચીઠી મૂકી સિદ્ધરાજ પાસે ચાલ્યું ગયું. આવું કૌતુક જોઈ સૈનિકો તુરત રાજા સુરપાલ પાસે આવ્યા. રાજા સુરપાલે પણ તે પત્ર મોટેથી વાંચવા માંડયો....“શ્રીમાન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વીર પુરુષોથી સુશોભિત, રણમેદાનમાં સ્થિત પૂજ્ય પિતાશ્રી સુરપાલ નરેન્દ્રના ચરણકમલમાં, તથા શ્રીમાન ચંદ્રાવતી નરેશશ્વસુરશ્રી વીરધવલના ચરણસરોજમાં.

આપશ્રી સન્મુખ રણમેદાનમાં સ્થિત સિદ્ધરાજ નામધારી કુમાર મહાબલના વંદન. આપશ્રીની પરમકૃપાથી મને આ સાગરતિલક રાજ્યનો પરિગ્રહ પ્રાપ્ત થયો છે. તેમજ પૂજ્ય પિતાશ્રીના આનંદ કાજે મારા ભૂજબળનો વિનોદ આપ સમક્ષ મેં કર્યો છે. તેમાં પૂજ્યોનો કોઈ પરાભવ કે અવજ્ઞા કે અવિનય કે અપરાધ થયો હોય તો આપશ્રી મારા પર કૃપાકટાક્ષ કરી ક્ષમા આપશો. પૂજ્ય પિતાશ્રીના દર્શન કાજે મન ઉત્કંઠિત હતું ત્યાં અકસ્માત રણભૂમિમાં આપનાં દર્શન થયાં તો હર્ષને સ્થાને શોક શા માટે ?" રાજા સુરપાલે તે પત્ર રાજા વીરધવલને આપ્યો. અને રાજા વીરધવલે હર્ષ અને રોમાંચથી તે વાંચી સૈન્યને યુદ્ધ બંધ કરવા આજ્ઞા કરી, અને બન્ને રાજાઓ પુત્ર મહાબલને મળવા પોતાનો હાથી તેની સન્મુખ ચલાવવા લાગ્યા.

સૈન્યે બન્ને રાજાનો જયજયકાર ગજાવ્યો. પોતાની સન્મુખ આવતા વડીલોને નિહાળી મહાબલકુમાર તુરત હાથી પરથી નીચે ઉતર્યો અને દોડતો સન્મુખ આવી, પિતાજીના ચરણમાં નમી પડયો. નેત્રમાંથી વિયોગ વ્યથાને લઈ અશ્રુ ઝરી રહ્યા. રાજા સુરપાલે પણ મહાબલને બાથમાં લઈ હર્ષાશ્રુ વરસાવતાં અતિ સ્નેહ વરસાવ્યો.

વિશેષ સમય ન ખોતાં મહાબલે બન્ને વડીલોને નગરમાં ધામધૂમથી પ્રવેશ કરાવ્યો. અને પોતાને મહેલે લાવ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મલયસુંદરી પણ પોતાના સસરાના અને પિતાના ચરણે નમી પડી અને પિતાને જોતાં ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. પિતાએ મહામહેનતે તેને શાંત કરી.

ત્યારબાદ સમગ્ર રાજકુટુંબે ભોજન કર્યું. અને પોતાના ખાનગી મહેલમાં બેઠા બાદ મલયસુંદરીએ તથા મહાબલે પોતાનો સર્વ વૃત્તાંત જણાવ્યો.

મલયસુંદરી પર પડેલી દુઃખની હારમાળા અને મહાબલે તેને છોડાવવા કાજે કરેલાં સાહસ એ સર્વ વૃત્તાંત શ્રવણ કરી બન્ને વડીલો ગદ્‌ગદ્‌ થઈ ગયા. આંખમાંથી અશ્રુધારા વરસી પડી. વીરધવલે મલયસુંદરીની પીઠ પર હાથ ફેરવતાં કહ્યું, "બેટા ! મારી વહાલી પુત્રી ! અહો ! રાજકુટુંબમાં જન્મ પામીને કુસુમથી પણ કોમલ દેહે તેં ઘણાં સંકટોનો દુઃખનો સામનો કર્યો. ધન્ય છે તને ! અને તારા આ પરાક્રમી સ્વામી ! મહાબલને પણ તેમણે અનેક ધન્યવાદ આપ્યા.

ત્યાં રાજા સુરપાલ બોલી ઉઠયા. "બેટા ! પુત્રવધૂ ! તું તો અમારા ઘરની સાક્ષાત્ લક્ષ્મી છે. અરેરે ! આ અવિચારી સસરા સુરપાલે તને દુઃખાર્ણવમાં નાખી. તું તારા આ પાપી સસરાનો અપરાધ માફ કર ! હે કુળવધૂ ! તું પ્રસન્ન થા, તું તત્ત્વજ્ઞ છે એટલે વિશેષ શું કહું ? અને તે લજ્જાથી અધોમુખ બન્યા.

મલયસુંદરીએ કહ્યું, "સસરાજી ! આપ આટલો ખેદ ન કરો. પૂર્વભવનાં કર્મનો ઉદય થાય તેને કોઇ મિથ્યા કરી શકતું નથી. એ મારા અશુભ કર્મનો ઉદય જ સૌ દુઃખનું કારણ છે. મહાબલ પ્રતિ દૃષ્ટિ કરી રાજા સુરપાલે કહ્યું. બેટા મહાબલ ! તે કંદર્પ પર ઘણો અનુગ્રહ કર્યો. છતાં તે નિર્ભાગી તારી કૃપાનો લાભ ન લઇ શકયો. અહો તારું સાહસ ! તારી બુદ્ધિ ! તારું શૌર્ય ! તારું ધૈર્ય ! તારું પુણ્ય ! કયા ગુણોને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યાદ કરીએ! ધન્ય છે તારા સત્ત્વને! હાં તો મલયસુંદરીથી ઉત્પન્ન થયેલ તે પુત્ર ક્યાં છે? રાજાને પૌત્ર યાદ આવ્યો.

"હંમેશા મૂડી કરતાં વ્યાજ વધુ વહાલું હોય છે" રાજા વીરધવલે હસતાં કહ્યું. તુરત મહાબલે બંદીખાનામાંથી બલસારને પકડી લાવવા સુભટોને આજ્ઞા કરી. જંજીરોથી જકડાયેલ, શરમથી શરમિંદો બલસાર હાજર થયો. માર્ગમાં એણે જાણ્યું કે જે રાજાની મદદ માંગી હતી તે તો સિદ્ધરાજના પિતા અને સસરા છે ત્યારે તેના ભયમાં વધુ ઉમેરો થયો. અહો! રાજા વીરધવલની કન્યા મલયસુંદરીને મેં વિટંબના કરી છે. તેથી તેમના પણ કોપનો ભોગ હું બનીશ. વળી એને કારુને ત્યાં વેચી કેવાં પાપ મેં કર્યાં. અરેરે! હવે મારો છુટકારો કેમ થાય? હાં એણે વિચાર્યું. "એમનો પુત્ર મારી પાસે છે. જો જીવતદાન આપે તો પુત્ર આપું. એમ હું છુટકારો પામીશ. ત્યાં સુરપાલ રાજાએ ભૃકુટિ ચડાવી પૂછ્યું. હે પાપી બલસાર! દુર્બુદ્ધિ! કમજાત! તેં અમારો ઘણો અપરાધ કર્યો છે, તને જે શિક્ષા કરવાની છે તે તો કરશું જ પણ પ્રથમ એ બતાવ કે અમારો પુત્ર ક્યાં છે?"

બલસારે હિંમત ભેગી કરી કહ્યું—"રાજન્! હું આપના સૌનો મહાન અપરાધી છું છતાં જો આપ મને મારા કુટુંબ સહિત જીવતદાન આપવાની દયા કરો તો પુત્રને હું હાજર કરું." પુત્ર જીવતો છે જાણી સર્વને આનંદ થયો. રાજા સુરપાલે તેની માંગણી કબૂલ રાખી તેથી પોતાના વિશ્વાસુ સોમચંદ વણિકને મોકલી પુત્રને મંગાવી આપ્યો. વરસાદના આગમને જેમ મયૂરને આનંદ કિલ્લોલ થાય તેમ સમગ્ર રાજકુટુંબ પુત્રને પામી નૃત્ય કરવા લાગ્યું. સુરપાલ રાજાએ પુત્રને ખોળામાં લીધો અને બલસારને પૂછ્યું, "આ કુમારનું નામ તે શું રાખ્યું છે? "બલ" એટલું નામ રાખેલ છે. તે બોલ્યો :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એવામાં રાજા સુરપાલ પાસે સો સોનામોહરની થેલી પડી હતી તે, તે બાળકે હાથમાં લીધી તેથી રાજા સુરપાલે તેનું નામ **શતબળ** રાખ્યું અને પુત્ર મલયસુંદરીને સોંપ્યો. મલયસુંદરી પુત્રને પામી નૃત્ય કરતી હર્ષાશ્રુથી તેને ચુંબનથી નવડાવવા લાગી.

રાજા સુરપાલે બલસાર અને તેના કુટુંબની જંજીરો કાઢી નખાવી જીવતદાન આપ્યું. જોકે તેની માલમિલકત જપ્ત કરી હતી તે શિક્ષા તો કાયમ જ રાખી.

મહાબલે પોતાના ભૂજબળથી પ્રાપ્ત કરેલ રાજ્ય પિતાના ચરણે ધર્યું–સાચો પુત્ર, કુલદીપક તે છે કે જે પોતે કમાણી કરે અને વિનમ્રભાવે વડીલોના ચરણે ધરે...........!

સમગ્ર રાજકુટુંબમાં આનંદ આનંદ ફેલાઇ ગયો. રાજા સુરપાલે નગરમાં દસ દિવસનો મહોત્સવ કરવાનો આદેશ આપ્યો. ધવલ મંગલ વરતાઈ રહ્યા. ઘર ઘર તોરણ બંધાઇ રહ્યા. પ્રજાના પણ હર્ષનો પાર ન રહ્યો કારણ કે તેમને સુરપાલ જેવા રાજા પ્રાપ્ત થયા હતા. એ મહોત્સવમાં જાત જાતના વાજીંત્ર વાગતા હતા. લોકો નૃત્ય કરતા હતા.

*

## પૂર્વભવ

## ૩૫

આત્માને ઇષ્ટ સંયોગ એ સુખ અને અનિષ્ટ સંયોગ એ દુઃખ. અથવા ઇષ્ટ વિયોગ એ દુઃખ, અનિષ્ટ વિયોગ સુખ ભાસે છે. રાજા સુરપાલ વગેરેએ પોતાની રાણી વગેરેને પણ બોલાવી લીધાં અને સાગરતિલક નગરમાં સર્વ સહકુટુંબ અન્યોન્ય સ્નેહના સાગરમાં નિમગ્ન થઈ ઇષ્ટ સંયોગે સુખમાં દિવસો વ્યતીત કરવા લાગ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેમ બાહ્ય અગ્નિને ઠારનાર મેઘરાજા છે તેથી જગતને શાંતિ થાય છે. તેમ અભ્યંતર ક્રોધ કષાયના અગ્નિને ઠારનાર મુનિ રાજા છે. જાણે બન્ને રાજા અને મહાબલ, મલયસુંદરીના પુણ્ય પસાયે આકર્ષાઇને ન આવ્યા હોય તેમ પૃથ્વીતલ પર વિચરતા ચંદ્રયશા કેવલી ભગવંત સપરિવાર તે નગરમાં સમોસર્યા. ઉદ્યાન પાલકે વધામણી આપી અને બન્ને રાજાઓ તે ઉદ્યાનપાલકને માન ઇનામ આપી ગુરુ મહારાજને વંદન કરવા ઘણા આડંબરપૂર્વક સપરિવાર આવ્યા અને ગુરુને વંદન કરી સન્મુખ બેઠા. પ્રજાજનો પણ ગુરુની દેશના શ્રવણ કરવા આવ્યા. અને ચતુર્મુખ પર્ષદા આગળ કેવલી ભગવંતે મેઘગંભીર વાણીથી સંસારની અસારતા અને ધર્મની પ્રબળતા, મનુષ્ય ભવની દુર્લભતા વગેરે વિશિષ્ટ રીતે મધુર એવી ધર્મ દેશના આપી.

મેઘને નિહાળી મયૂર નાચે તેમ એ દેશનાથી અનેક ભવ્ય આત્માઓના હૃદય નૃત્ય કરવા લાગ્યા. અને દેશના અંતે સર્વેએ વ્રત–નિયમ ગ્રહણ કર્યા. ત્યારબાદ રાજા સુરપાલે કેવલી ભગવંતને પ્રશ્ન કર્યો. "ભગવંત! જ્ઞાન દિવાકર! પ્રભો! આપની હૃદય દાહ બુઝાવનારી વાણીથી અમારાં હૈયાં શિતલ થયા છે. એક સંશય છે જે આપને પૂછું છું. જ્યારે મલયસુંદરી આકાશમાંથી સાગરમાં પડી ત્યારે તે મત્સ્યે તેને પાર કેમ કરી? એટલું જ નહિ તે વારંવાર સ્નેહદૃષ્ટિથી જોતો સમુદ્રમાં કેમ ગયો?

ચંદ્રયશા કેવલી બોલ્યા. " રાજન્! ભારંડપક્ષીથી છૂટીને યોગાનુયોગ મલયસુંદરી તે મત્સ્ય ઉપર જ પડી. તે મત્સ્ય બીજું કોઈ નહિ પણ તેની પૂર્વભવની ધાવમાતા વેગવતી હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે આર્દ્ર ધ્યાને મરણ પામી મત્સ્ય થઈ હતી. મલયસુંદરીના મુખથી નવકાર મંત્ર સાંભળી તે જાતિસ્મરણ જ્ઞાન પામી. પોતાની પૂર્વભવની પુત્રીને ઓળખીને તેને થયું–આ મારી કન્યા કોઇ કારણે સમુદ્રમાં પડી છે તો તેને મદદ કરું. આમ વિચારી તેણે પૂર્વભવના સ્નેહે જાળવીને સાગરતિલક નગરના કિનારે મૂકી. સ્નેહથી વારંવાર જોતો તે મત્સ્ય સમુદ્રમાં ચાલ્યો ગયો.

રાજા સુરપાલે પૂછ્યું. "ભગવંત! હવે તે મત્સ્ય કઇ ગતિમાં જશે?" ભગવંતે કહ્યું." રાજન્! તે નવકારનું સ્મરણ કરતો તથા નાના મત્સ્ય વિગેરે માંસનો ત્યાગ કરતો તે જીવ નવકાર મંત્રના શુભ ધ્યાને દેવલોકમાં જશે."

સુરપાલ રાજાએ પૂછ્યું, "ભગવંત! આ મારા પુત્ર મહાબલ અને પુત્રવધૂ મલયસુંદરીએ પૂર્વભવમાં એવું શું કર્યું હતું કે વિયોગ, દુઃખ, સુખ વિગેરે તેને પ્રાપ્ત થયું ?

કેવલી ભગવંતે તેમનો પૂર્વભવ સવિસ્તાર કહેતાં કહ્યું કે "આ પૃથ્વીસ્થાનપુરમાં પૂર્વે પ્રિયમિત્ર નામે ગૃહપતિ રહેતો હતો. એની પાસે સમૃદ્ધિ હતી પણ સંતાન કોઈ ન હતું. તેને રૂદ્રા–ભદ્રા અને પ્રિયસુંદરી નામે ત્રણ ભાર્યા હતી. રુદ્રા અને ભદ્રા બન્ને સગી બહેનો હતી. તેમને પરસ્પર અત્યંત પ્રીતિ હતી. પ્રિયમિત્રને પ્રિય સુંદરી પ્રત્યે ગાઢ પ્રેમ હતો પણ આ બન્ને સ્ત્રીઓ રૂદ્રા,–ભદ્રા પ્રત્યે લેશ પણ પ્રેમ ન હતો. આ બન્ને વારંવાર પ્રિયસુંદરી પ્રત્યે કલેશ કર્યા કરતી. શોકયનો સ્નેહ કેવો હોય તે જગત કયાં નથી જાણતું? આ કલેશનો અગ્નિ વધતો જતો હતો. પ્રિયમિત્રને એક મદનપ્રિય નામે પ્રિય મિત્ર હતો. તેના મિત્ર મદનને પણ પ્રિયસુંદરી પ્રત્યે ગાઢ અનુરાગ હતો. એકદા મદન ઘેર આવેલ ત્યારે તે

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રિયસુંદરી એકલી હતી. રૂપ અને લાવણ્યથી દીપતી એ સુંદરી પ્રત્યે મદનનો કામવિકાર જાગૃત થયો. તેણે એકાંતનો લાભ લેવા સુંદરી પ્રત્યે વિષયવાસનાની યાચના કરી. સુંદરીને સ્વાભાવિક પતિના મિત્ર તરીકે તે મદન પર આદર હતો પણ એના મનમાં વિકાર ન હતો. તેનું હૃદય પવિત્ર હતું. પતિ પ્રત્યે પ્રમાણિક હતું. તેથી તેની એ યાચના એણે ધિક્કારી કાઢી અને આ સંબંધ યુક્ત નથી એમ એને સમજાવવા લાગી. જેમ જેમ આ પોતાના શીલધર્મમાં દૃઢ અને સમજાવટભરી વિનંતી કરતી હતી તેમ તેના તે નમ્ર સ્નેહ-વાળાં વચનો બોલી તેની પાસે વિષયની નિર્લજ્જ યાચના કરવા લાગ્યો. એ જ સમયે એકાએક પ્રિયમિત્ર ત્યાં આવી ચઢયો. બારીમાં ગુપ્ત ઊભા રહી આ પરિસંવાદ તેણે સાંભળ્યો. સર્વ વૃત્તાંત જાણી તેને તેની સ્ત્રી પ્રત્યે બહુમાન થયું અને મિત્ર પર ક્રોધ ચઢયો અને તેણે તેની એ સર્વ વાત પોતાના બાંધવ અને સ્વજનોને કરી. તે બધાએ ભેગા થઈ મદનનો એટલો બધો તિરસ્કાર કર્યો કે તેને શહેર તજી ચાલ્યા જવાની ફરજ પડી.

ચંદ્રયશા કેવલીની આ વાત સાંભળી કેટલાક જૂના વૃદ્ધજનો વચમાં બોલી પડયા. "ગુરૂ ભગવંત ! આપની વાત તદ્દન સાચી છે. અમો પૃથ્વીસ્થાનપુરના જ છીએ. અને એ પ્રિયમિત્રનું ઘર હાલ બીજા કોઈના કબજામાં છે એ વાત અમે જાણીએ છીએ. પછી શું થયું ગુરૂદેવ ?" ચંદ્રયશા કેવલીએ કહ્યું. "ત્યારબાદ તે એક દિશામાં ચાલવા લાગ્યો. બબ્બે ઉપવાસ થઈ ગયા. એમ ચાલતાં ચાલતાં એક અટવીમાં ગાયોનું ટોળું તેના જોવામાં આવ્યું. તે ક્ષુધાતુર મદન ત્યાં પહોંચ્યો. અને એક ગોવાળીયા પાસે દૂધની યાચના કરી. તે દયાળુ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગોવાળીયાએ એક ગાયને દોહીને એક ઘડો ભરી દૂધ તેને પીવા આપ્યું. મદને વિચાર્યું, સામે તળાવના કિનારે જઈને વાપરૂં. આમ તે ઘડો લઈ તળાવના કિનારે આવ્યો. અને એ સમયે ભૂખ્યો છતાં તેના હૃદયમાં એક શુભ સંકલ્પ જાગૃત થયો. એણે વિચાર્યું. આ અવસરે કોઈ અતિથિ, તપસ્વી આવે તો તેને આપીને હું દૂધ પીઉં તો મારો જન્મ સફળ થાય. આખી જીંદગી કંઈ સુકૃત કર્યું નથી. એકાદ આટલું સુકૃત થાય તો પરદ્રવ્યથી પણ મારા જીવનમાં કમાણી થાય. આમ મનોરથ કરતાં સદ્‌ભાગ્યે એક માસ ખમણના તપસ્વી મુનિ પારણા માટે ગામ તરફ જતાં ત્યાંથી નીકળ્યા. તુરત તે દોડતો મુનિની પાસે આવી તેમના ચરણે પડ્યો અને શુદ્ધ ભાવે બોલ્યો "ભગવંત! આ દૂધ ગ્રહણ કરી મારો નિસ્તાર કરો. હે કૃપાળુ મુનિ! આ પાપી જીવને તારો." મદનના આ શુભ ભાવ, દ્રવ્ય વિગેરે નિર્દોષ દેખી મુનિએ પાત્ર ધર્યું. અને તેણે અધિકા ભાવોલ્લાસે દૂધ વહોરાવ્યું. મુનિમહારાજ અર્ધા ઘડા જેટલું વહોરી ચાલતા થયા. ત્યાર બાદ તળાવની પાળ પર બેસી તે મદને બાકીના દૂધથી ઉદરપૂર્તિ કરી. ત્યાર-બાદ તે પાણી માટે તળાવમાં ઉતર્યો. પાણી પીતાં હાથપગ ધોતાં તળાવમાં ચીકાશના કારણે તેનો પગ લપસ્યો. અને તે અધિક ઉંડો ખૂંચવા લાગ્યો. એણે ચીસાચીસ કરી. પણ તે નિર્જન સ્થાનમાં તેને કોણ બચાવે? તે તળાવના અગાધજલમાં ડૂબીને મરી ગયો.

મુનિદાનના શુભ ભાવથી મરીને તે મદન આ સાગર તિલક નગરના રાજા વિજયનો પુત્ર કંદર્પ નામે રાજા થયો. આ બાજુ પ્રિયમિત્ર સુંદરીની સાથે વિલાસ કરતો આનંદમાં દિવસો પાર કરતો હતો. પણ એથી રૂદ્રા અને ભદ્રાની સાથે એણે વેર બાંધ્યું. વિષમ સ્વભાવ એ વૈરનું પરમ કારણ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એકદા પ્રિયમિત્ર સુંદરી સાથે ધનંજય યક્ષના મંદિરમાં દર્શનાર્થે જતો હતો. માર્ગે જતાં એક વૃક્ષ પાસે તેઓ આવ્યાં. ત્યાં તેમની સન્મુખ કોઈ તપસ્વી મુનિને આવતા જોયા. એ મુનિને જોઈ સુંદરી બોલી "અરે પ્રિય! આજે સવારમાં જ ક્યાં આ ઉઘાડા માથાવાળા મુંડના દર્શન થયાં. અપશુકન થયાં. હવે આપણી યાત્રા નિષ્ફળ જશે. અપમંગલ થયું. આમ બોલતી તેણે વાહન અને પરિવારને ત્યાં જ ઉભા રાખ્યા. આગળ જતાં અટકાવ્યા.

જે જૈન મુનિઓ નિત્ય સ્વાધ્યાય ધ્યાન તપમાં રત છે, સ્વપર કલ્યાણની કામનાવાળા છે, પરમ મંગલભૂત છે તેને જેમ આજે કેટલાક નકામા કે અપશુકની માને છે તેમ તે સમયે પણ માનનારા જીવો હતા. પણ એ માન્યતા કેટલી નુકશાનકારક છે તે આ ચરિત્રજ સમજાવે છે. સુંદરીની મુખાકૃતિ પર ક્રોધાવેશ જોઈ ચાલ્યા આવતા મુનિએ વિચાર કર્યો કે અહો! આજે કોઈ ઉપદ્રવ થાય એમ લાગે છે. સોનાની પરીક્ષા કસોટીથી જ થાય છે. આમ વિચારી સમભાવમાં લીન મુનિ ત્યાં જ કાઉસગ્ગધ્યાને–શુભધ્યાને ઉભા રહ્યા.

આ મુનિને ઉભા રહ્યા દેખી સુંદરીએ વિચાર્યું–"અરે! આ મુંડ તો આપણે ઉભા રહ્યા એટલે એ પણ અહંકાર ધરી ઉભો રહ્યો." આમ વિચારી તેનો ક્રોધ વધ્યો. એટલે તેણે ચાકરને આજ્ઞા કરી–"સુંદર! આ નજીકમાં બળતા ઈંટના નિભાડામાંથી અગ્નિ લઈ આવ કે જેથી આ પાખંડીને ડામ દઈએ જેથી આપણું અપશુકન દૂર થાય અને આનો ગર્વ ઊતરી જાય." તે સુંદર (ચાકર) બોલ્યો–"સ્વામીની! મારા પગમાં જોડા છે નહિ, તો ફોગટ કોણ કાંટામાં જાય? અને



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમને ડામ દેવાથી તમને શો ફાયદો થશે? ચાલો આપણે આગળ વધીએ. હજુ ઘણે દૂર જવાનું છે."

આજ્ઞાભંગો નરેન્દ્રાણાં....એ ન્યાયે પ્રિયમિત્રને ક્રોધ થયો. તેણે બીજા નોકર પ્રતિ નજર કરી કહ્યું. "અરે ચાકરો! આ સુંદરને વડના ઝાડ સાથે ઊંધો બાંધો જેથી તેના સુકોમલ પગને કાંટા ન વાગે." પોતાના પતિએ પોતાનું ઉપરાણું લીધું જાણી સુંદરીને વધુ જોર ચઢયું. તે રથમાંથી નીચે ઉતરી અને મુનિ પાસે આવીને બોલી "અરે પાખંડી! તારા આ અપશુકનથી અમારો સ્ત્રી–પુરુષનો કદાપિ વિયોગ ન થાઓ! અને અપશુકન તને જ નડો. તારા બંધુવર્ગનો તને સદા વિયોગ થાઓ. તું તો ખરેખર રાક્ષસ લાગે છે કેવો ભયંકર લાગે છે?" અને આમ કહી તેણે મુનિ પર ત્રણવાર પથ્થરનો પ્રહાર કર્યો એટલું જ નહિ ક્રોધથી તેમનો રજોહરણ (મુનિપણા-સૂચક ધર્મધ્વજ–ઓઘો) ખેંચી લીધો અને તે રજોહરણને રથમાં નાખી, રથમાં તે બેસી ગઈ. અને રથને આગળ વધવા આજ્ઞા કરી. પરિવાર પણ બેઠા પછી ધનંજયયક્ષના મંદિર તરફ સર્વ આગળ વધ્યા.

યક્ષનું પૂજન કરી સર્વ પાછા વળતાં માર્ગમાં એક સુંદર વૃક્ષ નીચે સાથે લાવેલ ભાતુ વાપરવા બેઠા. આ સમયે ભોજન કરતાં પ્રિયમિત્રની એક દાસી–જે જિનધર્મની જાણકાર હતી તેણે સુંદરીને શાંત દેખી કહ્યું. "શેઠાણીબા! તમોએ તે મહાવ્રતના ધારક, કૃપા સમુદ્ર એવા ક્ષમાવંત, તે મુનિને તર્જના–તાડના કરી, તે મહા ભયંકર કર્મ ઉપાર્જન કર્યું છે–એ ચીકણાં કર્મથી આત્મા બીજા ભવમાં મહાદુઃખ પામે છે." આ પ્રમાણે કહી તે દાસીએ સાધુનું સુંદર સ્વરૂપ સમજાવ્યું. તેની પૂજા કરવી એ મહામંગલકારી છે. અપશુકન નથી. એ વાત કહી એમ તેણે આ વાત એવી રીતે કરી કે તે સ્ત્રી–પુરુષને મનમાં ઉતરી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગઈ. તેઓ પોતાના દુષ્કર્મનો પશ્ચાત્તાપ કરવા લાગ્યા. વળી તે દંપતીએ તે દાસીની પણ ઘણી પ્રશંસા કરી. તેની નિર્મલ બુદ્ધિને ધન્યવાદ આપ્યો. ભોજન બાદ બધા રથમાં ગોઠવાયા. અને પાછા નગરપ્રતિ ફરતાં માર્ગમાં સાધુ પાસે આવ્યા. મુનિ પણ રજોહરણ ન મળે ત્યાં સુધી અહીંથી ખસવું નહિ એમ સંકલ્પ કરી ત્યાં જ ઊભા હતા. અને શુભ ધ્યાનમાં વિચરતા હતા. તે દંપતી આવતાં જ મુનિના ચરણે પડયા. નેત્રમાં આંસુ ધારા ચાલી અને હાથ જોડી પશ્ચાત્તાપૂર્વક રજોહરણ પાછું સોંપી મુનિની પાસે વારંવાર ક્ષમા યાચના કરવા લાગ્યા. તે બોલ્યા "હે કૃપાસિંધો ! ભગવંત ! અમારો અપરાધ ક્ષમા કરો. અમે અવિનીત છીએ, અજ્ઞાન છીએ. પ્રભો ક્રોધ ન કરો. પ્રસન્ન થાવ અને આપની આ મોટી અશાતનાથી અમે કુંભારના ચાકની જેમ ભમશું, માટે આ પાપ દૂર થાય એવો ઉપાય બતાવો" અને બન્નેના નેત્રમાંથી પશ્ચાત્તાપના સાચા આંસુ ઝરવા લાગ્યા.

મુનિએ ધ્યાનપૂર્ણ કરી કહ્યું "તત્વજ્ઞ સાધુઓના હૃદયમાં લવલેશ પણ ક્રોધને સ્થાન નથી જ, પણ જો તેઓ ક્રોધ કરે તો જગતમાં ભયંકર ઉલ્કાપાત થાય એવી એમની શક્તિ છે. પણ સાધુ એટલે જ સમતારસના ભોગી. પણ તમોને જેમ સુખ ઈષ્ટ છે, તેમ દરેકને સુખ ઈષ્ટ છે. કષ્ટ તમને ઈષ્ટ નથી. તો તમારે બીજાને કષ્ટ ન આપવું જોઈએ. કષ્ટ આપવાથી તેના કટુ કર્મવિપાકો ભોગવવા પડશે. જો કે પશ્ચાત્તાપથી તમે ઘણી કર્મની નિર્જરા કરી છે છતાં આ દ્વાદશવ્રત યુક્ત ગૃહસ્થ ધર્મ અંગીકાર કરો–તમો નિર્મલ થશો." અને કરુણાવંત તે મુનિએ તેમને બાર વ્રત સમજાવ્યાં. તે દંપતીએ બાર વ્રત ગ્રહણ કરી, ગુરુની ફરીવાર ક્ષમા માંગી. તથા પોતાને ઘેર આહાર–પાણીનું આમંત્રણ આપી પોતાને મહેલે આવ્યા.......થોડા સમય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બાદ મુનિરાજ પણ અકસ્માત તે પ્રિયમિત્રને ઘેર જ ગોચરી માટે આવ્યા. બન્નેએ–દંપતીએ ભાવપૂર્વક મુનિને આહાર પાણી વહોરાવ્યા. મુનિ પણ ધર્મલાભ આપી વિદાય થયા. પરસ્પર પ્રેમવાળા આ દંપતી શ્રાવક ધર્મ પાળવા લાગ્યા.

પ્રિયમિત્રની બે સ્ત્રીઓ રુદ્રા અને ભદ્રાને પરસ્પર પ્રેમ હતો પણ એકદા આપસમાં મહાન ક્લેશ થયો. થોડીવારે એ ક્લેશ શમી જતાં બન્નેને મનમાં પશ્ચાત્તાપ થયો. બન્ને ભેગા મળી વિચારવા લાગ્યા. "આપણને ધિક્કાર છે. આપણા ઘરમાં ક્લેશ શાંત જ થતો નથી. આપણે પરસ્પર પ્રેમ હતો તો પણ ક્લેશ થયો. પતિને તો તે સુંદરીએ સ્વાધીન કર્યો છે. હવે આપણે શું સુખ છે? તો કૂવામાં પડી આપઘાત જ કરીએ."

અને બન્નેએ પોતાની પાસેની મિલક્તનું યથાશક્તિ દાન કરી કૂવામાં પડી આપઘાત કર્યો. મરણ પામ્યા બાદ રુદ્રા નામે સ્ત્રી જયપુરના રાજા ચંદ્રપાળને ત્યાં કન્યા રૂપે થઈ. તેનું નામ કનકવતી. તેને રાજા વીરધવલ સાથે પરણાવી. બીજી ભદ્રા મરીને તે વ્યંતર જાતિમાં વ્યંતરી થઈ.

એકદા તે ફરતી ફરતી પૃથ્વીસ્થાનપુરમાં આવી. પ્રિયમિત્ર ને સુંદરીને પરસ્પર પ્રેમમગ્ન જોઈ તેને પૂર્વભવનું વૈર યાદ આવ્યું. ઘરમાં શાંત પરસ્પર લીન સૂતેલા દંપતી પર પોતાની દૈવી શક્તિથી ઘરની ભીંત પાડી, તે ચાલતી થઈ. તે બન્ને શુભ ભાવે મરણ પામ્યાં અને પ્રિય મિત્રનો જીવ તે હે રાજન્! સુરપાલ! તમારે ત્યાં **મહાબલ** રૂપે પુત્ર થયો અને સુંદરીનો જીવ તે વીરધવલ રાજાની કન્યા **મલયસુંદરી** થઈ. તે બન્ને આ ભવમાં પણ પતિ–પત્ની થયાં.

પૂર્વજન્મની ભદ્રા સ્ત્રી, જે જન્મે વ્યંતરી થઈ હતી. તેણે મહાબલને જોઇ તેને મારવા પ્રયત્ન કર્યો પણ પુણ્યની પ્રબળતાથી મહાબલને તે મારી ન શકી. ત્યારે રાજમંદિરમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુતેલા મહાબલના વસ્ત્ર–અલંકારો હરણ કરવા લાગી. મલય-સુંદરીએ જે લક્ષ્મીપૂંજ હાર મહાબલને આપેલ, આ તે વ્યંતરીએ હરણ કર્યો અને પૂર્વભાવના પ્રેમથી તે હાર કનકવતીના કંઠમાં નાખ્યો. ગુરુની વાણીથી વિસ્મય પામેલા રાજા વીરધવલે કહ્યું:“–ભગવંત! સ્વયંવર મંડપ સિવાય તે પૂર્વે મહાબલ મલયસુંદરીને મળ્યો ન હતો એમ મારું ધારવું છે, તેનું કેમ?”

રાજા વીરધવલને પૂર્વના મેળાપની ખબર ન હતી. તેથી તે સમયે મહાબલ અને મલયસુંદરી મુખ આગળ વસ્ત્ર રાખી ગુપ્ત પણે હસવા લાગ્યા.

રાજાની શંકા દૂર કરવા ચંદ્રયશા કેવલીએ તે વૃત્તાંત પણ રાજાને કહ્યો કે મહાબલ મંત્રીઓની સાથે પૂર્વે ગુપ્તરૂપે આવેલ હતો પછી કનકવતીએ કપટથી તમને જ્યારે કહ્યું ત્યારે તે ચંપકમાલાના વેશે તેની પાસેજ બેઠો હતો, વિગેરે વાત કરી.”

આ વાત સાંભળી શ્રોતાજનો તથા રાજા પ્રમુખ હસી પડયા. મહાબલે તુરત રાજા વીરધવલને કહ્યું–સસરાજી! ગુરૂ-મહારાજ યથાર્થ જ કહે છે. એમાં કંઈ સંદેહ કરવા જેવું નથી.”

કેવલજ્ઞાનીની અનુપમ વાણી, યથાર્થ જ્ઞાન ખરેખર યથાર્થ જ હતું એ જાણી બન્ને રાજા પ્રમોદ પામ્યા.

ત્યારે ગુરૂ મહારાજે વાત આગળ ચલાવી “તે બાદ તે ભદ્રા વ્યંતરી, મહાબલને મારી ન શકી પણ તે તેનું હરણ કરી ગઈ. હાથરૂપે આવી અને તેને હરણ કરી આકાશમાર્ગે ચાલી પણ કુમારે તેને મુઠ્ઠીથી તાડના કરી. તે બાદ કુમાર ચંદ્રાવતીની બાજુના વનમાં આમ્રવૃક્ષ પર પડ્યો અને તે વ્યંતરી ભય પામી. પછી બીજી વાર આવી નહીં.

પૂર્વજન્મમાં જે સુંદર નામે ચાકર હતો તે આ જન્મમાં પૃથ્વીસ્થાનપુરની બહાર વડવૃક્ષ પર ભૂત થયો હતો, જ્યારે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહાબલ યોગી સાથે વિદ્યા સાધતો હતો ત્યારે શબ લાવવા જતાં તે ભૂત જ શબમાં પેસી બોલ્યો હતો કે મને ઊંધો ટાંગેલો દેખી હસે છે શું ? તારી પણ એજ દશા આવતી કાલે થવાની છે. પૂર્વ ભવે નોકરને જે તીવ્ર કષાયથી કહેલા શબ્દો તે ઉદયમાં આવ્યા અને મહાબલને આ જન્મમાં ઊંધા ટીંગાઇને ઘણું દુઃખ સહન કરવું પડ્યું. કરેલાં કર્મ કોઈ ને છોડતાં નથી, માટે કર્મ બાંધતાં વિચાર કરવો. પૂર્વભવમાં રુદ્રાએ પતિની વીંટી લોભથી ચોરી લીધી હતી. તે સુંદરે લેતાં જોઇ લીધી. પ્રિયમિત્રે તે વીંટીની ઘણી તપાસ કરી પણ તે વીંટી મળી નહિ. શેઠને વિકલ દેખી ભદ્રાની હાજરીમાં જ સુંદરે કહ્યું. "શેઠ! તમે તે વીંટી રુદ્રા પાસે કેમ માંગતા નથી?" આ સાંભળી ક્રોધથી રૂદ્રા બોલી "અરે દુષ્ટ સુંદર! કપટી! નાકકટા! મારા વેરી તું શા માટે જુઠું બોલે છે? મેં ક્યાં શેઠની વીંટી લીધી છે?" રૂદ્રાના રૌદ્ર એવાં ભયંકર શબ્દો તે બિચારો પરાધીન નોકર સાંભળી રહ્યો. જુઠું બોલનાર શેઠાણીને તે શું કહી શકે?

પ્રિયમિત્રે સામ, દામ, ભેદ, દંડની નીતિથી આખરે રુદ્રા પાસેથી વીંટી કઢાવી અને આપસમાં તેની હલકાઈ કરાવી. રુદ્રાએ આ જે કર્મ બાંધેલ તે આ ભવમાં કનકવતી થઈ. જ્યારે તે શબને આલીંગન કરવા ગઈ ત્યારે તે ભૂતે (નોકરના જીવે) પૂર્વભવનો બદલો લીધો. નાકકટા કહેલ તેથી તે કનકવતીનું નાક કરડી ખાધું. પૂર્વભવમાં મદનને સુંદરી પર મોહ હતો. તેથી આ ભવમાં પણ તે કંદર્પ થયેલ (મદન) તેને મલયસુંદરી પર ગાઢ આસક્તિ થઈ. પૂર્વભવમાં મહાબલ મલયસુંદરીએ બાર વ્રત પાળ્યા. તથા મુનિને દાન આપેલ તે શુભ કર્મથી આ ભવમાં ઉત્તમ કુલ અને રાજપુત્ર તથા રાજકન્યા થયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મલયસુંદરીએ જે પૂર્વભવમાં મુનિને આક્રોશ કહ્યાં હતાં, કે તને તારા બંધવથી વિયોગ થજો, જણાય છે અને પથ્થરથી ત્રણ વાર તાડના કરી હ..., મહાબલના જીવે પણ મૌન રહી સંમતિ આપી હતી. તે બન્ને જણાએ જે પાપ ઉપાર્જન કરેલ તે મોટા ભાગનું તો પશ્ચાત્તાપથી ધોવાઇ ગયું હતું પણ જે કંઈ કર્મ બાકી હતું તેથી તેમને પરસ્પર ત્રણ વાર વિયોગ થયો. કનકવતીએ રાક્ષસીનું કલંક આપ્યું. આમ આ વિયોગ અને દુઃખ પૂર્વ કર્મજનિત થયું. પૂર્વભવમાં મલયસુંદરીએ મુનિને રજોહરણ લઈ લીધું તેથી તેને પોતાના પુત્ર સાથે આ જન્મમાં વિયોગ થયો. આ બન્ને સ્ત્રી-પુરુષોએ જે મુનિને ઉપસર્ગ કર્યો હતો અને પછી ખમાવ્યા હતા, તે મુનિ હું પોતે જ છું. મને હમણાં થોડા સમય પૂર્વે જ કેવલ જ્ઞાન પ્રાપ્ત થયેલ છે. તેમનો આ બીજો ભવ છે. મારો તેનો તે જ ભવ ચાલે છે. આ પ્રમાણે પૂર્વભવ શ્રવણ કરી બન્ને રાજાઓ ઘણા વૈરાગ્યવંત થયા. સુરપાલે ગુરુને પૂછ્યું "ભગવંત! આ કનકવતી અને વ્યંતરદેવી હવે મારા પુત્રવધૂને દુઃખ આપશે?" ગુરુ મહારાજે કહ્યું. "રાજન્! વ્યંતરદેવી તો પોતાનું વેર વીસરી ગઈ છે. પણ આ કનકવતીથી મહાબલને ઉપદ્રવ થશે."

આ પ્રમાણે મહાબલ મલયસુંદરીએ પોતાનો પૂર્વભવ શ્રવણ કરી કર્મના મહાન સિદ્ધાંતના પ્રત્યક્ષ પુરાવાને પામી ધર્મથી વાસિત બન્યાં. અને સર્વ સમક્ષ બન્નેએ ભાવોલ્લાસપૂર્વક શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા. એ સિવાય આ દેશના શ્રવણ કરનાર કેટલાક લઘુકર્મી જીવોએ સંયમ લીધું. કેટલાકે વ્રત નિયમ લીધા.

પોતાના પુત્ર-પુત્રીનું આવું રોમાંચક અને દુઃખ મિશ્રિત કર્મના વિપાકરૂપ ચરિત્ર શ્રવણ કરી રાજા વીરધવલ અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુરપાલને પરમ વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેઓ ચારિત્ર લેવા તૈયાર થયા. ગુરુ મહારાજને કહ્યું "પ્રભો! આ રાજ્યની વ્યવસ્થા કરી અમો આપની પાસે ચારિત્ર લઈશું."

ગુરુએ કહ્યું."ભલા ભાગ્યવંત રાજવીઓ !આ શુભકાર્યમાં જરાય વિલંબ ન કરશો. ઉત્તમ કાર્યમાં વિઘ્ન આવવાનો ભય હોય છે."

ગુરૂ મહારાજશ્રીને વંદન કરી તેમનું વચન અંગીકાર કરી રાજાપ્રમુખ પરિવાર પોતાના મહેલે આવ્યા. સુરપાલ રાજાએ મહાબલકુમારને પૃથ્વીસ્થાનપુરનું રાજ્ય સોંપી દીધું. તુરત સંયમની તે તૈયારી કરવા લાગ્યા. જે આત્મા જાગે છે પછી તેને ત્યાગ કરવામાં વાર લાગતી નથી. ભોગને લાત મારી ચાલી જ નીકળે છે. વીરધવલ રાજાએ પણ મલયકેતુને ચંદ્રાવતીથી સાગરતિલક બોલાવી પોતાનું રાજ્ય સોંપી દીધું અને બન્ને રાજાઓ પોતાની બન્ને રાણીઓ સહિત ગુરુ મહારાજ પાસે આવ્યા.

અને પૂર્ણ મહોત્સવપૂર્વક સંયમવ્રતને અંગીકાર કર્યું.

ગુરુ મહારાજ પણ ત્યાં થોડા દિવસ રહી બન્ને રાજર્ષિઓને લઈ પૃથ્વીતલ પર વિહાર કરી ગયા.

બન્ને રાજર્ષિ પણ ધર્મમાં શૂરવીર બની અનેક દુષ્કર તપતપી આરાધનાપૂર્વક મૃત્યુ પામી દેવલોક ગયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ પામી વ્રતને ધારણ કરી, કર્મનો ક્ષય કરી પરમપદ–સિદ્ધપદને પામશે. મલયકેતુ પણ પોતાના બેન બનેવીને પૂછી ચંદ્રાવતી આવ્યો. અને ન્યાયપૂર્વક રાજ્યનું પાલન કરવા લાગ્યો.

મહાબલ રાજાએ સાગરતિલક નગરમાં પોતાના પુત્ર શતબળકુમારનો ત્યાં રાજ્યાભિષેક કરી ત્યાં સેનાપતિ તથા પ્રધાનને મૂકી તે શતબળકુમારને લઈ પૃથ્વીસ્થાનપુરમાં આવ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અહીં તે ન્યાયનીતિપૂર્વક રાજ્ય પાલન કરતો. શ્રદ્ધા-વ્રતને પાળતો તથા નૂતન મંદિરો બંધાવતો ધર્મદૃ   રતો, સાધુસંતોની વિશેષ ભક્તિ કરતો વિચરતો હતો.

અનુક્રમે મલયસુંદરીએ બીજા કુમારને જન્મ આપ્યો. તેનું નામ સહસ્રબળ રાખવામાં આવ્યું. એના જન્મની ખુશાલીમાં શાહી નોબત વાગવા લાગી. જે પુણ્યવંતને ત્યાં સદાય ધર્મવૃદ્ધિ હોય ત્યાં સમૃદ્ધિની વૃદ્ધિ કેમ ન હોય ?

# વૈરાગ્યવાસી મહાબલ

## ૩૬

સુખ અને દુઃખનાં બે ચક્ર છે. એક ચક્ર પૂર્ણ થાય ત્યાં બીજા ચક્રનો ઉદય થાય છે.

સંસારના ક્ષણિક સુખો એવા છે કે માનવી એમાં ગરકાવ થઈ જાય પછી તેને પોતાના હિતનું–કર્તવ્યનું ભાન રહેતું નથી....દુઃખ પચાવવું સહેલું છે. સુખ જ અઘરૂં છે.

મહાબલકુમારના દુઃખના દિવસો ગયા. સુખનો સૂર્યોદય થયો. આ રીતે તે ભોગસુખમાં જો કે મગ્ન થયો પણ ગુરૂએ આપેલા કર્તવ્યના પાઠ તે વિસરતો ન હતો. સુશીલ પ્રેમાળ રાણી મલયસુંદરી, બન્ને સ્નેહવંત કુમારો, અને પ્રજાની પરમ પ્રીતિ–આમ એ સુખસાગરની ભરતીમાં પણ ધર્મની નાવને તે ભૂલ્યો નહિ. દૈનિક ધર્મકર્મ તો તે કરતો જ હતો. વ્યંતરની મદદથી નવીન મંદિરો નિર્માણ કરાવતો અને સાધુ સંતોની ભક્તિ કરાવતો.

પાણીના પ્રવાહ માફક આમ એના ઘણા વર્ષો રાજ્ય-પાલનમાં વ્યતીત થઈ ગયા. એકદા તે વૈરાગ્યરસમાં ઝૂલતો સંસારના કાદવનો વિચાર કરતો હતો....કે હવે આ ભોગના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાદવમાંથી ક્યારે છૂટું ! ત્યાં વનપાલકે વધામણી આપી "રાજન્ ! ઉદ્યાનમાં ગુરૂમહારાજ પધાર્યા છે."

" સ્નેહીને તો સ્મરણ કરતાં ભાગ્યશાળી જ દેખે. "

પુણ્યશાળીને મનોરથ થાય અને સિદ્ધિ તુરત ઉત્પન્ન થાય, એવી વાત મહાબલ રાજાને થઇ. વધામણી આપનાર વનપાલકને રાજાએ ઘણું ઇનામ આપ્યું અને પોતે તથા રાણી મલયસુંદરી તથા રાજકુંટુબ તથા પ્રજાજનો સપરિવાર, નિશાન-ડંકાયુક્ત ગુરુમહારાજને વંદના કરવા ચાલ્યો. તેણે ગુરુની સમક્ષ વંદના કરી. ગુરુની દેશના શ્રવણ કરી. આત્મા ઉન્નતિની પગથારે ચડવા, તરવા કાજે તે તૈયાર થયો ત્યાં આ નાવ મલી. તેણે વૈરાગ્યમય દેશના સાંભળી તુરત પોતાના મહેલે આવી મલયસુંદરીને કહ્યું "પ્રિય ! હવે આ સર્વ સંસારના વાઘા ઉતારવાની વેળા આવી ગઈ છે. ભોગના કીચડમાં સબડવું હવે જરાય ગોઠતું નથી, તમારો શો વિચાર છે ?'

"નાથ ! હું તો આ બંધનને ક્યારનાય તોડવાના વિચાર કરતી હતી. આપની મરજીની જ રાહ જોતી હતી."

બન્નેએ સંયમના ભાવ જાહેર કર્યા.

બન્ને પુત્રોએ, તેમને સ્નેહવશે રોકવા ઘણો આગ્રહ કર્યો પણ જેને આ સંધ્યાના રંગમાં રાચવું નથી તેને કોણ રોકનાર છે ? પૃથ્વીસ્થાનપુરનું રાજ્ય સહસ્રબળને–સાગર તિલકનું રાજ્ય શતબળને સોંપી દીધું. બન્ને પુત્રોએ માતા પિતાનો અપૂર્વ દીક્ષા–મહોત્સવ કર્યો. અનેક સ્ત્રીઓ સહિત રાણી મલયસુંદરી તથા અનેક પુરુષોયુક્ત મહાબલે સિંહની જેમ ચારિત્રરત્નને અંગીકાર કર્યું.

સંયમના શ્વેત વાઘામાં શોભતા મહાબલ મુનિ અને સાધ્વી મલયસુંદરીશ્રીને દેખી પુત્રપરિવાર અને પ્રજાજનોની આંખડી ભીંજાણી.... નૂતન રાજા પ્રજાએ નૂતન મુનિવરો તથા નૂતન સાધ્વીગણની જય પુકારી. જૈન શાસનનો જય જયકાર થયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંયમ લીધા બાદ ત્યાંથી તે બન્ને તથા ગુરુ ભગવંત વિહાર કરી ગયા, બન્ને રાજાઓ નૂતન મુનિની તેજસ્વિતાને યાદ કરતા ઘણા દિવસ સુધી સ્મરણ કરતા રહ્યા.

મહાબલ મુનિ પણ ગુરુ પાસે ગ્રહણ સેવન વિગેરે શિક્ષા સહન કરતા સ્વાધ્યાય તપમાં ડગલા ભરતાં નિત્ય નવીન તપ જપમાં પ્રગતિ કરતાં અનુક્રમે ગીતાર્થ બન્યા.

સાધ્વી મલયસુંદરી પણ ખડગધારા સમાન વ્રતને પાળતાં સાધ્વીગણમાં થોડા જ સમયમાં અગ્રેસર મહત્તરા બન્યાં.

શતબળ તથા સહસ્રબળ બન્ને રાજાઓને પણ પરસ્પર અત્યંત પ્રેમ હતો. તે પિતાએ આપેલ વ્રત નિયમને યાદ કરતા રાજ્યનું પાલન કરતા હતા અને ધર્મમાં સાવધાન બન્યા હતા.

મહાબલ મુનિ પરમ ગીતાર્થ થવાથી ગુરુએ તેમને એકાકી વિચરવાની આજ્ઞા આપી વ્રત-નિયમમાં મેરુ જેવા અડગ તે પૃથ્વીતલ પર વિચરતા સાગરતિલકનગરના ઉદ્યાનને વિષે સાયંકાળે આવ્યા.

## કનકવતીનો ઉપસર્ગ

સાગરતિલકના રાજા શતબલને વનપાલકે વધામણી આપી કે આપના પિતા મુનિ મહાબલઋષિ ઉદ્યાનમાં પધાર્યા છે. શતબલના આનંદનો પાર ન રહ્યો. મુગટ સિવાયના બધા જ અલંકારો વનપાલકને દાનમાં આપી દીધા અને હર્ષથી રોમાંચિત થયેલ તે રાજાએ વિચાર્યું–"અહો! આજે અકાલે આમ્રવૃક્ષ ફળ્યું–કલ્પવૃક્ષ ચિંતામણી સન્મુખ આવ્યું. હવે સમગ્ર નગરને પરિવારને લઈ ઘણા આડંબરપૂર્વક જઈ પિતા મુનિની દેશના શ્રવણ કરું અને એ વિચારે સમગ્ર પરિવારને તૈયાર થવા સૂચના કરી. મહાકષ્ટે તેણે રાત્રી વિતાવી. એ રાત્રીએ મહાબલઋષિ કાઉસગ્ગ ધ્યાનમાં લીન બની આત્મસાધન કરતા ઉભા હતા તે સમયે કનકવતી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘણા સ્થળે ફરતી યોગાનુયોગ તેજ વનઉદ્યાનમાં આવી મહાબલને જોઇને તેણે ઓળખી લીધા. આજ સુરપાલના પુત્ર મહાબલ છે. મુનિ વેશમાં છે–એકાકી છે. વાહ વેર વાળવાનો ઘણો સુંદર સમય છે–એને જોતાં જ તેનામાં વૈરાગ્નિ પ્રદીપ્ત થયો. આ મારી વાત અત્રે કરશે તો મને અહીંથી પણ લોકો કાઢી મૂકશે એ વિચારે તે પાપિષ્ટા તેમને મારવાનો વિચાર કરવા લાગી. નગરમાં જઈ તે અગ્નિ લઈ આવી અને આજુ-બાજુથી કાષ્ટ ભેગાં કરી તે સમભાવે રહેલા મુનિના શરીરની આસપાસ વીંટી દીધા. અને અગ્નિનો બળતો ચિરાગ લઈ લાકડામાં અગ્નિ લગાવી દીધો.

આગની જ્વાળાથી કાષ્ટ ભડકે બળવા માંડયા. સમભાવે સ્થિત મહાબલમુનિના જાણે કર્મ કાષ્ટ બળવા લાગ્યાં. મુનિ મહાબલ આમરણાંત ઉપસર્ગ આવ્યો જાણી આત્માને પ્રશમ રસભાવમાં ઝીલતા સુંદર ધ્યાન ધારા પર ચઢતા આત્માને સમજાવવા લાગ્યા. "હે ચેતન ! આ કર્મ ખપાવવા માટેનો મહોત્સવ તારે માટે આવ્યો છે. આત્મ-જાગૃતિનું આ ટાણું આવ્યું છે. સામે જ કિનારો દેખાય છે. હવે તું આ સદ્‌ભાવના શ્રેણી રૂપ વહાણને સ્થિર રાખજે. નારકતિર્યંચમાં તેં અનેક દુઃખ વેઠયાં છે. તેમાં તું હવે આ દુઃખથી ડરીશ નહિ. આ સ્ત્રી પર પણ તું જરાય અભાવ ન લાવીશ. આ દેહ મંદિરમાં રહેલ આત્મા અને શરીર બન્ને જુદાં છે. આ બળે છે તે દેહ તારો નથી. આત્મા બળતો નથી. તું બળતો નથી. આત્મા અજર છે, અમર છે. આ કનકવતી તો તારી મિત્ર છે. કર્મને બાળવામાં સહાયક છે. અને સકલ જીવ રાશી પર ક્ષમાભાવ રાખ, "આમ એ ક્ષપકશ્રેણિ પર આરૂઢ થઈ કેવલજ્ઞાન પામ્યા અને અંતકૃદકેવલી થઈ મુક્તિ પામ્યા. અજરામર સ્થાનને પામ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમગ્ર દુઃખનો પાર પામ્યા. પરમસુખના વાસી થયા. એવામાં પ્રભાતકાલ થયો. સૂર્યનારાયણે દર્શન દીધાં. શતબળ પિતાના દર્શનાર્થે ઘણા આડંબર પૂર્વક સપરિવાર ઉદ્યાનને વિષે આવ્યો. જ્યાં મુનિ ઉભા હતા ત્યાં રાખનો ઢગલો જોઈ તેને ફાળ પડી. સંશોધન કરતાં મુનિના અર્ધ બળેલ ઉપકરણો અને હાડકાંના કકડા જોઈ તે સમજી ગયો કે કોઇ હિંસક જાનવરે કે કોઈએ મુનિને ઉપસર્ગ કર્યો લાગે છે. એણે સૂક્ષ્મ તપાસ કરી અને માનવ પગલાં જોઈ પગલાંના આધારે સુભટોને મોકલ્યા. અને તે એકાએક પરમ વિષાદમય બની પિતા મુનિને યાદ કરતો જમીન પર તૂટી પડયો. અને થોડીવારે વિલાપ કરતો કહેવા લાગ્યો–હે ગુરુ ભગવંત! હે તાત! મને મુકીને કયાં ચાલ્યા ગયા? કોપ કરી તે કહેવા લાગ્યો કોને મારા પિતામુનિને જલાવી દીધા? ઓ અભાગી શતબલ તું કેવો નિર્ભાગી કે પિતામુનિના દર્શન પણ ન કરી શકયો? હે ગુરો! તમારી કરુણા દષ્ટિ એકવાર પણ આ બાલ પર ન પડી? એકવાર પણ તમારી ધર્મદેશના શ્રવણ ન કરી? મારા મનના મનોરથો મનમાં જ રહી ગયા! કેવા ઉલ્લાસથી હું તમને વંદના કરવા આવ્યો અને આ શું થઇ ગયું? મને શું ખબર! નહિ તો સાંજે જ આપની પાસે આવત! ખરેખર માનવી કાલ પર કામ રાખે છે તે આજે જ કરી લે તો કેટલો લાભ થાય? કાલ કોણે દીઠી છે? જ્ઞાનીનું વચન ખરેખર સત્ય જ છે.

"વિઘત્તે યદ્ વિધિસ્તસ્યા" એ શ્લોક કેવો સાર્થક છે? માનવીનું ધાર્યું નથી થતું ભાગ્યાધીન જ બને છે શતબલ રાજા આમ વિલાપ કરતા હતા ત્યારે સુભટો એક ખીણમાંથી પગલાંના આધારે કનકવતીને શોધીને ચોટલાથી પકડીને ત્યાં લાવ્યા. રાજા તેને તાડના કરવા લાગ્યો. અને ખરી હકીકત પૂછવા

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાગ્યો. ઘણો માર પડવાથી કનકવતીએ બધી વાત કરી દીધી. શતબલરાજાએ ઘણો માર મારી તેને મારી નંખાવી અને તે છઠ્ઠી નારકીમાં ઉત્પન્ન થઇ. અશુભ કર્મ ઉપાર્જન કરનાર પાપી ને પાપનું ફળ મળ્યું. તે પરમ દુઃખની ભાગી બની.

કનકવતીને મારવાથી પણ રાજાનો ઘા ન રૂઝાયો. એના હૃદયમાં પિતૃ મરણનો શોક એવો ઘેરો વ્યાપી ગયો કે તેને સમગ્ર જગત પર કંટાળો આવ્યો. ઘણો સમય ગયો પણ તેનો શોક ઓછો ન થતાં મંત્રીઓએ ઘણું સમજાવ્યો પણ તે ઉદાસ થઇ કોઈ સારાં વસ્ત્ર પહેરતો નથી. ભોજન પણ અદ્ધર મને કરે છે. રામ લક્ષ્મણના કે કૃષ્ણ બળભદ્રના શોકની જેમ તેનો શોક દિવસે દિવસે ગહેરો જ થતો ગયો.

મંત્રીઓએ આ સમાચાર સહસ્રબલ રાજાને જણાવ્યા તે ત્યાં આવ્યો અને તે પણ શોક સમુદ્રમાં પડયો. અને બન્ને ભાઈ ત્યાં રહી ઉદાસ થઇ પ્રતિદિન કૃશ થતા ચાલ્યા.

**મહત્તરાનું આગમન :–** બંને પિતાના ગુણને જેમ યાદ કરતા જાય તેમ તે શોકગ્રસ્થ થતા જાય. આ સમાચાર અવધિ જ્ઞાનથી મહત્તરા સાધ્વી મલયસુંદરીને પ્રાપ્ત થયા. તેઓ નિર્મળ ચારિત્ર પાળતાં અગિયાર અંગ ભણીને મહત્તરા પદને પામ્યા હતા. તેમને અવધિજ્ઞાન પણ પ્રાપ્ત થયું હતું. તે જ્ઞાનના બળે બન્ને ભાઈના શોકને જાણી તેઓને સાંત્વન આપવા માટે વિહાર કર્યો. માર્ગમાં અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા, ધર્મ રંગે રંગતા અને જ્ઞાન સુવાસ ફેલાવતા મહત્તરા સાધ્વી સાગરતિલકનગરના ઉદ્યાનમાં પધાર્યા. સાથે પરિવાર પણ વિશાલ હતો. મહત્તરાના મુખ પર અપૂર્વ તેજ લહેરાતું હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આત્મા તપ અને જ્ઞાનથી વિશિષ્ટ ચમકતો હતો. જ્ઞાન-ગરિમાથી દીપતા સાધ્વીવૃંદના અધિનાયક મલયસુંદરીશ્રીને આવ્યાં જાણી વનપાલકે રાજા શતબલને વધામણી આપી. રાજા શતબલે ઉદ્યાનપાલકને ભેટ અલંકારથી સંતુષ્ટ કર્યો. હર્ષથી રોમાંચિત થઈ તે તુરત જ સપરિવાર મહત્તરા સાધ્વીને વંદના કરવા આવ્યો. સાધ્વી માતાના મુખારવિંદનાં દર્શને જ તેનો ઘણા સમયનો ગહેરો શોક ઉડી ગયો. સાધ્વીજીએ ગંભીર મધુર વાણીથી દેશના આપી. માનવભવની દુર્લભતા ક્ષણભંગુરતા સમજાવી. ધર્મની મહત્તાનાં દર્શન કરાવ્યાં. સંયોગ ત્યાં અવશ્ય વિયોગ છે જ. એ ચક્ર ચાલે જ જાય છે. એનો હરખ-શોક શાને? તીર્થંકરો પણ સદા કાલ આ પૃથ્વી પર રહેતા નથી. એમનો પણ વિયોગ અસહ્ય છતાં સહવો પડે છે. છતાં જે પોતાની સાધના કરી સિદ્ધિને વરે છે તેને માટે જગતમાં દેવો પણ તેને ધન્યવાદ આપે છે. તેનો મહોત્સવ કરે છે. તમારા પિતા તો મુક્તિને વર્યા છે. જેમ કારાગારમાંથી બંદી છૂટો થાય તો તેના સ્નેહીને હર્ષ ન થાય? તેમ તમારા પિતા તો સંસાર કારાગારમાંથી છૂટા થયા છે. માટે હર્ષના સ્થાને શોક શાને? તેઓ તો કર્મવૈરીને હરાવી જયશ્રી વર્યા છે. જયશ્રી વરનાર સુભટનો મહોત્સવ કરો. શોકને તજી દો. હે રાજન્! મુક્તિ મહોત્સવ કરો....આનંદો!

સાધ્વી માતાએ રાજા શતબલના સંસારના આનાદિના ઘા રુઝાવી દીધા. પિતાના મુક્તિ ગમનનો શોક પણ મહોત્સવમાં પલટચો.

આ રીતે અનેક જીવોને પ્રતિબોધ કરી રાજા શતબલને પણ વ્રત નિયમ આપી જૈન શાસનની પ્રભાવના કરી.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યારબાદ મહત્તરાશ્રીએ પૃથ્વીસ્થાનપુર જઈને રાજા સહસ્ત્રબલનેપણ શોક દૂર કર્યો અને તેને પણ ધર્મ સન્મુખ કર્યો.

ઘણા વર્ષો સુધી નિરતિચારપણે સંયમની આરાધના કરી તે અંતે બારમા અચ્યૂત દેવલોકમાં ઉત્પન્ન થયાં. ત્યાંથી સાગરોપમનાં આયૂષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ નાની ઉંમરે સંયમ લઈ મુક્તિ મંદિરના વાસી બનશે.

## —: ઉપસંહાર :—

રાજા શતબલ અને સહસ્ત્રબલે મહાબલઋષિના મોક્ષગમન સ્થાન પર ભવ્ય જિનમંદિરની રચના કરાવી. બન્ને ભાઈઓને પરસ્પર અખંડ સ્નેહ હતો. બન્ને જણાએ રાજ્યમાં અનેક ધર્મશાળા આદિ લોકોપકારનાં કાર્યો કરાવ્યાં. તેમજ રાજ્યમાં સ્થળે સ્થળે જિનમંદિર ઉપાશ્રયો વિગેરે સ્થાપન કરાવી. શ્રાવકના બાર વ્રત પાળી ધર્મ ઉદ્યોત કરવા લાગ્યા. અવસરે સ્નાત્રપૂજા, તીર્થ યાત્રા, અષ્ટાન્હિકા મહોત્સવ વિગેરેથી જગતમાં માતા અને પિતામુનિના આદેશોને પાળતા માતા, પિતા મુનિની સ્મૃતિને યાદ કરતા, ઘણા વર્ષ રાજ્ય પાળી અંતે દેવલોકમાં ગયા............

આ સુંદર ચરિત્ર શ્રી કેશી ગણધર ભગવાને રાજા શંખને ફરમાવ્યું, તે ચરિત્ર ગીર્વાણ ભાષામાં પૂર્વાચાર્ય શ્રી જયતિલકસૂરિજીએ ગુંથ્યું. અને આ ગુજરાતી ભાવાનુવાદ પૂ. આચાર્ય શ્રી વિજય સદ્ગુણ સૂરિજીએ કર્યો જે આજે સમાપ્ત થયો.

**સમાપ્ત**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust